સ્વાધ્યાય

જન્માષ્ટમી
વિ. સં. ૨૦૨૫

પુસ્તક ૬
અંક ૪

ફોટો સૌજન્ય—ડૉ. ઉમાકાન્ત શાહ

'બાલગોપાલસ્તુતિ'ની એક પ્રાચીન પ્રતિમાંથી
(સમય : આશરે ઈ. સ ૧૫૪૦ આસપાસ)

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય
વડોદરા

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
વડોદરા.

સંપાદક

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ઑગસ્ટ ૧૯૬૯.

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૫ — પુસ્તક ૬

સપ્ટેમ્બર ૧૯૬૯ — અંક ૪

શાન્તિદૂત શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

(સુહૃદ અને વડીલ વિદુર સાથે રાત્રે પ્રેમપૂર્ણ ચર્ચા-વિચારણા સમાપ્ત કર્યા પછી શ્રીકૃષ્ણ થોડું સૂતા હશે, એવામાં પ્રભાત થયું. એટલે) સુંદર સ્વરવાળા પુષ્કળ સૂત-માગધોએ શંખ-દુંદુભિના નાદ સાથે (સ્તુતિ કરીને) કેશવને જગાડ્યા. જનાર્દને ઊઠીને સઘળું આવશ્યક પ્રાતઃકાર્ય પતાવ્યું, સ્નાન કર્યું, (ગાયત્રી) જપ કર્યા, અગ્નિમાં હોમ કર્યો, વસ્ત્રાલંકાર પહેરીને તૈયાર થયા, અને પછી ઊગતા સૂર્યનું ઉપસ્થાન (પૂજન) કરવા માંડ્યા. અપરાજિત શ્રીકૃષ્ણ એ પ્રમાણે સંધ્યા કરી રહ્યા હતા, તે વખતે દુર્યોધન અને તેનો મામો સૌબલ શકુનિ ત્યાં આવ્યા. શ્રીકૃષ્ણને સભામાં આવવાનું નિમન્ત્રણ કરતાં બોલ્યા : 'સભામાં ધૃતરાષ્ટ્ર, ભીષ્મ વગેરે કૌરવો અને સર્વ રાજાઓ આવ્યા છે; અને ગોવિન્દ ! સ્વર્ગમાં દેવો જેમ ઇન્દ્રની પ્રતીક્ષા કરે એમ તમારી પ્રતીક્ષા કરે છે.' ગોવિન્દે એ બન્નેને મધુર શબ્દોથી અભિનન્દન આપ્યું. એ પછી નિર્મલ સૂર્યોદય થતાં જનાર્દને બ્રાહ્મણોને સોનું, વસ્ત્રો, ગાયો, ઘોડાઓ અને રત્નોનું દાન કર્યું. સ્વસ્થ થયા. એટલામાં દારુક સારથિએ આવીને વન્દન કર્યું. મહાભ્રઘનનિર્ઘોષવાળા, સર્વ રત્નોથી વિભૂષિત દિવ્ય રથને આવેલો જાણીને મહામના શ્રીકૃષ્ણે અગ્નિ અને બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરી, કંઠમાં કૌસ્તુભ મણિ પહેર્યો. અને પછી પરમ શ્રીથી ઝળહળતા સર્વયાદવનન્દન શ્રીકૃષ્ણ રથમાં બેઠા. તેમની આજુબાજુ કૌરવો વીંટાયેલા હતા, પરન્તુ ચોમેરથી વૃષ્ણિ યોદ્ધાઓ એમનું રક્ષણ કરી રહ્યા હતા. સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ અને સર્વ ધર્માચરણ કરનારાઓથી ઉત્તમ શ્રીકૃષ્ણ રથમાં બેઠા પછી સર્વધર્મવેત્તા વિદુર પણ એમાં બેઠા.[૧] દુર્યોધન અને શકુનિ બીજા રથમાં બેસીને પરંતપ શ્રીકૃષ્ણની પાછળ ચાલ્યા. સાત્યકિ, કૃતવર્મા અને બીજા વૃષ્ણિ મહારથીઓ રથ, હાથી તથા ઘોડા ઉપર બેસીને પાછળ આવવા લાગ્યા. એમના સોનાના સાજથી શણગારેલા અને ઉત્તમ ઘોડાઓ જોડેલા રથ ખૂબ શોભતા હતા. શ્રીથી શોભતા બુદ્ધિમાન શ્રીકૃષ્ણની સવારી જે મહામાર્ગ પર રાજર્ષિઓ ફર્યા હતા અને જેને વાળીઝૂડીને તથા પાણી છાંટીને સ્વચ્છ કર્યો હતો તે મહાપથ ઉપર યોગ્ય સમયે આવી ગઈ. એમની આગળ (લશ્કરી કૂચનાં નિદર્શક) એકપુષ્કર

---

૧ अन्वारुरोह दाशार्हं विदुरः सर्वधर्मवित् ।
सर्वप्राणभृतां श्रेष्ठं सर्वधर्मभृतां वरम् ॥ ५-९२-१५.

(એક જાતનાં રણશીંગાં), શંખો અને બીજાં અનેક વાદ્યો વાગવા લાગ્યાં. જગતના પ્રવીરો (કસાયેલા સૈનિકો) અને સિંહ જેવા પરાક્રમી યોદ્ધાઓ શૌરિ શ્રીકૃષ્ણના રથને વીંટાઈને ચાલતા હતા. વળી વિચિત્ર અદ્દભુત (ગણ)વેશ પહેરીને તલવાર, પ્રાસ (એક જાતના ભાલા) વગેરે આયુધો ધારણ કરીને બીજા હજારો યોદ્ધાઓ શ્રીકૃષ્ણની આગળ ચાલતા હતા. વળી એકસો કરતાં વધારે હાથીઓ અને હજારો શ્રેષ્ઠ ઘોડા અપરાજિત શ્રીકૃષ્ણની પાછળ ચાલતા હતા (૫-૯૨-૪ થી ૨૩). જનાર્દનને નિહાળવાની ઇચ્છાથી સ્ત્રીઓ, વૃદ્ધો અને બાળકો સહિત સમગ્ર કૌરવનગર એ રાજમાર્ગ ઉપર ટોળે મળ્યું હતું. છજાંઝરૂખામાં શ્રીકૃષ્ણને જોવા ચઢેલી સ્ત્રીઓના ભારથી દબાયેલાં અનેક ભવનો જાણે કે ડગી પડતાં હોય એવાં જણાતાં હતાં. આમ કૌરવોનો સત્કાર ઝીલતા, વિવિધ વાતો સાંભળતા અને યોગ્યતા પ્રમાણે સામો સત્કાર કરતા શ્રીકૃષ્ણ નગરને જોતા જોતા ધીરે ધીરે આગળ વધતા સભા પાસે આવી પહોંચ્યા. શ્રીકૃષ્ણના અનુચરોએ શંખ અને વેણુઓના અવાજથી દિશાઓને ગજાવી દીધી. એટલે એમના આગમનની વાટ જોતી એ રાજસભા હર્ષથી (ઉત્તેજનાથી) અત્યંત કમ્પી ઊઠી. શ્રીકૃષ્ણ પાસે આવતાં એમના રથનો મેઘગર્જના જેવો ઘણઘણાટ સાંભળીને રાજાઓ હર્ષિત થયા. ('હવે શું થશે ?' એવી ઉત્કંઠાવાળા થઈ ગયા.) સર્વસાત્વતશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ કૈલાસશિખર જેવા રથમાંથી ઊતર્યા. સ્થિર મેઘ જેવા દેખાવની, તેજથી ચમકતી અને મહેન્દ્રના મહેલ જેવી કુરુસભામાં વિદુર અને સાત્યકિનો હાથ પકડીને પ્રવેશ્યા. એમના પ્રવેશથી સૂર્યના તેજમાં જેમ તારાઓ ઢંકાઈ જાય એમ કૌરવો ઝાંખા પડી ગયા. સભામાં પ્રવેશ કરતાં કર્ણ-દુર્યોધન શ્રીકૃષ્ણની આગળ ચાલતા હતા. વૃષ્ણિઓ અને કૃતવર્મા એમની પાછળ ચાલતા હતા (૫-૯૨-૨૪ થી ૩૩). ધૃતરાષ્ટ્રને આગળ કરીને ભીષ્મ-દ્રોણ વગેરે જનાર્દનના માનમાં ઊભા થયા એટલે સભામાં બેઠેલા હજારો રાજાઓ પણ ઊભા થઈ ગયા. સભામાં (રાજદૂત) શ્રીકૃષ્ણ માટે જામ્બુનદ સુવર્ણથી મઢેલું સર્વતોભદ્ર નામનું આસન મૂકેલું હતું[2] (૫-૯૨-૩૪ થી ૩૭); પરન્તુ ધર્માત્મા શ્રીકૃષ્ણે સભ્યતાપૂર્વક પ્રથમ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ અને દ્રોણ સાથે હસતા મુખે વાતચીત કરી અને બીજા રાજાઓ સાથે પણ વય પ્રમાણે વાતો કરી. બધા રાજાઓ અને કૌરવોએ સભામાં પધારેલા જનાર્દનનું સન્માન કર્યું. એમ સન્માનવિધિ ચાલતી હતી અને શ્રીકૃષ્ણ હજુ ઊભા હતા એટલામાં પરપુરંજય શ્રીકૃષ્ણે નારદાદિ ઋષિઓને આવતા જોયા.[3] એટલે એમણે ભીષ્મને ધીરેથી કહ્યું : 'રાજાઓની સભા જોવા માટે ઋષિઓ

---

૨ ૫-૯૨-૩૭ પછી આવતું ક્ષેપક ૪૨૩ રસપ્રદ છે. એમાં દુર્યોધન શ્રીકૃષ્ણને પૂછે છે : 'ભીષ્મ, દ્રોણ અને મારે ત્યાં નહિ જમતાં તમે વૃષલ અર્થાત્ શૂદ્ર વિદુરનું શા માટે જમ્યા ?' શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો : 'તું ભોજનનું પૂછે છે પણ આદરનું કેમ પૂછતો નથી ? માન વિનાના અમૃત કરતાં આદરથી પીરસેલાં શાક-ફળ સારાં. ભ્રૂકુટિ ચઢાવીને ધનાઢ્યે દીધેલું ભોજન સારું નથી, પણ પ્રેમથી આપેલું સદ્ય પ્રાણહારી હળાહળ ઝેર વધુ સારું છે. જાતિ અર્થાત્ જન્મ નહિ પણ ગુણો કલ્યાણકારી છે. ચાણ્ડાલ પણ જો સચ્ચારિત્ર્યશીલ હોય તો તેને દેવો (વિદ્વાનો) બ્રાહ્મણ જાણે છે. મહામુનિ વ્યાસ માછીમાર સ્ત્રીના પેટે જન્મ્યા હતા, તપ દ્વારા બ્રાહ્મણ થયા હતા માટે જાતિ એ (શ્રેષ્ઠતાનું) કારણ નથી.'

ચારિત્ર્યશીલતાના કોઈ ઉપાસકે આ ક્ષેપક દાખલ કર્યું છે તે દીવા જેવું છે.

૩ तत्र तिष्ठन्स दाशार्हो राजमध्ये परंतपः ।
अपश्यदन्तरिक्षस्थानृषीन्परपुरंजयः ॥ ५-९२-४०.

અન્તરિક્ષ અર્થાત્ સભાસ્થાનના વડા—Compound—ના દરવાજા અને સભા દ્વારવચેનો માર્ગ.

આવ્યા છે. એમને બહુમાનપૂર્વક નિમન્ત્રણ આપો અને બેસવા આસનો આપો; કારણ કે તેઓ બેસશે નહિ ત્યાં સુધી કોઈ પણ બેસી શકશે નહિ. માટે આ ભાવિતાત્મા (પવિત્ર અંતઃકરણવાળા) ઋષિઓનો તત્કાળ સત્કાર કરો'[૪] (૫-૯૨-૩૮ થી ૪૩). ઋષિઓને સભાદ્વાર આગળ ઊભેલા જોઈને શાંતનુપુત્ર ભીષ્મે સેવકોને હુકમ કરી સુંદર આસનો ગોઠવાવી દીધાં. ઋષિઓનો આદરસત્કાર કરી તેમને બેસાડ્યા. પછી શ્રીકૃષ્ણ અને રાજાઓ પોતપોતાનાં આસનો પર બેઠા. (વિનય દર્શાવવા) દુઃશાસને સાત્યકિને અને વિવિંશતિએ[૫] કૃતવર્માને આસન આપ્યું. કર્ણ અને દુર્યોધન એ બન્ને અસહિષ્ણુઓ શ્રીકૃષ્ણની નજીકમાં એક જ આસન ઉપર બેઠા. (એમાં બહારથી વિનય દેખાય અને જરૂર પડે તો શ્રીકૃષ્ણને પકડી લેવાય એવો આશય લાગે છે; જો કે શ્રીકૃષ્ણની સલામતીની વ્યવસ્થા પાકી હતી, કારણ) શ્રીકૃષ્ણના આસનને અડીને જ શ્વેત મૃગચર્મ પાથરેલા મણિમય આસન ઉપર મહામતિ વિદુર બેઠા હતા. શકુનિ વગેરે પણ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. (૫-૯૨-૪૪ થી ૫૦).

દાશાર્હને લાંબા ગાળા પછી જોઈને સૌ રાજાઓ અમૃતપાન કરવા છતાં, જેમ ધરાવાય નહિ એમ અતૃપ્ત જ રહ્યા. અળસીના પુષ્પ જેવા રંગવાળા, પીળાં વસ્ત્રધારી જનાર્દન સુવર્ણમાં જડેલા મણિની જેમ અત્યંત શોભતા હતા. ત્યાં બધાનાં મન ગોવિંદમાં પરોવાઈ ગયાં હતાં. (કે 'તેઓ શું કહેશે?' એવી ઉત્કંઠા હતી.) એટલે સભામાં સંપૂર્ણ શાન્તિ પ્રસરી હતી અને કોઈ પણ માણસ કોઈ પણ સ્થળે કંઈ પણ બોલતો નહોતો (૫-૯૨-૫૧ થી ૫૩).

એમ બધા શાન્ત થઈને બેસી ગયા. એટલે સુંદર દંતપંક્તિવાળા અને દુન્દુભિ જેવા સ્વરવાળા શ્રીકૃષ્ણે, ધૃતરાષ્ટ્રની સામે જોઈને, ગ્રીષ્મના અન્તે (વર્ષાના પ્રારંભે) ગર્જતા મેઘની જેમ સકળ સભાને સંભળાવતાં પોતાના શાન્તિ પ્રવચનનો પ્રારંભ કર્યો: 'ભારત! વીર કૌરવ-પાંડવો વચ્ચે સુલેહ કરાવવા માટે હું સહજભાવે (નિષ્કામ ભાવે) આ પ્રયત્ન કરવા આવ્યો છું.[૬] તમારા શ્રેષ્ઠ કલ્યાણ માટે મારે આ સિવાય બીજું કંઈ કહેવાનું નથી, કારણ કે તમે (આ વિખવાદમાં) જાણવા જેવું બધું જાણો છો. પાર્થિવ! આજે આ કુરુકુળ સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ છે. વિદ્વત્તા,

---

૪ જુઓ ૫-૮૧-૬૫થી ૭૨નો સન્દર્ભ, જેમાં જામદગ્ન્ય વગેરે ઋષિઓ શ્રીકૃષ્ણનું દૂતકાર્ય પ્રત્યક્ષ નિહાળવા હસ્તિનાપુર આવતાં માર્ગમાં શ્રીકૃષ્ણને મળે છે, વગેરે હકીકત છે. જુઓ 'સંસ્કૃતિ', સપ્ટેમ્બર ૧૯૬૮માં 'સ્થિરબુદ્ધિ દૂત શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), પૃ. ૩૪૪.

૫ વિવિંશતિ ધૃતરાષ્ટ્રનો પુત્ર હતો. ૧-૧૦૮-૪.

૬ कुरूणां पाण्डवानां च शमः स्यादिति भारत ।
अप्रयत्नेन वीराणामेतद्यतितुमागतः ॥ '५-९३-३.

ભગવાન શ્રીકૃષ્ણ અહીં શાન્તિના અર્થશાસ્ત્રજ્ઞ દૂત તરીકે આવ્યા છે. 'અર્થશાસ્ત્ર'ના અર્વાચીન મર્યાદિત અર્થ—Economics—ના નિષ્ણાત નહિ, પણ સમગ્ર સામાજિક સંપત્તિના સર્વોદયી ઉત્પાદન-વિતરણ—અર્જનના, અર્થ પુરુષાર્થના દ્રષ્ટા તરીકે. 'ધર્મશાસ્ત્રો'થી ઓળખાતા ગ્રંથો अर्थस्य मूलं निकृतिः । ઇ. ઉપદેશ કરતા થયા હતા. તેની અગાઉ આ ધર્મસંસ્થાપક નિષ્કામભાવે સમારંભ કરે છે. અપ્રયત્નપૂર્વક પ્રયત્ન કરે છે. કર્મમાં અકર્મનું દર્શન કરે છે. એમનાં કર્મો લોકસંગ્રહાર્થે છે. યજ્ઞ છે.

એમના શ્રીમુખે બોલાયેલાં વચન સર°

ચારિત્ર્ય અને સર્વ ગુણોથી સંપન્ન છે. કૃપા, અનુકમ્પા, કારુણ્ય, આનૃશંસ્ય, આર્જવ, ક્ષમા અને સત્ય એ કુરુવંશીઓમાં (બીજા ક્ષત્રિયો કરતાં પ્રમાણમાં) વિશેષ છે. આવા મહાન કુળમાં ખાસ કરીને તમારા લીધે આ ગુણોથી વિપરીત વર્તન થાય એ અયોગ્ય છે.[૭] કુરુસત્તમ! કૌરવોમાં જે કોઈ ખાનગીમાં કે ખુલ્લી રીતે અયોગ્ય વર્તન રાખતા હોય તેને કાબૂમાં રાખી શકો એવા તમે શ્રેષ્ઠ વડીલ છો. તમારા અશિષ્ટ, મર્યાદા વિનાના અને લોભથી ભાન ભૂલેલા પેલા દુર્યોધન વગેરે પુત્રો **ધર્મ** અને **અર્થને** પાછળ મૂકીને (**અધર્મ** અને **અનર્થને** ઉપાસતા) પોતાનાં મુખ્ય સગાંઓ પ્રત્યે ક્રૂરની જેમ વર્તે છે, તે તમે જાણો છો આ મહાભયંકર આપત્તિ કૌરવોમાંથી જ (પાંડવોમાંથી નહિ) પેદા થઈ છે અને બેદરકારી રાખવામાં આવશે તો પૃથ્વીનો નાશ કરશે. હું

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ ६-२६-१९. (ગીતા ૪-૧૯).

સર૦ ૩-૨૦૩-૪૩; ૧૨-૧૮૨-૧૧.

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥ ६-२६-२० (ગીતા ૪-૨૦).

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ ६-२६-२१ (ગીતા ૪-૨૧).

જેના સર્વ સમારમ્ભો (કર્મ) કામના અને સંકલ્પ વિનાનાં છે, અને જેનાં કર્મો જ્ઞાનરૂપી અગ્નિથી બળી ગયાં છે, તેને જ્ઞાની પુરુષો પણ્ડિત કહે છે. જેણે કર્મફલાસક્તિનો ત્યાગ કર્યો છે, જે સર્વદા સંતુષ્ટ અને (ફલપ્રાપ્તિના) આધાર વિનાનો છે, તે કર્મમાં ખૂબ પ્રવૃત્ત હોય તોપણ કંઈ જ કરતો નથી (એનાથી લેપાતો જ નથી). જે આશારહિત છે, જેનું મન પોતાના વશમાં છે, જેણે (પોતાના જ સ્વાર્થ માટેના) પરિગ્રહમાત્રનો ત્યાગ કર્યો છે, અને ('હું' પદ વિનાના અને નમ્ર એવા જેનું) કેવળ શરીર જ કર્મ કરે છે તેને કર્મ કરવા છતાં પાપ લાગતું નથી.

ગીતાના આ શ્લોકો પછી વિવિધ યજ્ઞકર્મો અને તેના આચરનારા વિષે વિવરણ છે.

૭ राजन्नान्यत्प्रवक्तव्यं तव निःश्रेयसं वचः ।
विदितं ह्येव ते सर्वं वेदितव्यमरिंदम ॥ ५-९३-४.

इदमद्य कुलं श्रेष्ठं सर्वं राजसु पार्थिव ।
श्रुतवृत्तोपसंपन्नं सर्वैः समुदितं गुणैः ॥ ५-९३-५.

कृपानुकम्पा कारुण्यमानृशंस्यं च भारत ।
तथार्जवं क्षमा सत्यं कुरुष्वेतद्विशिष्यते ॥ ५-९३-६.

तस्मिन्नेवंविधे राजन्कुले महति तिष्ठति ।
त्वन्निमित्तं विशेषेण नेह युक्तमसांप्रतम् ॥ ५-९३-७.

कृपा–परस्य सुखार्थे यत्नः । **अनुकम्पा**–परदुःखदर्शने त्रासः । **कारुण्यं**–परदुःखप्रहाणार्थे यत्नः । **आनृशंस्यं**–परदुःखाप्रदानम् । પં૦ નીલકંઠ.

માનું છું કે જો તમે ઇચ્છતા હો તો આ આપત્તિને ટાળી શકાય એમ છે. શાન્તિ દુષ્કર નથી.[૮] રાજન્! શાન્તિ તમારા અને મારા અધીન છે. તમે પુત્રોને કાબૂમાં રાખો અને હું પાંડવોને કાબૂમાં રાખીશ. રાજેન્દ્ર! તમારા પુત્રોએ તથા એમના અનુયાયીઓએ તમારી આજ્ઞામાં રહેવું જ જોઈએ, કારણ કે તમારો હુકમ માનવામાં જ તેમનું મોટું હિત છે. રાજન્! તમારું પણ એમાં જ હિત છે અને શાન્તિ માટે પ્રયત્ન કરી રહેલા અને મારું શાસન ઇચ્છતા પાંડવોનું હિત પણ એમાં જ છે. વિશાં પતે! પોતાને વેરવીખેર (નિષ્ફલ) જોઈને સંધિ કરો. આમ કરવાથી ભરતવંશી પાંડવો તમારા જ મદદગાર થશે. નરાધિપ! યત્ન કરવાથી પણ એમના જેવા (ધર્મનિષ્ઠ રક્ષકો) મળી શકે નહિ. માટે પાંડવોના રક્ષણ નીચે તમે ધર્મ અને અર્થનું સેવન કરો. પાંડવોથી રક્ષાયેલા તમને દેવો સહિત ઇન્દ્ર પણ જીતી ન શકે તો પછી રાજાઓની તો ગુંજાશ શું છે? ભરતશ્રેષ્ઠ! જે બાજુ ભીષ્મ, દ્રોણ, કૃપ, કર્ણ, વિવિંશતી, અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્ત, બાહ્લિક, સૈન્ધવ જયદ્રથ, કલિઙ્ગરાજ, કામ્બોજ સુદક્ષિણ, યુધિષ્ઠિર, ભીમસેન, સવ્યસાચી અર્જુન, નકુલ-સહદેવ, મહાતેજસ્વી સાત્યકિ અને મહારથી યુયુત્સુ જેવા યોદ્ધાઓ હોય એમની સામે કયો વિપરીત બુદ્ધિવાળો લડવાની હામ ભીડે?' (૫-૯૩-૧૩ થી ૨૧).

પછી ધૃતરાષ્ટ્રનો સ્વાર્થ સમજાવતાં બોલ્યા: 'અમિત્રઘ્ન! કૌરવ-પાંડવોના ઐક્યથી તમે (સમ્રાટ જેવું) મહાન લોકેશ્વરપદ પામશો અને શત્રુઓ તમારો પરાભવ કરી શકશે નહિ. તમારા સમાન અને તમારાથી શ્રેષ્ઠ રાજાઓ પણ તમારી સાથે સંધિ કરશે. એટલે પુત્રો, પૌત્રો, ભાઈઓ, (ભીષ્માદિ) પિતાઓ અને સુહૃદોથી રક્ષાઈને સુખપૂર્વક જીવન ગાળશો. પૃથ્વીપતિ! પાંડવોને પહેલાંની જેમ આગળ કરીને સત્કારશો તો સમગ્ર પૃથ્વીને ભોગવશો. પાંડવો અને તમારા પુત્રો એ સર્વની મદદથી તમે અન્ય શત્રુઓને જીતી લેશો. એ જ તમારો સંપૂર્ણ સ્વાર્થ છે. स्वार्थस्तवाखिलः। વળી જો પુત્રો અને અમાત્યો સહિત તમે પાંડવો સાથે સુલેહ કરશો તો (વધારામાં) એમણે ઉપાર્જિત કરેલી પૃથ્વીનેય ભોગવશો.' (૫-૯૩-૨૨ થી ૨૭).

આમ કેવળ સ્વાર્થી દૃષ્ટિએ પણ સુલેહ ધૃતરાષ્ટ્રને લાભદાયક છે એ બતાવ્યા પછી શ્રીકૃષ્ણે યુદ્ધનાં દૂષણો દર્શાવવાં માંડ્યાં: 'મહારાજ! યુદ્ધમાં તો ઘણો ભારે વિનાશ જ દેખાય છે. બન્ને પક્ષના ક્ષયમાં રાજન્! તમને કયો ધર્મ જણાય છે? (લોભજનિત) યુદ્ધમાં મહા-

---

૮ त्वं हि वारयिता श्रेष्ठः कुरूणां कुरुसत्तम।
मिथ्या प्रचरतां तात बाह्येष्वाभ्यन्तरेषु च॥ ५-९३-८.

ते पुत्रास्तव कौरव्य दुर्योधनपुरोगमाः।
धर्मार्थौ पृष्ठतः कृत्वा प्रचरन्ति नृशंसवत्॥ ५-९३-९.

अशिष्टा गतमर्यादा लोभेन ह्रतचेतसः।
स्वेषु बन्धुषु मुख्येषु तद्वेत्थ भरतर्षभ॥ ५-९३-५०.

सेयमापन्महाघोरा कुरुष्वेव समुत्थिता।
उपेक्ष्यमाणा कौरव्य पृथिवीं घातयिष्यति॥ ५-९३-११.

शक्या चेयं शमयितुं त्वं चेदिच्छसि भारत।
न दुष्करो ह्यत्र शमो मतो मे भरतर्षभ॥ ५-९३-१२.

બલવાન પાંડવો અથવા તમારા પુત્રો માર્યા જશે તો તમને કેવું સુખ મળશે તે મને કહો ![૯] પાંડવો અને તમારા પુત્રો, એ સર્વે શૂરવીર, અસ્ત્રનિષ્ણાત અને યુદ્ધની આકાંક્ષાવાળા છે, એમનું મહાભયમાંથી રક્ષણ કરો. આપણે માટે સંગ્રામમાં માર્યા ગયેલા કૌરવ-પાંડવોને, બન્ને પક્ષના ક્ષીણ થયેલા શૂરાઓને અને રથીઓએ મારી નાખેલ રથીઓને જોવા વારો ન આવો, કારણ કે રાજસત્તમ ! અહીં દુનિયાના રાજાઓ ભેગા થયા છે. એ બધા અમર્ષમાં આવી જઈને આ **પ્રજા**ઓનો સોથ વાળી નાખશે. રાજન્ ! તમે આ જગતની (સુલેહ કરીને) રક્ષા કરો. આ પ્રજા નાશ ન પામો.[૧૦] તમે (વિકૃતિ છોડીને) **પ્રકૃતિસ્થ** થશો (= **સ્વસ્થ** થશો) તો બચાવ થશે.' **અને** પછી હૃદયસ્પર્શી વિનય કર્યો, ('ભેગા થયેલા આ) રાજાઓ નિર્મળ, ઉદાર, હ્રીમાન, આર્ય, પવિત્ર કુળમાં જન્મેલા, અને એકબીજાના સચિવ (મદદગાર) છે. એમને મહાભયમાંથી બચાવો. આ રાજાઓ કલ્યાણભાવથી એકબીજાને ભેટો; સાથે ખાઈપી સરસ વસ્ત્રો અને માળાઓ પહેરી, ક્રોધ અને વેરનો ત્યાગ કરીને સત્કાર પામીને સૌ સૌને ઘેર જાઓ.'[૧૧] (૫-૯૩-૨૮ થી ૩૬).

---

९ संयुगे वै महाराज दृश्यते सुमहान्क्षयः ।
क्षये चोभयतो राजन्कं धर्ममनुपश्यसि ॥ ५-९३-२८.
पाण्डवैर्निहतैः संख्ये पुत्रैर्वापि महाबलैः ।
यद्विन्देथाः सुखं राजंस्तद्ब्रूहि भरतर्षभ ॥ ५-९३-२९.

હિંસક યુદ્ધમાં તો કાયમ અનીતિ જ હોય છે, એવા મહાભારતના ઋષિકવિ વેદવ્યાસનો મત છે. તે માટે જુઓ ૫-૭૦-૯, અને 'સ્વાધ્યાય' ઑગસ્ટ ૧૯૬૮માં 'પ્રિયકામ શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), પૃ. ૪૩૯ ઉપર નોંધ ૧.

૧૦ સર૦ મહાભારતના પ્રાસ્તાવિક કથનમાં 'જે (પર્વ)માં દયાળુ મહાયશસ્વી શ્રીકૃષ્ણ સંધિ કરાવવાની ઇચ્છાથી હસ્તિનાપુરમાં જાતે જ શાન્તિ કરવા આવ્યા હતા, અને બન્ને પક્ષોના કલ્યાણ માટે કરેલી એમની શાન્તિની માગણીને દુર્યોધને તરછોડી હતી (તે 'ભગવદ્યાનપર્વ'માં) ૧-૨-૧૪૫, ૧૪૬ ઇ.

શ્રીકૃષ્ણના નિઃસ્વાર્થ પ્રેમાળ હૈયામાં પાંડવો અને ધૃતરાષ્ટ્રનું હિત છે, પણ એ હૈયામાં આ બન્નેના હિત કરતાંય પ્રજાસંરક્ષણનું ધર્મકાર્ય વિશેષ અંકિત છે.

समवेताः पृथिव्यां हि राजानो राजसत्तम ।
अमर्षवशमापन्ना नाशयेयुरिमाः प्रजाः ॥ ५-९३-३२.
त्राहि राजन्निमं लोकं न नश्येयुरिमाः प्रजाः ।
त्वयि प्रकृतिमापन्ने शेषं स्यात्कुरुनन्दन ॥ ५-९३-३३.

સર૦ રાજસૂયની સમાપ્તિ પછી શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને વિદાયવેળાએ કહેલા શબ્દો (૨-૪૨-૫૮). જુઓ 'સ્વાધ્યાય' નવેમ્બર ૧૯૬૬, દીપોત્સવી અંકમાં 'શિશુપાલ અને શાલ્વનો વધ' (ઉ. જ. સાંડેસરા)

११ शुक्ला वदान्या ह्रीमन्त आर्याः पुण्याभिजातयः ।
अन्योन्यसचिवा राजंस्तान्पाहि महतो भयात् ॥ ५-९३-३४.
शिवेनेमे भूमिपालाः समागम्य परस्परम् ।
सह भुक्त्वा च पीत्वा च प्रतियान्तु यथागृहम् ॥ ५-९३-३५.
सुवाससः स्रग्विणश्च सत्कृत्य भरतर्षभ ।
अमर्षांश्च निराकृत्य वैराणि च परंतप ॥ ५-९३-३६.

આ વિનય પછી પછી પાંડવો તરફ સ્નેહભાવ રાખવાની પ્રેરણા કરતાં શ્રીકૃષ્ણ બોલ્યા : 'ભરતર્ષભ ! તમે (બાળક) પાંડવો ઉપર જેવું હેત રાખતા હતા તેવું જ હેત, હવે તમારું આયુષ્ય પૂરું થવા આવ્યું છે એ છેલ્લી અવસ્થામાં, તેમની ઉપર નિરંતર રાખો. પિતા વિનાના તે બાળકોને તમે જ ઉછેર્યા હતા. તો એ દીકરાઓનું યથાયોગ્ય પાલન કરો. ખાસ કરીને આપશ્રીએ આપત્તિઓમાં તેમનું રક્ષણ કરવું જોઈએ. તમારો ધર્મ તથા અર્થ (પુરુષાર્થ) નાશ ન પામો. પાંડવોએ તમને પ્રણામ કરીને અને પ્રસન્ન કરીને કહાવ્યું છે કે, 'આપની આજ્ઞાથી અમે અને અમારા અનુચરોએ દુઃખ વેઠ્યું છે. બાર વર્ષ વનમાં ગાળ્યાં છે. તેરમું વર્ષ મનુષ્યોની વચ્ચે અજ્ઞાતપણે ગાળ્યું છે. પિતા ધૃતરાષ્ટ્ર (રાજ્ય પાછું આપવાની) શરત પાળશે એવી અમને ખાતરી હતી. એટલે અમે શરત તોડી નથી. આ હકીકત બ્રાહ્મણો પણ જાણે છે. અમે શરત પાળી છે માટે તમે પણ પાળો. અમે નિત્ય ઘણાં દુઃખ ભોગવ્યાં છે માટે અમને હવે સ્વરાજ્યનો ભાગ મળવો જોઈએ. તમે ધર્મ-અર્થ સારી રીતે સમજો છો, માટે તમારે અમારું સમ્યગ્ રક્ષણ કરવું જોઈએ, તમને વડીલ જાણીને અમે ઘણા કલેશ વેઠ્યા છે. શિષ્યની ગુરુ તરફ જેવી આદરવૃત્તિ હોય છે, તેવી આપના તરફ અમારી વૃત્તિ છે. આપ પણ અમારા તરફ માબાપની જેમ વર્તો. જો અમે ઉત્પથે જતા હોઈએ તો પિતાએ અમને માર્ગે ચઢાવવા જોઈએ. માટે રાજન્ ! અમને (રાજ્ય પાછું સોંપી) રસ્તે ચઢાવો અને તમે પણ સ્વ (ધર્મપાલનના) માર્ગ ઉપર (સ્થિર) રહો' (૫-૯૩-૩૭ થી ૪૬).

એ પછી પાંડવોએ કૌરવોની રાજ્યપરિષદને મોકલેલો સંદેશો નિવેદન કર્યો : 'ધર્મવેત્તા સભાસદોમાં અમને અન્યાય થાય એ અયોગ્ય છે. જ્યાં સભાસદોના દેખતાં અધર્મથી ધર્મ અને અનૃતથી સત્ય હણાય છે, ત્યાં સભાસદો પણ હણાય છે. જે સભામાં અધર્મથી વીંધાયેલો ધર્મ (=ન્યાયી પક્ષ) શરણે આવે છે, અને જો સભાસદો એના શલ્યને કાપીને બહાર કાઢે નહિ તો ત્યાં સભાસદો વીંધાય છે. જેમ નદી, કિનારા ઉપર ઊગેલાં વૃક્ષોનો નાશ કરે છે એમ આ (વીંધાયેલો) ધર્મ એ સભાસદોનો નાશ કરે છે'[૧૨] (૫-૯૩-૪૭ થી ૪૯).

---

૧૨ (૧) यत्र धर्मो ह्यधर्मेण सत्यं यत्रानृतेन च ।
हन्यते प्रेक्षमाणानां हतास्तत्र सभासदः ॥ ५-९३-४८ = મનુ. ૮-૧૪.
विद्धो धर्मो ह्यधर्मेण सभां यत्र प्रपद्यते ।
न चास्य शल्यं कृन्तन्ति विद्धास्तत्र सभासदः ।
धर्म एतानारुजति यथा नद्यनुकूलजान् ॥ ५-९३-४९.
૫-૯૩-૪૯ ક થી ધ = ૨-૬૧-૬૯; = ફે. મનુ. ૮-૧૨.

(૨) सर° असुर्या नाम ते लोका अन्धेन तमसावृताः ।
ता ँ स्ते प्रेत्यभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥ ઈશ. ઉ. ૩.

એ અસુર સંબંધી લોકો આત્માના અદર્શનરૂપી અજ્ઞાનથી આચ્છાદિત છે. જેઓ આત્મઘાતી લોકો છે, (આત્મજ્ઞાનની સાથે વેર કરનારા છે. આ પ્રસંગના સંદર્ભમાં 'ધર્મ' અર્થાત્ ન્યાયનો નાશ કરનારા છે, અને/અથવા ધર્મનાશના મૂક સાક્ષી રહી અધર્મને સહકાર આપનારા છે.) તેઓ મૃત્યુ પછી એને (અસુર સંબંધી લોકોને) પામે છે.

પાંડવોના સંદેશા રજૂ કર્યા પછી, પાંડવપક્ષની વકાલત કરતાં શ્રીકૃષ્ણે કહ્યું : 'પાંડવો ધર્મ તરફ દૃષ્ટિ રાખીને, મૌન ધરીને બેઠા છે. તેઓ સત્ય, ધર્મયુક્ત અને ન્યાયી બોલે છે. એટલે જનેશ્વર ! 'પાંડવોને રાજ્યભાગ આપો.' એ સિવાય તમને બીજું શું કહી શકાય એમ છે ? અને જો હું ધર્મ તથા અર્થનો નિર્ણય કરીને સાચું બોલતો હોઉં તો આ સભામાં બેઠેલા મહીપાલો (પણ મારા ટેકામાં) બોલે. ક્ષત્રિયર્ષભ ! ક્ષત્રિયોને મૃત્યુના સકંજામાંથી મુક્ત કરો. પ્રશાન્ત થાઓ. મન્યુવશ (દુર્યોધન)ની પાછળ ન જાઓ. પાંડવોને એમનો યથોચિત રાજ્યભાગ આપી દો, અને પછી સિદ્ધાર્થ થઈને પુત્રોની સાથે ભોગો ભોગવો.[13] અજાતશત્રુ યુધિષ્ઠિર સદા સજ્જનોના ધર્મમાં સ્થિર રહેલા છે અને તમારા પુત્રો તથા તમારી પ્રત્યે તેમની કેવી સદ્વૃત્તિ છે તે પણ તમે જાણો છો. તમે એમને (લાક્ષાગૃહમાં) બાળ્યા અને (દ્યૂતમાં રાજ્ય ખૂંચવીને) હાંકી મૂકયા છતાં ફરીથી તમારા આશ્રયે આવ્યા છે. દુર્યોધનની સાથે મળીને તમે જ એમને ઇન્દ્રપ્રસ્થમાં હાંકી મૂકયા હતા, તોપણ તેમણે ત્યાં રહીને સૌ રાજાઓને તાબે કરીને તમારા તરફ જોતા કરી મૂકયા હતા, અને તેમણે પોતે પણ તમારી માનમર્યાદા લોપી નથી. તેઓ આવી રીતે વર્તતા હતા છતાં, તેમનાં ધન, ધાન્ય અને રાજ્યો હરી લેવાની ઇચ્છાથી શકુનિએ હીનતમ છળ કર્યું. એને લીધે તેઓ લૂંટાઈ ગયા અને કૃષ્ણાને સભામાં ઘસડાતી જોઈ. તોપણ અમેયાત્મા (મહાનુભાવ) યુધિષ્ઠિર ક્ષાત્રધર્મથી ડગ્યા નહોતા ! ભારત ! હું તો તમારું અને એમનું (અને સૌનું) કલ્યાણ વાંછું છું. રાજન્ ! પ્રજાના ધર્મ, અર્થ અને સુખ (= કામ) પુરુષાર્થોનો નાશ ન કરો.[14] કેવળ (પોતાની સંપત્તિ વધારવારૂપ) પોતાના અનર્થને અર્થ માનતા અને (પ્રજા તથા પોતાસહિત સમગ્ર રાષ્ટ્રની સંપત્તિ વધારવારૂપ) અર્થને અનર્થ માનતા, લોભનો અતિ વિસ્તાર કરતા પુત્રોને પ્રજાપતિ ! તમે કબજે રાખો. બાકી શત્રુદમન પાંડવો તો તમારી શુશ્રૂષા કરવા તૈયાર છે અને યુદ્ધ કરવાય તૈયાર છે. માટે એ બેમાં તમને જે પથ્યતમ લાગે તે પ્રમાણે વર્તો.' (૫-૯૩-૫૦ થી ૬૧). શ્રીકૃષ્ણના આ શબ્દોને સૌ રાજાઓએ હૃદયથી સત્કાર્યા પણ (અનેક કારણોસર) કોઈ પણ એ લાગણીને વાણીમાં પ્રકટ કરવા આગળ આવ્યો નહિ ! (૫-૯૩-૬૨)[15]

---

૧૩ पित्र्यं तेभ्यः प्रदायांशं पाण्डवेभ्यो यथोचितम् ।
ततः सपुत्रः सिद्धार्थो भुङ्क्ष्व भोगान्परंतप ॥ ૫-૯૩-૫૩.
આ વચનથી બાળક જીવને ઇશોપનિષદ્‌ની આ ભાવનાનું પ્રાથમિક રૂપ સમજાવ્યું છે.
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥ ઈશ ઉ. ૧ ગદ્ય

'તેને ત્યાગીને ભોગવ. કોઈના ધનની લોલુપતા રાખીશ નહિ.' અથવા 'તેને ત્યાગીને ભોગવ, લોલુપતા રાખ નહિ. (કારણ) આ ધન કોનું છે ?'

૧૪ अहं तु तव तेषां च श्रेय इच्छामि भारत ।
धर्मादर्थात्सुखाच्चैव मा राजन्नीनशः प्रजाः ॥ ૫-૯૩-૫૯.

राजा कालस्य कारणम् । ૫-૧૩૦-૧૫ ધ; ૧૨-૭૦-૬ ધ. એ ન્યાય અનુસાર રાજાના વિપરીત વર્તનથી પ્રજા પણ વિપરીત વર્તે, છેવટે પ્રજાનો નાશ થાય, સર્વમિત્ર કૃષ્ણ આ નાશથી બચવા વિનયથી સૂચવે છે. (લોકશાહીમાં નેતાનું વર્તન).

૧૫ (૧) अनर्थमर्थं मन्वाना अर्थं वानर्थमात्मनः ।
लोभेऽतिप्रसृतान्पुत्रान्निगृह्णीष्व विशां पते ॥ ૫-૯૩-૬૦.

એમ બધા સભાસદો રોમાંચિત અને સ્તબ્ધ થઈને મનમાં વિચારવા લાગ્યા કે, આ ભાષણનો જવાબ આપવા કેમ કોઈ તૈયાર થતો નથી ? જ્યારે કોઈ બોલ્યું નહિ ત્યારે સભામાં દૂતકાર્ય જોવા આવેલા મહર્ષિઓ પૈકી સજ્જનોના મિત્ર (જુઓ ૫-૮૧-૬૫) જામદગ્ન્ય રામે[૧૬] દૃષ્ટાંતકથા કહીને કુરુસંસદમાં પ્રવચન કર્યું : 'રાજન્ (ધૃતરાષ્ટ્ર)! મારી આ સત્ય ઉપમાને શંકા રાખ્યા વિના સાંભળ અને તને જો એ ઠીક લાગે તો એ સાંભળીને એમાંથી કલ્યાણને (શ્રેયને) ગ્રહણ કર !' (૫-૯૪-૧ થી ૪).

એમ પ્રસ્તાવના કરીને (પરશુ)રામ બોલ્યા; 'પૂર્વે દમ્ભોદ્ભવ (દમ્ભમાંથી જન્મેલો એટલે કે અભિમાની) નામનો સર્વભૌમ રાજા હતો. એ દરરોજ પ્રાતઃકાળે ઊઠીને પૂછતો કે, 'યુદ્ધમાં મારા જેવો કે મારાથી ચઢે એવો કોઈ શસ્ત્રધારી શૂદ્ર, વૈશ્ય, બ્રાહ્મણ કે ક્ષત્રિય છે કે?' એવી રીતે મહા-દર્પથી ફાટી જઈને કોઈનેય ગણકાર્યા વિના સૌને પૂછ્યા કરતો હતો. તેને વૈદ્ય (વિદ્વાન), અકૃપણ (દીનતા વિનાના) અને સર્વ તરફથી નિર્ભય બ્રાહ્મણો આત્મશ્લાઘા કરતાં વારંવાર અટકાવતા હતા તોપણ એ તો અભિમાનથી પૂછ્યા જ કરતો હતો. એટલે એક વાર એ મહાત્માઓએ ચીડાઈને કહ્યું કે, 'આ મનુષ્યલોકમાં નર-નારાયણ નામના બે તપસ્વીઓ છે. તું એ બન્ને સાથે લડ.' એટલે અસહનશીલ દમ્ભોદ્ભવ ષડઙ્ગિની સેનાને (=રથ, હાથી, પદાતિ, અશ્વ, ઊંટ અને શકટ એમ છ અંગવાળી સેના. પં. નીલકંઠ) લઈને ગન્ધમાદન પર્વત ઉપર નર-નારાયણ ઋષિઓ પાસે ગયો અને યુદ્ધની માગણી કરી. નર-નારાયણે 'ક્રોધ-લોભ વગરના આશ્રમમાં યુદ્ધ ન હોય. અહીં શસ્ત્ર કે એનો વાપરનાર કુટિલ પુરુષ ન હોય,' કહીને વાર્યો, પરન્તુ દમ્ભોદ્ભવે વારંવાર યુદ્ધનું આહ્વાન આપ્યા કર્યું. અનેક વખત ક્ષમા કરવા છતાંય જ્યારે તે ન જ માન્યો, ત્યારે નિમિત્તવેધી (સચોટ નિશાન વીંધનારા) નર ઋષિએ તેની સાથે ઇષીકાસ્ત્ર(નેતર કે બરૂની સળીઓ)થી યુદ્ધ કર્યું. અસ્ત્રમાયાથી દમ્ભોદ્ભવ ભૂંડી રીતે હાર્યો. ઋષિના ચરણમાં પડ્યો. શરણાર્થીને શરણ આપનારા નર ઋષિએ તેને નમ્ર અને પવિત્ર થઈને, દીનહીન કે મહાન કોઈનો પણ તિરસ્કાર ન કરવા સૂચવ્યું. તથા કૃતપ્રજ્ઞ, વીતલોભ, નમ્ર, સંયમી, ક્ષમાશીલ, મૃદુ અને કલ્યાણકારક થઈને પ્રજાપાલન કરવાનો ઉપદેશ કરી જવાની રજા આપી.' (૫-૯૪-૫ થી ૩૫). ઉપમાકથાને અન્તે સમકાલીન પરિસ્થિતિ સાથે મેળ બેસાડતાં રામે નર-નારાયણને અર્જુન-શ્રીકૃષ્ણના અવતાર ગણાવ્યા. (તથા દુર્યોધન એ દમ્ભોદ્ભવ છે એ અધ્યાહાર રાખ્યું) અને (ઘણું કરીને દુર્યોધનને ઉદ્દેશીને) કહ્યું, 'અગાઉ નરે કરેલું એ કર્મ ઘણું જ મોટું છે. નર કરતાં નારાયણ ગુણોમાં અધિક

स्थिताः शुश्रूषितुं पार्थाः स्थिता योद्‌धुमरिंदमाः ।
यत्ते पथ्यतमं राजंस्तस्मिंस्तिष्ठ परंतप ॥ ५-९३-६१.

જુઓ 'સર્વમિત્ર શ્રીકૃષ્ણ' 'સ્વાધ્યાય' પુ. ૫ અંક ૩ અક્ષય તૃતીયા અંક સં. ૨૦૨૫, (ભ. જ. સાંડેસરા)માં નોંધ ૨૮માંનું 'અર્થશાસ્ત્ર' અને 'અનર્થ-શાસ્ત્ર'નું વિવરણ.

(૨) तद्वाक्यं पार्थिवाः सर्वे हृदयैः समपूजयन् ।
न तत्र कश्चिद्वक्तुं हि वाचं प्राक्रामदग्रतः ॥ ५-९३-६२.

૧૬ આ જામદગ્ન્ય રામ, નારદ વગેરે ઋષિઓ અત્યારે જેમ શંકરાચાર્યની ગાદી ઉપર બેઠેલા આચાર્ય શંકરાચાર્ય કહેવાય છે—તેઓ આદિ શંકરાચાર્ય નથી—એવા કોઈ આચાર્યો હોવાનો સંભવ લાગે છે.

છે. એટલે આ નરે જ્યાં સુધી ગાણ્ડીવ ઉપર અસ્ત્ર ચઢાવ્યું નથી ત્યાં સુધી માન મૂકીને અર્જુનને શરણે જા. કારણ કે કાકુદીક, શુક, નાક, અક્ષિસંતર્જન, સંતાન, નર્તન, ઘોર અને આસ્યમોદક એ આઠ અસ્ત્રોથી વીંધાયેલા સર્વ માણુસો મૃત્યુ પામે છે. ઉન્મત્ત થઈને અનેક જાતની કુચેષ્ટાઓ કરે છે.[17] નર-નારાયણ એ જ પરમવીર પુરુષશ્રેષ્ઠ અર્જુન-કૃષ્ણ છે. તને મારામાં કુશંકા ન હોય તો **આર્યબુદ્ધિ** રાખીને પાંડવો સાથે શાન્તિ કર. યુદ્ધમાં મન ન જોડ. તમારું કુળ જગતમાં બહુમાન્ય છે, તેવું જ રહો. તારું કલ્યાણ થાઓ. કાંઈ નહિ તો સ્વાર્થનો વિચાર કરીને પણ પ્રશાન્ત થા.' (૫-૯૪-૩૬ થી ૪૫).

જામદગ્ન્યની પછી કણ્વ ઋષિએ દુર્યોધનને ઉદ્દેશીને સુલેહ કરવા માટે માતલીય ઉપાખ્યાન કહ્યું. એમાં શરૂમાં બ્રહ્માની જેમ નર-નારાયણ ઋષિઓ અને વિષ્ણુ જ અક્ષય અને અવિનાશી છે. બાકી સૂર્ય, ચન્દ્ર અને પૃથ્વીથી માંડીને સર્વ પદાર્થો નાશવંત છે તથા સર્વ પ્રાણીઓ મુહૂર્ત-મરણાઃ (ક્ષણભંગુર) છે. તેમાંય (યુદ્ધને લીધે) રાજાઓ તો ખાસ વહેલા મરે છે, વગેરે શમપ્રેરક વાતો કહી. પછી અભિમાન ન કરવા માટે ઇન્દ્રના સારથિ માતલિએ[18] પોતાની કન્યા ગુણકેશીને પરણાવવા માટે વરની તપાસ કરી તેનું આખ્યાન કહ્યું : 'આખી દુનિયામાં વરની તપાસ કરીને

---

१७ काकुदीकं शुकं नाकमक्षिसंतर्जनं तथा ।
संतानं नर्तनं घोरमास्यमोदकमष्टमम् ॥ ५-९४-३८.
एतैर्विद्धाः सर्वे एव मरणं यान्ति मानवाः ।
उन्मत्ताश्च विचेष्टन्ते नष्टसंज्ञा विचेतसः ॥ ५-९४-३९.

કાકુદિકાદિ શસ્ત્રોનું રૂપક છોડતું ક્ષેપક ૪૩૪, જેને જુદા જુદા ટીકાકારોએ અર્થસ્પષ્ટીકરણ માટે ટાંક્યું છે, અને પં. નીલકંઠે પોતાની વાચનામાં સમાવ્યું છે તે આ પ્રમાણે છે.

कामक्रोधौ लोभमोहौ मदमानौ तथैव च
मात्सर्याहंकृती चैव क्रमादेत उदाहृताः ॥

અર્થાત્

(૧) કાકુદીક = કામ (ખૂંધવાળા સાંઢનું પ્રતીક)
(૨) શુક = ક્રોધ (પોપટનું પ્રતીક. शुच ૧ ગ. शोचति ઉપરથી शुक શબ્દ આવ્યો લાગે છે.)
(૩) નાક = લોભ (સ્વર્ગનું પ્રતીક)
(૪) અક્ષિસંતર્જન = મોહ (ઈર્ષ્યાથી દુખતી આંખનું પ્રતીક)
(૫) મદ = સંતાન (સ્વર્ગના એક કલ્પવૃક્ષનું પ્રતીક. એમાંથી મદ ઝરતો હશે.)
(૬) નર્તન = માન (નાચનારા મોરનું પ્રતીક)
(૭) ઘોર = મત્સર (ભયંકરપણાનું પ્રતીક)
(૮) આસ્યમોદક = અહંકાર (લાડુ ભરેલા મોંનું પ્રતીક)

१८ सूतोऽयं मातलिर्नाम शक्रस्य दयितः सुहृत् । ५-१०२-१ कख
शक्रस्यायं सखा चैव मन्त्री सारथिरेव च ॥ ५-१०२-२ कख

અર્થાત્ સારથિઓ કેવળ સેવક જ હોય એમ નથી, પરન્તુ સુહૃદ્, સખા, મંત્રી વગેરે પણ હોય.

છેલ્લે માતલિએ સુમુખ નાગને પસંદ કર્યો. માતલિએ ઇન્દ્ર પાસેથી સુમુખને દીર્ઘાયુષ્યનું વરદાન અપાવ્યું. જેથી જાતવૈરી ગરુડ[૧૯] એને અકાળે મારી નાખે નહિ. આથી ગરુડ ચિડાયો. એણે ઇન્દ્રનું અપમાન કર્યું. પાસે બેઠેલા ઇન્દ્રના નાનાભાઈ વિષ્ણુનુંય અપમાન કર્યું અને પોતાના અમાપ બળની ડીંગ મારી વિષ્ણુને કહ્યું : ‘તમે સર્વ આદિત્યોમાં સૌથી વધુ બલવાન છો. આવા તમનેય હું મારી પાંખના એક ભાગ ઉપર વિના શ્રમે ઉપાડીને ફરું છું. તો તમે ધીરજથી વિચાર કરો કે આપણામાં કોણ વધુ બલવાન છે? (અર્થાત તમારા સહિત દેવો કરતાં પણ હું વિશેષ બલવાન છું)’ (૫-૧૦૩-૧૬, ૧૭). વિષ્ણુ ઉત્તરમાં બોલ્યા, ‘...જો એમ જ છે તો મારા જમણા હાથને જ ઉપાડી જો ! એટલું ઉપાડીશ તોય તારા ગપાટાને હું સાચો માનીશ.’ એમ કહીને ભગવાન વિષ્ણુએ ગરુડના ખભા ઉપર હાથ મૂકયો. ગરુડ વિહ્વળ બનીને ભોંય પર પટકાયો. બહુ ભાર નહોતો મૂકયો એટલે મરી તો ન ગયો પણ ગરુડ બેભાન જેવો થઈ ગયો. એનું અભિમાન ઊતરી ગયું. ક્ષમા માગી. વિષ્ણુએ સ્નેહથી કહ્યું : ‘ફરીથી આવું અભિમાન કરીશ નહિ.’’ (૫-૧૦૩-૧૮ થી ૩૦).

કથા પૂરી કરીને કણ્વ બોલ્યા : ‘ગરુડની જેમ, દુર્યોધન ! તું પણ પાંડવોના સમાગમમાં આવ્યો નથી ત્યાં સુધી જ જીવે છે. માટે વાસુદેવરૂપી તીર્થ (સાચા માર્ગ) દ્વારા કુળનું રક્ષણ કર. આ મહાતપસ્વી નારદને વિષ્ણુનું માહાત્મ્ય પ્રત્યક્ષ છે. આ ચક્રગદાધર કૃષ્ણ એ વિષ્ણુ છે’[૨૦] (૫-૧૦૩-૩૧ થી ૩૫).

---

૧૯ આ કથાનક દરમિયાન મહાભારતમાં સુપર્ણલોક (ગરુડોના દેશ)નું પૌરાણિક વર્ણન આવે છે (‘ઉદ્યોગપર્વ’ અ. ૯૯). તેમાં એમને સર્પભક્ષી પક્ષીઓ તરીકે વર્ણવ્યા છે; પણ સમગ્ર વર્ણન ઉપરથી એવી છાપ ઊઠે છે કે, વૈષ્ણવ ધર્મમાં સંમિલિત થયેલી, મુખ્યત્વે સર્પનું ભોજન કરનારી કોઈ જાતિવિશેષ ઉપરથી આ પૌરાણિક વર્ણન કરવામાં આવ્યું હોય.

> कर्मणा क्षत्रियाश्चैते निर्घृणा भोगिभोजनः ।
> ज्ञातिसंक्षयकर्तृत्वाद्ब्राह्मण्यं न लभन्ति वै ॥ ૫-૯૯-૬.
> दैवतं विष्णुरेतेषां विष्णुरेव परायणम् ।
> हृदि चैषां सदा विष्णुर्विष्णुरेव गतिः सदा ॥ ૫-૯૯-૮.

એ કર્મથી ક્ષત્રિય છે, નિર્દય છે, સર્પનું ભોજન કરનારા છે અને જ્ઞાતિનો ક્ષય કરનારા હોઈ (પરસ્પર લડતા હોઈ) બ્રાહ્મણત્વ પામતા નથી....એમના દેવ વિષ્ણુ છે. વિષ્ણુ જ એમનું શરણ છે. એમના હૃદયમાં સદા વિષ્ણુનો વાસ છે અને વિષ્ણુ જ એમની સદા(પરમ) ગતિ છે.

પૂર્વ એશિયામાં અત્યારે વસતી સર્પભક્ષી જાતિઓ અને તે વિભાગોમાં પ્રાચીન સમયમાં વિસ્તરેલી હિન્દુધર્મની પરંપરાના પ્રકાશમાં જોતાં એમ લાગે કે, આવી કોઈ જાતિને ધ્યાનમાં લઈને આ પુરાણ રચાયું હોય. વધુ માટે જુઓ : *A Note on the Article*: *‘About Vālmiki’* By U. J. Sandesara, in J. O. R. I., Baroda, Vol. VIII—31st March, 1959.

૨૦ वासुदेवेन तीर्थेन कुलं रक्षितुमर्हसि ॥ ૫-૧૦૩-૩૪ ગદ્ય

> प्रत्यक्षो ह्यस्य सर्वस्य नारदोऽयं महातपाः ।
> माहात्म्यं यत्तदा विष्णोर्योऽयं चक्रगदाधरः ॥ ૫-૧૦૩-૩૫.

૫-૧૦૩-૩૩માં શ્રીકૃષ્ણ અને પાંડવોને અનુક્રમે વિષ્ણુ, વાયુ, શક્ર, ધર્મ અને અશ્વિનીકુમાર દેવો કહ્યા છે, એટલે પુરાણ કથા ગાળીને એમને ‘આ દેવો જેવા પ્રભાવશાળી’ એમ કૌંસમાં વાંચીએ તો વિશેષ સંગત થાય.

આ સાંભળી દુર્યોધને કર્ણની સામું જોઈને મુક્ત હાસ્ય કર્યું અને કણ્વ ઋષિનો તિરસ્કાર કરીને પોતાની સાથળ થાબડતાં થાબડતાં બોલ્યો : 'ઈશ્વરે મને જેવો સર્જ્યો છે તેવો હું છું. મારે હાથે જ બનવાનું હશે અને જેવી મારી ગતિ થવાની હશે એ પ્રમાણે હું વર્તું છું. મહર્ષિ ! એમાં ડબડબ (प्रलाप) કરવાથી શું વળશે ?[૨૧] (૫-૧૦૩-૩૬ થી ૩૮).

પારકી સંપત્તિમાં દાઢ રાખીને અનર્થ કરવાની જ જીદે ભરાયેલા અને અનાર્યોમાં જ પ્રેમ રાખનાર દુર્યોધનને પછી નારદ મુનિએ દુરાગ્રહ અને અભિમાનથી પડતી થાય છે એ દર્શાવતાં બે આખ્યાન કહ્યાં.[૨૨] (૧) પ્રથમ ગાલવચરિત્ર કહ્યું. તપ કરતા વિશ્વામિત્ર પાસે ધર્મ વસિષ્ઠનું રૂપ લઈને આવ્યો. ભોજન માગ્યું. વિશ્વામિત્રે રાંધવા માંડયું, પણ ધર્મે તો બીજા તપસ્વીઓને ત્યાં જમી લીધું. એવામાં વિશ્વામિત્ર રસોઈ લઈને આવ્યા; પણ ધર્મ તો 'તું અહીં રાહ જો' કહીને ચાલ્યો ગયો. વિશ્વામિત્રે એકસો વર્ષ રાહ જોઈ. સો વર્ષે વસિષ્ઠરૂપે ધર્મ પાછો આવ્યો. એકસો વર્ષ પછી પણ તપઃપ્રભાવે ઉષ્ણ અને તાજું રહેલું અન્ન જમ્યો. વિશ્વામિત્રને 'વિપ્રર્ષે' એવું સંબોધન કરી બ્રાહ્મણત્વ પ્રદાન કર્યું. આ સો વર્ષ દરમિયાન વિશ્વામિત્રના ગાલવ નામના શિષ્યે એમની સેવા ઉઠાવેલી. પ્રસન્ન થયેલા વિશ્વામિત્રે એને જવાની રજા આપી. ગાલવે ગુરુદક્ષિણા આપવાની ઇચ્છા વ્યક્ત કરી. વિશ્વામિત્રે 'દક્ષિણાની જરૂર નથી' એમ કહ્યું, પણ ગાલવે દક્ષિણા આપવાનો દુરાગ્રહ કરતાં વિશ્વામિત્રે એક તરફ કાળા કાનવાળા ૮૦૦ સફેદ ઘોડા માગ્યા. ગાલવ દુઃખી દુઃખી થઈ ગયો.[૨૩] છેવટે ગાલવનો મિત્ર ગરુડ એની મદદે આવ્યો. બન્ને મિત્રો આખા જગમાં રખડ્યા અને જેમ તેમ કરીને ગુરુદક્ષિણા પૂરી કરી. ('ઉદ્યોગપર્વ' अ ૧૦૪ થી ૧૧૮). એ પછી નારદે ગાલવચરિત્રના અનુસંધાનમાં (૨) યયાતિપતનનું આખ્યાન

---

૨૧ यथैवेश्वरसृष्टोऽस्मि यद्भावि या च मे गतिः ।
तथा महर्षे वर्तामि किं प्रलापः करिष्यति ॥ ५-१०३-३८.

૨૨ ૫-૧૦૪-૧ થી ૪ ના નિર્દેશથી સમજાય છે કે કણ્વના વક્તવ્ય પછી અને નારદના વક્તવ્ય અગાઉ ભગવાને (વેદવ્યાસે ?) અને ભીષ્મે તથા બીજા કેટલાંક સગાંઓએ દુર્યોધનને કુમાર્ગે જતાં અટકાવવા પ્રયત્ન કરેલો. 'ઉદ્યોગપર્વ' अ ૧૪૫ થી ૧૪૮માં શ્રીકૃષ્ણે કૌરવસભામાં વૃત્તાંત કહ્યું તેમાં ભીષ્મ, દ્રોણ, ગાન્ધારી, વિદુર, ધૃતરાષ્ટ્રનાં, હિતવચનો ટાંકયાં છે. તેમાં એનો કંઈક ખ્યાલ આવે છે.

૨૩ આ આખ્યાનમાં નીચેના ઉલ્લેખ મળે છે :

(૧) દુઃખી ગાલવ શોક કરતાં કરતાં ત્રિભુવનેશ્વર, અને દેવશ્રેષ્ઠ અને ગતિવાળાઓમાં શ્રેષ્ઠ અને ગતિરૂપ કૃષ્ણરૂપવાળા વિષ્ણુને શરણે ગયો. એ મહાયોગીએ વૈભવોના આધારનું પ્રયત્નપૂર્વક દર્શન કરવાની ઇચ્છા કરી. (૫-૧૦૫-૧૪,૧૫).

(૨) નારાયણ કૃષ્ણ અને નરોત્તમ જિષ્ણુ (અર્જુન)ના બદરિકાશ્રમમાંના નિવાસનો નિર્દેશ (૫-૧૦૯-૪,૮, ૧૭, ક્ષેપક ૪૫૨), અને ત્રિવિક્રમ વિષ્ણુએ ત્રણે લોકને ઓળંગતાં ઉત્તર દિશામાં 'વિષ્ણુપદ' નામનું તીર્થ કર્યું. (૫-૧૦૯-૧૯).

(૩) અતિ દુઃખથી કંટાળીને આત્મઘાત કરવાનું વિચારતા ગાલવ અને તેને ઉપાલંભ આપી આત્મઘાતની મૂર્ખતા બતાવતા ગરૂડનો પ્રસંગ સરસ છે. (૫-૧૧૦-૪ થી ૨૨).

(૪) કદી પણ સ્ત્રીનિંદા ન કરવાનો કવિ વ્યાસનો આદેશ દ્રષ્ટવ્ય (૫-૧૧૧-૧૪ થી ૧૬).

કહ્યું. એમાં પુણ્યકર્મોના પ્રભાવે સ્વર્ગમાં સુખ ભોગવતા યયાતિએ સર્વ મનુષ્યો, દેવો અને ઋષિઓની અવગણના કરી. એટલે એ બધા એને ઓળખી શક્યાં નહીં. એમ મદમત્ત થવાથી એનું સ્વર્ગમાંથી પતન થયું. પડતાં પડતાં 'હું સજ્જનોની (સંતોની) મધ્યમાં પડું' એમ ત્રણ વાર બોલ્યો. પરિણામે તે ચાર સજ્જન રાજાઓ, અને યયાતિના પોતાના દૌહિત્રો, પ્રતર્દન, વસુમના, અષ્ટક અને શિબિ જ્યાં યજ્ઞ કરતા હતા ત્યાં પડ્યો. ત્યાં એ સજ્જનોએ એને ઓળખ્યો એટલે તે પુનઃ સ્વર્ગે ગયો. સ્વર્ગમાં બ્રહ્માએ તેને સત્કાર્યો. ચતુષ્પાદ ધર્મના સેવનથી મળતું સ્વર્ગ યયાતિએ કેવળ અભિમાનને લીધે ખોયું હતું, તે સમજાવીને અભિમાન ન કરવાની સૂચના આપી.[૨૪]

આખ્યાનોનો સમારોપ કરતાં નારદે કહ્યું, 'રાજા દુર્યોધન! પૂર્વે દુરાગ્રહથી ગાલવનું અને અભિમાનથી યયાતિનું પતન થયું હતું માટે મનુષ્યે હિતેચ્છુ સુહૃદના શબ્દો સાંભળવા, ખોટી જીદ ન કરવી. જીદ નાશ કરાવનારી છે, માટે તું પણ અભિમાન અને ક્રોધ મૂકી દે. આડાઈ છોડ અને પાંડવો સાથે સંધિ કર' ('ઉદ્યોગપર્વ', અ. ૧૧૮ થી ૧૨૧).

ઋષિઓની ન્યાય્ય વાણી સાંભળીને ધૃતરાષ્ટ્રમાં એના સ્વભાવ અનુસાર ધર્મભાવના જાગૃત થઈ. એણે નારદને કહ્યું: 'ભગવન્! આપ કહો છો એમ જ છે. પણ મારું ચાલતું નથી.' અને પછી શ્રીકૃષ્ણને વિનંતી કરી, 'કેશવ! તમે મને જે ધર્મયુક્ત અને ન્યાયી શબ્દો કહ્યા છે તે આ લોક અને સ્વર્ગમાં સુખ આપનારા છે. દુર્યોધનનું અત્યારનું વર્તન મને ગમતું નથી અને હું પરવશ પડ્યો છું. તેથી મૂર્ખ અને શાસ્ત્રનું ઉલ્લંઘન કરનારા **મારા દુર્યોધનને** મહાબાહુ પુરુષોત્તમ! સમજાવીને મારું મિત્રકાર્ય કરોને!' (પુત્રનું વર્તન ગમતું નથી છતાં ધૃતરાષ્ટ્રનું અંધ મમત્વ સાફ છે). (૫-૧૨૨-૧ થી ૪).

ધૃતરાષ્ટ્રે વિનંતી કરતાં, સર્વ ધર્મ-અર્થના તત્ત્વવેત્તા શ્રીકૃષ્ણ અસહિષ્ણુ દુર્યોધન તરફ વળ્યા અને મીઠી વાણીથી બોલ્યા: 'કુરુશ્રેષ્ઠ દુર્યોધન! મારી વાત લક્ષમાં લે. એ ખાસ કરીને તારા પરિવારસહિત તારો સમ્યગ્ અર્થ સાધનારી છે (હિતકારી છે). મહાપ્રાજ્ઞ! તું સારા કુળમાં જન્મ્યો છે. માટે તારે સારું કામ કરવું જોઈએ. તું વિદ્વત્તા, સદાચાર અને સર્વ ગુણોથી સંપન્ન છે. ભાઈ! તું હમણાં જે કાર્ય કરવા ધારે છે તે કાર્ય તો દુષ્ટ કુળમાં જન્મેલા દુષ્ટો, નૃશંસો

---

૨૪ (૧) યયાતિના પતન અને પુનઃ સ્વર્ગારોહણની કથા 'આદિપર્વ'માં પણ વિસ્તારથી આવે છે. 'આદિપર્વ'માં અ. ૮૧ થી ૮૮. જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૯૯ થી ૧૦૧.

(૨) નમ્રતાનો અનુરોધ કરતાં કહ્યું છે:

न हि मानप्रदग्धानां कश्चिदस्ति समः क्वचित् ॥ ५-१२१-१६.

અભિમાનીને કદી પણ સમની પ્રાપ્તિ થતી નથી. 'સમ'ના વિવિધ અર્થો માટે જુઓ 'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, પૃ. ૧૫૮ થી ૧૬૦.

(૩) ચતુષ્પાદ ધર્મ એટલે (ક) યજ્ઞ, અધ્યયન, દાન અને તપ. (ખ) સત્ય, ક્ષમા, દમ (સંયમ) અને અલોભ. જુઓ 'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, પૃ. ૫૧ થી ૫૩. (ગ) 'ભાગવત' મુજબ તપ, શૌચ, દયા અને સત્ય એ ચાર પાદ. ૧-૧૭-૨૪.

અને નિર્લજ્જ લોકો કરે. (તારા જેવાથી એવું થાય કે ?). આ જગતમાં સજ્જનોની પ્રવૃત્તિ ધર્મ અને અર્થવાળી હોય છે. જ્યારે દુર્જનો એનાથી ઊલટી રીતે વર્તે છે. તારામાં આ સજ્જનોથી ઊલટી (અર્થાત્ દુર્જનોની) વૃત્તિ વારંવાર દેખાય છે. આ અધર્મ અને તેનો અનુબન્ધ (સતત આચાર) મહાઘોર પ્રાણહારક છે અને તને અનેકશઃ અપયશ આપનારો છે. એટલે ભારત! આ **અનર્થને** ત્યજીશ તો તું (ખરેખર) આત્મશ્રેય (=પોતાનું જ ભલું) કરીશ. વળી (અનર્થને ત્યજી દેવાથી) તું ભાઈઓ, સેવકો અને મિત્રોને પણ અધર્મ તથા અપયશમાંથી છોડાવીશ. ભરતશ્રેષ્ઠ! તું પ્રાજ્ઞ, શૂરા, મહા ઉત્સાહી, સંયમી અને બહુશ્રુત પાંડવો સાથે સંધિ કર. ધીમાન ધૃતરાષ્ટ્ર, પિતામહ ભીષ્મ, દ્રોણ, મહામતિ વિદુર, કૃપ, સોમદત્ત, બાહ્લિક, અશ્વત્થામા, વિકર્ણ, સંજય, (ક્ષત્રિય) જાતિને અને મિત્રોને સંધિ અત્યંત હિતકર અને પ્રિય છે. તાત! શાન્તિથી આ સર્વનું અને જગતનું કલ્યાણ થશે. તું હ્રીમાન, કુલીન, વિદ્વાન અને દયાળુ છે. માટે તું માતાપિતાની આજ્ઞામાં રહે. (માતા)પિતાની આજ્ઞાને (વિદ્વાનો) શ્રેયસ્કર માને છે. (આજ્ઞા લોપ્યા પછી) ઘોર આપત્તિમાં સપડાનારા સર્વ કોઈ પિતાની શિખામણનું સ્મરણ કરે છે. તારા પિતા અને એમના અમાત્યોને પાંડવોની સાથે મેળ કરવો રુચે છે, માટે તને પણ રુચો. જે મનુષ્ય સુહૃદોની સાચી વાત સાંભળીને તે પ્રમાણે વર્તતો નથી, તેને કર્મવિપાક થતાં એનું દુર્વર્તન કિંપાકફળ (ઝેરકોચલું) ખાધું હોય એમ બાળી મૂકે છે.[૨૫] જે માણસ મૂર્ખતાથી કલ્યાણકર વાક્યોને સ્વીકારતો નથી તે દીર્ઘસૂત્રી હીનાર્થ (અર્થભ્રષ્ટ)ને ફાળે પશ્ચાતાપ કરવાનો રહે છે, પરંતુ જે માણસ કલ્યાણકર વાત સાંભળતાં વેંત સ્વીકારે છે, અને પોતાની જીદ મૂકી દે છે તે જગતમાં સુખ ભોગવે છે (૫-૧૨૨-૫ થી ૨૨).

'જે હિતૈષીના શબ્દોને, તે પ્રતિકૂલ છે માટે જ સહન કરતો નથી અને (જે ખરેખર) પ્રતિકૂલ વચનો છે તેનું જ શ્રવણ કરે છે, તે શત્રુઓના વશમાં પડે છે. જે સજ્જનોના મતને અવગણીને દુર્જનોના અભિપ્રાય પ્રમાણે વર્તે છે, તેના સુહૃદો તેને અલ્પ સમયમાં જ દુઃખી થયેલો જોઈને શોક કરે છે. જે મનુષ્ય મુખ્ય અમાત્યો(સલાહકારો)ને મૂકીને હીન કક્ષાના સલાહકારોને સેવે છે, તે ઘોર આપત્તિમાં ફસાય છે અને એને તેમાંથી છૂટવાનો રસ્તોય જડતો નથી. જે દુર્જનોનું સેવન કરનારો મિથ્યાચારી, સર્વદા સુહૃદોનાં વચનને સાંભળતો નથી, પારકાની સોડમાં પેસે છે અને પોતીકાંનો દ્વેષ કરે છે તેને હે ભારત! પૃથ્વી (જગત) શાપ આપે છે.[૨૬] તું પણ

---

૨૫ श्रुत्वा यः सुहृदां शास्त्रं मर्त्यो न प्रतिपद्यते ।
विपाकान्ते दहत्येनं किंपाकमिव भक्षितम् ॥ ५-१२२-२०.

સર૦ जहा य किंपागफला मणोरमा, रसेण वण्णेण य भुज्जमाणा ।
ते खुड्डए जीविए पच्चमाणा एसोवमा कामगुणा विवागे ॥
'ઉત્તરાધ્યયન સૂત્ર', ૩૨-૨૦

જેમ રસ અને રૂપમાં મનોરમ ઝેરકોચલાં ખાધા પછી, પચી જતાં (વિપાક થતાં), જીવનનો નાશ કરે છે, એ જ ઉપમા કામભોગોના વિપાકને આપવામાં આવે છે.

૨૬ योऽसत्सेवी वृथाचारो न श्रोता सुहृदां सदा ।
परान्वृणीते स्वान्द्वेष्टि तं गौः शपति भारत ॥ ५-१२२-२६.

(પોતીકા એવા) વીર પાંડવો સાથે વિરોધ કરી, પરાયા અશિષ્ટ, અસમર્થ અને મૂર્ખો પાસેથી રક્ષણ ઇચ્છે છે! આ જગતમાં તારા સિવાય બીજો કયો મનુષ્ય ઇન્દ્ર જેવા મહારથી સંબંધીઓનો ત્યાગ કરીને પરાયાના રક્ષણની આશા રાખે? તેં તો જન્મ ધર્યો ત્યારથી કાયમ પાંડવોને દુઃખ દીધું છે, પણ તેઓ તારા ઉપર કદી કોપ કરતા નથી કારણકે પાંડવો ધર્માત્મા છે. તું જન્મારાથી છેતરતો આવ્યો છે, છતાં પણ યશસ્વી પાંડવો તો તારી સાથે સમ્યગ્ પ્રકારે જ વર્ત્યા છે. માટે ભરતર્ષભ! તારે પણ પોતીકાં મુખ્ય સગાં પાંડવો તરફ સમ્યગ્ રીતે વર્તવું જોઈએ. તું મન્યુવશનું (અર્થાત્ કર્ણ ઈત્યાદિનું) અનુસરણ ન કર.' (૫-૧૨૨-૨૩ થી ૩૧).

પછી પુરુષાર્થના વિજ્ઞાનની મીમાંસા કરતાં પ્રવચન આગળ ચલાવતાં ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા: 'પ્રાજ્ઞ મનુષ્યો (ધર્મ, અર્થ અને કામ એ) ત્રિવર્ગવાળાં કર્મોનો આરંભ કરે છે, પણ જો ત્રિવર્ગ સિદ્ધ ન થાય એમ હોય તો (કામ પુરુષાર્થ અર્થાત્ સુખ છોડી દઈને) ધર્મ અને અર્થ પાર પડે એવી રીતે કાર્ય કરે છે; પરન્તુ જો એક જ કર્મથી એક જ પુરુષાર્થ સિદ્ધ થતો હોય તો ધીર (શ્રેષ્ઠ) પુરુષ ધર્મને માટે જ કાર્ય કરે છે. મધ્યમ મનુષ્ય (ધર્મ નથી હોતો તેથી) કલહરૂપ અર્થને (ખરેખર તો અનર્થને) માટે અને મૂર્ખ (અધમ) મનુષ્ય (ધર્મ-અર્થ વિનાના કેવળ ઇન્દ્રિયજન્ય સુખરૂપી) કામ પુરુષાર્થ માટે કાર્ય કરે છે. જે (મૂર્ખ) મનુષ્ય ઇન્દ્રિયોનો ગુલામ બનીને લોભથી ધર્મને સંપૂર્ણ ત્યજી દે છે અને અયોગ્ય ઉપાયથી કામ અને અર્થ (સુખ અને સંપત્તિ) પ્રાપ્ત કરવાની લોલુપતા રાખે છે તે વિનાશ પામે છે.[૨૭] (ખરેખરો નિયમ એ છે કે) કામ અને અર્થની લિપ્સા રાખનારે પણ શરૂઆતથી જ ધર્માચરણ કરવું જોઈએ, કારણકે અર્થ તથા કામ ધર્મથી કદી પણ અળગાં રહેતો નથી. પ્રાજ્ઞો ધર્મને ત્રિવર્ગ (ધર્મ-અર્થ-કામ) મેળવવાનું સાધન કહે છે. ધર્મ વડે ત્રિવર્ગની વૃદ્ધિની ઇચ્છા રાખનારનાં ત્રિવર્ગ ઘાસની ગંજીમાં ફેલાતી આગની જેમ ઝડપથી વૃદ્ધિ પામે છે;[૨૮] પરન્તુ સર્વ રાજાઓમાં વિખ્યાત મહા ઉજ્જવલ સામ્રાજ્યને ભાઈ મારા! તું તો હલકટ ઉપાયોથી ગળી જવા ઇચ્છે છે. રાજન્! (નિયમ એવો છે કે) સમ્યક્ પ્રકારે વર્તનારની સાથે જે કપટથી વર્તે છે તે તો જેમ ફરસીથી વનને કાપવામાં

---

૨૭ त्रिवर्गयुक्ता प्राज्ञानामारम्भा भरतर्षभ ।
धर्मार्थावनुरुध्यन्ते त्रिवर्गासंभवे नराः ॥ ५-१२२-३२.
पृथक्तु विनिविष्टानां धर्मं धीरोऽनुरुध्यते ।
मध्यमोऽर्थं कलिं बालः काममेवानुरुध्यते ॥ ५-१२२-३३.
इन्द्रियैः प्रसृतो लोभाद्धर्मं विप्रजहाति यः ।
कामार्थावनुपायेन लिप्समानो विनश्यति ॥ ५-१२२-३४

૨૮ कामार्थौ लिप्समानस्तु धर्ममेवादितश्चरेत् ।
न हि धर्मादपैत्यर्थः कामो वापि कदाचन ॥ ५-१२२-३५.
उपायं धर्ममेवाहुस्त्रिवर्गस्य, विशां पते ।
लिप्समानो हि तेनाशु कक्षेऽग्निरिव वर्धते ॥ ५-१२२-३६.

સર° धर्मादर्थश्च कामश्च° । અને ઉપર નોંધ ૧૫માં નિર્દેશેલ સંદર્ભ.

આવે છે, એમ પોતાની જાતને જ કાપે છે. જેનો પરાભવ ન ઇચ્છતા હોઈએ તેની બુદ્ધિને (શિષ્ટોના માર્ગથી) છૂટી ન પાડવી જોઈએ. અવિચ્છિન્ન બુદ્ધિવાળા (બુદ્ધિભેદ વિનાના) ધીર પુરુષની મતિ કલ્યાણમાર્ગમાં ઠરે છે.[૨૯] (ધીર પુરુષ) ત્રણે લોકમાં બીજા કોઈ સાધારણ નિરાશ (ભગ્નાશ કે વિકળ) પ્રાણીને પણ દુઃખી કરતો નથી તો પછી પાંડવો જેવા શ્રેષ્ઠ પુરુષોને તો દુઃખી કરે જ શાનો? ક્રોધવશ મનુષ્યને કંઈ ભાન રહેતું નથી. કારણ એ (આર્યમાર્ગથી) ભ્રષ્ટ થાય છે. એનાં સર્વ વિશાળ પ્રમાણો સમજ (સજ્જન અને દુર્જન સંગતિ અંગે ઉપર ૫-૧૨૨-૧૮ થી ૨૬મા અને તેમાંય ખાસ કરીને ૨૬મા શ્લોકમાં કહેલ પ્રમાણ, અને હવે પછી કહેવામાં આવતું પ્રમાણ). ભાઈ! બાપ! દુર્જનના સંગ કરતાં પાંડવોના સંગમાં તારી ચઢતી છે. એમનો ખૂબ પ્રેમ સંપાદન કરીશ તો તારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ થશે. તું પાંડવોની જીતેલી પૃથ્વીને ભોગવે છે પણ એમને જ પૂંઠે મૂકીને બીજાઓ પાસેથી ત્રાણ ઇચ્છે છે! તું દુઃશાસન, દુર્વિષહ, કર્ણ અને શકુનિ ઉપર ઐશ્વર્યનો આધાર રાખીને વૈભવ ઇચ્છે છે, પરન્તુ તેઓ જ્ઞાન, ધર્મ, અર્થ અને પરાક્રમમાં પાંડવોની તોલે આવી શકે એમ નથી જ.[૩૦] તેમ જ તું અને

---

૨૯ आत्मानं तक्षति ह्येष वनं परशुना यथा ।
यः सम्यग्वर्तमानेषु मिथ्या राजन्प्रवर्तते ॥ ५-१२२-३८

આ વચન વાંચતાં સત્યાગ્રહીઓને પ્રબોધતા ગાંધીજીનું સ્મરણ થાય છે.

न तस्य हि मतिं छिन्द्याद्यस्य नेच्छेत्पराभवम् ।
अविच्छित्तस्य धीरस्य कल्याणे धीयते मतिः ॥ ५-१२२-३९

સર૦ यस्मै देवाः प्रयच्छन्ति पुरुषाय पराभवम् ।
बुद्धिं तस्यापकर्षन्ति सोऽपाचीनानि पश्यति ॥ २-७२-८; = ५-३४-७८.

न देवा यष्टिमादाय रक्षन्ति पशुपालवत् ।
यं तु रक्षितुमिच्छन्ति बुद्ध्या संविभजन्ति तम् ॥ ५-३५-३३.

= ક્રે. ઉદ્યોગ, ક્ષેપક ૧૯૨; 'પંચતંત્ર', ૩-૧૮૨.

દેવો જે મનુષ્યનો પરાભવ કરવા ઇચ્છે છે તેની બુદ્ધિને હરી લે છે, તથા તે દક્ષિણ દિશાને અર્થાત્ મૃત્યુને જુએ છે. દેવો કંઈ પશુપાલકો—ભરવાડોની જેમ હાથમાં લાકડી લઈને રક્ષણ કરતા નથી, પણ જેનું રક્ષણ કરવા ઇચ્છે છે તેને બુદ્ધિસંપન્ન કરે છે.

૩૦ त्यक्तात्मानं न बाधेत त्रिषु लोकेषु भारत ।
अप्यन्यं प्राकृतं किंचित्किमु तान्पाण्डवर्षभान् ॥ ५-१२२-४०

अमर्षवशमापन्नो न किंचिद्बुध्यते नरः ।
छिद्यते ह्याततं सर्वं प्रमाणं पश्य भारत ॥ ५-१२२-४१

૪૧ કખ સાથે સર૦ ૬-૨૪-૬૨, ૬૩ (= ગીતા ૨-૬૨, ૬૩).

श्रेयस्ते दुर्जनात्तात पाण्डवैः सह संगमः ।
तैर्हि संप्रीयमाणस्त्वं सर्वान्कामानवाप्स्यसि ॥ ५-१२२-४२

पाण्डवैर्निर्जितां भूमिं भुञ्जानो राजसत्तम ।
पाण्डवान्पृष्ठतः कृत्वा त्राणमाशंससेऽन्यतः ॥ ५-१२२-४३

તારા સાથી રાજાઓ સંગ્રામમાં રોષે ભરાયેલા ભીમસેનનું મુખ જોવા પણ સમર્થ થાય એમ નથી. રાજાઓનું આ એકઠું મળેલું સમગ્ર સૈન્ય, અને આ ભીષ્મ, દ્રોણ, કર્ણ, કૃપ, સોમદત્તનો દીકરો ભૂરિશ્રવા, અશ્વત્થામા, જયદ્રથ—આ બધાય (મારી સહાયવાળા), ધનંજયની સામે લડવા અશક્ત જ છે. ક્રુદ્ધ અર્જુનને સર્વ દેવો, અસુરો, મનુષ્યો અને ગન્ધર્વો પણ જીતી શકે એમ નથી માટે સંગ્રામનો વિચાર માંડી વાળ. સમરભૂમિમાં અર્જુનનો મુકાબલો કરીને ક્ષેમકુશળ ઘેર પાછો ફરી શકે એવા કોઈ એક જ પુરુષને આ રાજાઓની સમગ્ર સેનામાંથી તો કાઢી બતાવ!' (૫-૧૨૨-૩૨ થી ૫૦). વળી મનુષ્ય રક્ત વહેવડાવવાના નિરર્થક દુરાચારમાંથી પાછા વળવા સમજાવતાં શ્રીકૃષ્ણે ફરીથી કહ્યું: 'ભરતર્ષભ! મનુષ્યોનો વિનાશ કરવાથી તને શું ફળ મળશે? જેને જીતવાથી વિજય મળે જ તે અર્જુનને જીતે એવા એકાદ મર્દને તો દેખાડ! જેણે ખાંડવપ્રસ્થમાં ગન્ધર્વ, યક્ષ, અસુર, પન્નગો સહિત દેવોને જીતી લીધા હતા તેની સામે કયો માણસ લડવાની હામ ભીડે? વળી વિરાટનગરમાં એકલા અર્જુનના (તારા પક્ષના) ઘણા (મહારથીઓ) સાથે થયેલા યુદ્ધની મહા અદ્ભુત વાતો સંભળાય છે, તે આને માટે પૂરતું પ્રમાણ ઉદાહરણ છે. આવા આ અજેય, અનાધૃષ્ય (ખાળી ન શકાય એવા), જિષ્ણુ, અચ્યુત, ઊર્જિત (ચઢિયાતા બળશાળી) વીર અર્જુનને તું સમરભૂમિમાં હરાવવાની આશા રાખે છે! યુદ્ધમાં સામે ધસી આવતા અને મારી સહાયવાળા અર્જુનની સામે કોણ ટક્કર લઈ શકે એમ છે? ભલેને પછી એ સાક્ષાત્ પુરંદર ઇન્દ્ર હોય તોપણ શું? (મારી મદદવાળા) અર્જુનને જે યુદ્ધભૂમિમાં હરાવે તે તો બે હાથ વડે પૃથ્વીને તોળે, ક્રોધથી આ પ્રજાઓને બાળીને ભસ્મ કરી નાખે અને સ્વર્ગમાંથી દેવો સુદ્ધાંનેય પછાડી નાખે (એવો મહાવીર હોય)! તું તારા પુત્રો, ભાઈઓ, (ક્ષત્રિય) જાતિના ભાઈઓ અને સંબંધીઓ તરફ દૃષ્ટિ કર! રખેને તારે લીધે એ લોકો નાશ ન પામે. (એનું ધ્યાન રાખ)! કૌરવો બચી જાઓ, આ કુલનો પરાભવ ન થાઓ અને નરાધિપ! તું નષ્ટ કીર્તિવાળો થઈને 'કુલઘ્ન'ના કલંકિત નામથી ન ઓળખા. (સંધિ થશે તો) મહારથી પાંડવો તને જ યુવરાજ નીમશે અને પિતા ધૃતરાષ્ટ્રને મહારાજ્યના અધિપતિ બનાવશે. માટે બાપ! આપમેળે આવતી લક્ષ્મીની અવગણના ન કર. પાંડવોને અર્ધું રાજ્ય આપીને તું મહાન રાજ્યલક્ષ્મી પામીશ. પાંડવો સાથે સુલેહ કરીને, સુહૃદોની શિખામણ માનીને, મિત્રોની પ્રીતિ મેળવીને તું ચિરકાળ સુધી કલ્યાણ પ્રાપ્ત કરીશ.'[31] (૫-૧૨૨-૫૧ થી ૬૧).

दुःशासने दुर्विषहे कर्णे चापि ससौबले ।
एतेष्वैश्वर्यमाधाय भूतिमिच्छसि भारत ॥ ५-१२२-४४
न चैते तव पर्याप्ता ज्ञाने धर्मार्थयोस्तथा ।
विक्रमे चाप्यपर्याप्ताः पाण्डवान्प्रति भारत ॥ ५-१२२-४५

શ્લોક ૪૪માં નિર્દેશાયેલ દુર્વિષહ ધૃતરાષ્ટ્રનો પુત્ર છે (૧-૧૧૭-૧): પરંતુ 'આદિપર્વ'ના અ. ૧૦૮માં આવેલી ધૃતરાષ્ટ્રના પુત્રોની નામવલિમાં આ નામ મળતું નથી, એટલે કોઈ પુત્રનું એ બીજું નામ હોવા સંભવ છે. જેમ દુર્યોધનનું બીજું નામ સુયોધન હતું તેમ.

૩૧ मा तात श्रियमायान्तीमवमंस्थाः समुद्यताम् ।
अर्धं प्रदाय पार्थेभ्यो महतीं श्रियमाप्स्यसि ॥ ५-१२२-६०

શ્રીકૃષ્ણે પ્રભાવશાળી પ્રવચન કરીને સાચું અર્થશાસ્ત્ર સમજાવ્યું. એ પછી પિતામહ ભીષ્મે (પરઋદ્ધિ) અસહિષ્ણુ દુર્યોધનને સલાહ આપી : 'વહાલામાં સંપ થાય એવું ઇચ્છતા શ્રીકૃષ્ણના શબ્દોને માની જા. એમનાં વચન નહિ માને તો તારું કદી પણ ભલું નહિ થાય, સુખ નહિ મળે કે કલ્યાણ પણ નહિ થાય. કેશવે તને ધર્મ અને અર્થવાળી સલાહ આપી તો તે અર્થને સ્વીકારી લે અને પ્રજાનો વિનાશ ન કર. આ ભારતીય શ્રી સર્વ રાજાઓમાં અત્યંત ઉજ્જવળ છે. તેનો તું ધૃતરાષ્ટ્રના જીવતાં જ દુષ્ટતાથી નાશ કરીશ. દુર્બુદ્ધિને કારણે તું અમાત્યો, મિત્રો, પુત્ર, પશુ, બાન્ધવો સહિત પોતાનો જીવ ખોઈ બેસીશ. તું કેશવનાં તથ્યપૂર્ણ અને અર્થવાળાં વચનોનું ઉલ્લંઘન ન કર. પિતા ધૃતરાષ્ટ્ર અને વિદુરની સલાહને પણ ન અવગણ અને ' કુલઘ્ન, અન્તકારી, દુર્મતિ, કુમાર્ગગામી ' એવાં વિશેષણો ન પામ.' (૫-૧૨૩-૧ થી ૮).

પિતામહ ભીષ્મની પછી ગુરુ દ્રોણાચાર્યે પણ નિસાસા નાખતાં નાખતાં દુર્યોધનને કહ્યું : 'તાત ! તને કેશવે ધર્મ અને અર્થવાળાં વચનો કહ્યાં છે. ભીષ્મે પણ કહ્યાં છે. એ બન્ને પ્રાજ્ઞ, મેધાવી, દાન્ત (=સંયમી, કેળવાયેલા), સમૃદ્ધિવાંછુ અને બહુશ્રુત છે. એમણે તને હિતકારક વાત કહી છે તો માની જા. શ્રીકૃષ્ણ-ભીષ્મે જેમ કહ્યું છે તે પ્રમાણે જ વર્ત. તું હલકી (નીચ) બુદ્ધિવાળાનું ન માન' (૫-૧૨૩-૯ થી ૧૨). ત્યારબાદ પારકાને ગળે વૈરનું ઝૂંસરું ભરાવીને ભાગી જનારાથી દૂર ખસવા અને વાસુદેવ-અર્જુનનો પક્ષ અજેય જ છે, એ સમજાવ્યું. શ્રીકૃષ્ણ-ભીષ્મની સલાહ નહિ માને તો પશ્ચાત્તાપ કરવો પડશે એમ સાફ જણાવ્યું અને ઉમેર્યું કે : ' જામદગ્ન્ય રામે કહ્યું તેનાથીય અર્જુન અધિક છે અને દેવકીપુત્ર કૃષ્ણ તો દેવોનેય બહુ ભારે પડે એવા છે.' છેવટે કહ્યું, 'આનાથી વધારે સુખકારી અને પ્રિય વાત શી કહું ? તને બધું કહ્યું છે. તને હવે ઠીક લાગે એમ કર '[૩૨] (૫-૧૨૩-૧૩ થી ૧૭).

पाण्डवैः संशमं कृत्वा कृत्वा च सुहृदां वचः ।
संप्रीयमाणो मित्रैश्च चिरं भद्राण्यवाप्स्यसि ॥ ५-१२२-६१.

૫-૧૨૨-૬૦ સાથે સર૦ વિદુરનું વચન :

न स क्षयो महाराज यः क्षयो वृद्धिमावहेत् ।
क्षयः स त्विह मन्तव्यो यं लब्ध्वा बहु नाशयेत् ॥ ५-३९-५.

' હે મહારાજ (ધૃતરાષ્ટ્ર) ! જે ક્ષયથી વૃદ્ધિ થાય છે તે ક્ષય નથી. આ લોકમાં ક્ષય તેને જ મળવો કે જે પ્રાપ્ત કરવાથી ઘણું નાશ પામે છે.' આ સુભાષિતના અર્થોદ્‌ઘાટન માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૫૫૧-૫૫૩.

૩૨ कृष्णो हि देवकीपुत्रो देवैरपि दुरुत्सहः ॥ ५-१२३-१६ ગદ્ય
एतत्ते सर्वमाख्यातं यथेच्छसि तथा कुरु । ५-१२३-१७ ગદ્ય

સર૦ इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥ ६-४०-६३ (ગીતા ૧૮-૬૩)

' આમ ગુહ્યથી પણ ગુહ્ય જ્ઞાન મેં તને કહ્યું, એ બધાનો સારી રીતે પૂર્ણ વિચાર કરીને તને જેમ ઠીક લાગે તેમ કર. '

ગીતાના આ શ્લોક ઉપરના મનન માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૨૭૯ થી ૨૮૩.

ત્યારબાદ વિદુરે પણ દુઃખી હૃદયે દુર્યોધનને સસડાવ્યો. (૫-૧૨૩-૧૮ થી ૨૧).

એ પછી રાજા ધૃતરાષ્ટ્રે દુર્યોધનને કહ્યું, 'મહાત્મા શૌરી શ્રીકૃષ્ણે અત્યંત કલ્યાણકારી અને યોગક્ષેમ આપનારા અવિકારી શબ્દો કહ્યા છે તે ધ્યાનપૂર્વક ગ્રહણ કર,[૩૩] કારણ કે આ અક્લિષ્ટકર્મા કૃષ્ણની સહાયથી આપણે સર્વ રાજાઓમાં ઇષ્ટ કામનાઓને પામીશું. કેશવની સાથે પાકે પાયે સમાધાન કરીને યુધિષ્ઠિરને મળ અને ભરતોનું સંપૂર્ણ કલ્યાણ તથા આરોગ્ય પ્રાપ્ત કરી લે. વાસુદેવરૂપી તીર્થથી, તાત! સુલેહ કર. સુલેહ કરવાની આ તકને ખોઈશ નહિ. **તારા સ્વાર્થનું બોલતા** અને શાંતિની યાચના કરતા **કેશવને તું ધુત્કારીશ તો તારો પરાભવ થશે.**[૩૪] (૫-૧૨૩-૨૨ થી ૨૭).

ધૃતરાષ્ટ્રની સમયસરની સાચી શિખામણનું સમર્થન કરતાં ભીષ્મ-દ્રોણે દુર્યોધનને ફરીથી સંધિ કરવા સૂચવ્યું. એમાં સુસજ્જ કૃષ્ણાર્જુન અને પાંડવપક્ષના યોદ્ધાઓનો ડર બતાવી, વૈર શાંત કરવા ફરી ફરીને આગ્રહ કર્યો. અને છેલ્લે ઉમેર્યું, 'તને પાંડવ ભાઈઓની સાથે મેળ કરેલો જોઈને રાજાઓ આનંદનાં અશ્રુ છોડો. રાજાઓની રાજધાનીઓમાં સુલેહનો ઢંઢેરો પીટાવો. તમે ભ્રાતૃભાવથી રાજ્યનો ઉપભોગ કરો અને તું બળતરા કરવી છોડી દે.'[૩૫] (૫-૧૨૪-૧ થી ૧૮).

આમ પોતાની જ સંસદમાં અણગમતા શબ્દો સાંભળવા પડતાં દુર્યોધને યશસ્વી વાસુદેવને પ્રત્યુત્તર આપ્યો : 'કેશવ! આપશ્રીએ બરાબર જોઈ વિચારીને બોલવું જોઈએ. આપ તો ખાસ

---

૩૩ आदत्स्व शिवमत्यन्तं योगक्षेमवदव्ययम् ॥ ५-१२३-२३ ગદ્ય

શ્રીકૃષ્ણ સર્વ કોઈને યોગક્ષેમ આપનારા શબ્દો કહે છે. અહીં યોગક્ષેમ સ્થૂળ અર્થમાં છે–અપ્રાપ્ત વસ્તુ મેળવવી અને પ્રાપ્ત વસ્તુ સાચવવી, એ અર્થમાં. એના ઉત્કૃષ્ટ અર્થમાં અર્જુનને એમણે કહેલું :

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ६-३१-२२ (ગીતા ૯-૨૨)
સર૦ ૧૨-૩૩૬-૬૭.

યોગક્ષેમ એટલે બ્રહ્મનિષ્ઠાની સતત દૃઢતા (ટીકાકાર શંકરાનંદ). યોગક્ષેમ એટલે નિર્વાણ (જુઓ 'ધમ્મપદ' ૨૩; 'દીઘનિકાય' ૩-૬-૩ ઇત્યાદિ). વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૨૭૭ થી ૨૮૮.

૩૪ શ્રીકૃષ્ણ દુશ્મનનાય હિતની જ વાત કરે છે.

वासुदेवेन तीर्थेन तात गच्छस्व संगमम् ।
कालप्राप्तमिदं मन्ये मा त्वं दुर्योधनातिगाः ॥ ५-१२३-२६
शम चेद्याचमानं त्वं प्रत्याख्यायसि केशवम् ।
त्वदर्थमभिजल्पन्तं न तवास्त्यपराभवः ॥ ५-१२३-२७

૩૫ घुष्यतां राजधानीषु सर्वसंपन्महीक्षिताम् ।
पृथिवी भ्रातृभावेन भुज्यतां विज्वरो भव ॥ ५-१२४-१८

ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, વિદુરે આ ઉપરાંત બીજા હિતવચનો કહેલાં તે 'ઉદ્યોગપર્વ' અ. ૧૪૫, ૧૪૬, ૧૪૭ જોતાં સમજાય છે.

કરીને કડક શબ્દોથી મારી જ નિન્દા કરો છો. પાંડવો તરફની પ્રીતિને લીધે વિના કારણે આપ મારી નિન્દા કરો છો. એ તમે કયું બલાબલ તપાસીને કરો છો? આપ, ક્ષત્તા વિદુર, રાજા ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય અને પિતામહ ભીષ્મ પણ બીજા કોઈ રાજાની નહિ અને મારી જ ખોદણી કરો છો! મને તો મારો કોઈ ગુનો જણાતો નથી પણ આપ અને રાજાઓ મારો દ્વેષ કર્યા કરો છો! અરિંદમ! બહુ ઝીણવટથી વિચાર કરતાંય હું મારો કોઈ બહુ મોટો કે અતિ સૂક્ષ્મ અપરાધ ખોળી શકતો નથી! (તમે તે કેવા વાંકદેખા છો!) મધુસૂદન! પાંડવો રાજીખુશીથી શકુનિની સાથે દ્યૂત રમ્યા અને રાજ્ય હારી ગયા એમાં મારો શું વાંક? દ્યૂત રમતાં પાંડવો જે કંઈ થોડુંક દ્રવ્ય જીત્યા હતા તે મેં એમને તરત જ ચૂકવી દીધું હતું. વિજયીશ્રેષ્ઠ કૃષ્ણ! (યુદ્ધમાં) અજેય પાંડવો પાસાથી હારીને વનમાં ગયા એમાં કંઈ મારો દોષ નથી. તો પછી મારા ઉપર કયો અપવાદ મૂકીને શત્રુઓની સાથે અમારો વિરોધ કરો છો? કૃષ્ણ! પાંડવો અશક્ત છે, છતાં **કોઈ પણ બહાનું કાઢીને** (અમારા) શત્રુઓની મદદથી ઉત્સાહપૂર્વક **શત્રુની જેમ (અમારો) વિરોધ કરે છે.** અમે એમનું શું ભૂંડું કર્યું છે? અથવા એવું તે શું બગાડયું છે કે તેઓ સૃંજયોની સાથે મળીને કૌરવોને મારી નાખવા ઇચ્છે છે? અમે ઉગ્ર કર્મ કે વચનથી ત્રાસ પામીને, ભયથી શતક્રતુને પણ નમીએ એવા નથી. (તો પાંડવોની શું ગુંજાશ છે?) શત્રુનિબર્હણ કૃષ્ણ! ક્ષાત્રધર્મ પ્રમાણે વર્તનારો કોઈ પણ અમને યુદ્ધમાં જીતી લે એવું હું તો જોતો નથી. ગણો સહિત ભીષ્મ-દ્રોણને દેવો પણ જીતી શકે નહિ, તો પાંડવોના શા ભાર છે? એમ છતાંય જો સ્વધર્મ પાળતાં અમે વિગ્રહમાં શસ્ત્રોથી મૃત્યુ પામીશું તો તેથી સ્વર્ગે જ જવાના. જનાર્દન! (તમને ખબર તો હશે જ કે) સંગ્રામમાં બાણશય્યા ઉપર સૂઈએ એ અમારો ક્ષત્રિયોનો સ્વધર્મ છે.[૩૬] એટલે માધવ! આવા (સ્વધર્મનિષ્ઠ) અમે જો શત્રુઓ આગળ ઝૂકયા વગર યુદ્ધમાં વીરશયનને પ્રાપ્ત કરીશું તો તેથી સ્નેહીજનો સંતાપ નહિ કરે. આ જગતમાં કયો ક્ષાત્રધર્મનિષ્ઠ કુલીન પુરુષ ભયથી કેવળ આજીવિકા તરફ નજર રાખીને કોઈને પ્રણામ કરે? નમવું નહિ પણ ઉદ્યમ જ કરવો, કારણ કે ઉદ્યમ એ જ પુરુષાર્થ છે. વચ્ચેથી ભાંગી જવું પણ કોઈનેય નમવું નહિ. આ માતંગ વચનને પોતાનું હિત ઇચ્છનારા અનુસરે છે. મારા જેવાએ તો ધર્મ અને બ્રાહ્મણને જ નમવું[૩૭] અને બીજા

---

૩૬ ૫-૧૨૫-૧૫, ૧૬. मुख्यश्चैवैष नो धर्मः : એમ કહીને શ્રીકૃષ્ણના ગોવાળપણા ઉપર કટાક્ષ કર્યો લાગે છે.

૩૭ (૧) ૫-૧૨૫-૧૮ થી ૨૦. 'વિદુરાપુત્રાનુશાસન'ના ૫-૧૩૨-૩૭ થી ૩૯ શ્લોકો થોડા ફેરફાર સાથે સમાન છે, પણ ત્યાં કોઈ માતંગ નામના રાજનિતિજ્ઞનો ઉલ્લેખ ન હોતાં 'मातङ्गो मत्त इव च परियात्सुमहामनाः। મત્ત હાથીની જેમ ઉદાર મનવાળા ક્ષત્રિયે (રણમાં) ઘૂમવું' એવું વિધાન છે. એની સાથે पूर्वैः पूर्वतरैः प्रोक्तं परैः परतरैरपि। ૫-૧૩૨-૩૬ ગદ્ય જોતાં આ શ્લોકો પ્રાચીન લોકોક્તિ જણાય છે.

દુર્યોધનનો 'ધર્મ' અને તેના 'બ્રાહ્મણો' ધારક ધર્મ અને બ્રહ્મનિષ્ઠો નથી, પરંતુ કામનિકતા ભરેલો ધર્માભાસ અને ધર્મધ્વજિક પુરોહિતો છે.

(૨) 'વચ્ચેથી ભાંગી જવું પણ નમવું નહિ'નો આ સિદ્ધાંત રાજનીતિથી ઊલટો છે. ખરી રાજનીતિ વેતસીવૃત્તિ—નેતર જેવી, સિદ્ધાંત અને તેના આચારના કાળને જાણનારી, સંયમી અને નમ્ર, અનુલોમ—અનુકૂળ અને જડતા વિનાની (વિનયી) હોય છે. આ સાચી રાજનીતિને 'પ્રજ્ઞાનલક્ષણ' કહી છે. જુઓ 'શાન્તિપર્વ' અ. ૧૧૪.

કોઈની પરવા કર્યા વિના આજીવન આ રીતે જ વર્તવું જોઈએ. આ ક્ષાત્રધર્મ છે અને ખરો સિદ્ધાંત પણ એ છે. કેશવ ! મારા પિતાએ અગાઉ રાજ્યભાગ આપવાનું કબૂલ્યું હતું, તે મારા જીવતાં તો કદી પણ મળે એમ નથી. (એમ બને કે) ધૃતરાષ્ટ્ર જીવતા છે ત્યાં સુધી કાં અમે કે કાં પાંડવો શસ્ત્રો ત્યજીને ભિક્ષાવૃત્તિથી જીવીએ ! જનાર્દન ! હું જ્યારે બાળક હતો ત્યારે, અજ્ઞાન, અથવા ભયથી પૂર્વે રાજ્ય અપાઈ ગયું હતું, તે આજે મારા જીવતાં તો પાંડવોને મળવાનું નથી. માધવ ! તીક્ષ્ણ સોયની અણીથી વીંધાય તેટલી જમીન પણ હું પાંડવોને આપી શકું એમ નથી.'[૩૮] (૫-૧૨૫-૧ થી ૨૬).

દુર્યોધને સત્તાનું નગ્ન પ્રદર્શન કર્યું તેનાથી શાન્તિદૂત શ્રીકૃષ્ણને માઠું લાગ્યું. નેત્રો ક્રોધથી વ્યાકુલ થયાં છતાં ગમ ખાઈ ગયા, અને હસીને બોલ્યા : 'વીરશયન પ્રાપ્ત કરવાનો તારો મનોરથ પૂરો થશે. અમાત્યો સહિત ધીરજ રાખ. મહાન વિમર્દ—મહાયુદ્ધ થશે. મૂર્ખ ! તું માને છે કે મેં (દુર્યોધને) પાંડવોનું કંઈ ભૂંડું કર્યું નથી. પણ હે (સભાસ્થિત) રાજાઓ ! આ બધું સાંભળજો, મહાત્મા પાંડવોની સમૃદ્ધિ દેખીને બળતા તેં અને શકુનિએ દ્યૂતખેલનની દુષ્ટ વિચારણા કરી. સદાચારી, સજ્જનોને માન્ય, અને સગાં એવા સરળ પાંડવો સાથે કપટથી વર્તવું એ કેવી રીતે ન્યાય છે? મહાપ્રાજ્ઞ ! (અહીં કટાક્ષ હોઈ 'મહામૂર્ખ !' એવો અર્થ છે.) પાસાઓથી ખેલાતું દ્યૂત સજ્જનોની અરતિનો (કંટાળાનો) નાશ કરે છે, પણ દુર્જનોમાં લડાઈટંટો અને વ્યસનો પેદા કરે છે.[૩૯] સદાચારીઓની સલાહ નહિ લેતાં, પાપાનુબન્ધીઓની (દુષ્ટ ઈરાદાવાળાઓની) મદદથી દ્યૂતમાંથી તેં આ ઘોર સંકટ ઊભું કર્યું છે. કુલીન, શીલવતી અને પાંડવોને પ્રાણથીયે અધિક પટરાણી દ્રૌપદીને સભામાં ઘસડી લાવીને, હલકા શબ્દો બોલીને તેં જેવી રીતે અપમાની હતી, તેવી રીતે બીજો કયો માણસ (પિત્રાઈ) ભાભીને અપમાને? પરંતપ પાંડવો વનમાં જવા નીકળ્યા ત્યારે દુઃશાસને એમને કૌરવસભામાં જે શબ્દો કહ્યા હતા તે સૌ કૌરવો જાણે છે. સચ્ચારિત્ર્યશીલ, નિર્લોભી અને સતત ધર્માચરણી એવા પોતાના બન્ધુજનો પ્રત્યે કયો સજ્જન પુરુષ આવું અયોગ્ય વર્તન દાખવે? કર્ણ, દુઃશાસન અને તેં નૃશંસ, અનાર્ય અને નિષ્ઠુર ભાષણ કર્યાં છે. પાંડવો બાળક હતા ત્યારે એમને કુન્તી માતા સહિત બાળી મૂકવા માટે તેં વારણાવતમાં થાય એટલું કર્યું હતું, જો કે તેમાં તું ફાવ્યો નહોતો. પાંડવો ત્યાંથી છટકીને માતાની સાથે એકચક્રા નગરમાં બ્રાહ્મણને ઘેર ઘણા સમય સુધી છૂપી રીતે રહ્યા હતા. વિષથી, સર્પબન્ધથી અને બીજા સર્વ (વિનાશકારક) ઉપાયોથી તેં પાંડવોનો નાશ કરવા પ્રયત્ન કર્યા હતા પણ એ નિષ્ફળ ગયા હતા.[૪૦] પાંડવો પ્રત્યે આપશ્રીએ

---

૩૮ यावद्धि सूच्यास्तीक्ष्णाया विध्येदग्रेण माधव ।
तावदप्यपरित्याज्यं भूमेर्नः पाण्डवान्प्रति ॥ ૫-૧૨૫-૨૬.

= ક્રિ. ૫-૫૭-૧૮.

જુઓ 'સ્વાધ્યાય' સં. ૨૦૨૪, અક્ષય તૃતીયા અંક 'યુગચક્રપ્રવર્તક શ્રીકૃષ્ણ' (ભો. જ. સાંડેસરા)

૩૯ अक्षद्यूतं महाप्राज्ञ सतामरतिनाशनम् ।
असतां तत्र जायन्ते भेदाश्च व्यसनानि च ॥ ૫-૧૨૬-૬.

૪૦ જુઓ લાક્ષાગૃહદાહ અને વારણાવતનિવાસના પ્રસંગ માટે આદિપર્વ અ. ૧૨૯ થી ૧૫૩; વિષ અને સર્પબન્ધના પ્રસંગો માટે 'આદિપર્વ' અ. ૧૧૯.

સદાકાળ આવી કપટવૃત્તિ રાખી છે, છતાં આપશ્રી પાંડવોનું ભૂંડું નથી કર્યું એમ શા માટે કહો છો ? તેં નૃંશસ (ક્રૂર) મનુષ્યની જેમ પાંડવો તરફ ઘણાં અકાર્યો કર્યાં છે અને હજુ આજે પણ કપટવૃત્તિ અને **અનાર્યપણું** કરીને ઊંધો જવાબ આપે છે ! તને તારાં માબાપ, ભીષ્મ, દ્રોણ અને વિદુરે 'તું સુલેહ કર' એમ કહ્યા કર્યું છે, પણ તું સુલેહ કરતો નથી ! શાન્તિમાં તારો અને પાર્થ યુધિષ્ઠિરનો મોટો સ્વાર્થ સમાયેલો છે, પણ તને આ વાત ગમતી નથી એટલે રાજન્ ! એમાં તારી અલ્પ બુદ્ધિ (મૂર્ખતા) સિવાય બીજું શું છે ? તું સુહૃદોની શિખામણ માનતો નથી અને અધર્મી તથા અપયશ આપનારાં કામ કરે છે એટલે તું સુખી નહિ થાય.'[૪૧] (૫-૧૨૬-૧ થી ૨૦).

દાશાર્હ શ્રીકૃષ્ણ અસહિષ્ણુ દુર્યોધનને આ પ્રમાણે સત્ય અને હિતકર વાત કહી રહ્યા હતા ત્યાં તો દુ:શાસન વચમાં ટપકી પડીને બોલ્યો : 'રાજન્ (દુર્યોધન) ! તમે જો સ્વેચ્છાએ પાંડવો સાથે સંધિ નહિ કરો તો (આ ભીષ્મ વગેરે) કૌરવો તમને બાંધીને યુધિષ્ઠિરને સોંપી દેશે ! મનુષ્યશ્રેષ્ઠ ! વૈકર્તન કર્ણને, તમને અને મને આ ત્રણને ભીષ્મ, દ્રોણ અને તમારા પિતા ધૃતરાષ્ટ્ર પાંડવોને સોંપી દેશે.'[૪૨] (૫-૧૨૬-૨૧ થી ૨૩).

દુ:શાસનનું કટાક્ષભર્યું વચન સાંભળીને સુયોધન રોષથી મહાનાગની જેમ ફુંફાડા મારતો ઊભો થયો અને (વડીલો) વિદુર, ધૃતરાષ્ટ્ર, બાલ્હિક, કૃપ, સોમદત્ત, ભીષ્મ, દ્રોણ, અને જનાર્દન— એ સર્વનો અનાદર કરીને, આ દુર્મતિ, નિર્લજ્જ, અમર્યાદ, અભિમાની અને માન્યોનું અપમાન કરનારો અશિષ્ટની જેમ ચાલવા માંડ્યો. એને જતો જોઈને એના ભાઈઓ, અમાત્યો અને (એના પક્ષના) બધા રાજાઓ પણ દુર્યોધનની પાછળ ચાલી નીકળ્યા. (૫-૧૨૬-૨૪ થી ૨૭).

* * *

મહાભારતના આ વિભાગમાં શ્રીકૃષ્ણ નિષ્કામ, શાન્તિદૂત, સદા સર્વ રીતે જાગૃત એવા દક્ષ પુરુષાર્થી અને પ્રતાપી અર્થશાસ્ત્રજ્ઞ અધ્યાપક જગદ્ગુરુ તરીકે દેખાય છે. એ સર્વ પક્ષોના અર્થનું (સ્વાર્થનું) હિતબુદ્ધિથી નિરૂપણ કરીને, ભૌતિક અને તે દ્વારા અધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરવાનું શાસ્ત્ર–અર્થશાસ્ત્ર–શીખવે છે. લોભજનિત યુદ્ધમાં કેવળ અધર્મ છે એ સમજાવ્યું. ધૃતરાષ્ટ્ર જેવા વયે વૃદ્ધ પણ બુદ્ધિમાં બાળક જીવને 'ત્યાગ કરીને સુખ ભોગવવાનું' ઉપનિષદ્નું વચન ગળે ઉતારવા પ્રયત્ન કર્યો છે અને નાદાન દુર્યોધનને પુરુષાર્થવિજ્ઞાનની—કર્મનિયમની સમજ પાડતાં (૫-૧૨૨-૩૨ થી ૩૯) એમણે ભગવદ્ગીતામાં ગાયેલ સિદ્ધાંત બાલક જીવો, જો સમજવા ઇચ્છે તો સમજી શકે, એવી સરળતાથી મૂકયો છે :

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ ६-२७-१४ (ગીતા ૫-૧૪).

---

૪૧ शमे हि सुमहानर्थस्तव पार्थस्य चोभयोः ।
न च रोचयसे राजन्किमन्यद्बुद्धिलाघवात् ॥ ५-१२६-१९
न शर्म प्राप्स्यसे राजन्नुत्क्रम्य सुहृदां वचः ।
अधर्म्यमयशस्यं च क्रियते पार्थिव त्वया ॥ ५-१२६-२०

૪૨ સર° ઉદ્યોગ અ. ૧૨૮નું ક્ષેપક ૪૮૩. તેની લીટી ૨ થી ૫ = ફે. ૫-૧૨૬-૨૨, ૨૩.

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ ૬-૨૭-૧૫ (ગીતા ૫-૧૫).

' જગતનો પ્રભુ કર્તાપણું અને કર્મોને સર્જતો નથી, તેમ કર્મ અને ફળના સંયોગને પણ જોડી આપતો નથી, પણ સ્વભાવ જ બધું કરે છે. વિભુ—સર્વવ્યાપી—ઈશ્વર કોઈનાં પાપ-પુણ્ય લેતો નથી. અજ્ઞાન વડે (વિવેક) જ્ઞાન ઢંકાઈ ગયું છે એટલે પ્રાણીઓ મોહ પામે છે (અને ' હું '-પણાથી કરેલાં કર્મો અને તેના ફળ માટે ઈશ્વરને જવાબદાર ગણે છે). '

પુરુષાર્થવિજ્ઞાનના પારગામી હોવાથી વિભુત્વના અવતાર બની રહેલા કર્મકુશલ ભગવાન શ્રીકૃષ્ણ સંપૂર્ણ સમદર્શી અર્થાત્ નારાયણદર્શી છે.[૪૩] સ્વયં નારાયણ છે.

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ ૬-૨૭-૧૮ (ગીતા ૫-૧૮).
= કું. ૧૨-૨૩૧-૧૯.

' વિદ્વાન અને વિનયી બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો, અને એ કૂતરાને ભોજન તરીકે જમનાર શ્વપચ એ સર્વમાં પંડિતો સમદર્શી હોય છે. ' [વિદ્યા અને વિનય એટલેકે ઉપરામ (નમ્રતા) એ બન્ને ગુણવાળા અર્થાત્ ઉત્તમ સંસ્કારવાળા સાત્વિક બ્રાહ્મણમાં (બ્રહ્મનિષ્ઠ પુરુષોમાં) રજોગુણ-વાળી પણ સંસ્કાર વિનાની મધ્યમાવસ્થાવાળી ગાયમાં અને અધમ એટલે કે કેવળ તમોગુણવાળા હાથી...વગેરેમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ તથા તેના સંસ્કારોથી અત્યન્ત અલિપ્ત સમ, એક અને અવિકારી તે બ્રહ્મને જ જોવાનો જેનો સ્વભાવ છે તેઓ પંડિતો છે. **શંકરાચાર્ય**; ૧૨-૨૩૧-૧૯ ઉપર ટીકાકાર વાદિરાજતીર્થ લખે છે : **समदर्शिनः समं नारायणं पश्यतीति समदर्शिनः** ।; ' વિષ્ણુસહસ્રનામ 'માં વિષ્ણુનું ૧૦૭મું નામ ' સમાત્મા ' અને ૧૦૯મું નામ ' સમ ' છે. મ. ભા. અનુશાસન. ૧૩૫–૨૫. વધુ માટે જુઓ ' ભારત-રત્ન ' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, પૃ. ૧૭૦ થી]

તેથી કેવળ નિષ્કામભાવે અપ્રયત્નથી યત્ન કરે છે.

આવા ચરાચરગુરુ શ્રીકૃષ્ણની શ્રેયસ્કર વાતને ઠોકરે મારીને દુર્યોધને ' તીક્ષ્ણ સોયની

---

૪૩ સર૦

' Einstein, the greatest Scientist of modern times, is reported to have cabled back to Rabbi H. S. Goldstein of New York (who asked by wire ' Do you believe in God ? ') that ' I believe in Spinoza's God who reveals Himself in the harmony of all beings, not in a God who concerns himself with the fate and actions of men. ' In ' out of my later years ' he holds that the main conflict between science and religion lies in the concept of a personal god. Vide Viscount Samuels address in the symphosium, ' *In search of faith* ', edited by E. W. Martin, P. 78, where four views on the relation of god and the world are mentioned. '

*His. of Dharmaśāstras, Vol. V-II, P. 1487*n., by Dr. P. V. Kane, 1962.

અણીથી વીંધાય એટલી જમીન' પણ પાંડવોને આપવાનો ધરાર ઈન્કાર કરી દીધો. એમાં મોહાંધ જનક ધૃતરાષ્ટ્રની અંતરેચ્છાનો, આસુરી સંપત્તિની લાક્ષણિકતાનો પડઘો છે. પિતામહ ભીષ્મનાં યાદગાર વચનો :

इमां श्रियं प्रज्वलितां भारतीं सर्वराजसु ।
जीवतो धृतराष्ट्रस्य दौरात्म्याद्भ्रंशयिष्यसि ॥ ५-१२३-५.

એ પ્રાચીન જમાનામાં એણે સાચાં પાડ્યાં. આર્વાચીન યુગમાં હજુય આ ભારતીય શ્રી જગતનાં રાજ્યોમાં રામકૃષ્ણ પરમહંસ, ઋષિ દયાનન્દ અને મહાત્મા ગાંધીજી જેવાં નરરત્નોથી ઉજ્જવળ છે, પરન્તુ આસુરી સંપત્તિની પકડ પણ કપરી છે.

* * *

સર્વનું ભલું કરનારી શાન્તિની દરખાસ્તને દુર્યોધને સત્તના મદમાં ઠોકરે ચઢાવી ત્યારે તેને સાફ વાત કહેતાં શ્રીકૃષ્ણે ઉચ્ચાર્યું છે :

अक्षद्यूतं महाप्राज्ञ सतामरतिनाशनम् ।
असतां तत्र जायन्ते भेदाश्च व्यसनानि च[४४] ॥ ५-१२६-६.

આ વિધાન જાણે કે જુગારનું સમર્થન કરતું હોય એવું દેખાય અને ચર્ચાસ્પદ લાગે. પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે: ક્ષત્રિયોને રક્ષણ માટે જાન અને માલ હોડમાં મૂકવાનાં હોય. તેની તાલીમ અનિવાર્ય હોય. શસ્ત્રાસ્ત્રની તાલીમથી જાન એટલે કે પ્રાણ તરફ અને દ્યૂતની તાલીમથી માલ એટલે કે ધન તરફ બેપરવાહીની લાગણી કેળવાય છે. પરિણામે એવું ઠર્યું કે ક્ષત્રિયજાયો યુદ્ધ કે દ્યૂતનું આહ્વાન ઠેલી ન શકે. જાન અને માલ તરફ માયા દાખવી ન શકે. આ તાલીમ માટેનો સાચો વિચાર બીજા ઘણા સાચા વિચારોની જેમ ક્ષુરધારા જેવો કઠણ હતો. અને તેમાંથી દ્યૂતનું વ્યસન જન્મ્યું. રક્ષણની તાલીમ કલહનું મૂળ બન્યું. જે દ્યૂતની રમતથી સજ્જન મનુષ્યો તાલીમની સાથે કંટાળો દૂર કરી તાજા થતા અને માલની માયા ખંખેરી નાખતા, તે જ રમતથી લડાઈટંટો અને વ્યસનો ઊભાં થયાં. દ્રૌપદીવસ્ત્રાહરણથી માંડીને મહાભારત યુદ્ધના અંતે ક્ષત્રિયકુળનો ઘોર વિનાશ થયો, તે પછી પણ દ્યૂત એનાં જૂજવાં વિનાશકારી રૂપો સહિત અદ્યાપિપર્યન્ત ચાલુ જ છે.

અર્વાચીન જમાનામાં પણ કેટલાક શ્રીમંતો કંટાળો દૂર કરવા થોડાક નયા પૈસાની નજીવી હારજીતવાળી પત્તાંની રમત રમી દિલ બહેલાવે છે, એ અહીં સરખાવવા જેવું છે. એ સાથે જ, ફેબ્રુઆરી ૧૯૬૭ના 'કુમાર'ના ૫૧૮મા અંકના પૃ. ૪૮ ઉપરની એક કંડિકા રસપ્રદ હોઈ અહીં મૂકી છે.

---

૪૪ સર° द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ॥ ६-३२-३६ कख (ગીતા ૧૦-૩૬ કખ)

આ ગીતાવાક્ય ઉપર ગાંધીજીનું વિવેચન જુદા દૃષ્ટિકોણથી મનનીય છે : 'છલ કરનારનું દ્યૂત હું છું. એ વચનથી ભડકવાની જરૂર નથી અહીં સારાસારનો નિર્ણય નથી. પણ જે કંઈ થાય છે તે ઈશ્વરની રજા વિના નથી થતું એ બતાવવાનો ભાવ છે. અને બધું તેને વશ છે એમ જાણનાર છલ કરનાર પણ પોતાનું અભિમાન છોડી છલ ત્યજે.' ('અનાસક્તિયોગ' ૧૦-૩૬.)

'એક વાર નવીન પ્રયોગ કરવામાં આવ્યો હતો. તેમાં સૌ પ્રથમ અમારે એકલા જઈને જાડી કે પાતળી રીંગ પસંદ કરીને તે ૧ થી ૧૭ મીટરમાંના કોઈ પણ મનપસંદ અંતરે રહી, સામે રાખેલી લાકડીમાં માત્ર બે જ પ્રયત્નમાં પરોવવાની હતી. તે પછી આ જ પ્રયોગ ફરી પરસ્પરની હાજરીમાં અમે વારાફરતી કર્યો. એમાં ૧૦ પૈસા ફી હતી; અને જો રીંગ લાકડીમાં પરોવાઈ જાય તો પસંદ કરેલા અંતર કરતાં દસ ઘણા પૈસા મેળવવાનો લાભ પણ ઉમેરવામાં આવ્યો હતો. આમાં વળી સૌએ પોતે પસંદ કરેલાં અંતર તેમ જ રીંગ માટેનાં પોતાનાં કારણો આપવાનાં હતાં. આ ઉપરથી અમને સમૂહ પ્રલોભન, સાહસ, આત્મવિશ્વાસ કે તેનો અભાવ, હરીફાઈ વગેરે પ્રેરક બળોથી માનવ સ્વભાવ પર થતા ફેરફારોનું દર્શન થયું. તે પરથી સાચા સાધકમાં શા ગુણ હોવા જોઈએ તે સમજાયું.'

(ફાધર વાલેસ તરફથી યોજાયેલા 'નેતૃત્વ શિબિર'ના એક તાજા સફળ પ્રયોગનું વર્ણન કરતા શ્રી સૂર્યકાન્ત હીરાલાલ પરીખના લેખ 'શિખર પરનો શિબિર'માંથી.)

મહાભારતના આ યુગમાં જામદગ્ન્ય, કણ્વ, નારદ વગેરે ઋષિઓ પ્રત્યે સામાન્યતઃ બહુમાનથી જોવાતું. તેઓ નિર્ભયતાથી સત્ય હકીકત પ્રત્યે શાસકોનું ધ્યાન દોરી શકતા. એમ છતાં દુર્યોધન જેવા ઉચ્છૃંખલ સત્તાધીશો किं प्रलापं करिष्यति । ૫-૧૦૩-૩૮ જેવા શબ્દોથી એમનું અપમાન કરી જતા અને એને સહી લેવાતું એ કડવી ઝેર જેવી વાસ્તવિક પરિસ્થિતિ હતી. આગળ વધતાં પિતા ધૃતરાષ્ટ્ર સહિત સર્વ વડીલોની મર્યાદા મૂકીને અવગણના કરવામાં આવી તેને પણ સહન કરવામાં આવી. શક્તિશાળીઓ થોડા દુષ્કૃત્યને સહી લઈ, આંખ આડા કાન કરીને, કેવી રીતે વિનિપાતની ઊંડી ખીણ તરફ ધકેલાય છે, એનું અહીં કઠોર દર્શન છે. દુષ્કૃત્ય કરનારા તો ખીણમાં પડે જ છે.

'નિશીથ'કારનાં ચિંતન અને દર્શનનાં બીજ
(૧૯૩૫નાં કાવ્યો)

મનસુખલાલ ઝવેરી

"નિશીથ"માં ૧૯૨૮ થી ૧૯૩૮ સુધીમાં લખાયેલાં ૧૧૮ કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમાં મુદ્રણદોષ ન હોય તો * ૧૯૨૯માં લખાયેલું એક પણ કાવ્ય નથી. તેમ જ 'ગંગોત્રી' ૧૯૩૪માં પ્રકટ થયું તેમાં પણ ૧૯૨૯નું એક પણ કાવ્ય નથી. આમ, ઉમાશંકરનું ૧૯૨૯નું વર્ષ કાવ્યલેખનની દૃષ્ટિએ મંદ ગયું લાગે છે; કારણ કે એ વર્ષમાં કાંઈ કાવ્યો લખાયાં હોય તોપણ કવિને "ગંગોત્રી" કે "નિશીથ", બેમાંથી ક્યાંય લેવા જેવાં લાગ્યાં નથી.

"નિશીથ"માં ૧૯૩૩ સુધીમાં લખાયેલાં, પણ "ગંગોત્રી"માં ન સંગ્રહાયેલાં કાવ્યોની સંખ્યા ૨૬ની છે. ૧૯૩૪ થી ૧૯૩૮ સુધીમાં લખાયેલાં કાવ્યોમાં ૧૯૩૪માં ૧૮, ૧૯૩૫માં ૩૦, ૧૯૩૬માં ૭, ૧૯૩૭માં ૨૨ અને ૧૯૩૮માં ૧૫ કાવ્યો છે.

તેમાં ૧૯૩૫નું વર્ષ મને બેત્રણ દૃષ્ટિએ નોંધપાત્ર લાગે છે. એક તો, સંખ્યાદૃષ્ટિએ સૌથી વધારે કાવ્યો એ વર્ષમાં લખાયાં છે. બીજું, 'આત્માનાં ખંડેર'ની સૉનેટમાળાનાં ૧૭ કાવ્યોમાંથી ૧૩ એ વર્ષમાં લખાયાં છે:—પાંચ કાવ્યો[1] બીજી સપ્ટેમ્બરે, પાંચ[2] છઠ્ઠી સપ્ટેમ્બરે અને ત્રણ[3] નવમી સપ્ટેમ્બરે. આમ, એ સૉનેટમાળામાં આલેખાયેલો ભાવ આ વર્ષના સપ્ટેમ્બરમાં જ કવિચિત્તનો કબજો લઈને બેસી ગયો લાગે છે. એ તેર કાવ્યો લખાયા પછી, અગાઉ લખાયેલાં 'દે પયઘૂંટ મૈયા', 'સંતોષ', 'અનંત ક્ષણ' અને 'મૃત્યુ માંડે મીટ'—એ ચાર કાવ્યો એમાં ઉમેરી, એ સત્તરે કાવ્યોને ભાવવિકાસના ક્રમાનુસાર ગોઠવીને કવિએ 'આત્માનાં ખંડેર' તૈયાર કર્યું છે. ૧૯૩૪માં જે ૧૮ કાવ્યો લખાયાં તેમાંથી ૧૨ તો ગીતો હતાં. એને લક્ષમાં લઈએ તો ૧૯૩૫માં એક પણ ગીત લખાયું નથી એ હકીકત ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી.

૧૯૩૫માં 'નિશીથ', 'વિરાટ પ્રણય' કે સદ્‌ગત મોટાભાઈ' જેવાં કાવ્યો કે 'સખી મેં કલ્પી'તી કે 'બે પૂર્ણિમાઓ' કે 'મળી ન્હોતી જ્યારે' જેવાં સૉનેટો નથી લખાયાં એ ખરું; પણ તેમ છતાં 'નિશીથ'ના કવિની કાવ્યયાત્રામાં મને ૧૯૩૫નું વર્ષ મહત્ત્વનું લાગે છે: કાવ્યોની ઇયત્તાની દૃષ્ટિએ તેમ જ કવિચિત્તનાં સંવેદનોની દૃષ્ટિએ.

---

* મુદ્રણદોષ હોવાનો સંભવ નથી એમ નથી, કારણ કે ૧૯૩૯ની પહેલી આવૃત્તિના પૃ. ૨૦૯ પરની સમયાનુક્રમણીમાં 'છતાં પી લે' કાવ્ય ૭૯માને બદલે ૮૯મા પૃ. ૫૨ છપાયું હોવાનું બતાવવામાં આવ્યું છે.

૧ ઊગી ઉષા; અશક્યાકાંક્ષા; કુંજ ઉરની; અકિંચન; આશાકણી.

૨ અહમ્; સત્ત્વપુંજ; નવી ઉષા; બિચારો મનુજ; દૃગજલ ભલાં.

૩ નિશાપંથ: અફર એક ઉષા; યથાર્થ જ સુપથ્ય એક.

૧૯૩૫માં કવિને પચીસમું વર્ષ બેઠું. વયમાં છોડી દીધેલો અભ્યાસ પાછો ચાલુ થઈ ગયો હતો અને અત્યંત પ્રતિકૂલ પરિસ્થિતિની ભીંસ ચારે તરફથી વધવા માંડી હતી.

આનો અર્થ, અલબત્ત, એવો નથી કે કવિના હૃદયમાં ઊર્મિ ઊઠે કે વિચાર આવે કે તરત તેમાંથી કવિતા ટપકી પડે છે. વધારે સાચું તો એ છે કે ઊર્મિ કે વિચારને પણ કવિ ઘણી વાર સેવતો હોય છે. અને શબ્દબદ્ધ થાય ત્યારે એનું પૌર્વાપર્ય બરાબર સચવાતું જ હોય એ પણ અનિવાર્ય નથી. ઊર્મિઓનાં તુમુલ કે વિચારોનાં ઘમસાણ જ્યારે કવિચિત્તમાં મચતાં હોય ત્યારે પરસ્પરવિરોધી ભાવો કે વિચારો પણ આવી જતા હોય છે અને એમાંના કોઈ પણ એક જ ભાવને કે વિચારને કવિહૃદયનો મુખ્ય કે સ્થાયી ભાવ માની લેવામાં કવિને અન્યાય પણ થાય. આત્મલક્ષી કાવ્ય પણ કવિની આત્મકથા કે ડાયરી નથી જ. એમાં આલેખાયેલી પ્રત્યેક અનુભૂતિ કવિએ પોતે પોતાના વાસ્તવિક જીવનમાં કરી જ હશે એમ ખાતરીપૂર્વક કહી શકાય નહિ. કવિએ પરકાયાપ્રવેશ કરીને બીજા કોઈ પાત્રનાં મન્થન સંવેદન પણ અનુભવ્યાં હોય, 'આત્માનાં ખંડેર'નો આગન્તુક અતિથિ આપઘાત કરવાને દરિયામાં ઝંપલાવે છે તેમાં થયું છે તેમ.

ઉમાશંકરે ઈ. સ. ૧૯૩૫માં લખેલાં કાવ્યોનું મન્થન ઈ. સ. ૧૯૩૫માં જ અનુભવ્યું હશે એમ કહેવું પણ યોગ્ય નથી. એ મન્થન એ લાંબા સમયથી અનુભવતા આવ્યા હોય એમ પણ બને.

તેમ છતાં મન્થન એમણે ગમે તેટલો લાંબો સમય કે ગમે તેટલા લાંબા સમય પહેલાં અનુભવ્યું હોય, પણ એ વાદળાં ગોરંભ્યાં છે એવાં કે તૂટી એ ઈ. સ. ૧૯૩૫માં પડે છે. અને તે પણ એવી અખંડધાર કે પ્રણયનાં સાત[1] કાવ્યો જાન્યુઆરીમાં રચાય છે ને 'આત્માનાં ખંડેર'ની આખી સૉનેટમાળા સપ્ટેમ્બરમાં 'ત્રણચાર' દિવસમાં જ રચાય છે ને વિશેષ નોંધપાત્ર તો એ છે કે આ પ્રણયકાવ્યો કે સૉનેટમાળા રચાતી હોય છે તે દરમ્યાન એનાથી જુદા પ્રકારનું એક પણ કાવ્ય રચાતું નથી. આનો અર્થ એ થયો કે કવિચિત્ત જાન્યુઆરીમાં પ્રણય વૈફલ્યની આશંકાના અને સપ્ટેમ્બરમાં સ્વપ્નભંગના ભાવને પૂરેપૂરું વશ થઈ ગયું છે. કાવ્યો જે ક્રમમાં રચાયાં તે ક્રમને વધારે પડતું મહત્ત્વ ન આપીએ તોપણ એ રચાઈ ગયાં ત્યાર પછી કવિએ બુદ્ધિપૂર્વક એમને જે ક્રમમાં ગોઠવ્યાં છે તેનો વિચાર કરીએ તો કવિએ અભિપ્રેત ભાવવિકાસનો ક્રમ આપણા ધ્યાનમાં આવ્યા વિના રહેશે નહિ.

૧૯૩૫નાં કાવ્યોનાં ત્રણ વિભાગ પડે છે: ઊર્મિપ્રેરિત કાવ્યો, બુદ્ધિપ્રેરિત કાવ્યો અને મન્થનપ્રેરિત કાવ્યો. આ ત્રણે પ્રકારો પરસ્પર વ્યાવર્તક છે એવું નથી. ત્રણેમાં એકબીજાના તત્ત્વનો ઓછોવત્તો પ્રવેશ થઈ જાય એ સ્વાભાવિક છે; પણ ઊર્મિ; બુદ્ધિ અને મન્થન, આ ત્રણમાંથી કાવ્યમાં જેનું સવિશેષ પ્રાધાન્ય હોય તેને અનુલક્ષીને કાવ્યોને નિરનિરાળા વિભાગોમાં ગોઠવીએ તો જાન્યુઆરીમાં લખાયેલાં સાત પ્રણયકાવ્યોને ઊર્મિપ્રેરિત કાવ્યના, મે-જૂન-જુલાઈમાં લખાયલાં સાત[2] કાવ્યોને બુદ્ધિપ્રેરિત કાવ્યોના અને સપ્ટેમ્બરમાં લખાયેલાં તેર સૉનેટોને મન્થન-

---

૧ 'પ્રણય;' 'સન્ધ્યાશુક્ર;' 'ક્યાં ?'; 'ભલે;' 'દેશવટે;' 'કબૂતર;' 'બે જણ'.

૨ 'લૂલા–આંધળાની નવી વાત'; 'જ્ઞાનસિદ્ધિ'; 'એક સંવાદ'; 'વણઝાર'; 'વાંસળી વેચનારો'; 'વૃદ્ધનું સ્મિત'; 'સીમાડાના પથ્થર પર'.

પ્રેરિત કાવ્યોના વિભાગમાં મૂકી શકાય. જુલાઈમાં લખાયેલું 'વર્ષે વર્ષે' ઊર્મિપ્રેરિત અને મન્થનપ્રેરિત કાવ્યો વચ્ચેની સંક્રમણકડી જેવું છે.

ઊર્મિપ્રેરિત પ્રણયકાવ્યોને જોઈએ તો, પ્રણયનો પ્રથમ અસ્પષ્ટ સળવળાટ "ગંગોત્રી"નાં, ૧૯૩૦માં લખાયેલાં, 'પ્રશ્ન' અને 'ઉરસિન્ધ'માં થતો દેખાય છે. ૧૯૩૧માં લખાયેલા 'એકલ, સાથમાં વા?'—માં મનમાં ચોખ્ખી દ્વિધા ઉત્પન્ન થાય છે. ૧૯૩૧ના જ 'પ્રિયસંસ્મૃતિ'માં અને એથી પણ વિશેષ રીતે, ૧૯૩૨માં લખાયેલા 'ભોમિયા વિના'માં એકલતા સ્પષ્ટ રીતે સાલવા લાગી છે.

અને એ જ વર્ષમાં લખાયેલા 'મિલન'માં આકર્ષણ વ્યક્તિકેન્દ્રી બનવા લાગ્યું દેખાય છે. ઈ. સ. ૧૯૩૩માં લખાયેલા 'મુખર કન્દરા'માં 'યુગલ સારસો'એ ઉચ્ચારેલી પ્રેમની ગિરા સાંભળીને, એકત્વનું ગૂઢ જીવનરહસ્ય કવિ-ઉરમાં સ્ફુરે પણ છે. એ જ ઈ. સ. ૧૯૩૩માં લખાયેલા, પણ "ગંગોત્રી"માં નહિ, પણ "નિશીથ"માં સંગ્રહાયેલા 'મહેણું'માં 'છૂપી છૂપી વીજ'ની 'વાતડી' સંભળાય છે. ઈ. સ. ૧૯૩૪માં 'પ્રણયની રટણા'માં પોતાની મુગ્ધ પ્રીતિનું અધિષ્ઠાન કવિને મળી ગયું દેખાય છે, ને એ જ વર્ષમાં પ્રીતિપુષ્પોનો પરિમલ કેટલાંક ગીતોમાંથી મહેકી ઊઠે છે. ઈ. સ. ૧૯૩૫નાં કાવ્યોમાં 'પ્રણય'—એ મુક્તકમાં કવિ માત્ર પ્રણયને અનુભવવામાં જ નહિ, પણ એ પ્રણયને કવનમાં પૂરવામાં પણ મજા છે એમ ગાઈ ઊઠે છે ને કહે છે કે પ્રણયીઓ પોતે તો અમર નથી પણ પ્રણયનાં ગીતોમાં શબ્દબદ્ધ થયેલો પ્રણય અમર અવશ્ય છે. આમ, એ મુક્તકમાં તો એવી શ્રદ્ધા સૂચવાય છે કે એ પ્રણય યાદવાયુષ્ય ટકવાનો. પણ 'સન્ધ્યાશુક્ર'માં સન્ધ્યાસમયની શુક્રતારિકા કવિને પ્રિયાના વદન પરના આંસુ જેવી દેખાય છે; અને આમ, પ્રણયમાં વિઘ્નની આશંકા ઊભી થતી હોય તેમ લાગે છે. 'કયાં'માં પોતાના હૃદયને આકર્ષતી ને અજવાળતી 'મુખપૂર્ણિમા' (જ્યોત્સ્ના?) માટેનું સમૌત્સુક્ય કવિચિત્તમાં વ્યાપી જાય છે અને એમાં પણ ધ્વનિ નિરાશાનો સાંભળવો હોય તો સાંભળી શકાય છે. 'ભલે'માં તો એ નિરાશા ખુલ્લેખુલ્લી પ્રકટ થઈ જાય છે. મારી કલ્પના અને મારી કાવ્યગાની, બન્ને હવે તો મને નકામાં છે; કારણ કે હું જે પરિસ્થિતિમાં મુકાયો છું તેમાં એ મને કામ આવે તેમ નથી. જાણે આખો અવતાર પોતાના ભાગ્યમાં એકલડા ભમવાનું જ લખાયું ન હોય! 'દેશવટે' એ કાવ્યને, એનાં પૂર્વાપર કાવ્યોના સંદર્ભમાં જોઈએ તો, મને એમાં પણ પ્રણયની જ નિરાશા અને તજ્જન્ય એકલતાના વિષાદનો સૂર સંભળાય છે. 'હું મૃત્યુથી જનનનો નવપંથ શોધું'—એ પંક્તિમાં, અત્યારે મૃતઃપ્રાય થઈ ગયેલું જીવન પલ્લવિત કઈ રીતે થઈ શકે તેની શોધમાં હું પડ્યો છું એમ કહેવું કવિને અભિપ્રેત હોય એમ મને લાગે છે. કવિ પોતાને આ પૃથ્વી પર exile—દેશવટે ગયા સમા—માને છે, અને આ પૃથ્વી, એના પરનું જીવન, એના સૌ સ્નેહસંબંધાદિ, એને પરાયાં જેવાં જ લાગે છે. આમ, આ કાવ્યમાં કવિ એકલતાનો જે કપરો અનુભવ ગાય છે તેમાં પણ પોતાનો પ્રણય સફળ થશે કે કેમ એવી આશંકા જ કદાચ કારણભૂત હશે. સપ્ટેમ્બરની સૉનેટમાળામાં પણ, પ્રકારાન્તરે, આ જ એકલતાનું કષ્ટ ઊભરાઈ આવે છે, ને કવિ ગાઈ ઊઠે છે :

'આહીં લોકે લખલખ જનોમાંય એકાકી રહેવું'.

—નિશાપંથ

'કબૂતર'—એ કાવ્યમાં આમ તો વાત છે કૉલેજમાં અભ્યાસ કરતાં બે પ્રેમીઓની. પણ એમાં પણ પડતું હોય છે એમની પ્રણયગોષ્ઠિમાં વિઘ્ન જ; માત્ર એમની જ નહિ, પણ કબૂતરોની પ્રણયગોષ્ઠિમાં પણ વૃદ્ધોને પોતાની જુવાની યાદ નથી હોતી એમ નહિ પણ પોતાની ફરજ સમજીને કામ તો એમણેય કરવાનું હોય છે જુવાનડાંના પ્રણયમાં વિઘ્ન નાખવાનું. 'બે જણ'માં અકસ્માત્ થઈ જતા અણધાર્યા મિલનનો આનન્દ જ આલેખાયો નથી, આશ્ચર્ય પણ ગવાયું છે.

૧૯૩૫ના જાન્યુઆરીમાં પ્રણયકાવ્યોમાં દેખાય છે પ્રણયનો નવોન્મેષ, મુગ્ધતા અને આશંકા, વૈફલ્યની ભીતિ અને ભગ્નહૃદયતા. તેમ છતાં એમાં નથી ક્યાંય વેવલાઈ કે ઉન્માદ, આક્રંદ કે આત્મદયા. ઉમાશંકરનો સંસ્કારશોભન સંયમ અને અભિજાત નાગરિકતા અહીં પણ છાનાં નથી રહેતાં અને છતાં આ પ્રણય કોઈ મુગ્ધભાવભર્યા, ઘડીમાં નન્દી ઘડીમાં ક્રન્દી ઊડતા હૃદયવાળા નવયુવાનનો છે એ સ્પષ્ટ દેખાઈ આવે છે.

પ્રણયકાવ્યો દ્વારા પ્રકટ થતો કવિ જો મુગ્ધ નવયુવાન છે તો બુદ્ધિપ્રેરિત અને મન્થનપ્રેરિત કાવ્યોનો કવિ પ્રૌઢ અને વિચારવાન સજ્જન છે.

બુદ્ધિપ્રેરિત કાવ્યોમાં 'લૂલા-આંધળાની નવી વાત'માં કવિને લાગે છે કે શોષિતોના શોષકો જ બદલાય છે માત્ર અને નવા શોષકો, વચને સમાજવાદીઓ, તો જૂનાનેય સારા કહેવડાવે તેવા નીકળ્યા છે! પેલા મૂડીવાદીઓ તો જાતે પણ હાથપગ હલાવીને આટલે ઊંચે ચડ્યા છે, ત્યારે આ નવા તો ખાસ્સા અક્કલવંતા નીકળ્યા ને જીભચાબખે જ આ શોષિતોને ઢંઢોળીને એમને ખભે ચડી બેઠા છે!

'પંગુ ચડે ગિરિ પર! જય પ્રભુનો કળિયુગેય શો ગાજે!'

'જ્ઞાનસિદ્ધિ' એ પણ સત્યની શોધનું કાવ્ય છે. 'લૂલા-આંધળાની નવી વાત'માં પણ પ્રકારાન્તરે ખોજ સત્યની જ ચાલે છે. દેખાય છે તેના મૂળમાં સાચું શું છે? પોતે જ થાપેલી વસ્તુ અનુભવે પોતાને અસત્ય જણાય તો પોતે જ તેને ઉથાપી નાખવી જોઈએ. આગ્રહ સત્યનો હોય, અસત્યનો નહિ. સત્ય પોતે શું છે તે इदमयम् કહીને બતાવી શકાય તેમ ન હોય તો 'આ સત્ય નથી,' 'તે સત્ય નથી' એમ नेति नेतिથી અસત્યને અપ્રતિષ્ઠિત કરવું તે પણ સત્યની જ દિશામાં પગલું ભર્યું ગણાય. 'નિર્ભ્રમિત' થઈ જવું, ભ્રમણામાંથી મુક્ત થઈ જવું એ જ અમોઘ જ્ઞાનસિદ્ધિ છે. સત્ય કેવળ સત્ય છે એટલા માટે જ સેવ્ય છે, શરણ્ય છે, ઉપાસ્ય છે. જ્ઞાન, કીર્તિ, અહંલીલા, પ્રભુપ્રીતિ સુદ્ધાં, બીજા કશાને માટે નહિ.

'એક સંવાદમાં માત્ર ચબરાકી છે. નગરનાં નરનારી કરતાં ગામડાંનાં સ્ત્રી-પુરુષો વધારે સુન્દર છે; કારણ કે વધારે નિરામય અને નિર્વ્યાજ છે; અને સૌન્દર્ય, અન્તે તો, બાહ્ય પ્રસાધનોમાં નહિ, પણ લખલખતા સ્વાસ્થ્યમાં જ વસ્યું છે ને?

'વણઝાર'માં પ્રભાતને પહોર ડુંગરની ઘાટીમાંથી, ઘોડાપૂરની જેમ વહી આવતી પોઠનું દર્શન માનવજાતિની, ઇતિહાસના ઊગમકાલથી, ચાલી આવતી અસંખ્ય વણઝારોનાં દશ્યો કવિની સ્મૃતિમાં સજીવ કરે છે. કોઈ પ્રગતિને માટે, તો કોઈ જીવનકલહથી ત્રાસીને, કોઈ વિજયાકાંક્ષાથી પ્રેરાઈને તો કોઈ પ્રભુપંથ પ્રેક્ષીને, કોઈ ધર્મરક્ષા માટે, કોઈ સ્વમાનપૂર્વક

યોગક્ષેમ ચલાવી શકાય તે માટે, તો કોઈ સ્વાતંત્ર્યયજ્ઞમાં પોતાની જાતની કુરબાની કરી દેવા માટે,—આવા કોઈ ને કોઈ હેતુથી કૂચ કરતી અનેક વણઝારો કવિને દેખાય છે, જળ પર તેમ જ સ્થળ પર; ને આ દૃશ્ય કવિચિત્તને એવું તો ઘેરી લે છે કે આકાશના મેઘ અને તારકાંકિત વિશ્વ પણ કવિને વણઝાર જેવાં જ લાગે છે. આમાં ઊર્મિ નથી, ચિન્તન પણ ખાસ નથી અને મન્થન પણ નથી. માનવજાતનાં સ્થલાન્તરો—ભલે જુદાં જુદાં કારણોથી થયેલાં, પણ માનવ-સમૂહનાં સ્થલાન્તરો—એ જ આનો વિષય છે. કાવ્યની ખરી ખૂબી એનાં ચિત્રાત્મક વર્ણનોમાં છે. પ્રૌઢ અને દૃઢબન્ધ સ્રગ્ધરામાં પ્રસાદગૌરવમય શૈલીમાં આલેખાયેલાં ચિત્રો—જેમાં એક સ્વસ્થપ્રસન્ન પ્રણયનું અને બીજું મુગ્ધ અને ઊભરાઈ જતા પ્રણયનું ચિત્ર પણ છે, તે અત્યંત આકર્ષક છે.

'વાંસળી વેચનારો'—માં કલાકારની પોતાના સર્જનમાં આનન્દસમાધિ એ જ એનું સાચું પારિતોષિક એ ભાવ ઉપસાવવામાં આવ્યો છે.

'વૃદ્ધનું સ્મિત' એ કાવ્યમાં કવિને કોઈ વૃદ્ધના કરચલિયાળા મુખ પર ઘડીક ફરકી જતું સ્મિત દેખાય છે ને તેમાં એમને મૃત્યુ પર જીવનના જયની અને સર્જનની આશાની ઝાંખી થાય છે. પોતાના શોકોલ્લાસની બધી જ સ્મૃતિઓમાં, મરણને કિનારે ઊભેલા વૃદ્ધજનનું આ સ્મિત વજ્રલેપ બની જાય છે. આ કાવ્યમાં માલિની-મન્દાક્રાન્તાનો પ્રયોગ સુભગ રીતે થયો છે.

'વર્ષે વર્ષે' ઊર્મિપ્રેરિત અને મન્થનપ્રેરિત કાવ્યો વચ્ચેની સંક્રમણ કડી જેવું છે. એ કાવ્ય ૨૫મું વર્ષ બેસતાં લખાય છે. ૧૯૩૪માં કવિએ કૉલેજનો અભ્યાસ ફરીથી ચાલુ કર્યો છે. સત્યાગ્રહની લડત, જેલનિવાસ વગેરેએ કવિને નિષ્ઠુર વાસ્તવનું દર્શન કરાવ્યું છે. જાન્યુઆરીનાં પ્રણયકાવ્યોમાં દેખાય છે તે પ્રણયનો નવોન્મેષ અને પ્રણયવૈફલ્યની આશંકા, પોતે જાણે દેશવટો વેઠતા હોય તેવો અસહાય એકલતાનો ભાવ, કદાચ આર્થિક, શારીરિક અને કૌટુમ્બિક આદિ પરિસ્થિતિની વિષમતા: આ બધાંની છાયા કવિચિત્ત પર સઘન રીતે છવાઈ છે. એ મનોદશામાં કવિને પોતાનો જન્મમાસ આષાઢ શોક, દુઃખ, આદિ અત્યંત પ્રતિકૂલ પરિસ્થિતિનું પ્રતીક લાગે છે. એટલે તો કવિકુલકિરીટ કાલિદાસે એને ગમે તેટલાં લાડ લડાવીને મોંએ ચડાવ્યો હોય તોપણ ઉમાશંકરને તો એ પોતાની હૃદયક્ષિતિજ પર ક્રૂરતાથી ઝૂકતો હોય તેવો જ દેખાય છે. આષાઢનું તો કામ જ છે એકઃ મનુષ્યનાં રુદનો જગાવી, અટ્ટહાસે હસવાનું. નવયૌવનનો અને ભાવનાશીલતાનો સ્પર્શ થતાં હૈયું વિકસવાનું ને અભિનવ સ્વપ્નોની સૃષ્ટિમાં રાચવાનું કરે છે ત્યાં જ.

> કહીંથી
> આષાઢનું સ્ફુરતું નિર્દય અટ્ટહાસ્ય!
> ગ્રીક પુરાણકથાઓના દેવોની માફક એ પણ, જાણે કે,
> Finds a music
> centred in a doleful song!

એ આષાઢે—અનરાધાર રુદનની એ ઋતુએ—જીવતરની બળતરાને ઘડીક ઠારી ખરી: રુદને હૃદયના સંતાપને જરાક સહ્ય કર્યો ખરો; પણ સાથોસાથ એણે નવાં ઘમસાણ પણ જગાવ્યાં; નવા અને વિશેષ કૂટ એવા પ્રશ્નો ઊભા કર્યા અને ચિત્તને ચકરાવે ચઢાવી દીધું!

કવિ કહે છે કે નીરસ ઘરેડમાં પડી ગયેલ જીવનથી કંટાળીને બુદ્ધિપૂર્વક જીવનપ્રશ્નોનો વિચાર કરવાનું મેં મારી મેળે જ શરૂ કર્યું હતું. આમ, આ મંથનોનાં દળવાદળ મેં મારી જાતે જ વહોરી લીધાં હતાં—એ આશાએ કે દળવાદળ ક્યારેક વરસશે ને સહરા જેવા જીવનને પલ્લવલીલું કરી દેશે; આ મન્થનોને અન્તે જીવન સુખ અને શાન્તિપૂર્વક જીવવાનો કીમિયો ક્યારેક મળી જશે.

પણ એ મન્થનોને પરિણામે happy insensibility અને blissful ignorance ચાલ્યાં ગયાં અને હું ઊલટો, किं कार्यम् किमकार्यम्ની દ્વિધામાં ગૂંચવાઈ ગયો. હવે પુરાણી રફતાર પ્રમાણે જીવન જીવવાનું બની શકતું નથી અને નવો કોઈ જાદુ જડતો નથી. હું જાણે wandering between two worlds; one dead the other powerless to be born! આવી સ્થિતિમાં માર્ગ કશો સૂઝતો નથી ને હૃદય ચોતરફથી બંધાઈ ગયું લાગે છે. આના કરતાં તો ઘેલી ગ્રીષ્મ—મુગ્ધ વિદ્યાર્થીદશા—સારી હતી. એની પાસે ઝાંઝવાં તો હતાં! ને ઝાંઝવાં જોઈને ય આંખ કંઈક ઠરતી તો હતી! ખોટી તો ખોટી, પણ એક સુન્દર ને શીતળ સૃષ્ટિની ઝાંખી કરાવીને એ વાસ્તવિકતાને ભુલાવતી તો હતી! પણ હાથે કરીને મેં આ મન્થનો વહોરી લીધાં ને પરિણામે હું ગ્રીષ્મ મારી ગુમાવી બેઠો ને રણ મારું પલ્લવલીલું થયું નહિ.

અને ગ્રીષ્મમાં પણ હું પડ્યો બુદ્ધિખેલમાં—વાચન, લેખન, મનન, ચિંતન આદિ પ્રવૃત્તિમાં, એટલે બીજા કિશોરોની જેમ હળવા અને બિનજવાબદાર બનીને ખાઈપીને મજા કરવાનું મારાથી બની શક્યું નહિ, ને બુદ્ધિની રમતોમાં પડ્યો તેને લીધે ખોટી ઊર્મિલતા, પોચી પોચી ને વાયવ્ય ભાવનાશીલતા વગેરેનો રસ હું ગુમાવી બેઠો. આમ, બુદ્ધિખેલને લીધે હૈયે સંતાપ વધ્યો. વધારે ઊંડું, વધારે સાચું જોવા જતાં, પેલાં જે સસ્તાં આશ્વાસનો હતાં તે ચાલ્યાં ગયાં ને ખોટી ભાવનાશીલતા વરાળ થઈને ઊડી ગઈ.

જીવન તો મૃગજળ બતાવતું ઊભું જ હતું. એની ઘરેડમાં ગોઠવાયા એટલે માનપાન, લક્ષ્મી, સત્તા, કીર્તિ, બધું જ તૈયાર! શરત માત્ર એટલી કે તમારે conform થવું જોઈએ, લોલમાં લોલ પુરાવવું જોઈએ, स्थितस्य समर्थनम् કરવું જોઈએ. હું આ ન કરી શક્યો—અથવા વધારે સાચું કહીએ તો, મેં એમ કર્યું નહિ. Nonconformist થઈને, સાચું જીવન એટલે શું તે શોધવામાં હું પડ્યો ને પેલી બધી વસ્તુઓ મને મૃગજળ જેવી લાગવા માંડી. એ મૃગજળે મને તૃપ્તિનો ઓડકાર ન ખવડાવ્યો એમાં મારી બુદ્ધિનો શો વાંક? પરંપરાથી સ્વીકારાતી આવતી જીવનપદ્ધતિ મને નિઃસાર લાગી. તો પછી સાચી જીવનપદ્ધતિ શી તે શોધવામાં હું સર્વાત્મથી પડ્યો એ મારો ગુનો?

ના, ગુનામાં ગુનો તો મારો એ છે કે હું આષાઢમાં—અત્યંત પ્રતિકૂલ પરિસ્થિતિમાં—જન્મ્યો! સાચા જીવનનો મારો ખ્યાલ આ કાયા દ્વારા જિવાતા જીવનમાં મૂર્ત થતો જ નથી. સાચું જીવન, જીવનનો મર્મ, શોધવા જઉં છું તો એ હાથમાં આવતાં આવતાં, આંગળીઓમાંથી સરી જાય છે.

જીવન વિશેની મારી જે કલ્પના છે તે પ્રમાણે નથી હું જીવી શકતો; ને નથી, એક વાર એ ખ્યાલ બંધાઈ ગયા પછી, જીવતો આવ્યો છું તે રીતે જીવવાનું ચાલુ રાખી શકતો. પેલી કલ્પના

પ્રમાણે જીવવું એ જીરવ્યું જાય તેમ નથી; અને, એને છોડી દઈને, ચાલતી આવેલી રસમ પ્રમાણે જીવ્યા કરું છું તો ગૂંગળાઈ જ મરું છું. એ કલ્પના પ્રમાણેનું જીવન ક્યાંય જિવાતું હશે ખરું ? શોધવાનો પ્રયત્ન કરું છું : પણ નથી એવું જીવન જિવાતું દેખાતું ગરીબોની મઢુલીઓમાં; નથી જિવાતું દેખાતું તવંગરોના મહેલોમાં. એ પ્રકારનું જીવન ક્યાંય જિવાતું ન હોવા છતાં, હૃદય તો પગલે પગલે એના ભણી જ ઠેલાયા કરે છે...અન્તઃપ્રેરણા મને પ્રતિક્ષણ એ જ દિશામાં ધકેલ્યા કરે છે.

એ જીવનની મૂર્તિ મેં 'મેઘમૂર્તિ'માં—મહાકવિઓની અપાર્થિવ અને પ્રતિક્ષણનવીન કલ્પનાસૃષ્ટિમાં શોધી. મહાકવિઓએ સર્જેલી કલ્પનાસૃષ્ટિમાં હું જીવવા લાગ્યો, પણ કલ્પનાજીવન તો હોય છે કેવળ ક્ષણૈકપર્યવસાયી જ.

Adieu! the fancy cannot cheat so well
As she is famed to do, deceiving elf!

અને આભના ઊંડાણમાં ગમે તેટલું ભમીએ તોયે પોરો ખાવા માટે આ પૃથ્વી પર આવ્યા વિના છૂટકો છે કંઈ? વાસ્તવિકતા એમ વિસારી વિસરાય ખરી કદી ?

આવા કંઈક 'અષાઢ ખેલ'—શોક, દુઃખ, રુદન, ગરીબી, આદિમાંથી જન્મતા જાતજાતના ખેલ—મેં જોયા. અનેક કલ્પના-મૂર્તિઓ ઘડી; અનેક કલ્પનામૂર્તિઓ ભાંગી. કલ્પનામાં જીવવા જઉં છું તો વાસ્તવ જીવન જિવાતું નથી. વાસ્તવને વળગી રહું છું તો કલ્પનાજીવન દૂર રહી જાય છે. આમ, આષાઢ એક હાથે કશુંક આપે છે તો બીજે હાથે કશુંક ઝૂંટવી પણ લે છે.

જીવન વિશેની મારી કલ્પના, પ્રતિકૂલ પરિસ્થિતિને લીધે, મારા વાસ્તવિક જીવનમાં હું સાકાર કરી શકતો નથી. એ દૂર ને દૂર રહી જાય છે, એના વિરહને લીધે બલવત્તર બનતી 'અષાઢ મૂર્ચ્છા'—શોક, રોગ, દુઃખાદિમાંથી જન્મતી નિશ્ચેષ્ટતા અને નિઃસ્તબ્ધતા—મારા સમગ્ર આત્મામાં વ્યાપી જાય છે, ને એના પર પોતાનું વર્ચસ્વ સ્થાપી દે છે. એને પરિણામે સ્થિતિ શી ઊભી થઈ છે તે તો જુઓ! હૈયામાં ભાવનાશીલતા સઘન રીતે છાઈ છે; ને વાસ્તવ જીવનમાં આંખ ઠારવાનું ક્યાંય ઠેકાણું નથી દેખાતું! આંખનાં આંસુયે હવે તો સુકાઈ ગયાં છે; નેણની આ બળતરા શમાવવી ક્યાં ?

અષાઢની ઋતુએ—શોક, દુઃખ, રોગ, ગરીબી વગેરેએ—હું જેને સાચું જીવન ગણું તેનાથી મને દૂર રાખ્યો. એણે જો, આમ, જિન્દગીના વિયોગને જગાડ્યો તો બીજી પણ એક વસ્તુને એ નહિ જગાડે ?—મારી સુષુપ્ત પ્રાણશક્તિને ? પ્રતિકૂલ પરિસ્થિતિ પોતે જ પોતાનો પ્રતિકાર કરવાની તાકાત મને નહિ આપે ? પ્રતિકૂલ પરિસ્થિતિમાં મારો પ્રાણપ્રવાહ—મારાં ધૃતિ, અભય, પૌરુષ, વિજિગીષા વગેરે—જાગ્રત નહિ થાય ? દુઃખ જ દુઃખમાંથી મુક્ત થવાના ઉપાય માનવીને સુઝાડે છે. પ્રતિકૂલ પરિસ્થિતિ જ માનવીના કેટલાક ઉત્તમ ગુણોને ખીલવે છે. તો મારા ગુણોને એ નહિ ખીલવે ? ને હૈયાની રુંધામણ દૂર થતાં, સ્થગિત જેવાં થઈ ગયેલાં જીવનનાં નીર, ઊર્મિઓ, મોકળે પ્રવાહે વહેવા લાગતાં. ભલે ક્ષણિક પણ વિરલ એવા સૌન્દર્યના સાર જેવા ઇન્દ્રધનુની—જીવનના રમણીય સૌન્દર્યની—ઝાંખી મને થાય એવો યોગ મને નહિ સાંપડે ?

આષાઢ જ મારા પ્રાણપ્રવાહને જગાડવાનો; ને જાગ્રત થયેલો એ જીવનપ્રવાહ, એક વાર વહેતો થયો, પછી વહેતો જ રહેવાનો. શિલાઓના અન્તરાય એને અટકાવી નહિ શકે. વાસ્તવ જગતની કઠોરતા, નિષ્ઠુરતા ને જડતા એને રુંધી નહિ જ શકે, ઘનના ગર્ભમાં રહેલાં વારિ— શોકદુઃખ આદિ પ્રતિકૂલ પરિસ્થિતિના ગર્ભમાં રહેલી જીવનશક્તિ—'અપ્રસવ્યાં,' પ્રકટ થયા વિના નહિ જ રહે, ને આત્મા અત્યારે ભલે વિકટ ઘમસાણમાં પડ્યો હોય, પણ આષાઢની આ મેઘમાળા—ભય, આશંકા, ગ્લાનિ, ખિન્નતા વગેરે—ક્યારેક તો અવશ્ય વિખરાશે; ને એને અન્તે શારદી જ્યોત્સ્નાની પ્રસન્ન અને નિર્મળ શોભા અવશ્ય ફેલાવાની.

પણ એવી શારદચંદિરાની રુચિર શોભા, ર બધાં ઘમસાણને અન્તે હો તોપણ ભલે : ન હો તોપણ ભલે. આ બધાં મન્થનને અન્તે શમન મળે તોપણ ઠીક : ન મળે તોપણ ઠીક. અસ્તિત્વનો—માનવોચિત જીવનનો અર્ક તો વસ્યો છે મન્થનોમાં જ. હૃદયનાં તુમુલ મન્થનો, વચમાં વચમાં હૃદયને ચીરી નાખે તેવા આકસ્મિક આઘાતો—'મોંઘેરી સોબત સુવિદ્યુતવલ્લરીની' —અને ઊર્મિઓને વર્ષતી વેળા, કાવ્યની અનુભૂતિ અને અભિવ્યક્તિ વેળા ઉરને થતું ઊંડું અને છતાં મીઠું દુઃખ : આમાં જ જીવનનું સાચું જીવિતવ્ય રહ્યું છે.

ના, ના, એ શરદઋતુ કોઈક દિવસ ઊગવાની, આ દુઃખદ મંથનોનો ક્યારેક અન્ત આવતાં, જીવનમાં પ્રસન્નતા અને પ્રફુલ્લતાની અનુભૂતિ થવાની એ આશાએ હું જીવતો નથી. મારે મન તો મન્થનો એ જ જીવન છે, અને એ મન્થનો શકય છે માત્ર આષાઢમાં. એટલે મારી જિન્દગી આખી ભલે એક અખંડ આષાઢ જેવી હો !

આ વાત મન્થનોની આ ગૌરવગાથા વર્ષે વર્ષે ફરી ફરીને કહેવામાં મને આનન્દ છે. વલોવાઈ જતા ઉરની વાત કરવાનો આનન્દ મારે તો વર્ષે વર્ષે ગાવો છે. તો કવિ માત્રના હૃદયને પ્રિય અને કોડિલો આષાઢ ભલે મસ્ત થઈને વર્ષે વર્ષે મારું હૃદય ભરીને ઝૂકયા કરે !

'સીમાડાના પથ્થર પર', એ ૧૯૩૫માં લખાયેલાં બુદ્ધિપ્રેરિત કાવ્યોમાંનું છેલ્લું કાવ્ય છે. એમાં પુરાણાં વેરની અને એ વેરની તૃપ્તિની નાનકડી કથા આલેખવામાં આવી છે. સીમાડાના પથ્થરને પોતાનું સિંહાસન માનીને એના પર બેસતા કવિરાજના મનમાં ભાવ ઊઠે છે :

'આજ તો અરણ્યમાત્રનો બનીશ રાજવી નિશંક'

કોઈ વૃદ્ધજન કે ઓછાયો કવિને એ પથ્થરની કથા કહે છે. આ પથ્થર તો છે એક વૃક્ષની સમાધિ. એ વૃક્ષ વિચિત્ર હતું. દૂર દૂરની ભૂમિમાંથી કોણ જાણે કોણ એને અહીં લાવ્યું હશે? છપ્પનિયા કાળમાંયે એ સૂકાયું નહોતું. અસંખ્ય અનિકેતન, અકિંચન, શ્રમજીવીઓનું એ યાત્રા-ધામ હતું. બે રાજ્યો વચ્ચેના વેરઝેરને લીધે એ નામશેષ થઈ જાય છે અને મિલ્કતમાં જેમની પાસે 'કસાયેલાં ખુદા–દીધેલ બાવડાં' સિવાય કશું નથી એવાઅ લકમલકના ભમતારામ મુસાફરોનું આયખાનું એ અશ્રુઠામ નેસ્તનાબૂદ થઈ જાય છે. વળતી સાલ, એ મુસાફરો પ્રતિવર્ષની જેમ ત્યાં યાત્રાએ આવે છે. એક પથ્થર મૂકીને વૃક્ષની સમાધિ રચે છે અને ચાલ્યા જાય છે. આ કથા સાંભળતા કવિને થાય છે કે આ પથ્થર, ત્યારે, માત્ર સિમાડાનો સાદો પથ્થર નથી? દેશદેશ અને ખંડખંડના મુસાફરોનું આશ્રયસ્થાન છે? અને ક્ષણાર્ધમાં તો, ત્યાં બેઠેલો કવિ પણ દેશદેશ અને

ખંડખંડનો જીવ, સ્થાવરજંગમાત્મક સૃષ્ટિનું એક અંગ બની જાય છે. અને માત્ર નિજ–પરની જ નહિ, દેશકાળની જ નહિ, પણ ભોમ અને વ્યોમની પણ સીમાઓનાં બંધનથી મુક્ત થઈ, સચરાચરમાં ખેલતા મહાન પ્રાણનો અંશ બની જાય છે ને વ્યક્તિ મટીને વિશ્વમાનવી બને છે.

સપ્ટેમ્બરમાં કવિચિત્ત મન્થને ચડે છે ને લખાય છે સૉનેટમાળા 'આત્માનાં ખંડેર'.

'ઊગી ઉષા'—માં પ્રભાતને ફૂટતે પહોર કોઈ આગન્તુક અતિથિ હેંગિંગ ગાર્ડન્સ જેવા સ્થળ પરથી મુંબઈ જેવા મહાનગરની દૂર દૂર સુધી વિસ્તરેલી લીલાને નિહાળે છે અને એના હૈયામાં મહત્ત્વાકાંક્ષા સળવળી ઊઠે છે:

'આ ભૂમિનો બનીશ એક દિ' હું વિજેતા!'

'અહમ્'માં, આમ તો, એવો ભાવ છે કે સચરાચર વિશ્વને અર્થવત્તા મળે છે માનવને લીધે. માનવ ન હોય તો વિશ્વના અણુથી વિભુ સુધીના પદાર્થોનો પરસ્પર સંબંધ અને પોતાની જાત સાથેનો સંબંધ સમજે કોણ? એ પદાર્થોના અસ્તિત્વના રહસ્યને કળે કોણ? સૌન્દર્યને માણે કોણ? માનવ નહોતો ત્યાં સુધી એ પદાર્થો હતા ખરા; પણ એનું સૌન્દર્ય હતું आनाघ्रातं पुष्पम् જેવું, किसलयमलूनं कररुहैः જેવું, अनाविद्धं रत्नम् જેવું, मधु नवमनास्वादितरसम् જેવું, अखण्डम् पुण्यानां फलम् જેવું. વિધિએ એના ભોક્તા તરીકે માનવનું સમુપસ્થાપન કર્યું: અને એ સૌન્દર્ય કૃતાર્થ થયું. કેવળ ઉપભોગ દ્વારા જ નહિ, પણ સત્યશોધન દ્વારા.

'હતું સૌ: એ સાચું! હતી પણ ખરી હુંની જ મણા!
વિના હું બ્રહ્માંડે કવણ કરતે વિશ્વરમણા?'

પણ પૂર્વાપર સૉનેટોના સંદર્ભમાં જોઈએ તો, આગન્તુકનો આત્મા સર્વવ્યાપી બની જવા મથતો દેખાય છે ને એની સળવળી ઉઠેલી મહત્ત્વાકાંક્ષા વિશ્વવર્ચસ્વી બની જવા તલસે છે. કયા ક્ષેત્રમાં કાર્ય કરીને એ, અલબત્ત હજુ અસ્પષ્ટ છે.

'સત્ત્વપુંજ'માં માનવમહેરામણને નિહાળીને આગન્તુકને થાય છે કે આ સંક્ષુબ્ધ અને તરલ માનવરાશિનું જીવન કેમે કરતાં ઉલ્લાસથી ચગી ઊઠે તે માટે એને જરૂર છે કોઈ મહા વિરલ સત્ત્વપુંજની પ્રેરણાની, અને એને કદાચ થાય છે પણ ખરું કે એ સત્ત્વપુંજ પોતે ન બની શકે? અહીં પણ કાર્યદિશા હજી સ્પષ્ટ નથી થઈ.

'અશક્યાકાંક્ષા'માં આગન્તુકને થાય છે કે જુવાનીમાં વિરલ લોકનાયક, લોકહૃદયના સ્વામી બની જવાની આ મહત્ત્વાકાંક્ષા શશવિષાણ જેવી નથી. સિકંદર, બાબર, જોન ઑફ આર્ક, કીટ્સ: આ બધાંએ જુવાનીમાં જ અસાધારણ સિદ્ધિઓ મેળવી નહોતી? જળચર, સ્થળચર વગેરે રૂપે ઉત્ક્રાન્તિ પામતાં પામતાં જે ચેતનની તણખ મનુજરૂપમાં પ્રકાશી રહી છે તે જ મારા હૈયામાં પણ ધસી રહી છે. એને વિકસાવીને, હું ઉત્ક્રાન્તિક્રમના હવે પછીના સોપાને પહોંચું ને પ્રજ્ઞાપુરુષ બનું.

'દે પયઘૂંટ મૈયા' ૧૯૩૫માં લખાયું નથી. પણ એમાં પણ અદમ્ય વિકાસેચ્છા જ વ્યક્ત થઈ છે.

'કુંજ ઉરની'—માં આગન્તુકને થાય છે કે અઢળક સૌન્દર્યથી ભર્યાપૂર્યા બાહ્ય પ્રકૃતિના વિવિધ પદાર્થો 'મને આમંત્રે સૌ પ્રણુય ગ્રહવા વિશ્વકુલનો.'

પણ મારું કર્તવ્ય તો માનવજાત પ્રત્યે છે. એટલે મેં તો મારો પ્રણુય જગતને—માનવ-જાતિને—ચરણે ધર્યો છે, પછી માનવજાતિનો પ્રણુય, બદલામાં, મને મળો કે ન મળો !

'મને વ્હાલી વ્હાલી કુદરત ઘણી, કિંતુ અમૃતે
મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ ઉરની.'

મનુષ્યો મને ચાહે કે ન ચાહે, પણ હું તો મનુજઉરના ભાવોને મારા ઉર-સરસા રાખવા ચાહું છું. પ્રકૃતિ અને મનુષ્ય, એ બેમાં મને વધારે પ્રિય તો છે મનુષ્ય.

'અકિંચન'માં આગન્તુકનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ થાય છે; કવિતાલેખન, અને એને લાગે છે કે કવિની સાચી સમૃદ્ધિ છે એનાં કાવ્યો, એમાં હોય હૃદયની ભાવનાઓમાંથી અને જગતના મર્મવિદારક અનુભવોમાંથી તારવેલું સત્ત્વ. એ સત્ત્વ તારવવા જતાં અપાર વેદના વેઠવી પડે અને કવિનું હૃદય હોય અત્યંત સુકુમાર અને સંવેદનપટુ :

These things, Ulysses,
The wise bards also
Behold, and Sing.
But O! What labour
O prince! What pain!

કવિને પોતાના હૃદયના ખજાનાની—કાવ્યોની—જ નહિ, પણ ખુદ હૃદયની પોતાની પણ ખેરાત કરવી હોય છે. પણ હૃદયને સમજી કોણ શકે? કેટલાં શકે? એટલે જેની તેની પાસે તો એ ઉઘાડાય નહિ. એ ઉઘાડાય કોક અધિકારી પાસે જ : ને તે પણ જો એને ટોચે નહિ તો.

આઠમું સૉનેટ 'સંતોષ' ૧૯૩૫માં નથી લખાયું. એમાં આગન્તુકને થાય છે કે પોતાના કાર્યક્ષેમ માટે મનુષ્યે દૂર દૂર જવાની જરૂર નથી. જનસ્વભાવના કીમતી પ્રકારો જોવા માટે એણે જ્યાં ત્યાં ભમવાની જરૂર નથી. માનવહૃદય, માનવસ્વભાવ સર્વત્ર એક સરખો જ હોય છે. એને જોવા માટે આપણી પાસે આંખ હોવી જોઈએ, એટલું જ. એટલે દેશ કે કાલ કે વિધિવક્રતા સામે ફરિયાદ કર્યા વિના, મનુષ્ય, પોતાના પગ પાસે ને આંખ સામે છે તેને જ જો નિરખી શકે તો બસ.

નવમું સૉનેટ 'અનંતક્ષણુ' પણ ૧૯૩૫માં નથી લખાયું. એમાં આગન્તુકને લાગે છે કે પ્રત્યેક ક્ષણુમાં ભૂતના અનુભવો અને ભવિષ્યની આશાઓ કેન્દ્રિત થતાં જ હોય છે. એ દૃષ્ટિએ જોઈએ તો કાળની પ્રત્યેક ક્ષણુ ત્રિકાલની અને તેથી કાલ જેટલી જ અનન્ત હોય છે, અને એમાં જે અનુભવો થતા હોય છે તે પણ, રૂપાન્તરે એકના એક હોવાથી, ત્રિકાલના જ હોય છે. દૃષ્ટિ-સંપન્ન કવિ જનસ્વભાવના નિરીક્ષણુ અને ક્ષણિક એવા અનુભવની સચ્ચાઈ દ્વારા ત્રિકાલાબાધિત સાહિત્યનું સર્જન કરી શકે. આગન્તુકની મહત્ત્વાકાંક્ષા કવિતા દ્વારા લોકહૃદયમાં સ્થાન પામવાની અને લોકજીવનને પ્રેરવાની છે એ ખરું ; પણ આદર્શ એણે ઊંચો રાખ્યો છે—ચિરંજીવ સાહિત્યનું સર્જન કરવાનો—એ નોંધપાત્ર છે.

'નવી ઉષા'—આ સૉનેટથી ભ્રાન્તિનિરાસ શરૂ થાય છે. વરસ વીતી ગયું છતાં નવી ઉષા હજી ઊગતી નથી. પોતાની જાતને ઘડી એક તો ઘડી બીજા આદર્શો પ્રમાણે ઘડવામાં, જનમગજના ઝંઝાવતોમાં અશાંત બનીને વિંઝાયાં કરવામાં, દલિતો અને પીડિતોની દયા ખાઈને પોતાના અહંને પોસવામાં, આમ રજોગુણથી પ્રેરાઈને કશુંક કરી નાખવાના ચક્કરમાં આગન્તુક પડ્યો. પણ ઘડીકમાં એક તો ઘડીકમાં બીજી પ્રવૃત્તિની પાછળ દોડ્યે રાખતાં, ન કશું થઈ શક્યું, ન આકાશ અને પૃથ્વીના અનર્ગળ સૌન્દર્યનો આકંઠ આસ્વાદ લઈ શકાયો. ને સમય ખૂટી ગયો, બલ્કે, સમયને ખૂટાડી દીધો. વરસ વીતી ગયું. પણ નવી ઉષા ઊગી નહિ, અને ફરીથી થાય છે કે સમય મળે તો સારું.

આગન્તુકને રજોગુણી, અવ્યવસ્થિત, દોડાદોડની નિઃસારતા સમજાય છે ત્યારે વેળા વીતી ગઈ છે. પોતાને જે સમય મળ્યો હતો તે વેડફાઈ ગયો છે. અને હવે ઝાઝો સમય રહ્યો નથી. 'કુંજ ઉરની'માં ભાવ હતો કુદરત કરતાં માનવ પોતાને વિશેષ પ્રિય છે એ. અહીં માનવજાત વચ્ચે રહીને પ્રવૃત્તિ કરવી તેના કરતાં કુદરતના સૌન્દર્યને માણવું એ આગન્તુકને વિશેષ પ્રિય હોય એવો ભાસ થાય છે. સમાજસેવાનાં કાર્યો, બૌદ્ધિક પ્રવૃત્તિઓ, પોતાની જાતને ઘડવાના પ્રયત્નો પણ અન્તે તો નકામા અને નિષ્ફળ છે, એવી નિરાશા આગન્તુકને થતી લાગે છે.

'આશાકણી'માં એ જ વૈફલ્યનો, નિઃસારતાનો અને હવે ઝાઝો સમય રહ્યો નથી એ ભાવ વિકસે છે. ચારે તરફ આગન્તુકને નિરાશા, જડતા, માયા, અહમહમિકા, અને લોકૈષણા જ વ્યાપી રહ્યાં દેખાય છે. આ બધામાં દારૂડિયાની માફક સાનભાન ભૂલીને મનુષ્ય સમયને વેડફી નાખે છે એમ લાગે છે. પણ સમય હવે ઘેરાઈ ગયો છે; ને એની ભીંસમાં એવો તો આવી ગયો છે કે એ હસવા જાય છે તોપણ તેનાથી રડી પડાય છે.

આ જીવનમાં છે શું ? વેરઝેર, પાપ, નિષ્ફળતા, પ્રણયનું વૈફલ્ય : અને છતાં લોકોને જીવવાનો મોહ છૂટતો નથી કેમ ? એમને લાંબું જીવવું ગમે છે શા માટે ?

'અશક્તિ આત્મહત્યાની એને આશા કહે જનો,
મૃત્યુથી ત્રાસતાં તોયે જિન્દગી અર્ક મૃત્યુનો.'

'મૃત્યુ માંડે મીટ' પણ ૧૯૩૫માં લખાયું નથી. તેમાં સમય ખૂટવા આવ્યો છે, મૃત્યુ નજીક આવી રહ્યું છે, પણ મૃત્યુ એટલે નવા જીવનનું પ્રભાત ને નવપ્રદેશમાં આનન્દયાત્રા ને એવા એવા તર્કો કરીને, મૃત્યુના દંશને મોળો કરી નાખવાનું આગન્તુકને ગમતું નથી. મૃત્યુથી ડર્યા વિના, એને તો મૃત્યુના ભીષણ અને રુદ્ર રૂપનો સાક્ષાત્કાર કરવો છે. ને સર્વદમને સિંહના ગણ્યા હતા તેમ આ યુવાન આગંતુકને સ્વસ્થ અને શાન્ત ચિત્તે મૃત્યુના દાંત ગણવા છે.

'નિશાપંથ'માં નિરાશા, નિષ્ફળતા, આદિથી અને જગતની કૂડી ગાથાથી થાકયોહાર્યો અને આ ભર્યાભાદર્યા સંસારમાં પોતાનું કોઈ જ નથી, પોતે સાવ એકલો છે, એવો ભાવ અનુભવતો આગન્તુક આપઘાત કરવા માટે દરિયામાં ઝંપલાવે છે. પણ દરિયો એને સંઘરતો નથી. ને હડસેલીને કાંઠે ફગાવી દે છે. જાણે કહેતો ન હોય કે 'તું જાણે ને તારું જગત જાણે! ખબરદાર, મને વચમાં સંડોવ્યો છે તો!' માનવવ્યવહાર પ્રત્યે પ્રકૃતિ ઉદાસીન જ હોય છે.

'બિચારો મનુજ'માં પણ આ જ નિરાશા ઘૂંટાયા કરે છે. વિધાતા તો નિષ્ઠુર છે. રેતીને પીલવાથી તેલ નીકળે તો વિધાતા પાસેથી સુખ કે શાન્તિની આશા રાખી શકાય. રેતી પડી હોય તેમ પડી રહેવા દઈએ તો રમ્ય મૃગજળ તો દેખાય! પછી ભલેને એ માત્ર ભ્રમણા જ હોય! આ તો રેતીને નિચોવવામાં પડ્યા એટલે મૃગજળ પણ ગયું ને તેલ પણ નીકળ્યું નહિ! વિધાતાની સામે ઝઝૂમવા જતાં લોહીનું પાણી થઈ જાય; ને મેળવેલું માણવાની વેળા, કદાચ, આવીને ઊભી રહે તો, એ વખતે, મનુષ્ય એ માણવાની શક્તિ ગુમાવી બેઠો હોય. આના કરતાં વિધાતાને વતાવીએ જ નહિ તો? મનુષ્ય બાપડો પુરુષાર્થ કરતાં પાછું વાળીને જોતો નથી, પણ એને મળે છે શું, પોતાની પ્રાણશક્તિ ગુમાવી બેસવા સિવાય?

'દગજલ ભલાં'માં પણ એ જ હતાશા, એ જ નિષ્ફળતા, અને એ જ sense of imminent deathનો ભાવ આલેખાયો છે. આ જગતમાં જીવનનો ઉલ્લાસ ટકી રહે એવું છે શું? અહીં તો માણસ પચીસે પહોંચે ત્યાં હૃદયથી બુઢ્ઢો બની જતો હોય છે. યૌવન, ઉલ્લાસ આદિને અહીં અવકાશ જ છે ક્યાં? અને છતાં લોકો નસીબદાર માણસનાં છૈયાં હોય એમ ખુશખુશાલ રહ્યાં કરે છે, રમકડે રમી રમીને અને મૃત્યુ જ્યાં પગલાં દબાવતું આવી રહ્યું છે, ગમે ત્યારે આપણા પર તૂટી પડે તેમ છે ત્યારે લોકો પ્રતાપી અને પરાક્રમી જીવન જીવવાની ને આનન્ત્યમાં વિહરવાની વાતો કરે છે! ને આત્મા તો ચૈતન્યમય છે, શરીર જડ છે એમ કહીને આત્માનું 'નિર્લેપન' કરવાનો ઉપદેશ આપે છે પણ એમણે પોતે પોતાના શરીરને જડ માનીને એનો મોહ ઉતાર્યો છે કદીયે? તો પછી એ લોકો परोपदेशे पाण्डित्यम् બતાવવાને શા માટે નીકળ્યા છે? દવા સાચી હોય તોપણ એ જલદ તેજાબોની બનેલી છે. દરદીની તાસીર જોયા કાર્વ્યા વિના, આવી દવા વગર વિચાર્યે અપાય ખરી? ક્યાં છે આત્મા? જોયો છે એને કોઈએ? એ જો ચૈતન્યમય હોય તો એની આંગળી એવી તે કઈ ભીડમાં હતી કે એને જડનો સંગ કરવો પડ્યો? પહેલાં આ સમજાવો: પછી આત્માનું 'નિર્લેપન' કરવાની વાતો કરો, મહારાજ!

'કહીં આત્મા? શાને—પ્રથમ ઉચરો, લેપ પછીથી.'

ઉમાશંકરના જ શબ્દોમાં કહીએ તો, 'ભ્રમણામાં રાખીને, જે છે નહિ એવા ખોટા આનંદોની મદિરા શીદ પાઓ છો? એ કરતાં તો અમારે જે છે જ એવા શોકથી પ્રેરાયેલાં આંસુનો પ્યાલો સારો. ભ્રમથી મુક્ત (યથાર્થમાં) તો રહેવાશે.'

શોક એટલો બધો વ્યાપી ગયો છે કે આત્માપરમાત્મા વગેરેની વાતો પણ આગંતુકને વાસ્તવિક્તાનું ભાન ભુલાવવા માટે લુચ્ચા અને સ્વાર્થી લોકોએ ઊભી કરેલી ભ્રમણા જેવી લાગે છે. જીવનની નિ:સારતા, એનો બોજો, શોક અને દુઃખ, મૃત્યુની નિકટતાના ભાને આગન્તુકની પરંપરા-પ્રાપ્ત માન્યતાઓમાંથી શ્રદ્ધા ઉડાડી દીધી છે. વસ્તુસ્થિતિ ગમે તેવી વિકટ ને અસહ્ય હોય તોપણ પૌરુષ એનો સામનો કરવામાં છે. શાહમૃગની માફક રેતીમાં માથું દાટી દઈને આત્મવંચના કરવામાં નહિ, એ માન્યતા અહીં પણ જોવામાં આવે છે. યથાર્થમાં રહેવું, વસ્તુસ્થિતિને મર્દની માફક જીરવી લેવી એ માન્યતા આગંતુકમાં દઢ થતી જાય છે.

'અફર એક ઉષા': એ કાવ્યમાં વસ્તુસ્થિતિનું ભાન વિશેષ સતેજ થાય છે. ભ્રમણા ટકી ટકીને પણ કેટલું ટકે? ક્યારેક તો એ તૂટવાની જ; ને એને ઝાકળના જળની માફક ઉડાડી

મૂકનારી નિષ્ઠુર ને અક્રૂર ઉષા—વસ્તુસ્થિતિનું ભાન—ક્યારેક તો ઊગવાની જ. એવી ઉષા ઊગે છે. ને આગન્તુકને જે મનુષ્યોના લાડીલા નેતા બનવાનો લોભ હતો તે મનુષ્યો આત્મવાન પ્રાણીઓ નથી લાગતાં, આત્માના ખંડેર જેવાં લાગે છે. આ ખંડેરો પર રાજ્ય કરવાથી શું વળે!

'ને છાંડીને જયમનોરથ કો ધવાયા,
પંખી સમું ઉર લપાઈ કહીંક બેઠું,
ખંડેરની કરુણભીષણુ ગાતું ગાથા,
ને ગોતતું અફળ ગાનમહીં દિલાસા.'

આગલા એક કાવ્ય—'આત્મસંતોષ'—માં કવિ આવતી પેઢીઓને માટે ગાન ગાવા તૈયાર થયો હતો, ને 'ઓરતા'માં પોતાને ઓરતા ન રહી જાય તે માટે. અહીં એ ગાન ગાય છે, પોતાને માટે દિલાસો શોધવા—એ ગાન અફળ છે, એનાથી કોઈને કશું જ થવાનું નથી એમ જાણવા છતાં.

'યથાર્થ જ સુપથ્ય એક' આ સોનેટમાળાનું અંતિમ કાવ્ય છે. તેમાં આગન્તુકને નિશ્ચય થાય છે કે દુનિયા તો છે એવી ને એવી જ રહેવાની. એમાં રહીને શાન્તિ કે ચિત્તસુખ પામવાનાં ફાંફાં મારવાં કે એમાં જે દુરિત રહ્યું જ છે તેનો નાશ કરવાને અધીરા થઈ આકાશપાતાળ એક કરી નાખવાં તે વ્યર્થ છે. મૃત્યુ પ્રતિક્ષણુ નજીક આવી રહ્યું છે, ને અહીં ચોમેર અશાન્તિનો પારાવાર હેલે ચઢ્યો છે ત્યાં, શાન્તિ કે ચિત્તસુખ કોઈને મળ્યાં નથી, મળે તેમ નથી. તો પછી સુખને નામે સુખની ભ્રમણામાં જ શા માટે જીવવું? દુનિયા જેને સુખ માને છે એ, વાસ્તવિક રીતે જોઈએ તો, સાચાં સુખ નથી, 'વિતથસૌખ્ય' છે; અને આગન્તુકને એ વિતથસૌખ્ય જેટલાં ખટકે છે તેટલાં ખુદ અસુખ પણ ખટકતાં નથી. દુઃખને બરાબર સમજી જઈએ એ એને જેટલું રુચે છે તેટલાં વણસમજ્યાં સુખ રુચતાં નથી.

જીવન જીવવાનો કીમિયો એક: જે કંઈ આવી પડે તે અવશ બનીને મૂગે મોઢે સહન કરી લેવું તે પણ નહિ; ને નિષ્ફળ જવા નિર્માયેલાં ઘર્ષણોમાં શક્તિ વેડફી નાખવી તે પણ નહિ. પણ વસ્તુસ્થિતિ–યથાર્થ–realityને સ્વીકારી લેવી ને શક્ય હોય તેટલે અંશે સમજી લેવી તે. 'વણસમજ્યે આનંદ ભોગવવામાં શી મજા છે? એના કરતાં તો ભલે રિબાવું પડે પણ સમજવું સારું.'

શોક, દુઃખ, પુરુષાર્થની નિષ્ફળતા, જગતની કટુતા અને હિંસ્રતા, રજોગુણી પ્રવૃત્તિમાત્રની શું જગતને કે શું જાતને સુધારવાની પણ પ્રવૃત્તિમાત્રની—વ્યર્થતા, શાન્તિ કે ચિત્તસુખ માટે ઝાંવા નાખવાની નિરર્થકતા, અસહ્ય એકલતા, sense of imminent death, sense of total annihilation:

આ બધા વિચારો આ વર્ષમાં કવિના ચિત્તમાં ઘોળાયા કરતા દેખાય છે, અને છતાં નથી કવિ એનાથી ભાંગી પડતો કે નથી કોઈ ભ્રમણામાં ભરાઈ જતો.

પરંપરાપ્રાપ્ત માન્યતાઓ અને શ્રદ્ધાઓ, કર્મ, કર્મફલ, આત્મા, એનું અમરત્વ, પુનર્જન્મ અને પરલોક; આ બધામાં એને કશો કસ દેખાતો નથી; અને એને સ્થાને ગોઠવી શકાય

તેવી બીજી કોઈ કસદાર વસ્તુ કવિને ક્યાંય લાગતી નથી. સત્યને જ અસ્તિત્વનો આધાર ગણતા કવિની આ ત્રિશંકુદશા છે. એમાં એક સમય એવો આવે છે કે જ્યારે એને પ્રકૃતિ વહાલી નથી લાગતી એમ નહિ, ઘણી વહાલી લાગે છે, પણ પ્રિયતર તો લાગતી હોય છે માનવસ્નેહના અમૃતથી છાયેલી ઉરની નિકુંજ. આ કાવ્ય બીજી સપ્ટેમ્બરે લખાયું, પણ આ સમય દરમ્યાન કવિનું ચિત્ત જગતના અનુભવોની એવી તીવ્રતામાંથી પસાર થતું લાગે છે કે એના પછી ચોથે જ દિવસે, છઠ્ઠી સપ્ટેમ્બરે, કવિને ઘડીક એમ થઈ જાય છે કે વધારે આસ્વાદ્ય તો હતી કુદરત અને એનાથી સખેદ કહેવાઈ જાય છે કે :

'વરસભરનાં વીત્યાં વ્હાણાં વીત્યાં પલકારમાં;
નથી ખબર કે જાણ્યાં મ્હાણ્યાં પૂરાં ઉર બ્હારમાં.
વરસભરના મધ્યાહ્નો ને મીઠી મધ્યરાત્રિઓ,
શું કહું ? સહુ યે આ હૈયે તો અજાણ જ યાત્રીઓ.
અધીરપભર્યા ભાવે વેણુ સુણી'તી વસંતની,
નિરખી'તી નભે વર્ષાનીયે મદે પદપંક્તિઓ.
શરદસરમાં દીઠી હોડી સરંતી મયંકની,
પણ કહીંય તે આ હૈયાને ન સ્પર્શ કંઈ થયો.'
—નવી ઉષા.

બડા બડા આદર્શો અને જીવનશોધનના પ્રયત્નો, બૌદ્ધિક ચર્ચાવિચારણા અને પટ્ટાબાજી અને લોકસેવાની પ્રવૃત્તિ સુદ્ધાં, આ મનોદશામાં કવિને સત્યનું મુખ અપહિત કરતા હિરણ્મય પાત્ર જેવી લાગે છે.

અને એ એટલો જાગ્રત છે કે એ ભ્રમણામાંથી મુક્ત થઈ ગયા પછી, બીજી કોઈ નવી ભ્રમણામાં ફસાવા માગતો નથી, ફસાતો નથી. જીવન તો મળ્યું જ છે ને એ જીવવાનું પણ છે. અસત્ આનંદોની મદિરા ઢીંચ્યાં કરીને કે રમકડે રાચ્યાં કરીને, અવ્યવસ્થિત ચિત્તના રજસ્થી પ્રેરાઈને ઘડી એક, તો ઘડી બીજી પ્રવૃત્તિ ઊભી કર્યા કરતાં રહી, જીવનમાંથી નાસાનાસ કરીને કે અશક્ય આદર્શોને સિદ્ધ કરવા માટે હવાતિયાં માર્યા મારીને ગમે તેમ કરીને પણ સમયને ખુટાડી દેવો એ સાચું જીવન નથી. એ રીતે જીવવું એ તો, ઉમાશંકરના જ શબ્દોમાં કહીએ તો, 'જીવનના પ્રવાહને આંગળીઓ વચ્ચેથી વ્યર્થ સરી જવા દેવા બરાબર છે.'* અને એક પ્રકારના આદર્શો વગેરે જો ખોટા ઠર્યા તો બીજા પ્રકારના આદર્શો વગેરે ઊભા કરીએ તો એ સાચા જ હશે એની કોઈ ખાતરી ખરી ? ખુદ આત્માના જ અસ્તિત્વ વિશે કવિ સાશંક થઈ ગયા છે. ના, એ નથી જ એ વાત એમના હૃદયમાં વણાઈ ગઈ છે.

એટલે પૂર્વજન્મ કે પુનર્જન્મનો વિચાર આવે જ કેમ ? જે છે તે પૃથ્વી પરનું જીવન છે. અને મૃત્યુ ન આવે ત્યાં સુધી એ જીવવાનું છે. એની આગળ શું હતું કે પાછળ શું હશે તેનો વિચાર કરવો તે કેવળ કલ્પનાવિલાસ છે. એના સત્યાસત્ય વિશે ખાતરીપૂર્વક કોણ કહી શકે ? ઊલટું, જે લોકો એ ખાતરીપૂર્વક કહેતા દેખાય છે તેમાંના ઘણાંને મન એ પોથીમાંનાં રીંગણાં છે.

* "નિશીથ"—પૃ. ૨૦૭.

એટલે કવિને એમાં રસ નથી. અને તેથી તેની દૃષ્ટિએ જીવન એટલે કેવળ યથાર્થ—વાસ્તવિકતા—નો સમજપૂર્વક સ્વીકાર, ભ્રમણા—સારી હોય કે ખરાબ, પણ—ભ્રમણામાંથી મુક્તિ.

યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શકય જે,
અજાણ રમવું કશું ! સમજવું રિબાઈયે તે.
યથાર્થ જ સુપથ્ય એક.

કવિનું દર્શન "નિશીથ"નાં ૧૯૩૫નાં કાવ્યોમાં આટલે સુધી પહોંચ્યું છે. પછીનાં કાવ્યોમાં, કવિની નિરાશા, વિષાદ વગેરે દૂર થઈ ગયાં છે અને એને 'અમૃત અવનિનું' લાધ્યું છે એ વાત ખરી; પણ દર્શનની દૃષ્ટિએ કવિ આનાથી બહુ આગળ ગયા હોય એવો મારો ખ્યાલ નથી.

૧૯૩૫નાં કાવ્યો વાંચતાં મને બીજું પણ એક લાગે છે કે કવિનું ચિત્ત જ્યારે ઊર્મિને કે મન્થનચિન્તનને પૂરેપુરું વશ થઈ ગયું હોય છે ત્યારે જે કાવ્યો સર્જાય છે તેમાં સહોદરની જેમ એકબીજાનો અણસાર વરતાઈ આવ્યા વિના રહેતો નથી. એટલું જ નહિ પણ વાદળી કે વાદળું, જે હોય તે, પૂરેપૂરું વરસી ન જાય ત્યાં સુધી કવિચિત્તને જંપ વળતો નથી. એમ પણ કહી શકાય કે કવિનું ચિત્ત એવું તન્મય થઈ ગયું હોય છે કે એની આડે, આગળપાછળના બીજા કોઈ વિચાર કવિ સહી શકતા નથી. જાન્યુઆરીમાં પ્રણયની ઊર્મિઓએ કવિચિત્તને છાયું. અને એક પછી એક ટપકવા લાગ્યાં પ્રણયનાં જ કાવ્યો. સપ્ટેમ્બરમાં sense of futility—વૈયર્થ્યના ભાનનો મેઘ ગોરંભ્યો અને સરી સૉનેટમાળા 'આત્માનાં ખંડેર'.

જાન્યુઆરીમાં વાદળી વરસી ગઈ અને હૈયું હળવું થયું. પણ એ હૈયું પણ હતું કવિનું. એટલે એને સર્જન કર્યા વિના ચેન કેમ પડે ? ઊર્મિનો ઘટાટોપ તો હતો નહિ. અને આદર્શોની માફક ઊર્મિઓ પણ સાચા કવિને ઉછીની ખપે નહિ. એટલે કવિએ આવાહન કર્યું બુદ્ધિનું. અને મે-જુનમાં લખાયાં આપણે બુદ્ધિપ્રેરિત કાવ્યોના વિભાગમાં જોયાં તે કાવ્યો. એ કાવ્યો પર ઉમાશંકરના કર્તૃત્વની મુદ્રા નિઃશંક અને નિઃશેષ રીતે અંકિત થઈ છે એ ખરું; પણ ભાવ, ભાષા અને અભિવ્યક્તિની રીતિની દૃષ્ટિએ એ બધાં કાવ્યો એકબીજાંથી સાવ જુદાં પડે છે. કવિતા માત્ર **ઊર્મિમાંથી કે ચિન્તનમાંથી જ જન્મતી હોય છે એવું નથી. નિર્મળ અને કુશાગ્ર બુદ્ધિમાંથી પણ જન્મતી હોય છે. એનું આ કાવ્ય સુરેખ નિદર્શન છે.**

જુન વીત્યો. અને ઉમાશંકરનો જન્મમાસ જુલાઈ આવ્યો. ચોવીસમું પૂરું થવા આવ્યું. કવિચિત્ત ફરીથી ઊર્મિઓનાં તુમુલ અનુભવે છે અને પચીસમે સર્જાય છે 'વર્ષે વર્ષે.'

'વર્ષે વર્ષે' મને ૧૯૩૫નાં ઉમાશંકરનાં કાવ્યોમાં 'દહેલી દીપક' જેવું લાગે છે. વરસના છ મહિના વીતી ગયા છે. બીજા છની શરૂઆત થઈ છે. જાન્યુઆરીનાં પ્રણયકાવ્યોનો ઊર્મિઉછાળ અને સપ્ટેમ્બરની સૉનેટમાળાનું મન્થનચિન્તન, બન્ને જાણે આ કાવ્યમાં સમરસ થયાં હોય તેમ લાગે છે. વાસ્તવિક્તા ગમે તેટલી કઠોર હોય તોપણ તેનાં ઘમસાણ વેઠી લેવાં અને એ ઘમસાણ વેઠતાં વેઠતાં હૃદયરસ વહાવવો એમાં જ જીવનનું સારસત્ત્વ સમાયું છે. 'વર્ષે વર્ષે'ના આ દર્શનમાંથી સૉનેટમાળાનું દર્શન—યથાર્થ જ સુપથ્ય એક—મ્હોરે છે.

૧૯૩૫નાં કાવ્યોમાં જે ઊર્મિ આલેખાય છે તેમાં ઉચ્ચ પ્રકારનું આભિજાત્ય અને સંયમ

છે; જે બુદ્ધિના લીલાવિલાસોનું દર્શન થાય છે તેમાં તેજ અને ચમત્કૃતિ છે; જે મન્થન ચિન્તન વ્યક્ત થાય છે તેમાં ગંભીરતા અને અન્તર્ગૂઢ ઘનવ્યથા છે.

હજી તો ૧૯૩૨માં આપણે કવિને ક્યારેક અભિનિવેશપૂર્વક તાર સ્વરે પુકાર કરતા જોઈએ છીએ કે:

'વીર, ઊઠી આજ લડી લો ત્યારે જુદ્ધની સામે જુદ્ધ,
ઓ રે! જુદ્ધની સામે જુદ્ધ.
ઘરે ઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુદ્ધ!
"ગંગોત્રી"—'બારણે બારણે બુદ્ધ'.

અને એ જ ૧૯૩૨માં આપણે કવિને આક્રોશપૂર્વક ધનિકોને પડકારતા સાંભળીએ છીએ:

અંતર-રૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે!
"ગંગોત્રી"—'જઠરાગ્નિ'.

અને ૧૯૩૫નાં કાવ્યોમાં તો નથી ક્યાંય નજરે પડતો એ અભિનિવેશ કે નથી ક્યાંય ઓછાયોયે દેખાતો એ આક્રોશનો. આ બેત્રણ વર્ષમાં કવિ અનુભવની જે તાવણીમાં તવાયા તે એટલી તીવ્ર હશે અને બૌદ્ધિક જીવન એ એટલી ઉત્કટતાથી જીવ્યા હશે કે ૧૯૩૫માં તો કવિનાં આછાં નીર ઊંડાં થઈ જાય છે ને આછરી જાય છે.

આઠ પંક્તિઓના 'એક સંવાદ'ને બાદ કરીએ તો ૧૯૩૫ના બીજા એક પણ કાવ્યમાં ગાંધીયુગનાં કેટલાંક કાવ્યોના પાણીપોચા ઊર્મિદાસ્યની પરોક્ષ ગંધ પણ રહી નથી. આનો અર્થ એ નથી કે ગાંધીજીમાંથી કવિની શ્રદ્ધા ડગી ગઈ છે કે ઊડી ગઈ છે. સાચી વાત તો એ છે કે ગાંધીયુગની પ્રવૃત્તિમાં કવિએ પ્રવાહપાત કર્યો હતો ત્યારે પણ એ જળને છોડીને ફીણને કદી વળગ્યા નહોતા, કે સત્ત્વને છોડીને છાયા પાછળ કદી ભમ્યા નહોતા. ત્યારે પણ ઉમાશંકર કવિ ક્યારે ય મટ્યા નહોતા અને Journalist કદી બન્યા નહોતા. 'બારણે બારણે બુદ્ધ' કે 'જઠરાગ્નિ'માં થયું છે એમ ક્યારેક નવયૌવનસુલભ આવેશથી ઊર્મિલ બનીને એ સમકાલીન ભાવભરતીમાં તણાઈ જાય છે, એટલું જ. બાકી, "ગંગોત્રી"માં પણ ઉમાશંકરે ગાંધીયુગનાં પ્રચારસૂત્રોને નહિ પણ ભાવનાઓને જ જાગતિક સંદર્ભમાં ગાઈ છે, પણ ૧૯૩૫માં એક તરફથી ગાંધીયુગની ભાવભરતી ઓસરવા લાગી છે; ને બીજી તરફથી બુદ્ધિમાં ઉમાશંકર mature—પરિપકવ થઈ ગયા છે. એટલે માનવસ્વભાવની incorrigibilityનો એમને પૂરેપૂરો ખ્યાલ આવી જાય છે; અને તેથી તેમના મનનચિન્તનનું કેન્દ્ર બને છે જીવનની વિષમતા અને જટિલતા.

૧૯૩૫માં અને ત્યાર પછી છેક આજની ઘડી સુધી ઉમાશંકરનાં ગાંધીજી પ્રત્યેનાં પ્રેમભક્તિ યથાતથ જળવાઈ રહ્યાં છે એ ખરું; જીવનશોધન અને સત્યની ખોજ માટેની એમની તાલાવેલીની તત્કાલ પ્રેરણા મુખ્યત્વે ગાંધીજી જ છે એ પણ ખરું; પણ ૧૯૩૫નાં કાવ્યોમાં સમકાલીન રાષ્ટ્રીય કે આન્તરરાષ્ટ્રીય રાજકીય કે આર્થિક-સામાજિક પરિસ્થિતિની પ્રેરણા ક્યાંય નથી દેખાતી. કવિતા કેવળ જીવન તરફ વળી છે અને જીવનનો તલસ્પર્શ કરવા લાગી છે.

૧૯૩૫ પછીનાં પાંત્રીસેક વર્ષમાં તો ઉમાશંકર ખૂબ ખૂબ આગળ નીકળી ગયા છે. વ્યક્તિનિષ્ઠ પ્રણયની ઊર્મિઓ સીધે સીધી રીતે આલેખાતી ક્રમે ક્રમે અટકી ગઈ છે. 'ગંગોત્રી'નાં કોઈ કોઈ કાવ્યોમાં દેખાતાં હતાં તે યૌવનસુલભ આવેશ, મુગ્ધતા અને પ્રશ્નોના સીધા અને સરળ તત્કાલ ઉકેલ આપવાનો ઉત્સાહ તો ૧૯૩૫નાં કાવ્યોમાં જ દેખાતાં બંધ થઈ ગયાં છે. અને ત્યાર પછીનાં કાવ્યોમાં કવિની દૃષ્ટિ મૂલગામી અને મર્મગામી બની છે અને યુદ્ધ જેવી સમસ્યાઓનાં મૂળ કોઈ આર્થિક કે રાજકીય પરિસ્થિતિ વિશેષમાં નહિ, પણ સનાતન માનવ-સ્વભાવમાં રહ્યાં છે તેથી એને કાયમને માટે નાબૂદ કરી શકાય તેમ નથી એમ કવિને લાગ્યું છે. કવિની દૃષ્ટિ પ્રાસંગિક કે સમકાલીન પ્રશ્નો પર નહિ તેટલી સર્વકાલીન પ્રશ્નો પર કેન્દ્રિત થતી જાય છે. અને સત્ય જ કવિના મનન–ચિન્તનનું કેન્દ્ર ઉત્તરોત્તર વધારે ને વધારે બનતું જાય છે.

આત્મલક્ષી અને વસ્તુલક્ષી, બન્ને પ્રકારનાં કાવ્યોમાં કવિની અનુભૂતિનું ફલક વિસ્તરતું જાય છે ને અભિવ્યક્તિની રીતિ વૈવિધ્યપૂર્ણ થતી જાય છે. આમ ઉમાશંકર, કવિ તરીકે, હંમેશાં વિકાસોન્મુખ રહ્યા છે. પણ તેમના મનન–ચિન્તન અને દર્શનનું બીજ તો મને "નિશીથ"નાં ૧૯૩૫નાં કાવ્યોમાં જ રહ્યું દેખાય છે.

ભાસની વાસવદત્તા

રાજેન્દ્ર નાણાવટી

અગ્નિ જેને બાળી ન શક્યો તે स्वप्नवासवदत्तम् ભાસને નામે ચડાવાયેલાં તેરે નાટકોમાં તો શ્રેષ્ઠ છે જ, સંસ્કૃત નાટ્યસાહિત્યનું પણ તે એક અણમોલ રત્ન છે. તેની આ મહત્તામાં એ નાટકની નાટ્યાત્મક ઘટનાઓનો તથા કુશળ સંવિધાનનો જેટલો ફાળો છે તેટલો જ ફાળો નાટકના સજીવ પાત્રાલેખનનો પણ છે. ઉદયનથી માંડીને છેક ચેટી જેટલા નાના પાત્ર સુધી સર્વત્ર નાટ્યકારે પોતાની સજીવ પાત્રાલેખનની કલાને સરસ રીતે જાળવી રાખી છે. દરેક પાત્રને પોતાનો વિશિષ્ટ સ્વભાવ અને બોલચાલની પણ તરત ઓળખી કઢાય એવી વિશિષ્ટ લઢણ અપાયેલાં છે. પણ નાટકની આ પાત્રસૃષ્ટિમાં સૌથી આકર્ષક છે નાટકના કેન્દ્રમાં રહેલી પાત્રત્રયી— ઉદયન, પદ્માવતી અને વાસવદત્તા. ગંભીર વાતાવરણમાં ફરતાં આ ત્રણે લાગણીશીલ પાત્રોને નાટ્યકારે લાગણીવેડામાંથી મુક્ત રાખ્યાં છે એ હકીકતને આ નાટકના લેખકની મહત્ત્વની સિદ્ધિ ગણવી જોઈએ.

ઉદયનનો વાસવદત્તાને માટેનો પ્રેમ પ્રબળ તો છે જ, કદાચ સૂક્ષ્મ ઓછો હશે, પણ છે સાચો. જો કે તે વ્યવહારુ વલણ અપનાવનારો રાજપુરુષ છે, વાસવદત્તાને ગુમાવ્યા પછી પદ્માવતીનો સ્વીકાર કરવાનો તે વિરોધ કરતો નથી; લગ્ન કર્યા પછી, ભલે ફરજના ભાનથી, પણ એને ચાહવાનો પ્રયત્ન પણ એ જરૂર કરે છે; છતાં વાસવદત્તાને માટેનો એનો પ્રેમ હૃદયપૂર્વકનો હતો એની પ્રતીતિ તો નાટકમાં અનેક પ્રસંગોએ થાય છે. એના ચિત્તનો આ જ ગુણ—सानुक्रोश इति—વાસવદત્તાને એના તરફ આકર્ષવામાં કારણભૂત બન્યો હતો, અને પછી યે પાછો એ જ પદ્માવતીને પણ એના તરફ આકર્ષે છે. વાસવદત્તા કહે છે તેમ—जानामि, जानामि, अयमपि जन एवमुन्मादितः ।

તો એની સામે પદ્માવતીનું પાત્ર પણ એટલું જ ઉદાત્ત છે. પોતે રાજા પ્રત્યે ખેંચાઈ છે, એના તરફથી પ્રશંસાની પણ અપેક્ષા રાખે છે, છતાં રાજાની અવસ્થા પ્રત્યેની એની સહાનુભૂતિ પણ પ્રશંસનીય ગણવી પડે. રાજા વાસવદત્તાને ભૂલી શક્યો નથી અને પોતાની આગળ તો દાક્ષિણ્યથી—પોતાને, નવપરિણીતાને દુઃખ થશે એ ખ્યાલથી જ—આંસુ રોકી રાખે છે એમ એ બરાબર જાણે છે; છતાં ઈર્ષ્યા કે કટુતાની લાગણી અનુભવ્યા સિવાય જે સહાનુભૂતિપૂર્વકની સમજદારીથી તે પરિસ્થિતિને સ્વીકારી લે છે તેમાં તેના ચારિત્ર્યની સ્થિરતા, સુદઢતા વ્યક્ત થાય છે. પ્રેમ હંમેશાં પ્રતિભાવની અપેક્ષા રાખે છે અને સમાન પ્રતિભાવ ન પ્રગટે તો સામી વ્યક્તિ પ્રત્યે પ્રેમનો અનુભવ કરવો ઘણો મુશ્કેલ છે. પદ્માવતી એ કરી શકી છે તે એના પાત્રની અભિજાત સ્વસ્થતાને કારણે જ.

પણ આ પ્રણયત્રિકોણમાં સૌથી આકર્ષક અને હૃદયસ્પર્શી પાત્ર તો છે વાસવદત્તાનું. પાત્રાલેખનની પોતાની સમગ્ર કલાનો અભિષેક નાટ્યકારે વાસવદત્તાના પાત્ર ઉપર કરી દીધો છે.

ઉત્કટ પ્રણયને કારણે એના પાત્રમાં થતો વિકાસ સૂક્ષ્મતાથી આલેખવામાં નાટ્યકારે જે કસબ દાખવ્યો છે તેથી એ પાત્ર સંસ્કૃત સાહિત્યમાં ચિરંજીવ બની ગયું છે.

પ્રણય પુરુષના વ્યક્તિત્વનો કેવળ એક અંશ છે, પણ સ્ત્રીને માટે તો એ જ સમગ્ર અસ્તિત્વ છે. વાસવદત્તાને માટે પણ, ઉદયન જ એના વિશ્વનું કેન્દ્ર છે. પતિ કરતાં યે વધુ તો પ્રિયતમ એવા ઉદયનને માટેનો તેનો પ્રબળ પ્રેમ તેના અંગે અંગે, તેના સમગ્ર અસ્તિત્વને વ્યાપી વળ્યો છે. સૂર્યના કિરણે કિરણે જેમ કમળફૂલ ઊઘડતું જાય એમ બ્રહ્મચારીના શબ્દે શબ્દે ઉદયનની પ્રણય-ઉષ્માને ઝીલતી વાસવદત્તાનું પાત્ર ખીલતું આવે છે. પોતાના દરેકે દરેક વર્તનમાં અવશપણે પ્રગટ થઈ જતા આ પ્રેમને વારવાનું, એને આવરી-સંતાડી રાખવાનું કાર્ય વાસવદત્તા માટે ઘણું દુષ્કર બની રહે છે. ગુપ્તવાસ શરૂ થતામાં જ, બ્રહ્મચારીના મુખે ઉદયનની અવસ્થા સાંભળતા એની આંખો ભરાઈ આવે છે ત્યાં જ, એની ગુપ્તતા પ્રકટ થઈ ગઈ હોત, પણ પદ્માવતી પણ એ જ વૃત્તાન્ત સાંભળવામાં તલ્લીન હતી તેથી ચેટીએ ધ્યાન ખેંચ્યા છતાં પદ્માવતીએ એના તરફ ખાસ લક્ષ ન આપ્યું. પછી યે બે-ત્રણ વાર, ઉદયન વિશે વાતનો પ્રસંગ ઉપસ્થિત થતાં, આર્યપુત્ર પ્રત્યેના પોતાના પક્ષપાતને અને એની સાથે જ પોતાના રહસ્યને પ્રગટ થઈ જતું એ માંડ માંડ રોકી શકે છે. પાંચમા અંકમાં યે પદ્માવતીને સ્થાને રાજા સૂતો છે એમ જાણ્યા પછી, પકડાઈ જવાનો ભય છતાં, ક્ષણવાર વધારે રોકાઈ જવાની લાલચને તે રોકી શકતી નથી.

પણ વાસવદત્તાનો એ પ્રેમ જેટલો પ્રબળ છે તેટલો જ આત્મનિષ્ઠ પણ છે, અધિકારાપેક્ષી અને અસહનશીલ પણ છે. પ્રથમથી જ વાસવદત્તા પતિના સાનુક્રોશત્વથી જ ટેવાયેલી છે; પોતે માનુની પણ ખરી, અને વડીલોથી સ્વતંત્ર રીતે–ભાગી જઈને સ્વયંવૃત પતિની સાથે લગ્ન કરેલાં એટલે રાજાના પ્રેમની પોતે અધિકારિણી હોવાની સગર્વ સભાનતા યે ખરી. તેથી પોતાનો પ્રેમ જેટલો પ્રબળ અને એકનિષ્ઠ તેટલી જ પ્રબળ એકનિષ્ઠાની અપેક્ષા સામા પાત્ર પાસેથી પણ વાસવદત્તા રાખે છે. પતિના પ્રેમમાં જરા સરખો ભાગ પડાવનાર કોઈ પણ સ્ત્રીને સહન કરી શકે એટલું ધૈર્ય ગર્વિલી વાસવદત્તાનું નથી. વિરચિકા સાથેનો રાજાનો સંબંધ કેવોક હશે એનું કશું સ્પષ્ટ સૂચન નાટકમાં નથી, પણ જે રીતે એનો ઉલ્લેખ થયો છે તે પરથી તો એ રાજાની પુરુષસુલભ ક્ષણિક નબળાઈથી–કેવળ પ્રાસંગિક સંબંધથી—વધારે મહત્ત્વનો બનાવ હોય એવું લાગતું નથી. તો યે એનું નામ ઉચ્ચારતાં જ એવી અવસ્થામાં યે વાસવદત્તાનો રોષ ઢાંક્યો રહેતો નથી. પદ્માવતીનું વાગ્દાન ઉદયનને થયું છે એમ જાણતાં જ એનાથી **अत्याहितम्।** બોલાઈ જાય છે. તરત તો જાણે એને ઉદયનનો પોતાને માટેનો પ્રેમ સાચો હશે ખરો એવી શંકા પણ જાગે છે—નહિ તો આવું બને ખરું ? **तथा नाम संतप्य उदासीनो भवति।** બીજી એક દાસી તરત જ કૌતુકમંગલ વિધિ માટે પદ્માવતીને ઉતાવળી બોલાવવા આવે છે ત્યારે પણ **यथा यथा त्वरते तथा तथा अन्धीकरोति मे हृदयम्।** થોડીક વખત તો એની પ્રણયસૃષ્ટિ પર અંધકાર છવાઈ જાય છે. **आर्यपुत्रोऽपि नाम परकीयः संवृत्तः।** કૌતુકમાલિકા યે પોતાને જ ભાગે ગૂંથવાની આવે છે. **एतदपि मया कर्तव्यमासीत्। अहो अकरुणाः खल्वीश्वराः।** પદ્માવતી પોતે આર્યપુત્ર વિના ઉત્કણ્ઠાનો અનુભવ કરતી હોવાનો એકરાર કરે છે ત્યારે ય વાસવદત્તાને થાય છે : **इयमपि नाम एवं मन्त्रयते।**

ત્યારે સ્વાભાવિક પ્રશ્ન એ થાય છે કે આ વાસવદત્તા યૌગન્ધરાયણની યોજનામાં જોડાઈ શી રીતે? જોડાઈ જ શા માટે? એ જોડાઈ, કારણ કે એ સિવાય બીજો ઉપાય નહોતો. એ યોજનાની આવશ્યકતા ઊભી થવામાં પણ એક રીતે તો વાસવદત્તા પોતે જ કારણભૂત હતી, કેમકે યોજનાને માટેની રાજકીય પશ્ચાદ્‌ભૂમિકા કંઈક આવી રીતે સર્જાઈ હતી. એક તરફ રાજકુમારી વાસવદત્તાને ભગાડીને ઉદયને અવન્તિરાજ પ્રદ્યોત મહાસેનની દુશ્મનાવટ વહોરી લીધી હતી, તો બીજી તરફ વાસવદત્તાને ભગાડી લાવ્યા પછી એના પ્રેમમાં ઉદયન એટલો ડૂબી ગયો હતો કે એણે રાજ્ય-કાર્યો તરફ સંપૂર્ણ દુર્લક્ષ કરવા માંડયું હતું; અને એટલે, તક જોઈને આરુણિએ વત્સદેશ ઉપર આક્રમણ કર્યું હતું. આમ, પોતાના પિતાની સહાય ન મળવામાં તેમજ ઉદયન રાજ્યકાર્યો પ્રત્યે વિમુખ રહેવામાં એમ બેવડી રીતે પોતે વત્સરાજના રાજત્વને ભયમાં મૂકવામાં કારણરૂપ અને બચાવવામાં અવરોધરૂપ બનતી હતી એમ કદાચ વાસવદત્તાને યૌગન્ધરાયણ સમજાવી શકયો હશે. વત્સદેશના રક્ષણ માટે હજુ બળવાન મગધદેશની સહાય માગવાને થોડોક અવકાશ ખરો, પણ તેયે ઉદયન રાજ્યકાર્યાભિમુખ થયા સિવાય શી રીતે બને? તેથી એ કરવા માટે વાસવદત્તાએ થોડાક વખત માટે પતિના ચિત્તમાંથી સંપૂર્ણ રીતે ખસી જવું જોઈએ, અને એમ કરવું હોય તો મૃત્યુની અફવાનો આશ્રય લીધા સિવાય બીજો ઉપાય નહોતો. એટલે, ઉદયનના રાજત્વને બચાવી લેવા માટે, પોતે બળી મર્યાની અફવા ફેલાવવાની યોજનામાં, પતિના પ્રેમને ખાતર જ એના ચિત્તમાંથી ખસી જવાની યોજનામાં, ન છૂટકે, વાસવદત્તાએ સંમતિ આપી હોવી જોઈએ.

પણ નાટ્યકારે જે રચના કરી છે તે તો વધારે સૂક્ષ્મ છે. પોતે જે યોજનામાં સહાયભૂત થવા તૈયાર થઈ છે તે જ યોજનાની વાસવદત્તાને પૂરેપૂરી માહિતી નથી. મંત્રી તરીકે યૌગન્ધરાયણ જાણે છે કે મગધરાજની સહાય સિદ્ધ કરવાનો સર્વોત્તમ ઉપાય એ છે કે એ રાજકુટુંબ સાથે રાજાનો લગ્નસંબંધ બાંધવો. વળી સિદ્ધાદેશ પણ એવો જ છે: पद्मावती नरपतेर्महिषी भवित्री। આપત્તિ આવશે એવો સિદ્ધાદેશ સાચો પડ્યો છે એટલે આ બીજો આદેશ પણ સાચો પડવો જોઈએ. પણ એ સિદ્ધાદેશ સાચો પડે એ માટેના અનુકૂળ સંજોગો ઊભા કરવા જેટલો પુરુષાર્થ તો કરવો જ જોઈએ. ચતુર મંત્રીને સમજાય છે કે વાસવદત્તા અદશ્ય થવા કબૂલ થાય તો જ રાજા ઉદયન કાર્યાભિમુખ બને, તો જ કદાચ મગધરાજ પણ પોતાની બહેનને અંગે આ સંબંધ સ્વીકારે અને ઉદયન પોતે પણ કદાચ વાસવદત્તાના આત્યંતિક અભાવની અવસ્થામાં જ બીજો સંબંધ સ્વીકારવાનો વિચાર સરખો યે કરે. દેખીતું છે કે આમાં વાસવદત્તાની સહાયની સંપૂર્ણ આવશ્યક્તા છે. બીજી બાજુ, આ યોજનામાં સપત્નીની જરા સરખી યે શકયતા દેખાય તો તદ્દન બનવાજોગ છે કે વાસવદત્તા સ્વભાવિક રીતે જ યોજનામાં જરા જેટલો યે સહકાર આપવાનો ઇન્કાર કરી દે. યૌગન્ધરાયણ જેવો મંત્રી આ બીજી શકયતાનું જોખમ વહોરવા તૈયાર થાય એમ બનવું શકય નથી. તેથી નાટ્યકારે એવી યોજના કરી છે કે યૌગન્ધરાયણે વાસવદત્તાને એની યોજનાની આવશ્યક્તા અને યોજનાનું સ્વરૂપ સમજાવ્યાં લાગે છે ખરાં, પણ આ નવા લગ્ન-સંબંધની શકયતાનો અંશ એમાંથી ગાળી નાખીને. એ શકયતા અંગે મંત્રીએ વાસવદત્તાને સાવ અજાણ રાખી છે. વળી પોતે પણ કેવળ સિદ્ધાદેશને માટે અનુકૂળ એવી પ્રસંગયોજના કરવા સિવાય બીજી કશી યોજના કરતો નથી. વાસવદત્તાને તે અદશ્ય કરી દે છે અને પછી એ બળી મરી એવી અફવા ફેલાવીને અન્ય પ્રયોજનોને અંગે વત્સરાજને તે મગધદેશ મોકલવાની યોજના

કરે છે. અને મગધરાજ દર્શક अभिजनविज्ञानवयोरूपं दृष्ट्वा स्वयमेव પદ્માવતી તેને આપે છે. યૌગન્ધરાયણ પોતે પણ બળી મુઆની અફવા ફેલાવીને પ્રત્યક્ષ રીતે ચિત્રમાંથી ખસી જાય છે એટલે આમાં એનો હાથ હોવાની પણ કોઈને–કે વાસવદત્તાને–શંકા આવે એમ નથી.

પ્રથમ અંકમાં જ જરા ઝીણવટભરી નજરે જોતાં નાટ્યકારની આ પ્રકારની યોજના સ્પષ્ટ થઈ જાય છે. પદ્માવતી સિદ્ધાદેશ મુજબ ઉદયનની રાણી થશે એમ બે વાર યૌગન્ધરાયણની ઉક્તિમાં જણાવાય છે, પહેલી વાર પદ્માવતી તપોવનમાં રાજમાતાને મળવા આવી છે એમ કાંચુકીય જણાવે છે ત્યારે, અને બીજીવાર ન્યાસ તરીકે વાસવદત્તાની પદ્માવતીને સોંપણી કર્યા પછી. પણ એ બંને વખતે તેની ઉક્તિઓ સ્વગત છે. સોંપણી કર્યા પછીની તેની ઉક્તિ – यथा मन्त्रिभिः सह समर्थितं, तथा भवति ।–પરથી સમજાય છે કે તેની યોજના વાસવદત્તાને પદ્માવતી પાસે ન્યાસ તરીકે મૂકવાની જ હતી અને કાંચુકીય તપસ્વીઓને જે જોઈતું હોય તે માગવા પદ્માવતી તરફથી જણાવે છે ત્યારે એને એ માટેની તક મળી જાય છે. પણ વાસવદત્તાની પ્રતિક્રિયા–हम्, इह मां निक्षेप्तुकाम आर्ययौगन्धरायणः ।–भवतु, अविचार्य क्रमं न करिष्यति । પરથી તો એમ સમજાય છે કે એને યોજનાના આ અંશની ખબર જ નથી, અને એ માટે એ કેવળ યૌગન્ધરાયણની દીર્ઘદર્શી બુદ્ધિ પર જ વિશ્વાસ રાખે છે. પદ્માવતી પોતાના જ સ્વામીની મહિષી થનાર છે એ ખ્યાલ યૌગન્ધરાયણના મનમાં દૃઢ હશે, વાસવદત્તાના ચિત્તમાં લેશમાત્ર પણ નથી.

વાસવદત્તાના પાત્ર ઉપર જ્યારે વિવેચકો વરસી પડે છે ત્યારે આ મુદ્દા પરત્વે તેમણે કોઈ સ્પષ્ટ ખ્યાલ બાંધ્યો હોય એવું લાગતું નથી. સુશીલકુમાર દે કહે છે :—

"...Vāsavadattā, to whose noble and steadfast love *no sacrifice is too great* ; while her *willing martyrdom* is set off by the equally true, but helpless, love of Udayana..."[1]

કીથ કહે છે :

"She is devoted and *self-sacrificing* lover who is willing to postpone her own feelings and wishes to the good of her husband."[2]

ડૉ. પુસાળકરના શબ્દો પણ બહુ જુદા નથી.

"The *Svapna* depicts the struggle in the soul of Vāsavadattā who is a loving, *self-sacrificing* wife—*the Indian ideal* of a chaste, devoted wife."[3]

વળી પદ્માવતીના પાત્રના સંદર્ભમાં તેઓ લખે છે :

"Bhāsa intends to place before the spectators *the ideals of polygamous marriages.*"[4]

---

1 History of Sanskrit Literature, પૃ. ૧૧૧.

2 Sanskrit Drama, પૃ. ૧૦૭.

3 Bhāsa—A study (બીજી આવૃત્તિ ૧૯૬૮) પૃ. ૨૯૦.

4 એજન, પૃ. ૨૯૧.

ચોથા અંકના સંવિધાનના સંદર્ભમાં પણ:

" It brings forth the inner workings of the minds of the three in their true light..It presents us with the ideals of monogamy."[5]

આ બધામાંથી વાસવદત્તાના પાત્ર વિશે એક સળંગ છાપ એવી ઊઠે છે કે ઉદયનનું પદ્માવતી સાથે લગ્ન થઈ શકે તે માટેની અનુકૂળતા કરી આપવાના હેતુથી વાસવદત્તા આ કપટયોજનામાં જોડાઈ. એ હેતુ વિશે તે પોતે પૂરેપૂરી સભાન હતી, અને છતાં એણે જાણીબૂઝીને આ શહાદત વહોરી લીધી હતી. વૂલનર અને લક્ષ્મણ સરૂપે નાટકના અનુવાદ—The vision of Vāsavadattā–ની આગળ મૂકેલો કથાસાર પણ આ ભ્રમને પોષક નીવડે તેવો છે.

" In these straits the only remedy the Vatsa ministers could see was an alliance with Magadha, and the best way of effecting this was to marry their king to the princess Padmāvati, sister of Darśaka, the king of Magadha. The only obstacle was Udayana's devotion to Vāsavadattā. So the minister, Yaugandharāyaṇa, concocts a plot with the co-operation of the Queen Vāsavadattā herself." [6]

જો વાસવદત્તા, ભલે રાજકીય હેતુઓસર, પણ ઉદયનનું લગ્ન પદ્માવતી સાથે થઈ શકે એ માટે, સભાનતાપૂર્વક, તત્કાલ પૂરતી વચ્ચેથી ખસી ગઈ હોય તો એ willing martyrdom એને પક્ષે ખરેખર too great a sacrifice કહેવાય. પણ ગમે તેવા સંજોગોમાં કોઈ પણ સ્ત્રી સપત્નીને સ્વીકારવા, તે માટે આવી કપટયોજનામાં જોડાઈને પોતાના પ્રિયતમ પતિથી વિખૂટી પડવા અને એને અત્યંત દુઃખ પહોંચાડવાની શકયતા વહોરી લેવા તૈયાર થાય એ વાત સહેલાઈથી ગળે ઊતરે એવી નથી. આર્યનારીનો એ આદર્શ હશે કદાચ, પણ સંભવિતતાની દૃષ્ટિએ એ આદર્શ પ્રતીતિકર જણાવાની શકયતા કેટલી ? ઉપલક દૃષ્ટિએ એ આદર્શનું ચિત્રણ ગમે તેટલું આકર્ષક લાગે, પણ અંતે તો એ પાત્રને નબળું જ પાડવાનું. નાટ્યકારે આ મુશ્કેલી જોઈ છે, અને તેથી તેણે યોજના વિશે જેટલી સંપૂર્ણ માહિતી યૌગન્ધરાયણને છે તેટલી વાસવદત્તાને નથી એવું નિરૂપણ કર્યું છે. નિરૂપણની આ યોજના વાસવદત્તાના પાત્રાલેખનને માટે તો અંતે લાભકારક જ સાબીત થાય છે. એને કારણે વાસવદત્તાનું પાત્ર વધારે સ્વાભાવિક અને એટલે વધારે પ્રતીતિજનક બની રહે છે.

આરંભમાં તો, પદ્માવતી સપત્ની થશે એવી આશંકા સરખી વાસવદત્તાને નથી. ઊલટું, જુદા જ કારણે પદ્માવતી પ્રત્યે એને સ્નેહ બંધાય છે. પદ્માવતી રાજકુમારી છે એમ સાંભળતાં જ વાસવદત્તાને એના તરફ સહજ भगिनिकास्नेह જન્મે છે. એનું અભિજાત રૂપ અને મધુર વાણી વાસવદત્તાને આકર્ષે છે. અને ચેટી જ્યારે કહે છે કે ઉજ્જયિનીના રાજા પ્રદ્યોતે પોતાના પુત્ર માટે પદ્માવતીનું માગું કર્યું છે ત્યારે તો વાસવદત્તાને થાય છે : आत्मीया इदानीं संवृत्ता । આ તો હવે સ્વજન થઈ પોતાની ભ્રાતૃજાયા થવાની. પ્રેક્ષકો એમાં રહેલી વક્રોક્તિ માણી શકે છે.' પણ પછી

૫ એજન, પૃ. ૨૯૨.

6 Thirteen Trivandrum Play & C. Vol 1, પૃ. ૩૭.

પદ્માવતી યે જ્યારે વાસવદત્તાનો ન્યાસ સ્વીકારતી વખતે, સહેજ અભિજાત ઔપચારિકતાપૂર્વક, એ જ શબ્દો–आत्मीया इदानीं संवृत्ता–ઉચ્ચારે છે ત્યારે તો એ શબ્દો એમાં અન્તર્હિત વક્રોકિતને કારણે અનેકગણા સુંદર બની જાય છે. સામી વ્યક્તિ સપત્ની બનવાની છે એવો પદ્માવતીને તો ખ્યાલ ન જ હોય, વાસવદત્તાને ય એવો જરા સરખો ખ્યાલ હોત તો आत्मीया શબ્દમાં રહેલી વક્રોક્તિ નાશ પામત—એ શબ્દો જ કદાચ એ ન ઉચ્ચારી શકત. પહેલા અંકના અંતમાં તાપસી પદ્માવતીને तव सदृशं भर्तारम् लभस्व । અને વાસવદત્તાને त्वमप्यचिरेण भर्त्तारम् समासादय । એવાં આશીર્વચન કહે છે તેમાંયે જે મધુર વક્રોક્તિ અનુભવાય છે તે અન્યથાં સંભવી ન શકી હોત. બીજા અંકમાં યે વાસવદત્તા પદ્માવતીને......परकीयौ इव ते हस्तौ संवृत्तौ અને अमित इव ते अद्य वरमुखं प्रेक्षे । એમ કહી કહીને એની મશ્કરી કરવા–એને ખિજવવા પ્રયાસ કરે છે તે પણ એ પોતાની ભોજાઈ–भविष्यन्महासेनवधू–થવાની છે એવા ખ્યાલથી જ. એ શબ્દોથી તો એ એને સંબોધે છે ય ખરી ! પછી જ્યારે ચેટી કહે છે કે પદ્માવતી તો ઉદયનને ઇચ્છે છે ત્યારે વાસવદત્તાના ચિત્તને લાગેલો આંચકો કલ્પી શકાય એમ છે. आर्यपुत्रम् भर्तारम् अभिलषति ! ભોજાઈ કલ્પેલા તે સપત્ની થવા ઇચ્છે છે.

પણ વાસવદત્તા ભાગ્યશાળી છે. પોતે જેની સાથે રહે છે તે પોતાની સપત્ની થવાની છે એવું ભાન જે પળે વાસવદત્તાને થાય છે તે જ પળથી પતિના પોતાને માટેના સ્નેહની સચ્ચાઈની ખાતરી પણ તેને થવા માંડે છે. પદ્માવતીનું વાગ્દાન થયું તે સાથે જ આર્યપુત્ર આમાં અનપરાદ્ધ છે એમ પણ એ તરત જ જાણી લે છે. કેમકે नाटकं ख्यातवृत्तं स्यात् ।

સપત્નીવાળા પતિ સાથેના એના ચિત્તના સમાધાનની પ્રક્રિયા એ પળથી જ શરૂ થઈ જાય છે. પછી વીણા શીખવાની વાતમાં પદ્માવતી तर्कयामि, आर्याया वासवदत्ताया गुणान् स्मृत्वा दक्षिणतया ममाग्रतो न रोदितीति । એમ કહે છે ત્યારે અજાણતાં જ તે વાસવદત્તાની આ અંગેની રહીસહી શંકાને ય નિર્મૂળ કરવામાં નિમિત્ત બને છે. પછી તો, પોતાના ચિત્તમાં વાસવદત્તાનું સ્થાન પદ્માવતી નથી લઈ શકી એવી વિદૂષક આગળ સ્વયં રાજાએ કરેલી નિર્બંધ કબૂલાત વાસવદત્તા પોતે છુપાઈને સાંભળે છે, અને એના ચિત્તનું સમાધાન સંપૂર્ણ થાય છે. પતિને માટે પોતે વેઠેલાં ગુપ્તવાસનાં દુઃખો નિરર્થક તો નથી જ નીવડયાં. दत्तं वेतनम् अस्य परिखेदस्य ।

પતિ માટેના આ પ્રબળ પ્રેમને કારણે જ વાસવદત્તા પદ્માવતીને પણ સપત્ની તરીકે સ્નેહપૂર્વક સ્વીકારી લે છે એ ખરું, પણ પદ્માવતીના પોતાના ચારિત્ર્યના આભિજાત્ય વિના એ શકય નહોતું એ પણ સ્વીકારવું પડે એમ છે. પહેલેથી જ પોતાની ઉદાત્તતાથી પદ્માવતીએ વાસવદત્તાના ચિત્તને પોતાના પ્રત્યે મૃદુ કરી મૂકયું છે. अनुभूतसुखा राजदारिका જેવી લાગેલી એ પ્રોષિતભર્તૃકા (!) માટે પ્રથમથી જ પદ્માવતી आर्या સંબોધન પ્રયોજે છે, બીજા અંકમાં એની મશ્કરીઓ પણ સહી લે છે, પ્રમદવનમાં બેસતા પહેલાં आर्ये, किमत्र उपविशावः । એમ પૂછે છે એ બધામાં પ્રગટ થતી એની અભિજાત નમ્રતા તો વાસવદત્તાનું કામણ કરે એવી છે જ; પણ વાસવદત્તાને કારણે રાજા પોતાને માટે હજુ સ્નેહ અનુભવી શકતો નથી એમ સમજે છે ત્યારે ય બેમાંથી એકે ય પ્રત્યે એને રોષ કે કટુતાની લાગણી થતી નથી, ઉલટું આર્યા વાસવદત્તાના ગુણોને આર્યપુત્ર હજુ યે સ્મરે છે એ આર્યા વાસવદત્તાના ગુણો કેવા અને આર્યપુત્રનું દાક્ષિણ્ય કેવું એમ

કહી બંને વાર સહાનુભૂતિપૂર્વક આદર વ્યક્ત કરે છે, એ એના ચિત્તની વિશાળતા તો વાસવદત્તાને અભિભૂત કરી મૂકે છે. भद्रे ! अभिजनस्य सदृशं मन्त्रितम् । એ વાસવદત્તાના શબ્દો માત્ર ઔપચારિક નથી, રાજાના સ્નેહે આકંઠ તૃપ્ત અને પદ્માવતીના હૃદયની અનન્ય ઉદારતાથી આભારવશ થઈને દ્રવી ગયેલા એના ચિત્તની ધન્યતાનો એ સાહજિક ઉદ્ગાર છે. એ કેવળ ઉપચાર નથી એની પ્રતીતિ પણ પ્રેક્ષકને તરત જ થાય છે. વિરચિકાના પ્રસંગને જેણે કદાચ સહન નહોતો કર્યો, હજુ થોડીક જ વાર પહેલાં આર્યપુત્રના વિરહમાં પદ્માવતીને પણ ઉત્કણ્ઠિત થતી જોઈને પોતાની અવસ્થા જેને દુષ્કર લાગતી હતી તે જ વાસવદત્તા હવે પ્રસંગ પ્રાપ્ત થતાં પદ્માવતીને સ્વામીની પાસે જવાનું સૂચવે છે અને પોતે ચાલી જાય છે. કેમ કે—उत्कण्ठितं भर्त्तारम् उज्झित्वा अयुक्तं निर्गमनम् । આર્યપુત્રને ઉત્કણ્ઠિત મૂકીને તો ન જવું જોઈએ, પણ પોતે તો એની પાસે જઈને એને સુખી કરી શકે એમ નથી, તો આ પદ્માવતી વિરહપર્યુત્સુક આર્યપુત્રનું વિશ્રમસ્થાન બની શકે તો કેવું સારું ! એટલે સપત્નીને પતિની પાસે મોકલીને તે પોતે ખસી જાય છે. પતિ પ્રત્યેના પ્રેમની પ્રબળતાને કારણે જ પતિને એ બીજી સ્ત્રીના હાથમાં સોંપે છે, પતિ પ્રત્યેના પ્રેમને કારણે જ એ પોતાના પ્રેમનું વર્તુળ વિસ્તારીને એમાં સપત્નીને સમાવી લે છે. અને પછી તો સપત્ની પ્રત્યેની એ આત્મીયતા વધતી જાય છે. પદ્માવતીને શીર્ષવેદના પીડે છે એ સમાચારથી વાસવદત્તા પણ અત્યંત વ્યાકુળ બની જાય છે: अहो अकरुणाः खल्वीश्वरा: मे । विरहपर्युत्सुकस्य आर्यस्य विश्रमस्थानभूता इयमपि नाम पद्मावती अस्वस्था जाता । પહેલાં સપત્નીની કૌતુકમાલિકા ગૂંથવાનું પોતાને ભાગે આવ્યું ત્યારે વાસવદત્તાએ ઈશ્વરોને અકરુણ કહ્યા હતા. હવે એ જ સપત્નીને શીર્ષવેદના પીડે છે ત્યારે એને ઈશ્વરો અકરુણ લાગે છે. આટલું સંપૂર્ણ ચિત્તપરિવર્તન શી રીતે થઈ શકયું ? કેમ કે પદ્માવતી विरहपर्युत्सुकस्य आर्यस्य विश्रमस्थानभूता । એની પથારીમાં એની સાથે સૂઈ જવા જેટલી આત્મીયતા એના પ્રત્યે વાસવદત્તા અનુભવે છે. અંતે રહસ્ય પ્રગટ થયા પછી પોતાના અજાણ અવિનય બદલ ક્ષમા યાચતી પદ્માવતીને એ अविधवे કહી સંબોધે છે તેમાં એના ચિત્તનું સંપૂર્ણ સમાધાન પ્રગટે છે.

આમ વાસવદત્તાનો પતિ માટેનો પ્રબળ પરંતુ આરંભમાં અધિકારાપેક્ષી અને અસહનશીલ પ્રેમ જ ક્રમે ક્રમે કેવું પરિવર્તન તેના પાત્રમાં સાધે છે તેનું સૂક્ષ્મ દર્શન નાટ્યકારે કરાવ્યું છે. વિરચિકાના પ્રસંગને વાસવદત્તાએ સહન નહોતો કર્યો, કેમ કે એમાં રાજાની પુરુષસુલભ ભ્રમરવૃત્તિ હતી. એ વખતે કદાચ રાજાના પોતાને માટેના સ્નેહ અંગે પણ એને શંકા ઉદ્ભવી હશે. પણ એ શંકા જ્યારે સાવ નિર્મૂળ બની જાય છે. પતિના પ્રેમની પોતે પ્રત્યક્ષ ખાતરી કરે છે, પદ્માવતી સાથે રાજાનું લગ્ન થયું એમાં તો દૈવનું જ પ્રભુત્વ, પણ સપત્ની પોતાનું સ્થાન પૂરી શકી નથી એનું નિર્બન્ધ પ્રમાણ જ્યારે વાસવદત્તાને સાંપડે છે ત્યારે, કદાચ સહેજ ગૌરવના ભાનવાળો એનો પ્રેમ એના ચિત્તને સપત્નીને સ્વીકારી લેવા જેટલું ઉદાર બનાવે છે. જો કે આ સપત્ની પ્રત્યે વાસવદત્તાને કદિ ઈર્ષ્યા કે રોષ થવા પામતાં જ નથી એ નિરૂપણની કુશળતા નોંધવી જોઈએ. જુદાં જ કારણોએ તેને પદ્માવતી પ્રત્યે સ્નેહભાવ જન્મે છે. અને પછી એ સ્નેહભાવ તેને કોઈના ય દોષ વિના ઊભી થયેલી પરિસ્થિતિ સાથે સમાધાન સાધવામાં સહાયભૂત બને છે; પદ્માવતીનું આભિજાત્ય અને પતિનો સાનુક્રોશ પ્રેમ એ બંને એના ચિત્ત ઉપર વિજય મેળવે છે અને અંતે એ પોતાના પ્રણયવિશ્વમાં પદ્માવતીને ય સમાવી લે છે.

વાસવદત્તાના ચિત્તનો આ વિકાસ સ્વાભાવિક તેટલો જ મનોહર રીતે આલેખાયો છે. એના વ્યક્તિત્વમાં દેખાતું આ સૂક્ષ્મ પરિવર્તન એના પાત્રને અશક્ય આદર્શમયતામાંથી ઉગારી લઈ એને વધુ વાસ્તવિક અને તેથી જીવન્ત, ધબકતું બનાવી મૂકે છે. ઉત્તમ નાટ્યકારની આથી બીજી કઈ ઓળખ જોઈએ?

ભડલી-સાહિત્ય

જેઠાલાલ નારાયણ ત્રિવેદી

લોકકવિ તથા જનતાના જ્યોતિષી તરીકે ભડલી–ભકરીનું નામ ભારતભરમાં જાણીતું છે. ગુજરાત, મારવાડ–રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ અને મહારાષ્ટ્રમાં પણ તેની વાણી જનતાના કંઠે રમી રહી છે. વળી બંગાળ, બિહાર, ઓરિસ્સા અને આસામની જનતામાં પણ એ જાતની વાણી પ્રકારાન્તરે પ્રચલિત છે.

ભડલીનું નામ મુખ્યત્વે કૃષિ અને વર્ષાવિજ્ઞાનને લગતા લોકસાહિત્ય સાથે સંકળાયેલું છે. વરસાદને લગતી તેની આગાહીઓ સામાન્ય કહેવતો જેવી બનીને કૃષિકારો માટેનો અણમોલ વારસો બની ગઈ છે. રાજસ્થાનમાં એની ઉક્તિના સંગ્રહને "ભડલી પુરાણ" નામ પ્રાપ્ત થયું છે, એ તેની મહત્તા તથા ઉપયોગિતાનું દ્યોતક છે.

પ્રાચીન કાળથી ભારતની જીવિકાનો આધાર ખેતી ઉપર છે. વેદકાળમાં પણ ખેતીનો વ્યવસાય પ્રચલિત હતો. ખેતીની સફળતાનો આધાર વર્ષા ઉપર હોવાથી વર્ષાવિજ્ઞાન માટે ખેડૂત જનતાને ઊંડો રસ અને આકર્ષણ હોય એ સ્વાભાવિક છે.

પરાશરે ખેતીની મહત્તા સમજાવતાં યથાર્થ કહ્યું છે :—

> अन्नं तु धान्यसंभूतं धान्यं कृष्या विना न च ।
> तस्मात्सर्वं परित्यज्य कृषिं यत्नेन कारयेत् ॥

ધાન્યમાંથી ભોજન બને છે અને ધાન્ય ખેતી વિના સંભવતું નથી. માટે બધું છોડીને યત્નપૂર્વક ખેતી કરવી જોઈએ. અન્નથી જ સંસાર ખડો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે.

જનતાનો પ્રાણરૂપ વ્યવસાય ખેતી અને ખેતીનો પ્રાણ વરસાદ. એ વરસાદને લગતું વિજ્ઞાન ભારતની પ્રજાને પ્રાણપ્રિય લાગે એમાં શી નવાઈ ?

વરાહમિહિર (ઈ. સ. ૫૦૫ લગભગ) બૃહત્સંહિતામાં વર્ષાવિજ્ઞાનને લગતી ઘણી નોંધપાત્ર માહિતી આપે છે. તેમાં તેમણે પ્રાવૃટ્કાલની પરીક્ષાનું મહત્ત્વ સમજાવ્યું છે :—

> अन्नः जगतः प्राणः प्रावृट्कालस्य चान्नमायतम् ।
> यस्मादतः परीक्ष्य प्रावृट्कालः प्रयत्नेन ॥

વરાહમિહિરે ગર્ગ, પરાશર, કાશ્યપ, વાત્સ્ય વગેરે પૂર્વકાલીન મુનિઓના ગ્રન્થો ઉપરથી વર્ષાલક્ષણ લખ્યાનું સ્પષ્ટ જણાવ્યું છે. એ રીતે વર્ષાવિજ્ઞાનને લગતા સાહિત્યનાં બીજ આપણા પ્રાચીન સાહિત્યમાં જોવા મળે છે. "મેઘમાલા" નામના સંસ્કૃત ગ્રન્થમાં પણ ભડલીકથિત વર્ષાવિજ્ઞાનનાં બીજ મળી આવે છે, પણ ભડલીએ આવા કોઈ ગ્રન્થનો અનુવાદ કે અનુકરણ કર્યું છે, એમ કહી શકાય તેમ નથી.

ભડલીના મોટા ભાગની કહેવતો સ્વતંત્ર અને સૈકાઓના અનુભવમૂલક જ્ઞાન ઉપર મંડિત થયેલી જણાય છે. પૂર્વજોના અનુભવને સ્વાનુભવની કસોટીએ ચઢાવીને અવનવી પણ સરલ પદ્યાકૃતિ—તૂકબંદીમાં ગૂંથવાનું કાર્ય એણે કર્યાનું જણાઈ આવે છે.

એની વાણીમાં લોકવાણી અને લોકહૃદયનો ધબકાર જોઈ શકાય છે. ઉદાહરણ તરીકે સંસ્કૃત મેઘમાલામાં આ શ્લોક છે :—

आषाढशुक्लपंचम्यां मेघो वा विद्युतोऽपि वा ।
तदा सुवृष्टिर्विज्ञेया धान्यतृणपदा भुवि ॥[1]

ભડલી આ ઉક્તિની રજૂઆત વધુ સરલ છતાં કવિત્વમય રીતે કહે છે:—

"અષાડ સુદી પંચમી, જો ઝબૂકે વીજ,
દાણા વેચી ઘર કરો, રાખો બળદ ને બીજ."

અને

"શ્રાવણ વદી એકાદશી, ગરજે મેઘ અધરાત;
જાઓ ઝટ પિયુ માળવે, જાઈશ હું ગુજરાત."

અહીં દુષ્કાળ પડવાનો યોગ ભડલીએ કેવી ધ્વન્યાત્મક રીતે પ્રગટ કર્યો છે ? પણ આપણે આ સ્થળે ભડલીના કવિત્વની સમીક્ષા કરવી નથી. આપણે હવે વર્ષાવિજ્ઞાનના મહાન જ્ઞાતા ભડલી કોણ હતા અને ક્યાં થઈ ગયા તેની ખોજ સંક્ષેપમાં કરીએ.

ભડલી–ભડ્ડરી કોણ ?

હિંદીભાષા-ભાષી જનતા ભડલીને બદલે 'ભડ્ડરી' ઉચ્ચાર કરે છે. એ કેવળ ઉચ્ચાર-ભેદ કહી શકાય; પણ ઈકારાન્ત નામવાળા આ 'ભડ્ડલી' કોણ હતા, સ્ત્રી કે પુરુષ તે પણ સ્પષ્ટ કહી શકાતું નથી. તે કયી જાતિના હતા, ક્યાં રહેલા અને ક્યારે થઈ ગયા તેની આધારભૂત માહિતી મળતી નથી. આ સંજોગોમાં ભિન્ન ભિન્ન પ્રદેશોમાં તેમના જીવનને લગતી જે જનશ્રુતિઓ પ્રચલિત છે તે ઉપરથી તથા તેમના સાહિત્ય ઉપરથી તેમ જ બીજી સંયોગી હકીકતો ઉપરથી તેમનાં જીવન તથા સમય અને સ્થાન વિષે વિચાર કરવો પડશે.

ગુજરાતમાં પ્રચલિત જનશ્રુતિ પ્રમાણે મારવાડના પ્રસિદ્ધ જ્યોતિષી ઉધડ (હુદડ)ની એકની એક પુત્રીનું નામ ભડલી હતું. સિદ્ધપુરના રૂદ્રમાળ (રૂદ્રમહાલય)ના ખાતમુહૂર્ત માટે સોલંકી રાજાએ ઉધડ જોષીને સિદ્ધપુર-પાટણ તેડાવ્યા હતા અને તેમણે શેષનાગના માથા ઉપર ખીલી વાગે તેવું અપૂર્વ મુહૂર્ત રાજાને કાઢી આપ્યું હતું એવી પણ દંતકથા ચાલે છે.

ઉધડ જોશી-હુદડને પુત્ર નહિ હોવાથી પોતાની પુત્રી ભડલીને તેમણે જ્યોતિષ વિદ્યા શીખવેલી એમ કહે છે.[2] ઉધડ તથા તેની કન્યા ભડલી ઘેટાં-બકરાં ચરાવતાં અને વનમાં રખડતાં. તેમને આકાશ, વાદળ, વાયુ, મેઘધનુષ્ય, વીજળી વગેરે પ્રાકૃતિક નિરીક્ષણમાં ખૂબ રસ પડતો. એ રસ અને અભ્યાસના પરિપાકરૂપે વર્ષાની આગાહી કરતી ઉક્તિઓ–દોહરા, ચોપાઈ વગેરે રચાયાં અને લોકપ્રિય બન્યાં.

---

૧ 'મેઘમાલા' (શ્રીવિજયપ્રભસૂરિ)

૨ ગુ. સાહિત્યના માર્ગસૂચક સ્તંભો, પૃ. ૨૮૪.

ઉત્તર પ્રદેશની રંગીન જનશ્રુતિ પણ સંક્ષેપમાં અવલોકીએ. તે જનશ્રુતિ પ્રમાણે ભડલીના પિતા કાશીમાં ભણતા પંડિત અને માતા આહીરાણી હતી. કાશીમાં જ્યોતિષ ભણતા પંડિતને ગણિત કરતાં એક અપૂર્વ યોગ નજીકમાં જ આવતો જણાયો. તે યોગમાં જો ગર્ભાધાન થાય તો વિદ્વાન અને યશસ્વી પુત્ર પેદા થાય. યોગ નજીક આવતો હોઈ પંડિતે કાશી છોડી પોતાની પત્ની પાસે પોતાને ગામ પહોંચી જવા પ્રવાસ શરૂ કર્યો. પણ તેમનું ગામ કાશીથી બહુ દૂર હતું. ચાલતાં ચાલતાં પંડિતને એમ લાગ્યું કે સમયસર ઘેર પહોંચી નહિ શકાય. સાંજ પડતાં માર્ગમાં એક આહીરને ત્યાં તેમણે મુકામ કર્યો.

આહીરની યુવાન કન્યા પંડિત માટે અબોટ ભોજન બનાવી લાવી, પણ ઉદાસ બની ગયેલા પંડિતે ભોજન કરવાની ના પાડી. કન્યાએ બહુ આગ્રહથી તેની ઉદાસીનું કારણ પૂછ્યું એટલે પંડિતે પોતે જે અપૂર્વ યોગનો લાભ લેવા નીકળ્યો હતો તેની વાત કરી. આહીર કન્યાએ જરા વિચાર કરીને પોતે જ એ યોગનો લાભ લેવાની ઇચ્છા પ્રગટ કરી. પરિણામે ગર્ભાધાન થયું અને ભડ્ડરીનો જન્મ થયો.[3]

બનારસનિવાસી શ્રી દેવનારાયણ ત્રિવેદી આ દંતકથાનો તંતુ આગળ ચલાવે છે. ભડુરીની મા કોઈ રાજાના રાણીવાસમાં દાસી તરીકે કામ કરતી હતી. ભડલી ત્યાં પાંચેક વર્ષનો થયો. તે ઘણો બુદ્ધિશાળી અને ચકોર હતો. રાજાની રાણીને પુત્રનો જન્મ થયો. રાજાના જ્યોતિષીઓએ જન્માક્ષર જોઈ કહ્યું : "બાળક દુરાચારી થશે. તેનાં લીધે તેનાં માતાપિતા ઉપર આફત આવશે.", છેવટે નવજાત શિશુનો ત્યાગ કરવાનો નિર્ણય થયો. તેને નગર બહાર ઊંડા ખાડામાં ફેંકી દેવડાવ્યો. તે મરી ગયો એમ સૌએ માન્યું.

પ્રસૂતા રાણીના ઓરડામાં આ વખતે ભડલીએ લખ્યું: "આ બાળક તો બહુ જ ભાગ્યશાળી છે. કોઈ તેનો વાંકો વાળ કરી શકશે નહિ." આ લખાણની વાત બીજે દિવસે રાજા સુધી પહોંચી. રાજાએ ભડલીને બોલાવી કહ્યું : "બાળક, તું નાદાન છે. તારી વાત ખોટી છે. બાલરાજકુમાર તો ક્યારનો મરી ગયો."

બાળભડરીએ કહ્યું : "એને બ્રહ્મા પણ મારી શકે નહિ. તે જીવે છે. તપાસ કરાવો." તપાસ કરતાં ખાડામાં ફેંકાયેલો બાળક હાથપગ હલાવી રમતો જણાયો. એક મોટો નાગ કુંડાળું વળી તેની ચોકી કરતો હતો. આ જોઈ રાજા નવાઈ પામ્યો. ભડ્ડરીની વાત તેને સાચી લાગી. રાજાની પ્રાર્થનાથી પેલો નાગ ચાલ્યો ગયો અને રાજા પોતાના બાળકુમારને મહેલમાં લાવ્યો. પછી ભડલીએ રાજા તથા તેના જ્યોતિષીઓને સમજાવ્યું કે બાળકનો જન્મસમય ખોટો બતાવવાથી આ પ્રમાણે બન્યું હતું.

મારવાડની જનશ્રુતિ પ્રમાણે ભડ્ડરી ભંગી જાતિની સ્ત્રી હતી. તે શુકનવિદ્યામાં પારંગત હતી. ડંક નામના બ્રાહ્મણ જ્યોતિષી સાથે તેને વિચારવિનિમય ચાલતો. તેમનો પરિચય વધતાં તે બેઉ પતિ-પત્ની તરીકે રહેવા લાગ્યાં. તેમનાં જે સંતાન થયાં તે 'ડાકોત' નામે ઓળખાવા લાગ્યાં.

---

૩ ઘાઘ ઔર ભડ્ડરી (રામનરેશ ત્રિપાઠી), પૃ. ૨૫.

આ ડાકોત લોકો કહે છે કે, ભડ્ડરી ધન્વંતરીની કન્યા હતી અને તેનું અપર નામ સાવિત્રી હતું. મારવાડમાં પ્રચલિત દંતકથા પ્રમાણે ડંકને પરીક્ષિતના સમયના ઋષિ તરીકે ઓળખવામાં આવે છે.

કેટલાક લોકો ભડલીના પિતા બનનાર પંડિતનું નામ વરાહમિહિર કહે છે. ઉત્તર પ્રદેશમાં કલેક્ટર તરીકે રહેલા ગુજરાતના સંશોધન-રસિક સનંદી અમલદાર શ્રી. વી. એન. મહેતા પણ લખે છે કે તીર્થયાત્રા માટે નીકળેલા વરાહમિહિર વિષે આ પ્રસંગ બનેલો. તેણે માર્ગમાં આહીર-કન્યા સાથે લગ્ન કરી લીધું અને ભડ્ડુલીનો જન્મ થયો.[૪]

ભડલીના પિતા તરીકે વરાહમિહિરનું નામ યોજવાની કલ્પના નિરાધાર છે, તે આપણે બંગાળના ભડલી તરીકે ઓળખાતા ડાક અને ખન્નાની ચર્ચા કરતાં આગળ ઉપર યોગ્ય રીતે વિચારીશું.

ભડલી સ્ત્રી કે પુરુષ ?

ભડલીના સ્થાન અને સમયનો વિચાર કરતા પહેલાં તે સ્ત્રી કે પુરુષ હશે તે વિચારીએ. સ્ત્રીનું સમર્થ જ્યોતિષી તરીકે પ્રસિદ્ધ થવું અસંભવિત તો નથી જ. બંગાળમાં ભડલીવાક્યો જેવું સાહિત્ય આપનાર ડાકની સાથે ખન્નાનું નામ પણ જાણીતું છે. સન્નારી ખન્ના સમર્થ જ્યોતિષી હતી. તેથી ભડલી એ સાવિત્રી અર્થાત્ ડંકની શુકનવિશારદ પત્ની હોવાની દંતકથા ઝટ ઉછેદી દેવા જેવી નથી લાગતી.

ડાકોત લોકોનું અસ્તિત્વ પણ એક સંજોગી પુરાવો ગણાય તેમ છે. વળી ભડલીવાક્યોમાં ડંકનો ઉલ્લેખ જોવા મળે છે તે પણ વિચારમાં લેવા યોગ્ય છે. જોધપુરના શ્રી. જગદીશસિંહ ગહલોતના કહેવા પ્રમાણે ડાકોત લોકોને થાવરિયા, સનિચરિયા, દિસન્ત્રી અને રાહુકેતુના ઠેકેદાર પણ કહે છે. તે પોતાને ડંક ઋષિના વંશજ ગણાવી જનોઈ પહેરે છે અને ભોળા લોકોની હસ્તરેખા જોઈ નિર્વાહ કરે છે.[૫]

ગુજરાતમાં હરિજન ગુરુ–ગરો (ગરોડા) પણ પોતાને ગર્ગના વંશજ બ્રાહ્મણ માની જનોઈ પહેરે છે અને મુગ્ધ લોકોની હસ્તરેખા જોવાનો ધંધો કરી ગુજરાન ચલાવે છે. એટલે ભૂતકાળમાં અછૂત ગણાતી ભંગી–હરિજન જાતિમાં જ્યોતિષ અને શુકન વિદ્યાનો પ્રવેશ હતો એ હકીકત નિરાધાર નથી. આથી ડાકોત લોકો કોઈ રીતે પરંપરાથી ભડલીવાક્યોના પ્રચારક હોય તો તે અસંભવિત નથી.

કેટલાંક ભડલીવાક્ય ડંક અને ભડલીના સંવાદરૂપે રચાયાં જણાય છે. જુઓ :—

"ઊગન્તેરો માછલો, આથંવતેરો મોખ;
ડંક કહે **ભડ્ડલી**, નદિયાં ચઢસિ ગોખ."
તથા "પરભાતે ગેહ ડંબરા, સાંજે સીલા બાલ;
ડંક કહે હે **ભડ્ડલી**, કાલા તણા સુભાવ."

---

૪ "યુક્ત પ્રાન્ત કી કૃષિ સંબંધી કહાવતેં"

૫ જુઓ: "રાજસ્થાની કૃષિ કહાવતેં" (ગવર્મેન્ટ પ્રેસ, જોધપુર)

આવાં બીજાં પણ ડંક અને ભડલીનાં સંવાદરૂપી વાકયો રાજસ્થાનમાં મળે છે. તેનો અત્રે વિસ્તાર કરવો શકય નથી.

ગુજરાતમાં પણ આ સંવાદનાં દ્યોતક વાકયો પ્રચલિત છે :—

"ચિત્રા દીપક ચેતવે, સ્વાતે ગોવરધન;
ડંક કહે હે ભડલી, અથાગ નીપજે અન્ન."

સંવત ૧૮૭૬માં રાંધેજામાં લખાયેલી અમારી પાસેની હસ્તલિખિત પોથીમાં પણ આવાં વાકચો મળે છે :—

"આઠમ ચૌદશ શુકલ અંધારી, વૈશાખ માસે ચાર સારી;
ડંક કહે જે જાણે ભેદ, **જેતોહ** ક્ષણ **તેતોહ** મેહ."

'જેતોહ' અને તેતોહ' પ્રયોગ પણ મારવાડી ડંકનું સ્મરણ કરાવી જાય છે. વળી,—

"શ્રાવણ બોહોલી પંચમી, જોન વરસે વીયાલ;
પિયુ! તું જા માલવા, હું જાઉ મુસાલ."

પિયુ—પ્રિયતમને સંબોધતી સાવિત્રી—ભડલીનું આ વાકચ હોય એવો ભાસ નથી થતો ?

ભડલી પતિને સંબોધતી હોય એવાં બીજાં વાકચો પણ મળે છે. તે જોતાં ભડલીવાકયોનું અસલ સાહિત્ય પતિપત્નીના સંવાદરૂપે—પ્રકારાન્તરે બેઉના સંયુક્ત પ્રયાસના ફળરૂપે માનવાનું મન થાય છે. '**અસલ**' શબ્દ એટલા માટે યોજ્યો છે કે, બધાં જ પ્રચલિત વાકયો ભડલીનાં નહિ હોય. પાછળથી તેમાં ઘણું ઊમેરણ થયાનું માની શકાય. શ્રી. જગદીશસિંહ ગહલોત પણ કહે છે કે, થોડીક કહેવતો ડંક અને ભડલીએ સંવાદરૂપે કહી હશે અને પાછળથી બીજી નવીન રચીને લોકોએ તેમના જ નામથી પ્રચલિત કરી હશે.[૬]

આ ઉપરથી ડાકોત લોકોએ કહેલી સાવિત્રી અર્થાત્ ડંકની પત્ની ભડલીનું અસ્તિત્વ કેવળ નિરાધાર નથી એમ લાગે છે. ગુજરાતની જનશ્રુતિ પ્રમાણે પણ ભડલીને હુદડની પુત્રી તરીકે માનેલી છે. તે કથાનો આધારતંતુ પણ ભડલીના સ્ત્રી તરીકેના અસ્તિત્વને નકારતો નથી; પણ નિર્ણય કરવા માટે હજી વધુ પુષ્ટિકારક પ્રમાણોની રાહ જોવી પડે.

ભડલીનું નિવાસસ્થાન

ભડલી કયા પ્રદેશમાં થઈ ગયા તે વિષે પણ નિશ્ચિત રીતે કાંઈ જાણવા મળ્યું નથી. જુદા જુદા સંશોધકો આ બાબતમાં ભિન્ન ભિન્ન મત ધરાવે છે. મારવાડ તથા ગુજરાતમાં ભડલી સ્ત્રી હોવાનો જનમત પ્રચલિત છે પણ ઉત્તર પ્રદેશની માન્યતા પ્રમાણે ભડલી પુરુષ હતા.

ઉત્તર પ્રદેશની માન્યતા પ્રમાણે ભડલીનો જન્મ ઉત્તર પ્રદેશમાં થયાનું માની શકાય; પણ તે વિષે કોઈ પ્રતીતિજનક પ્રમાણ મળતું નથી. ભડલીવાકચોની ભાષા પણ આ વિષયમાં બહુ મદદરૂપ બને તેમ નથી. તેમાં મારવાડી પ્રયોગો સવિશેષ જોવા મળે છે. પણ સાથે સાથે યુક્તપ્રાન્ત અને બિહારની ઠેઠ બોલીના શબ્દો પણ મળે છે. આથી શ્રી. રામનરેશ ત્રિપાઠી અનુમાન કરે છે કે બે ભડુરી

૬ એજન (ભૂમિકા)

અથવા ભડલી થયા હશે અને તેમણે રાજસ્થાન તથા ઉત્તર પ્રદેશ બેઉ પ્રદેશોની બોલીઓમાં પોતાના છંદની રચના કરેલી હશે.[૭]

ભડરીના નામ ઉપરથી ભડરિયા નામની એક જાતિ મળી આવી છે અને તે જાતિના લોકો કહેવતોના આધારે વર્ષાની આગાહી કરે છે, એમ પણ પાછળથી શ્રી. રામનરેશ ત્રિપાઠીએ નોંધ કરી છે. આ જાતિના લોકો ગોરખપુર જિલ્લામાં વિશેષ છે અને થોડાક સુલતાનપુર(અવધ)માં પણ છે, એમ તેમનું કહેવું છે.[૮]

આ પણ એક પ્રત્યક્ષ-સંજોગી પુરાવો ગણી શકાય. ડંકના વંશજ ડાકોતના પુરાવાની સામે આને મૂકી શકાય. બીજી રીતે કહીએ તો ડંક અને ભડલી બેઉના અલગ અસ્તિત્વની સૂચક પરંપરા આપણી આગળ રજૂ થાય છે, તો શું નિર્ણય પર આવીશું?

ઉત્તર પ્રદેશમાં જે કાર્ય ભડલીએ કર્યું તે મારવાડ-રાજસ્થાનમાં ડંક દ્વારા થયું એમ માની શકાય. એ ડંકની પત્ની સાવિત્રી ઉર્ફે ભડલી ધન્વન્તરીની પુત્રી હતી એ વાત ડાકોત લોકોએ પોતાની મહત્તા વધારવા પાછળથી ઉપજાવી કાઢી હશે એમ અનુમાન પણ કરવામાં આવે છે. એ રીતે પરીક્ષિત અને ધન્વન્તરીના સમયમાં ડંક અને સાવિત્રી થઈ ગયાની ડાકોત લોકોની વાત પણ કલ્પિત ગણાય. શ્રી. જગદીશસિંહ ગહલોત પણ આ પ્રમાણે માન્યતા ધરાવે છે.

જોધપુરના પંડિત વિશ્વેશ્વરનાથ ભડલીને મારવાડના નહિ તો રાજપુતાનાના વતની અવશ્ય રીતે માને છે. તેના પ્રમાણ તરીકે તે રાજપુતાનામાંની ડાકોતની સવિશેષ વસતીને આગળ ધરે છે. આ રીતે ડાકોત તથા ભડરિયા જાતિના લોકોની હકીકત જોતાં એ બેઉ પ્રદેશના ભડલી એક જ હશે એમ કહેવું મુશ્કેલ બને છે.

બે ભડલી માનીએ તો પણ આદિ ભડલી કોણ એ પ્રશ્ન ઊઠે છે. ભડલી સાહિત્યનું અવલોકન અને દેશકાલનો વિચાર કરતાં આદિ ભડલીનું સ્થાન મારવાડ-રાજસ્થાન હોવાનું કહી શકાય તેમ છે. માત્ર જનશ્રુતિ નહિ પણ મારવાડની પ્રાકૃત ભૂરચના અને સંજોગોનો ખ્યાલ કરતાં પણ આ વાતને ઠીક પુષ્ટિ મળે છે.

જે પ્રદેશમાં જનતા મેઘની અતિ ઉત્કંઠ ભાવે સતત પ્રતીક્ષા કરતી હોય ત્યાં જ પ્રાવૃટ્-લક્ષણનો પરીક્ષક સૌ પહેલાં સંભવી શકે, ત્યાં જ લોકવાણીમાં વર્ષાવિજ્ઞાનનો સહજ આવિષ્કાર થાય અને ઉત્સાહથી ઝિલાય. ભારતમાં મારવાડ અર્થાત્ પશ્ચિમ રાજસ્થાન આ જાતનો પ્રદેશ છે. વરસાદ વખતસર ન પડે તો ત્યાં પીવાના પાણીના પણ સાંસા પડે.

ત્યાં દુષ્કાળ પડવાની ભીતિથી લોકો સતત આશંકિત રહે છે. અકાલ અર્થાત્ દુષ્કાલે પશ્ચિમ રાજપૂતાનાને જાણે પોતાનું ઘર બનાવ્યું છે. આ વિષે ત્યાં નીચેની કહેવત પ્રચલિત છે:—

"પગ પુંગલ ધડ કોરડે, ઉદરજ બીકાનેર;
ભૂલો ચૂકો જોધપુર, ઠાવૌ જેસલમેર."

---

૭ 'ઘાઘ ઔર ભડ્ડરી', પૃ. ૨૫-૨૭.

૮ ગ્રામસાહિત્ય તીસરા ભાગ, પૃ. ૧૨.

અકાલ કહે છે કે, મારા પગ પુંગલ ઇલાકામાં (બીકાનેરના પશ્ચિમ ભાગમાં) ધડ જોધપુર ભાગના કોટડામાં અને ઉદર બીકાનેરમાં છે. હું કદી કદી ભૂલે ચૂકે જોધપુર પણ પહોંચી જાઉં છું. રાજ્યના પશ્ચિમ જેસલમેરમાં તો મારો સ્થાયી નિવાસ છે.

આ પ્રદેશમાં વરસાદના અભાવે ખેતી તો દૂર રહી પણ પીવાના પાણીની યે તંગી પડે છે. આથી અહીંના લોકો વરસાદનાં નાનાં નાનાં ચિહ્નો ભણી પણ મીટ માંડી તેનો અભ્યાસ કરતા હોય છે. આ રીતે અહીં ઘરે ઘર ભડલી પાકવાની શકયતા છે.

અહીં અતિવૃષ્ટિ થાય એ તો મંગલ મહોત્સવ ગણાય છે. વર્ષાથી ભારે નુકસાન સહન કરનાર પણ તેનું સ્વાગત કર્યા વિના રહેતો નથી. જેમ કે:—

"સૌ સાઁડિયા સૌ કરહલા, પૂત નિપૂતી હોય;
મેહડલા બૂઁઠા ભલા, જે દુઃખિયારણ હોય."

જે સ્ત્રીનાં સો ઊંટ અને ઊંટણીઓ (સાંઢો) તથા બધાં સંતાન ભારે વર્ષાથી નષ્ટ થયાં હોય તેવી દુઃખી નારી પણ કષ્ટ ભૂલીને વર્ષાનું સ્વાગત કરે છે.

વૃષ્ટિ માટેની આટલી ઉત્કટતા મરુ ભોમ (મારવાડ) સિવાય બીજે ભાગ્યે જ સંભવિત હશે. મેઘ ત્યાંના લોકો માટે પ્રાણનો પણ પ્રાણ છે. આથી વૃષ્ટિ કે અનાવૃષ્ટિનાં સૂચક પ્રાકૃતિક ચિહ્નો—વાયુ, વીજળી, વાદળ, મેઘધનુષ્ય, તાપ, ઝાકળ, હિમ, ગર્જના, આકાશના રંગ, વગેરે તેમને મન પેઢી દર પેઢીથી સ્વાભાવિક અભ્યાસનો વિષય બની ગયાં. માત્ર પ્રાકૃતિક લક્ષણો જ નહિ પણ પશુ, પક્ષી, સાપ, કીડી, વગેરે જીવસૃષ્ટિમાં વરસાદ અંગે જે આંતર-પ્રેરણા પ્રગટ થતી જોવા મળે છે તેનો પણ સૂક્ષ્મ અભ્યાસ તેમણે કરેલો છે. એવા મેઘોન્મુખ સમાજમાં નક્ષત્ર અને રાશિ પરત્વે તથા તિથિ અને વાર પરત્વે વર્ષાની આગાહી કરનારા પણ પેદા થાય એ સ્વાભાવિક છે.

મારવાડની આ સ્થિતિ અને સંજોગો જોતાં તે સમાજમાં જ આદિ ભડલીનું પ્રાકટ્ય સ્વાભાવિક લાગે છે. ત્યાંનું લોકવાતાવરણ, લોકોક્તિઓ અને પ્રાકૃતિક સંજોગો ભડલી જેવા લોકકવિને સતત ઝંખતાં હોય એમાં શી નવાઈ?

ભડલીનું વતન મારવાડ કે રાજસ્થાન હોવા વિષે ગુજરાતમાં પ્રચલિત દંતકથાનો વિરોધ નથી. ઉધડ (હુદડ) જોશી મારવાડના હોવાની માન્યતા છે. મધ્યકાલીન ગુજરાતની અણહિલપુર પાટણની અને તેની ઉત્તરની સરહદ મારવાડ સાથે સતત સંપર્કશીલ રહી છે. મારવાડના વણિકો, બ્રાહ્મણો વગેરે મારવાડમાંથી ઉત્તર ગુજરાત તરફ પેઢી દર પેઢીથી સરકતા રહ્યા છે. ઉત્તર ગુજરાતના સરસ્વતી-બનાસકાંઠાના પ્રદેશનું હવામાન અને પ્રકૃતિ પણ મહદ્ અંશે મારવાડ સાથે સામ્યતા ધરાવે છે. એટલે મારવાડનાં ભડલી-વાક્યો તેમનું પણ મોંઘુ વર્ષાવિજ્ઞાન બને એ સ્વાભાવિક છે. એ દૃષ્ટિએ આદિ ભડલી-વાક્યો મારવાડની ઉત્તર ગુજરાતને લગતી સરહદમાં પ્રચલિત થયાનું અનુમાન કરી શકાય.

પ્રચલિત ભડલી-વાક્યો પણ આ અનુમાનને પુષ્ટિ આપે છે.

યથા :— "શ્રાવણ વદી એકાદશી, ગરજે મેઘ અધરાત
જાઓ ઝટ પિયુ ! **માળવે,** જાઈશ હું **ગુજરાત.**"

આ વાક્ય માત્ર ગુજરાતમાં જ નહિ પણ મારવાડમાં પણ પ્રચલિત છે.[૯] વળી આને મળતું વાક્ય બનારસથી પ્રગટ થયેલ ભડલી-વાક્યોમાં પણ આ રીતે પ્રાપ્ત થાય છે. :—

"સાવન સુકુલા સપ્તમી, જો ગરજે અધિરાત
તૂ પિય જાયો **માલવા,** હૌં જૈ હૌં ગુજરાત."[૧૦]

આ વાક્યમાં સ્ત્રી દુષ્કાળ પડવાનાં ચિહ્ન પ્રગટ થતાં પતિને માળવા જવાનું કહે છે અને પોતે ગુજરાત જશે એમ કહે છે. હવે વિચાર કરો કે, આ વાક્ય બોલનારનું નિવાસસ્થાન કયા પ્રદેશમાં હોઈ શકે ?

માળવા અને ગુજરાતની બહારના પ્રદેશમાં વસતા હોવાનું સ્પષ્ટ સમજાય છે. વળી તેનો પ્રદેશ માળવા અને ગુજરાતની સમીપ હોવાનું પણ અનુમાન કરી શકાય, કારણ દુષ્કાળગ્રસ્ત લોકો દુકાળમાંથી બચવા નજીકના જ પ્રદેશમાં ઊતરી પડે છે. દૂર જવાની તેમની ક્ષમતા નથી હોતી. દુષ્કાળના વખતમાં મારવાડના ગરીબ લોકો ગુજરાતમાં ચાર છ માસ માટે આવે છે એ સામાન્ય પરંપરા છે. તેવી જ રીતે માળવામાં વૃષ્ટિ સારી થાય છે. મહાકાલેશ્વર(મહાદેવ)ના માળવામાં દુષ્કાળ પડે નહિ એવી માન્યતા છે. એટલે દુષ્કાળમાં લોકો માળવા પણ જાય છે. દુષ્કાળમાં લોકોને માળવા જતા જોઈને એક રાજકુમાર વજીરને કહે છે કે, લોકો માળવા શું કામ જાય, ખાજાં ને ખાંડ કેમ નથી ખાતા ? આવી દૃષ્ટાન્તકથા ગુજરાતમાં પ્રસિદ્ધ છે. તે પણ દુકાળિયાનું માળવા તરફનું પરંપરાગત નિર્ગમન સૂચિત કરે છે.

ઉપરોક્ત વાક્યો ભડલી—આદિ ભડલીનું નિવાસસ્થાન ઉત્તર ગુજરાત અને માળવાની સમીપમાંના મારવાડના કોઈક પ્રદેશમાં હોવાનો નિર્દેશ કરી જાય છે. હુડદ જોશીની વાત તેને પુષ્ટ કરે છે. વળી ઉપરોક્ત સાખીઓ જે ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પણ પ્રચલિત છે– તેને જો લોકકવિ ભડલીની પોતાની ઉક્તિઓ ગણીએ તો પ્રિયને સંબોધતી ભડલી સ્ત્રી હોવાની માન્યતાને પણ સવિશેષ પુષ્ટિ મળી રહે.

ભડલી-ભડ્ડરીનું નિવાસસ્થાન મારવાડ હોય તો પછી ઉત્તર પ્રદેશમાં ભડરિયા જાતિ મળે છે તેનો શું ખુલાસો થઈ શકે ? ઉત્તર પ્રદેશની જનશ્રુતિ પણ ભડલીને ઉત્તર પ્રદેશના કોઈ અજ્ઞાત જ્યોતિષીના પુત્ર તરીકે રજૂ કરે છે, તેનો પણ વિચાર કરવો પડે. સમગ્ર રીતે વિચાર કરતાં ઉત્તર પ્રદેશના ભડ્ડરીનું અસ્તિત્વ પણ ઝટ નકારી શકાય તેવું નથી. એટલે મારવાડના આદિ ભડલીનો અનુગામી ભડલી ઉત્તર પ્રદેશમાં થયાનું અનુમાન કરવું પડે છે.

રાજસ્થાની મીરાંની પદાવલી જેમ ઉત્તરપ્રદેશ અને ગુજરાત તેમ જ ભારતના બીજા પ્રદેશોમાં નિજી વારસા તરીકે પ્રચલિત થઈ છે તેમ રાજસ્થાની ભડલીની વાણી વિષે પણઅનુમાન કરવું પડે.

---

૯ "વર્ષાકાલ બોધ" પૃ. ૨૧.

૧૦ "ઘાઘ ઔર ભડ્ડરીકી કહાવતેં" (શ્રી દેવનારાયણ દ્વિવેદી)

રાજસ્થાનની એક સરહદ ઉત્તરપ્રદેશને પણ સ્પર્શ કરે છે, ત્યાંથી વર્ષાવિજ્ઞાનની કહેવતોના આ વારસાનું ઉત્તરપ્રદેશમાં સરળ નિર્ગમન સંભવી શકે.

અદિ ભડલીના એ ધનને સાચવતા કૃષિપ્રધાન ગ્રામ્ય સમાજે ત્યાં પણ ઘાઘ—ભડરી પ્રગટાવ્યા, એમ ભાસે છે. લાંબે કાળે 'ભડરી' શબ્દ વિશેષ નામ મટીને વર્ષાવિજ્ઞાનના લોકકવિનો સૂચક બની ગયો એમ લાગે છે. આ વર્ષાવિજ્ઞાનને ભડરિયા જાતિએ સવિશેષ રીતે અપનાવી પોતાની આજીવિકાનું સાધન બનાવ્યાનું પણ અનુમાન થાય છે. એ રીતે ભડ્ડરીની કહેવતોને ભડરિયા જાતિએ ઉત્તરપ્રદેશના અમુક ભાગોમાં વિશેષ લોકાભિમુખ બનાવી હશે, એમ કહી શકાય.

હું નમ્રતાપૂર્વક બીજું એક અનુમાન રજૂ કરું છું. ઉત્તરપ્રદેશમાં ભડ્ડરીની સાથે સાથે ઘાઘની વર્ષાવિજ્ઞાનને લગતી તથા નીતિવિષયક કહેવતો પણ પ્રચલિત છે. બંનેની શૈલી સરખી છે અને કહેવતો એવી સેળભેળ થઈ ગઈ છે કે નામમુદ્રા વગરની કહેવતોમાંથી કઈ ભડ્ડરીની અને કઈ ઘાઘની તે કહેવું મુશ્કેલ થઈ પડે છે. આ ઉપરથી શ્રી. દેવનારાયણ ત્રિવેદી તો અનુમાન કરે છે કે ઘાઘ અને ભડ્ડરી એ બેઉ નામ એકજ વ્યક્તિનાં છે.[૧૧] કેટલીક કહેવતોમાં 'કહૈં ઘાઘ સુનુ ભડ્ડરી' તથા 'કહૈં ઘાઘ સુન ઘાઘિની' સંવાદાત્મક ઉલ્લેખ મળે છે. તે ઉપરથી ભડ્ડરી ઘાઘની સ્ત્રી પણ સંભવી શકે.

ગમે તેમ હો, પણ ઉત્તરપ્રદેશના ઘાઘ અને ભડ્ડરી એક હોવાનું ઉપરોક્ત અનુમાન શકય હોય તો આદિ ભડ્ડરીની વર્ષાવિજ્ઞાન વગેરેની કહેવતોમાંથી પ્રેરણા મેળવતા ઘાઘ એ જ ઉત્તરપ્રદેશના ભડ્ડરી કહેવાય. તે લોકપ્રિય જ્યોતિષી પણ હતા.

ઘાઘ સંબંધી અગાઉ ભિન્ન ભિન્ન મત પ્રચલિત હતા. શ્રી. વી. એન. મહેતા તો તેને આહીર પણ કહે છે, પણ હવે સ્પષ્ટ માલૂમ પડયું છે કે ઘાઘ કનોજના બ્રાહ્મણ હતા. ત્યાં તેમના વંશજો પણ મોજૂદ છે. તે 'દૂબે' કહેવાય છે.

ઘાઘ હૂમાયુના દરબારમાં ગયા હતા અને અકબરની સાથે રહ્યા હતા. પ્રસન્ન થયેલા અકબરે તેમના નામથી ગામ વસાવવાની પરવાનગી આપી હતી. તે ઉપરથી ઘાઘે ગામ વસાવ્યું હતું, તેનું નામ તેમણે 'અકબરાબાદ સરાય ઘાઘ' રાખ્યું હતું અને તે સરકારી કાગળોમાં આજ પણ 'સરાય ઘાઘ' તરીકે લખાય છે. આ ગામ કનોજ શહેરથી દક્ષિણમાં એક માઈલ પર આવેલું છે.[૧૨]

આ રીતે હવે ઘાઘના જીવનકાલ વિષે સંદેહ રહેતો નથી. આ ઘાઘને ઉત્તર પ્રદેશના ભડ્ડરી કહેવા હોય તો કહી શકાય. વાસ્તવમાં તો ત્યાં ઘણીખરી કહેવતો એ બંનેની મજિયારી મિલકત ગણાય છે.

ઘાઘ આહીર હોવાની જનશ્રુતિ શ્રી. વી. એન. મહેતાએ નોંધી છે. તે બતાવે છે કે લોકપ્રિય અને પ્રસિદ્ધ વ્યક્તિઓની દંતકથાઓમાં આખી ને આખી જનશ્રુતિની કડીઓ એકને ગળેથી બીજાને ગળે પહેરાવી દેવામાં આવે છે.

---

૧૧ "ઘાઘ ઓર ભડ્ડરીકી કહાવતેં" (પરિચય)

૧૨ ઘાઘ ઔર ભડ્ડરી (રામનરેશ ત્રિપાઠી)—ભૂમિકા.

પ્રાપ્ય માહિતી તથા ભડલી–સાહિત્ય ઉપરથી તારતમ્ય કાઢીએ તો આદિ ભડલી મારવાડમાં થયાની શકયતા છે. ત્યાંથી ઉત્તર પ્રદેશ અને ગુજરાત વગેરે સ્થળે તેની વાણી પ્રચલિત બની. ઉત્તરમાં તેણે ઘાઘ જેવા પ્રતિભાસંપન્ન અનુગામી પ્રગટાવ્યા એમ કહી શકાય.

ભડલીની વાણી તથા તેનાં પ્રતીક નામોનું બંગાળ અને બિહારમાં પણ પ્રકારાન્તરે પ્રચલન થયું છે, તે રસપ્રદ છે. હવે તે પ્રદેશના 'ભડલી 'નો અને તેની વાણીનો પરિચય કરી આદિ ભડલી સાથે તેનું સામ્ય હોય તો વિચારીએ.

બંગાળ–બિહારના ભડલી

પૂર્વ ભારત સામાન્ય રીતે વર્ષાની પ્રચૂરતાવાળો પ્રદેશ છે. છતાં ત્યાં પણ ભડલી સાહિત્ય દેશ, કાલ અનુસાર પ્રચલિત છે. બંગાળ અને બિહારમાં આ વિષયમાં ડાક અને ખના (ખોના) તથા ભાડનાં નામ જાણીતાં છે. ઓરિસ્સામાં પણ 'ડાકબચન' પ્રચલિત છે.

પૂર્વભારતના ભડલી–ડાક અને ખના વિષે પણ જનશ્રુતિઓ પ્રચલિત છે. તેના આધારે તથા તેમના પ્રાપ્ય સાહિત્યના આધારે તેમનો સમય અનુમાનથી જાણી શકાય છે. ડાકજન્મની જનશ્રુતિ ઉત્તરપ્રદેશના ભડલીની જન્મકથાનું સ્મરણ કરાવે તેવી છે. બેઉની તુલના પણ કરવા જેવી છે.

ડાક :—મારવાડના ભડલી ડંકનુંજ બંગાળમાં ડાક નામ પડ્યાનું સહજ અનુમાન થાય કે નહિ ? તેવી જ રીતે બિહારમાં પ્રચલિત ભાડ તે જ કદાચ ભડ્ડરી હોવાનું અનુમાન શ્રી. રામનરેશ ત્રિપાઠી કરે છે. સાહિત્યના સામ્યની સાથે નામોનું સામ્ય બંધબેસતું થાય તે કેવળ ઉપેક્ષાયોગ્ય તો ન જ ગણાય.

ડાકના જન્મને લગતી જનશ્રુતિ પણ સૂચક બની રહે છે. આસામના બડપેટાથી છ સાત માઈલ દક્ષિણમાં બાઉસી પ્રગણાનું **લોહ** નામે ગામ છે, તે 'ડાકેર ગામ' (ડાકનું ગામ) કહેવાય છે. આસામમાં પ્રચલિત 'ડાકેર વચન' (ડાક વચન)માં આવો ઉલ્લેખ મળે છે :—

"**લોહિડાંગરા** ડાકેર ગાઉઁ, તિનિશ ષાટિટિ પુખુરીર નાઉ।
× × × × સેઈ ગાઉંત ઉપજિલ **ડાક**॥

આસામવાસીઓ લોહ ગામને જ પ્રાચીન લોહિડાંગરાનું રૂપાંતરિત નામ માને છે. ત્યાં હાલ પણ નાનાં નાનાં તળાવ અને જૂની વસાહતનાં ચિહ્નો દષ્ટિગોચર થાય છે.

કહે છે કે ડાકનો પિતા કુંભાર હતો. પહેલાં તેને કાંઈ સંતાન ન હતું. એક દિવસે કામાખ્યાનાં દર્શન માટે કામરૂપ જવા નીકળેલા મિહિર નામના જ્યોતિર્વિદ એ લોહગ્રામમાં આવી પહોંચ્યા. ડાકની માતાએ સાસુની સૂચનાથી પુત્રકામા બનીને તેની સેવા કરી. તેની સેવાથી સંતુષ્ટ બનેલો મિહિર તેને પુત્રનું વરદાન આપીને ચાલતો થયો. પરિણામે ડાકનો જન્મ થયો.

દંતકથા પ્રમાણે જન્મતાંની સાથે જ બાળકે માતાને ડાક (હાક) પાડી અને નવપ્રસૂતા તથા નવજાત શિશુનાં લાલનપાલન વિષે ઉપદેશ આપ્યો. આથી તેનું નામ ડાક પડ્યું.

"ઉપજિયે માયકો દિલે ડાકા।
સેઈસે કારણે તાર નામ થૈલા ડાક॥"

મિહિર ફરી એક વાર લોહિડાંગરા આવેલા અને ડાકની અસાધારણ પ્રતિભા જોઈ આનંદ પામ્યા હતા. કહેવાય છે કે ડાક નાની વયમાં જ જળમાં ડૂબીને મરી ગયો હતો. ડાકનાં વચનમાં નીતિપ્રકરણ, રંધનપ્રકરણ, જ્યોતિષપ્રકરણ, ક્ષેત્રપ્રકરણ, ગૃહિણીલક્ષણ, કૃષિલક્ષણ, બૃષલક્ષણ, બર્ષાલક્ષણ વગેરે વિષયો સંકલિત થયા છે.

ડાક જ્યોતિષી હોવાથી તેના પિતા મિહિરને જનતાએ પ્રસિદ્ધ જ્યોતિષી વરાહમિહિર માની લીધા. શિવભક્તને શંકરના અવતાર અને મીરાંને ગોપી-અવતાર માનતી કથાઓ આ દેશમાં રચાતી આવી છે. તેના જેવો જ આ પ્રકાર ગણી શકાય. મિહિરને વરાહમિહિરનો અવતાર બનાવી દીધો. છતાં આસામી ભાષા અને સાહિત્યના ઇતિહાસના લેખક શ્રી દૈવેન્દ્રનાથ બેજબરૂઆ આ દંતકથા સાચી માની વરાહમિહિરના પુત્ર તરીકે ડાકનો સમય ઈ.સ. છઠ્ઠી શતાબ્દીનો માનવાનું દુઃસાહસ કરે છે.

પણ બીજા સંશોધકો આ માનતા નથી. શ્રી દીનેશચંદ્ર સેન કહે છે કે, શાકદ્વિપી બ્રાહ્મણોની એક શાખાની ઉપાધિ મિહિર હતી. એ ઉપરથી 'મિર' અને 'મેર' ઉપાધિઓ આજે પણ ત્યાં પ્રચલિત છે.[૧૩] એટલે કોઈ 'મિહિર' બ્રાહ્મણ સાથેનો આ પ્રસંગ હોઈ શકે.

ડાક શબ્દનો સંબંધ ડાક અને ડાકિની–બૌદ્ધ તાંત્રિકોની વિશેષ શ્રેણી સાથે હોવાનું પણ સંભવિત મનાય છે. છતાં ડાક એ વ્યક્તિ વિશેષનું નામ હોય તો તેનું જન્મસ્થાન બડવેરા પાસે લોહગ્રામ હોવાનું અસંભવિત નથી.[૧૪]

બંગાળની આ જનશ્રુતિમાં ઉત્તરપ્રદેશની જનશ્રુતિ સાથે બે રીતે સામ્ય છે. (૧) ડાક તથા ભડલીનું નિમ્નકુલની માતાને પેટે પ્રસિદ્ધ જ્યોતિષી દ્વારા પેદા થવું. (૨) ડાક જળમાં ડૂબીને મરણ પામ્યો. ઉત્તર પ્રદેશના ભડલી-ઘાઘ પણ જળમાં ડૂબીને મરણ પામ્યા હતા. આ રીતે ઉત્તરપ્રદેશની દંતકથા બંગાળ—આસામમાં રૂપાંતરિત થયાનું નથી લાગતું ?

ડાક અને ખનાનાં વચનો ઉપરથી તેની રચનાનો સમય ઈસવી સન ૮માથી ૧૨મા સૈકાનો મનાય છે. ડાકનાં વચનોમાં બૌદ્ધ ધર્મના અવનતિ કાલે જે નાસ્તિકતા ફેલાઈ હતી તેનો અંશ પણ જોવા મળે છે. જેમકે:—

"દધિ દુગ્ધ કરિયા ભોગ ।
ઉષધ દિયા ખંડાબ રોગ ॥
બલે ડાક એઈ સંસાર,
આપના મઈલે કિસેર આર ॥ "

મરણ પછી સંસાર–દેહ રહેવાનો નથી, માટે ખાઈપીને મજા કરવી એવો ભાવ વ્યક્ત થયેલો છે. ડાકમાં માનવચરિત્રની વ્યાખ્યા પુષ્કળ મળે છે, પણ તે આગળ ઉપર યથાક્રમે જોઈશું.

ખના:—ખના–ખનાનાં વચનો બંગાળમાં ઘેર ઘેર જાણીતાં છે. ખનાનો ચોક્કસ ઇતિહાસ

૧૩ 'બંગભાષા ઓ સાહિત્ય' (કલકતા વિશ્વવિદ્યાલય)

૧૪ એજન.

મળતો નથી પણ દંતકથા પ્રમાણે તે વિક્રમાદિત્યની સભાના નવરત્નો પૈકીના જ્યોતિષી વરાહના પુત્ર મિહિરની પત્ની હતી. તે રાક્ષસદેશમાં રહી જ્યોતિષ વિદ્યા ભણી હતી. તેની અપૂર્વ વિદ્યાની જાણ રાજાને થતાં તેણે ખનાને રાજસભામાં લાવવા આગ્રહ કર્યો. આથી કુળસ્ત્રીની મર્યાદાભંગ થવાનો પ્રસંગ આવ્યો. તેમાંથી બચવા માટે પિતા વરાહની આજ્ઞાથી મિહિરે ખનાની જીભ કાપી લીધી અને તે મરણ પામી.[૧૫]

પણ આ દંતકથા વિશ્વાસનીય નથી. ખના મિહિરની સ્ત્રી હતી તે શક્ય હશે પણ તે મિહિર એટલે પ્રસિદ્ધ જ્યોતિષી વરાહમિહિર નહિ. શાકદ્વિપી જે બ્રાહ્મણોની અટક મિહિર છે તે પૈકીના કોઈ એક બ્રાહ્મણની તે પત્ની હશે, પણ 'મિહિર'નું વરાહમિહિર નામ યોજી જનશ્રુતિએ ખનાનું મહત્ત્વ વધારવા પ્રયાસ કરેલો જણાય છે.

પણ ખનાના પિતાનું નામ અટનાચાર્ય હતું. તે વિષે તેનું પોતાનું વચન છેઃ—

'આમિ **અટનાચાર્યેર** બેટિ, ગણુતે, ગૅાથતે કારે બા ઑહિ !!"

ખનાનું જન્મ સ્થાન રાક્ષસદેશ કહેલ છે તેનો એક રીતે મેળ પડે છે. રાજતરંગિણીમાં **बंग राक्षसैः।** એવો પ્રયોગ મળે છે. તે ઉપરથી બંગદેશની પ્રસિદ્ધિ એક કાલે એ રીતની હોવાનું જણાય છે. ખના તથા તેનો પતિ વિક્રમને આશ્રયે નહિ પણ ચન્દ્રપુર નામના નગરમાં ચન્દ્રકેતુ રાજાના આશ્રયે રહેલાનું સંભવિત છે. આ નગર હાલ નાશ પામ્યું છે. જંગલમાં તેના ભગ્નાવશેષનો ટેકરો જોવા મળે છે. ત્યાં ખના તથા મિહિરનો નિવાસ લોકો બતાવે છે.

ખનાનો સમય પણ શ્રી. દીનેશચન્દ્ર સેન ૮ થી ૧૨મી શતાબ્દી માને છે. ડાક અને ખના બેઉનાં વચનોમાં ખેડૂત માટેનાં બોધવચન મળે છે. ખનાનું નામ બંગાળની સ્ત્રીજ્યોતિર્વિદા તરીકે સ્મરણીય છે. મારવાડ—ગુજરાતમાં ભડલી જ્યોતિર્વિદા સ્ત્રી મનાય છે, તેની સાથે આ સરખાવવા જેવું છે. બેઉ સ્ત્રીઓ પ્રસિદ્ધ જ્યોતિષીઓની પત્નીઓ છે અને પતિકાર્યમાં રત બનેલી છે, એ પણ ધ્યાનાર્હ છે.

ઉત્તર તથા પશ્ચિમ ભારતના ભડલી અને પૂર્વ ભારતના ભડલી—ડાક, લાઙ વગેરેનાં નામો, જન્મ વિષેની દંતકથાઓ વગેરેની સામ્યતા આપણે જોઈ ગયા. હવે તેમનાં વર્ણ્ય વિષય, શૈલી વગેરેની થોડીક સામ્યતા જોઈએ :—

"પરમુખ દેખિ અપન મુખ ગોવૈ, ચૂડી કંકન બેસરિ ટોવૈ।
આચર ટારૈ પેટ દિખાવે, અબ છિનારિ કા ઢોલ બજાવૈ॥"

ઉત્તર પ્રદેશના આ ભડલીવાક્યમાં લંપટ નારીનાં લક્ષણો બતાવ્યાં છે. મધ્યકાલના સાહિત્યમાં આવી ઉક્તિઓ પ્રચૂર રીતે મળે છે. બંગાળનો ડાક પણ તેવાં જ વચનો રજૂ કરે છે :—

"ઘરે સ્વામી બાહિરે બૈસે, ચારિ પાને ચાહે મૂચડિ હાસે;
હેન સ્ત્રીયે યાહાર બાસ, તાહાર કેન જીવનેર આશ ?"

---

૧૫ સતીમંડળ, ભાગ ૨, પૃ. ૧૫૫-૧૬૦.

સ્વામી ઘેર હોવા છતાં બહાર બેસે, ચારે બાજુ જુએ, મલકી મલકીને હસે, તેવી સ્ત્રી સાથે જેનો વાસ છે તેના જીવનની શી આશા ?

શૈલી—શબ્દરચનામાં પણ ક્યાંક હિંદી ભાષાનાં ભડલી વાક્યોની અસર બંગાળી ઉપર સ્પષ્ટ પડેલી જોઈ શકાય છે. જેમ કે :—

"ધનિ વહ રાજા ધનિ વહદેશ, જહવાઁ વરસૈ અગહન સેસ ।
પૂસમે દૂના માઘ સવાઈ, ફાગુન બરસૈ મૂર ગઁવાઈ ॥"

આ હિંદી ચોપાઈ સાથે નીચેનું બંગાળી વાક્ય સરખાવો :—

યદિ બર્સે માઘેર શેષ, ધન્ય રાજા પુણ્ય દેશ ।
યદિ બર્ષે ફાગુને, ચિના કાઉ ન દ્વિગુણે ॥

દેશાન્તરને કારણે માઘ અને ફાલ્ગુનના વરસાદની એકસરખી ફલશ્રુતિની અપેક્ષા તો ન રહે, પણ બેઉ વાક્યોની રજૂઆતની ધાટી તથા શબ્દઝૂમખામાં કેટલું બધું સામ્ય છે ?

આ રીતે જોઈએ તો મારવાડનો આદિ ભડલી ભાષાની, દેશની તથા હવામાનની અનેક મર્યાદાઓ વટાવીને પશ્ચિમમાંથી છેક પૂર્વમાં પહોંચી ગયો હોય એમ લાગે છે. ડાક અને ખના જાણે ડંક અને ભડલીની દેશાન્તરગત નવી આવૃત્તિઓ હોય તેવો ભાસ થાય છે.

બંગાળનાં ભડલી વાક્યો—કૃષિવિષયક કહેવતોનું મૂળ પણ પરાશર વગેરેનાં વચનોમાં મળી આવે છે, કે પછી પરાશરે લોકસાહિત્ય પરથી પોતાના શ્લોક રચ્યા હશે ? પરાશરનો નીચેનો શ્લોક જુઓ :

मृत्सुवर्णसमा माघे, पौषे रजतसन्निभा ।
चैत्रे ताम्रसमाख्याता, धान्यतुल्या च माधवे ॥

માઘ માસમાં ખેડવાથી ભૂમિ સોના બરોબર, પોષમાં ખેડવાથી ચાંદી બરોબર, ચૈત્રમાં ખેડવાથી તાંબા બરોબર અને વૈશાખમાં ખેડવાથી ધાન્ય બરોબર ફળ આપે છે.

આ શ્લોક બંગાળની લોકબોલીમાં પ્રવાદ (કહેવત) રૂપે આ રીતે રજૂ થાય છે :—

"માઘેર માટિ હીરેર કાંડી, ફાગુનેર માટિ સોના ।
ચૈતરે માટિ યેમન તે મન વૈશાખેર માટિ નોના ॥"

આમાં માઘની ખેડથી તૈયાર થતી ખેતરની માટીને સર્વશ્રેષ્ઠ હીરા જેવી ગણી છે. ફાલ્ગુનની ખેડને સોના જેવી, ચૈત્રની ખેડ સામાન્ય અને વૈશાખની ખેડ નીમક જેવી—કનિષ્ઠ ગણી છે.

ભડલીનો સમય

ભડલીના સમય વિષે વિચાર કરતાં સૌ પહેલાં આદિ ભડલીનો સમય વિચારવો પડશે. દંતકથાઓનો સમય પહેલાં તપાસી લઈએ.

મારવાડની દંતકથા ડંક અને ભડલીને પરીક્ષિત રાજાના અને ધન્વતરિના સમયમાં મૂકે છે. તેમાં પ્રથમ દર્શનીય ડાકોત લોકોની કલ્પના જ ચગેલી જોઈ શકાય છે. ભડલીની ભાષા કે બીજો કોઈ પુરાવો આને પુષ્ટિ આપે તેમ નથી. ગુજરાતની ઉધડ (હુદડ) જોશીવાળી દંતકથા પ્રમાણે રૂદ્રમહાલયના નિર્માણકાલે ખાતમુહૂર્ત કરાવ્યું હતું એમ કહે છે. તે રીતે ભડલી સોલંકીયુગમાં આવી શકે તે કદાચ સિદ્ધરાજ જયસિંહના સમકાલીન ગણાય.

ઉત્તર પ્રદેશની દંતકથાવાળા કાશીના જ્યોતિષીને લોકો વરાહમિહિર ગણી ભડલીને તેમના પુત્ર માને છે. બંગાળના ડાક માટે પણ આવી જ દંતકથા પ્રચલિત છે પણ તે લોકમાનસની ઉન્નત કલ્પના માત્ર છે એમ આપણે અગાઉ જોઈ ગયા છીએ. ઈ. સ. ૫૦૫ આસપાસના સમયમાં થઈ ગયેલા વરાહમિહિરના સમકાલીન ભડલીને માનવાનું કોઈ ઘસાઈ ગયેલા અંશો પણ ભાષાવિદોને ભડલીવાક્યોમાંથી મળે તેમ નથી.

ભડલીવાક્યોની ભાષા મુખપરંપરાએ ફરતી રહીને આધુનિક બની ગઈ છે. છતાં ક્યાંક જૂના મારવાડી પ્રયોગો સચવાઈ રહ્યા છે. જૂની ગુજરાતીમાં લખેલાં ૯૩ ભડલીવાક્યો વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરની એક પોથીમાં મળ્યાં છે. તેમાં જૂની ગુજરાતી—અપભ્રશમાંથી વિશ્લેષણ પામતી ભાષાનું સ્વરૂપ જોવા મળે છે.

જિહિ નખત્તિહિં ભડ્ડલી, કાંઈ હોઈ અરિટ્ઠ;
તિ હિ નવિ વરસઈ અંબરહ, સો જાણિજિ વિણુટ્ઠ.

આ ભાષા ઠીક ઠીક જૂનો સ્તર રજૂ કરે છે. વળી આ હસ્તપ્રતની પૂર્વે પણ ભડલી-વાક્યોમાં ભાષા પરિવર્તન ચાલુ રહ્યું હોવાનું સંભવિત છે. તેનો વિચાર કરતાં આદિ ભડલીને આચાર્ય હેમચંદ્ર જેટલા પ્રાચીન તો માનવા જ પડે. હુદડની દંતકથા પણ તેને પુષ્ટિ આપે તેમ છે.

જૂની ગુજરાતીમાં પ્રચલિત ભડલીવાક્ય કાલક્રમે કેવું પરિવર્તન પામે છે તે દર્શાવવા એક બીજું વાક્ય પ્રાચ્ય વિદ્યામંદિરની પોથીમાંથી લઉં છું:—

જઉ નવિ વૂઠઈ અંબરહ, પુણુ ઉગિઉ અગત્થિ ।
તાં જાણેવૂં ભડ્ડલી, પુહવી નીર ન અત્થિ ॥

સંવત ૧૮૭૯માં રાંધેજામાં લખાયેલી મારી પાસેની હસ્તપ્રતમાં આ ભડલીવાક્યની ભાષા પરિવર્તનને કારણે નીચે પ્રમાણે રૂપ પામી છે:—

જેહાં ન પૂઠો અંબધર, ઊગમતે અગસ્ત ।
તે જાણે તું ભડલિ પાંણી પોહોવે ન માય ॥

આ રીતે કંઠસ્થ ભાષાનું પરિવર્તન થતું જોઈ શકાય છે. તે જોતાં કદાચ આદિ ભડ્ડલીને આચાર્ય હેમચંદ્રના પુરોગામી ગણવા હોય તો પણ ભાષાની દષ્ટિએ ભાગ્યે જ કોઈ બાધા નડે.

ડાક અને ખનાનો અંદાજી સમય ઈ. સનની આઠમીથી બારમી સદી સુધીનો માન્યો છે. તેનાથી મોડા આદિ ભડલીને મૂકવા કોઈ કારણ નથી. અપભ્રંશની પ્રાદેશિક વિશિષ્ટતાઓના ઉદ્‌ગમકાલના ગાળામાં કદાચ તે થયા હોય એમ અનુમાન કરી શકાય કારણ એ રીતે પૂર્વ

ભારત અને પશ્ચિમ ભારતના ભડલી સાહિત્યની સામ્યતાની કડી સરળતાથી સમજી શકાય. આદિ ભડલીના સમયની બાબતમાં આથી વિશેષ પ્રકાશ હાલ પ્રાપ્ત થતો નથી.

ઉત્તર પ્રદેશના ભડલી-ઘાઘનો સમય સંવત ૧૬૦૦ આસપાસનો છે. તેમણે ભડલી-વાક્યોનું અમુક અંશે અનુકરણ કરેલું જણાય છે. પાછળથી ભડલી અને તેમની વાણી સેળભેળ થઈ હશે અને એકની દંતકથા બીજાને ગળે પણ કદાચ લાગી ગઈ હશે.

શ્રી. જગદીશસિંહ ગહલોતે ભડલીનો સમય વિક્રમની પંદરમી શતાબ્દીની આસપાસ માનેલો છે, પણ મારી સમજ પ્રમાણે તેમણે રાજસ્થાન બહારના ભડલી સાહિત્ય ઉપર તુલનાત્મક વિચાર પર્યાપ્ત રીતે કરેલો નથી.

ભડલીવાક્યોનું પ્રાદેશિક રૂપાંતર જોતાં "ભડલી વાક્યો"ની પ્રસ્તાવનામાં પ્રદર્શિત કરેલો ભડલીનો સમય થોડોક પાછો હઠાવવો જોઈએ એમ મને લાગ્યું છે. નવી સામગ્રી અને તે ઉપર કરેલા ચિંતન પછી એમ કરવું યોગ્ય જણાયું[૧૬] છે.

ભડલી વાક્યોમાં પ્રક્ષિપ્ત વચનો–પાઠો બહુ છે. એટલે વાક્યોના ભડલીકર્તૃત્વનો પ્રશ્ન પણ ગૂંચવણભર્યો બને છે. ક્યાંક ક્યાંક તો ભડલી વ્યક્તિ મટી, વર્ષાવિજ્ઞાનની લોકકવિતાનું સામાન્ય પ્રતીક બની રહે છે. આ સ્થિતિ કોઈ પણ સંશોધકને અકળાવે તેવી છે.

ભિન્ન ભિન્ન પ્રદેશનાં ભડલી વાક્યો

ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશનાં ભડલી વાક્યોનો સંપૂર્ણ પરિચય કે સમીક્ષા અહીં શક્ય નથી, પણ આ લોકવાણીનો વ્યાપ વાચકની કલ્પનામાં આવે તે માટે થોડુંક વિહંગદર્શન આવશ્યક છે.

સંસ્કૃત સાહિત્યને સૌથી વધુ પ્રાચીન માનવાની મુગ્ધતા આપણે ત્યાં પ્રચલિત છે. આર્ષ સંસ્કૃત ઘણું પ્રાચીન છે પણ ખરું, પણ સંસ્કૃત ભાષાના નામ માત્રથી તેની પ્રાચીનતા ગૃહિત થતી હોય તો એ ભ્રામક છે. હકીકતમાં પ્રાકૃતે અને કોઈક અપભ્રંશે પણ સંસ્કૃત સાહિત્યને ક્વચિત પ્રેરણા આપી છે. આ હકીકત ખ્યાલમાં રાખતાં ભડલીવાક્યોનું તદ્વિષયક કહેવતોનું મૂળ સંસ્કૃતમાં શોધવું કે નહિ તે પ્રશ્ન ઊભો થાય છે.

પ્રાકૃત કે અપભ્રંશમાં પ્રચલિત લોકભોગ્ય જ્ઞાન–વિજ્ઞાનની સામગ્રી સંસ્કૃત ભાષામાં શ્લોકબંધ બને એ સંભવિત છે. એ રીતે વર્ષાવિજ્ઞાન પણ સંસ્કૃત શ્લોકોમાં નિબદ્ધ થયું હોય તો નવાઈ નહિ, પણ આ પ્રશ્ન વિસ્તૃત સંશોધનનો છે. એટલે આડ રસ્તે વળી ગયા વગર પરાશર તેમ જ બૃહત્સંહિતાકારના શ્લોકને બીજરૂપ માની આપણે આગળ ચાલીએ.

વર્ષાના ગર્ભનો પ્રશ્ન આધુનિક વિજ્ઞાન માટે નવો છે પણ તે વિષે બૃહત્સંહિતામાં સારી માહિતી ઉપલબ્ધ છે. જુઓ :—

मार्गशिरशुक्लपक्ष प्रतिपत्प्रभृति क्षपाकरेषाढाम् ।
पूर्वां वा समुपगते गर्भाणाम् लक्षणं ज्ञेयम् ॥

---

૧૬ ભડલીવાક્યો : (સંપાદક: જેઠાલાલ ત્રિવેદી, પ્રકાશક: સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ).

માર્ગશિરની શુકલ પ્રતિપદાથી જે દિવસે ચન્દ્ર પૂર્વાષાઢા નક્ષત્રમાં આવે તે દિવસથી બધાં ગર્ભનાં લક્ષણ જાણી લેવાં જોઈએ.

વર્ષાના ગર્ભનો પ્રસવ ૧૯૫ દિવસે થાય છે, પણ વચ્ચે ગર્ભ ગળી ગયાનાં ચિહ્ન ન થાય તે જોવું પડે છે. આ રીતે માર્ગશિરના ગર્ભના પ્રસવરૂપે જેઠ કે અષાઢમાં વૃષ્ટિ થાય છે, એમ ગણત્રી થાય. વધુ ખાત્રી માટે જુઓ :—

माघसितोत्था गर्भाः श्रावणकृष्णे प्रसूतिमायान्ति ।
माघस्य कृष्णपक्षेण निर्दिशेत् भाद्रपदशुक्लम् ॥

મહા માસના શુકલ પક્ષનો ગર્ભ શ્રાવણ કૃષ્ણ પક્ષમાં અને મહા કૃષ્ણ પક્ષનો ગર્ભ ભાદ્રપદ શુકલ પક્ષમાં પ્રસૂતિને પામે છે.

બૃહત્સંહિતામાં ગર્ભ ક્યારે પુષ્ટ થતો નથી તથા કયો ગર્ભ બહુ જળ વરસાવે છે તેની પણ ચર્ચા કરેલી છે. વર્ષાવિજ્ઞાનની આ વાતો તથા બીજા અનુભવોને તે પછી ખેડૂતોએ તેમ જ ભડલી, ઘાઘ વગેરેએ લોકવાણીમાં રજૂ કર્યા એમ માનવામાં આવે છે.

ભડલી પ્રારંભમાં જ આ ગર્ભની માહિતી સરળ ભાષામાં આપે છે :—

(સાખી)

"નામ ગણાવે ગરભનું, જોયે એમ સહદેવ;
ગરભ કહે તે જાણજો, માસ માસમાં એવ."

(ચોપાઈ)

વાદળ વાયુ વીજ વરસંત, કડકે ગાજે ઉપલ પડંત;
ધનુષ અને પરિવેશે ભાણ, હિમ પડે દશ ગરભ પ્રમાણ.

વાદળ, વાયુ, વીજળી, વરસાદ, આકાશના કડાકા, ગર્જના ઝાકળ પડવું, મેઘધનુષ, સૂર્ય પર મંડળ થવું અને હિમ પડવું એ દશ ગર્ભનાં પ્રમાણ છે.

પરાશરનો એક આવો શ્લોક મળે છે :—

वैशाखे वपनं श्रेष्ठं ज्येष्टे तु मध्यमं स्मृतम् ॥

વૈશાખમાં બીજ વાવવું તે શ્રેષ્ઠ અને જેઠમાં વાવવું તે મધ્યમ છે, એમ પરાશર કહે છે. આ વાંચીને આશ્ચર્ય થાય તેવું છે. હાલ વૈશાખમાં અનાજ વાવીએ તો શું થાય? જરૂર બીજ નષ્ટ થઈ જાય. તો પરાશરે આમ કેમ કહ્યું હશે?

ખુલાસો એમ કરવામાં આવે છે કે, પરાશરના સમયમાં ઋતુચક્ર ભિન્ન પ્રકારનું હતું. ત્યારે માર્ગશિરમાં વસંત ઋતુ આવતી. શ્રીકૃષ્ણના મુખમાં ગીતામાં પણ આવી પંક્તિ મૂકેલી છે :—

मासानां मार्गशीर्षोऽहं ऋतुनां कुसुमाकरः ।

તે કાલે માર્ગશિરમાં વસંતઋતુ આવતી હશે તેથી જ માગશિરનું મહત્ત્વ ગણાયું હશે, એમ મનાય છે. પૃથ્વીની ગતિના કારણે ઋતુકાલ આગળ સરકતો જાય છે એમ જ્યોતિષીઓનું કહેવું છે.

તે રીતે જોતાં પરાશરના સમયમાં વૈશાખમાં વર્ષાઋતુનો પ્રારંભ થતો હશે અર્થાત્ પરાશરનો વૈશાખ આજકાલનો અષાઢ માસ ગણાય, એટલે आषाढे वपनं श्रेष्ठं એવો ભાવ ઉપરોક્ત કથનમાંથી નીકળે.

પરાશર વગેરેનાં વાક્યો ભડલી વાક્યોથી પ્રાચીનતર હોવાની સંભાવના દર્શાવવા માટે આ ઉલ્લેખ કરેલો છે.

વર્ષાકાલની આગાહીને લગતી કહેવતો-કથાનકોને 'મેઘમાલા' એવું નામ પણ મળેલું છે. સંસ્કૃતમાં તેમ જ દેશ્ય ભાષામાં તેવી મેઘમાલાઓ રચાઈ છે. શ્રી. વિજયપ્રભસૂરિની 'મેઘમાલા' સંસ્કૃતમાં મળે છે. મારી પાસેની સંવત ૧૮૭૯ની હસ્તલિખિત પોથીમાં પણ તત્કાલીન ગુજરાતી ભાષામાં લખાયેલી 'મેઘમાળા' પ્રાપ્ત થઈ છે. ઉનડ કવિની કૃતિ સંવત ૧૮૬૮ના અરસાની હોય એમ જણાય છે.[૧૭] તેમાં ગર્ભનાં લક્ષણ અને ગર્ભક્ષયનાં લક્ષણ સારી રીતે સમજાવેલાં છે.

સૌ પહેલાં સંસ્કૃત મેઘમાલાના કેટલાક શ્લોકની ભડલી સાથે તુલના કરવી ઇષ્ટ થશે. એ મેઘમાલા પણ વરસાદના ગર્ભની વાતને પુષ્ટિ આપે છે :—

द्वादश्यां कार्तिके मासे शुक्लायां रजनी यदा ।
सकला निर्मलाश्चैव पुष्पबंधः स उच्यते ॥

કારતક શુક્લ પક્ષની બારસે નિર્મળ રાત હોય તો તેને પુષ્પબંધનો યોગ કહેલો છે. તે ગ્રન્થકારે અન્યત્ર પણ कार्तिके पुष्पनिष्पत्ति । એમ કહેલું છે. રજસ્વલા સ્ત્રીના પુષ્પની વ્યંજના અહીં કરેલી છે.

कृष्णपक्षे तथाष्टम्यां नवम्यां हस्तमे किल ।
सर्वतो दिशि दृश्येच्च विद्युदभ्रेण संयुता ॥
तदृक्षे चैव आषाढे जलपूर्णा मही भवेत् ।

માગશર વદિ આઠમ-નોમનો મેઘમાલાનો આ યોગ ભડલીએ સંક્ષેપમાં આ રીતે દર્શાવ્યો છે :—મેઘ માર્ગશીર્ષ વદિ આઠમ, હોય મેઘ શ્રાવણમાંનેય;

*　　　*　　　*

માગશીર આઠમ ઘટા, વીજ સમેતી હોય;
તો શ્રાવણ વરસે ભલો સાખ સવાઈ જોય.[૧૮]

મેઘમાલામાં શુક્રના અસ્તનું ફળ કહેલું છે :—

फाल्गुनेऽस्तमिते शुक्रे दुर्भिक्षं कथितं जिनैः ।

જિનેશ્વરના આ કથનને ભડલીએ સરળ ભાષામાં મૂક્યું છે :—

---

૧૭ સંદેશ પ્રત્યક્ષ પંચાંગ (મોટું) સંવત: ૨૦૦૯ના પૃ. ૬૩-૬૪ ઉપર શ્રી. નાથાલાલ મંડલી-એ આ મેઘમાળા પ્રકટ કરી છે.

૧૮ ભડલી વાક્યો, પૃ. ૨૨.

શુક્ર અસ્ત જો હોય વળી, કદિ પણ ફાગણ માસ;
ભડલી હું કહું છું તને, કણબી ન પીએ છાસ.

અર્થાત્ ફાગણમાં શુક્રનો અસ્ત થાય તો કણબીનાં છોકરાં છાશ પણ પામશે નહિ. આમાં મેઘમાંલા સાથે ભડલીવાકયનું સામ્ય જોઈ શકાય છે.

વૈશાખનું આવું એક કથન જોઈ આગળ ચાલીશું :—

वैशाखे तु प्रतिपदि मेघा वा विद्युतो यदि ।
सर्व धान्यस्य निष्पत्तिर्भवति हि सुखप्रदा ॥ (મેઘમાલા)

ભડલીવાકયમાં તેની રજૂઆત લાક્ષણિક રીતે થયેલી છે :—

વૈશાખી પડવા દિને, વાદળ વીજ કરેહ;
દાણા વેચી ઘર કરો, પૂરી શાખ ભરેહ.

પણ અખાત્રીજ—અક્ષય તૃતીયાનો યોગ વર્ષાવિજ્ઞાનમાં મહત્ત્વનો ગણાય છે. મેઘમાલા તે વિષે કહે છે :—

तृतीया शुक्लपक्षस्य वैशाखे गुरुतोन्विता ।
रोहिणीऋक्षसंयुक्ता भूरि धान्यप्रदा मता ॥

સહદેવ–ભડલી તે જ વાત કહે છે :—

અખાત્રીજ તિથિને દિને, ગુરુ રોહિણીસંયુક્ત;
સહદેવ પણ એમ ભણે, નીપજે અન્ન બહુ જુક્ત.

ઉનડ પણ તેની લાક્ષણિક રીતે આ કથનને સ્પષ્ટ કરે છે :—

આવે અખાત્રીજ દિન જ્યારે, ફલ નક્ષત્રનો જણાય ત્યારે;
આવે છે કૃતિકા જો કદા, સમાન વર્ષા થાય તદા.
રાતદિવસ જો આવે રોહિણી, કરે સકલ સદા મોહણી!
આવે મૃગશીર દુકાલ જાણો, એ ફલ અખાત્રીજ ઉપર જાણો.

ઉનડની વાતને પુષ્ટિ આપતું એક વૃદ્ધવાકય અમને મળ્યું છે :—

કટકા કરવરુ કરે, રોહણી કરે સુકાલ;
નખેદ મગશર હોય તો, નક્કી થાય દુઃકાળ.

ગુજરાતમાં અષાઢ સુદ પાંચમની વીજળી જોવાનો મહિમા પરંપરાથી ચાલુ છે. જો વીજળી ન થાય તો ખેડૂતો નિરાશ થાય છે અને અનાજનાં ભાવ ઉપર પણ અગાઉ તેની અસર પહોંચતી એમ કહેવાય છે. એ વિષે મેઘમાલાનું કથન આ રીતે છે :—

आषाढशुक्लपंचम्यां मेघा वा विद्युतोऽपि वा ।
तदा सुवृष्टिर्विज्ञेया धान्यतृणप्रदा भुवि ॥

ભડલી આને દેશ્ય કવિત્વ સહ મૂકે છે :—

અષાઢ સુદિ પંચમી જો ઝબૂકે વીજ;
દાણા વેચી ઘર કરો, રાખો બળદ ને બીજ.

અષાઢ સુદિ પાંચમે વીજળી થાય તો ભડલી ખેડૂતને દાણા વેચી નાંખવાની સલાહ આપે છે. માત્ર બળદ અને બીજ રાખવાનું કહે છે. ઉનડ પણ આ કથનને સંક્ષેપમાં ટેકો આપે છે :—

"સુદ પાંચમની વીજળી, કરે સકાલ સદાય."

પણ અષાઢ સુદી પાંચમે બીજો એક યોગ જોવાનો હોય છે તેનો આપણા ખેડૂતોને ખ્યાલ નથી. શ્રી વિજયપ્રભસૂરિ તે યોગ તરફ આપણું ધ્યાન દોરે છે. તે કહે છે, અષાઢ સુદી પાંચમે ગર્જના થાય, મેઘ વરસે, ઇન્દ્રધનુષ દેખાય તે છતાં પશ્ચિમ દિશાનો વાયુ હોય તો સર્વધાન્યનો સંગ્રહ કરવો જોઈએ, કારણ કારતક માસમાં અનાજની મોંઘવારી થવાનો યોગ છે.[૧૯]

પાંચમની વીજળી સાથે જનતાએ આ યોગનું પણ નિરીક્ષણ કરવું જોઈએ. કેવળ વીજળી ઉપરથી ફલાદેશ તારવવો અપર્યાપ્ત ગણાય.

તંત્રગ્રંથોમાં પણ વર્ષાવિજ્ઞાન પ્રવેશ પામ્યું છે. અગાઉ આપણે ડાકના જીવન વિષેના પ્રકરણમાં જોઈ ગયા કે ડાક શબ્દ બૌદ્ધ તાંત્રિકોની એક વિશેષ શ્રેણી સાથે સંબંધ ધરાવે છે.

શ્રી દીનેશચંદ્ર સેન કહે છે કે, નેપાલમાં જે 'ડાકવર્ણતંત્ર' અને 'વજ્રડાકતંત્ર' વગેરે તંત્રો મળી આવ્યાં છે તેમાં ડાકના વચનને અનુરૂપ પ્રવચનમાલા ઉતારેલી જણાય છે. તે વજ્રડાક સંપ્રદાયનાં રચેલાં જણાય છે.[૨૦] તેવી જ રીતે 'રુદ્રયામલતંત્ર'માં પણ વર્ષાવિજ્ઞાનની માહિતી શિવ-પાર્વતીના સંવાદરૂપે ગૂંથેલી જોવા મળે છે.

તંત્રગ્રંથોની કે 'રુદ્રયામલતંત્ર'ની ઐતિહાસિકતા તપાસવાનો કે ચર્ચવાનો અહીં અવકાશ નથી. ઉલ્લેખનીય એટલું જ કે વજ્રયાન આદિ બૌદ્ધતંત્રો કરતાં આગમ તંત્રો વધુ પ્રાચીન હોવાનું મનાય છે.[૨૧]

રૂદ્રયામલતંત્રમાં વાદળ, વીજળી અને વાયુ સાથે સંકલિત વર્ષાવિજ્ઞાન શિવ-પાર્વતીના સંવાદરૂપે રજૂ થાય છે. વાદળોના આકાર ઉપરથી તેમાં વર્ષાની જે આગાહી કરેલી છે તે નાવીન્ય-પૂર્ણ અને રસમય બને છે.

पूर्वस्यां दिशि संध्यायां यदा मेघाकुलं नभः ।
कश्चिदंष्ट्रा समाकारः कश्चिद्धस्तिसमः प्रिये ॥
केचित् सिंहसमाकाराः केचित् पर्वतसन्निभाः ।
केचिन्मकरमत्स्या केचिन्मृगसमाः प्रिये ॥
एवमेवयदा मेघाः पंचरात्रं प्रवर्षते ।
विज्ञेयं सप्तरात्रं वा वृष्टिं वर्षति तोयदः ॥

---

૧૯ મેઘમાલાવિચાર, પૃ. ૫૫.

૨૦ બંગભાષાઓ સાહિત્ય

૨૧ જુઓ : 'ભસ્મવિજ્ઞાન' (ઉપોદ્ઘાત): સ્વામી હરિશરણાનંદ વૈદ્ય.

હે પ્રિયા ! સંધ્યાકાળે જો પૂર્વ દિશામાં આકાશ વાદળાંથી છવાયેલું હોય, અને તેમાં કોઈ વાદળ ડાઢના આકારવાળાં, કોઈ હાથીના આકારવાળાં, કોઈ સિંહ, મગર અથવા માછલાના મુખ જેવાં તેમ જ મૃગના આકારવાળાં હોય તો પાંચ અથવા સાત રાત સુધી વરસાદ પડે એમ જાણવું.

આવી જ રીતે સંધ્યાકાલે ઉત્તર દિશામાં પર્વત જેવી મેઘમાળા દેખાય તો અર્ધી રાતે વરસાદ પડવાની આગાહી કરેલી છે. જુદી જુદી દિશાઓ તથા ખૂણાઓમાં રહેલાં વાદળના આકારો પરથી વર્ષાની આગાહી કરવાની એક અનોખી પદ્ધતિ અહીં પ્રગટ કરી છે.

પવનવાળા મેઘનું જુદી જુદી દિશા પરત્વેનું ફળ પણ આ તંત્રમાં કહેલું છે. વર્ષાવિજ્ઞાનના રસિકે આ અવલોકવા જેવું છે.

અહીં બીજી પણ એક વિશેષતા જોવા મળે છે. કાગડા ઝાડ ઉપર માળા બાંધે છે તે ઉપરથી સુકાળ અને દુઃકાળ જાણવાની રીત બતાવી છે તે રસમય છે. પક્ષીઓમાં એક જાતની નૈસર્ગિક પ્રેરણા (Intuition) રહેલી હોય છે. તે પ્રેરણા તેમના માળા બાંધવાના કાર્યમાં પ્રગટ થતી હોવાનો સંભવ છે. એ રીતે તેનો વર્ષાવિજ્ઞાન સાથેનો સંબંધ કપોલકલ્પિત માનવા જેવો ન ગણાય.

वृक्षस्य पूर्वशाखायां वायसः कुरुते गृहम् ।
सुभिक्षं क्षेममारोग्यं सुवृष्टिः शस्यसंपदः ॥
अग्निकोणस्य शाखायां वायसः कुरुते गृहम् ।
दुर्भिक्षं च विजानीयान्नैव वर्षति तोयदः ॥
दक्षिणे यदि शाखायां वायसः कुरुते गृहम् ।
हाहाकारं महारौद्रं विग्रहं च समादिशेत् ॥

આ પ્રમાણે મહેશ્વરી પાર્વતીને સંબોધીને વૃક્ષની પશ્ચિમ શાખા તથા વાયવ્ય કોણ, ઉત્તર, ઇશાન વગેરે તરફના કાગડાના માળા પરત્વેનું ફળ પણ કહેલું છે.

સૂકા ઝાડ ઉપર કાગડો માળો બાંધે તો શું નીપજે તેનું પણ કથન કરેલું છે :—

शुष्कवृक्षे गृहं कुर्याच्चौरस्य च भयं भवेत् ।
राजविग्रहमाप्नोति महाराजभयं भवेत् ॥

આ બધી આગાહીઓની પાછળ પરંપરાગત સૂક્ષ્મ નિરીક્ષણ અને ચીવટભર્યો અભ્યાસ રહેલો છે, એમ કહ્યા વગર ચાલે તેમ નથી.

ભડલીએ પણ આ જાતના ટાળા આપેલા છે. જુઓ :—

"રાતે બોલે કાગડા, દહાડે રૂએ શિયાળ;
તો ભડલી એમ જ કહે, નિશ્ચે પડશે કાળ.
જળચર જળ ઉપર ભમે, ગો નભ ભણી જોવંત
ભડલી તો એમ જ ભણે, જળધર જળ મેલંત."[૨૨]

૨૨ ભડલીવાક્યો, પૃ. ૫૩, ૫૫.

સંસ્કૃતમાં ઉપલબ્ધ વર્ષાવિજ્ઞાનમાં ક્યાંક ક્યાંક ભડલીવાક્યોનાં બીજ મળે છે, પણ મહદ્ અંશે તો ભડલીવાક્યો જનતાનું તળપદુ–અનુભવજનિત વિજ્ઞાન કહી શકાય. એ તળપદુ વિજ્ઞાન ક્યાંક સંસ્કૃત શ્લોકમાં અવતીર્ણ થયાનો સંભવ પણ નકારી શકાય નહિ.

રાજસ્થાની—હિંદી અને ગુજરાતી ભડલીવાક્યોમાં બહુ તફાવત નથી. સ્થાન પરત્વે થોડાંક પરિવર્તન સંભવે છે, પણ બધાનું મૂળ કાઠું એક જ જણાય છે. મહારાષ્ટ્રમાં પણ ભડલી વાક્યો મળે છે. સહ્યાદ્રિને લીધે ત્યાંની વર્ષાવિષયક પરિસ્થિતિ અનોખી બને છે. છતાં ત્યાં સહદેવ ભડલીનાં વાક્યો પ્રચલિત છે. એક મહારાષ્ટ્રી મિત્રે મને નીચેનું વાક્ય વાતવાતમાં આપ્યું હતું :—

"ચૈત્ર ગળે તો શેતકરી પળે !"

ચૈત્રમાં વૃષ્ટિ થાય તો શેતકરી એટલે ખેડૂત નાસી જાય. અર્થાત્ ચૈત્રની વૃષ્ટિ ખેડૂત માટે અનિષ્ટકારી છે. મહારાષ્ટ્રના કોઈ ખેતીના પાકને તે વૃષ્ટિ નુકસાન કરતી હશે કે કેમ તે ખ્યાલ નથી, પણ સર્વસામાન્ય રીતે વિચાર કરતાં એ માસની વૃષ્ટિ ગર્ભ ગળી ગયાના ચિહ્ન જેવી ગણાય.

ચૈત્ર માસમાં સામાન્ય રીતે રેવતી, અશ્વિની અને ભરણી નક્ષત્રો આવે છે. એ નક્ષત્રોની વૃષ્ટિને ભડલીએ અનિષ્ટ ગણેલી જ છે. જુઓ :—

"અશ્વિની ગળતાં અન્નનો નાશ, રેવતી ગળતાં નવ જળઆશ;
ભરણી નાશ તૃણનો સહી, **વરશે જો કદી કૃતિકા નહીં.**"

અશ્વિની નક્ષત્રની વૃષ્ટિ અન્નનો નાશ કરે, રેવતીમાં વૃષ્ટિ થાય તો જળની આશા ન રહે અને ભરણીમાં વરસાદ થાય તો ઘાસનો નાશ થાય.

ભરણી માટે તો બીજી તેવી જ જાણીતી ઉક્તિ પણ મળે છે :—

'જો વરસે ભરણી, તો નાર મેલે પરણી.'

ભરણીમાં વરસાદ થાય તો એવો ભયંકર દુઃકાળ પડે કે પતિ પરણેતરને મૂકીને નાસી જાય.

તાત્પર્ય એ છે કે ચૈત્ર માસનો વરસાદ એ ગર્ભ ગળી ગયાની–દુઃકાળની નિશાની છે, એમ ઉપરોક્ત મરાઠી ઉક્તિ કહી આપે છે. એટલે મરાઠી વાક્યો પણ ગુજરાત-મારવાડનાં વાક્યો જેવાં હોવાનું અનુમાન થાય છે.

પણ ઘણીક વાર ચૈત્રમાં રેવતી કે ભરણીમાં વૃષ્ટિ થયા છતાં સુકાળ થાય છે એવી શંકા કોઈને પેદા થશે. તેનો ખુલાસો એ છે કે અશ્વિની, રેવતી અને ભરણીમાં ગર્ભ ગળી ગયાનું ખરાબ ફળ જો કૃતિકા નક્ષત્ર ન વરસે તો જ મળે છે. કૃતિકામાં વૃષ્ટિ થાય તો ઉપરના ત્રણ નક્ષત્રમાં થયેલી વૃષ્ટિના દોષનું નિવારણ થાય છે. આ રીતે ભડલીવાક્યોનું તારતમ્ય સમજતાં તેની વિવિધ ઉક્તિઓની એક સાથે વિચારણા કરવી પડે. એકબે વાક્યો કે યોગો ઉપરથી જ સુકાળ કે દુઃકાળ કહી નાખવાની ઉતાવળી નીતિ તો સૂંઠને ગાંગડે ગાંધી થવા જેવી ગણાય.

કૃતિકા નક્ષત્રને લગતા આ યોગ વિષેની મારવાડી કહેવત યાદ રાખવા જેવી છે :—

"કિરતી એક જબૂકડો, ઓગન સહ ગલિયા."

કૃતિકા નક્ષત્રમાં થતી વીજળીની નાની સરખી ચમક પણ આગળનાં નક્ષત્રોનો દોષ ટાળી દે છે.

ગુજરાતમાં—ઉત્તર ગુજરાતમાં રોહણ રેલવાનો યોગ પણ ખેડૂતોમાં ધ્યાનપાત્ર બનેલો છે. રોહિણી નક્ષત્રમાં રેલો નીકળે એટલો વરસાદ પડે તો રોહણ રેલી માનીને ખેડૂતો આશાવંત બને છે, પણ એ યોગની સૂક્ષ્મતા આપણા ખેડૂતોની ધ્યાન બહાર રહી ગઈ લાગે છે. રોહિણી નક્ષત્રમાં રેલમછેલ તેટલો વરસાદ ન થાય અને માત્ર છાંટા થાય તો રોહણ દાઝી એમ મનાય છે. 'રોહણ-બોતરાં બાળયાં' એમ કહી બોતેર દિવસ પછી જ સારી વૃષ્ટિ થાય એમ માનવામાં આવે છે.

પણ રોહિણી નક્ષત્રના ગમે તે ભાગમાં વરસાદ રેલાવાથી સુકાળ થયો એમ માનવું ભૂલ ભરેલું છે. મારવાડની કહેવતો આ બાબતમાં વધુ સૂક્ષ્મ વિવેચન આપે છે તે આપણે ખ્યાલમાં રાખવા જેવું છે.

"રોહણ રેલી, રુપયારી અધેલી"

આ મારવાડી કહેવત રોહિણી રેલે તો મોંઘવારી થાય એમ કહે છે, પણ રોહણના વરસાદના ફલની સૂક્ષ્મ છણાવટ તો નીચેની ઉક્તિમાં મળે છે :—

"પહલી રોહણ જલ હરૈ, બીજી બહોતર ખાય;
તીજી રોહણ તિણ હરૈ, ચોથી સમન્દર જાય."[23]

રોહિણી નક્ષત્રના ચાર ચરણમાં થતા વરસાદનું ચરણવાર ફલ આ ઉક્તિમાંથી મળે છે. પહેલી રોહણ (પહેલા ચરણ)માં વરસાદ થાય તો દુષ્કાળ પડે. બીજી રોહણની વૃષ્ટિ પછી ૭૨ દિવસ વરસાદ ન થાય. ત્રીજી રોહણમાં વરસાદ થાય તો ઘાસનો નાશ થાય અને ચોથી રોહણ અર્થાત્ રોહણના ચોથા ચરણમાં વૃષ્ટિ થાય તો મુસળધાર વરસાદ પડે.

સંવત ૧૯૫૬ના ભયંકર દુષ્કાળમાં રોહણ રેલી હતી. પહેલા જ દિવસે સારો વરસાદ થયો હતો, છતાં તે વરસે ગુજરાતમાં અપૂર્વ દુષ્કાળ પડ્યો હતો.[24] તેનું યોગ્ય કારણ ઉપરની ઉક્તિમાંથી જડી આવે છે.

તાત્પર્ય કે રોહણ રેલી એટલું જ જાણવું બસ નથી. ક્યારે રેલી તે જાણી તે અનુસાર કરેલું ફળ બરોબર જાણી લેવું જોઈએ.

મહારાષ્ટ્ર પેઠે દક્ષિણ ભારતના બીજા પ્રદેશો, તામીલ, કર્ણાટક, કેરાલા વગેરે પ્રદેશમાં પણ

---

૨૩ રાજસ્થાની કૃષિ કહાવતેં.

૨૪ મને અનેક કંઠસ્થ ભડલીવાક્યો લખાવનાર મારા ગામ રાધેજાના વૃદ્ધજને કહેલું કે સંવત ૧૯૫૬માં રોહણ બેઠી તે જ દિવસે સારો વરસાદ પડી તળાવડાંમાં પાણી થયાં હતાં. તે ઉપરથી ખેડૂતોએ હળોત્રા કરી વાવેતર પણ કરેલું, પણ તે પછી બિલકુલ વરસાદ ન થયો અને છપ્પનિયાનો ભયંકર દુષ્કાળ પડ્યો હતો.

ભડલીવાક્યોને મળતી કહેવતો હોવી જોઈએ. એ પ્રદેશોમાં સમુદ્રકાંઠો નજીક હોય ત્યાં વર્ષાની પ્રચુરતા રહે છે. એટલે વર્ષા માટે ઉત્તર જેટલી ઉત્કંઠા ત્યાં ન હોય એ સ્વાભાવિક છે, છતાં વરસાદ થવાનાં કે બંધ થવાનાં પૂર્વ ચિહ્નોને લગતી કહેવતો તો ત્યાં પણ સંભવી શકે.

ઇંગ્લન્ડ જેવા દેશમાં પણ આવી કહેવતો જોવા મળે છે. ત્યાંનો ભરવાડ ક્યારે વરસાદ પડશે અને ક્યારે બંધ થશે તે જાણવા આતુર રહે છે. વંશપરંપરાથી આવું જ્ઞાન તેમને મળેલું હોય છે. જુઓ :—

"A rainbow in the morning,
Is a shepherd's warning;
A rainbow at night
Is a shepherd's delight."

આની સાથે આપણું નીચેનું ભડલીવાક્ય મૂકી શકાય :—

"પૂરવ તાણે કાચબી, જો આથમતે સૂર,
ભડલી વાચક એમ ભણે, દૂધે જમાડું કૂર."

ઇંગ્લન્ડના ઘેટાં ચારતા ભરવાડને સવારમાં મેઘધનુષ્ય દેખાય તો વરસાદ પડશે એમ માની ચેતવાનું હોય છે. સાંજે મેઘધનુષ્ય જોઈને તો આનંદ જ થાય, કારણ તે સમયે તો ઘરભેગા થઈ જવાનું હોય છે.

આવી જ રીતની કહેવતો દક્ષિણ ભારતમાં પ્રચલિત હશે. ઋતુપરિવર્તનનું સૂચન કરતી મલયાલમ ભાષાની એક કહેવત એક તામીલ મિત્ર પાસેથી મળી છે તે અત્રે રજૂ કરું છું :—

"ઇડિવપ્પાદિ કળિન્યાલપિન્ને કુડકુડાતે નડક્કરુત।"

ઇડવ મહિનાના પહેલા પખવાડિયા પછી છત્રી વિના કોઈએ ચાલવું નહિ. ઇડવ એટલે બીજો મહિનો. મલબારમાં ઇડવ તા. ૧૫ પછી ખૂબ વરસાદ શરૂ થાય છે તેથી આ કહેવત ત્યાં પ્રચલિત છે.

એ ભાષામાંની આવી બીજી કહેવતો તુલના માટે મેળવવી આવશ્યક છે. ઉપરની કહેવતની સમાનાર્થ તો નહિ પણ પ્રવાસને લગતી લગભગ તેવા જ સૂચનાર્થવાળી કહેવત યાદ આવે છે :-

"મગશરના વા જવાય તેટલે જા."

મૃગશિર નક્ષત્રમાં પવન જોરથી વાય છે. તે પવન ચાલુ હોય ત્યાં સુધી વરસાદ થતો નથી. એટલે મૃગશિરનો વાયરો ચાલુ હોય ત્યાં સુધી મુસાફર વગર છત્રીએ જવું હોય ત્યાં સુધી ખુશીથી જઈ શકે.

કાનડી ભાષાની ખેતીવિષયક કેટલીક કહેવતો મૈસુર તરફથી મેળવવા મેં પ્રયાસ કર્યો હતો; પણ તેમાં વર્ષાવિજ્ઞાનને સ્પર્શતી કહેવત મળી નથી. ખેતીને લગતી એક કહેવત અહીં નમૂના માટે રજૂ કરું છું :—

"તુગ્ગુ ગદ્દગે મૂર ગળે, યત્તર ગદ્દગે ઓંદુ ગળે।"

નીચા ખેતરમાં ત્રણ ત્રણ ફસલ ત્યારે ઊંચાડા ખેતરમાં એક જ ફસલ. ટીંબાવાળી જમીનમાં પાણી જાય નહિ, વર્ષાનું પાણી પણ ત્યાંથી નીચાણમાં સરી પડે એટલે તે કસ વગરની બને છે.

પ્રસંગવશાત્ કાનડી ભાષાની એક નીતિવિષયક કહેવત અહીં રજૂ કરું છું, એટલા માટે કે ઘાઘ અને ભડલીના નામે પણ ઉત્તર પ્રદેશમાં આવી કહેવતો ચઢી છે અને તે મધ્યકાલીન જનમાનસનો ખ્યાલ આપે છે:—

"નીરીનેલી હેંગસિનનેલી તિળિયદુ કષ્ટ।"

કન્નડ લોકકવિ કહે છે કે, પાણીની ઊંડાઈ અને પત્નીનું મન કળવું (સમજવું) કઠિન છે, સ્ત્રીચરિત્રને લગતી કહેવતો મધ્યકાલમાં ભારતના બધા પ્રદેશોમાં પ્રચૂર હતી.

મદ્રાસમાં નવેમ્બર, ડિસેમ્બર સૌથી વધારે વરસાદના મહિના છે. ભારતના બાકીના ભાગમાં આ વખતે સ્વચ્છ હવાવાળી ઋતુ હોય છે. એટલે ત્યાંનું વર્ષાવિજ્ઞાન આપણાથી જુદા જ પ્રકારનું હોઈ શકે.

પૂર્વ ભારતનાં ભડલીવાક્યો

બંગાળ, બિહાર, ઓરિસા અને આસામના ભડલી તરીકે ડાક, ખના, ભાડ વગેરેનો પરિચય આપણે અગાઉ કરી ચૂકયા છીએ. હવે તેમની વાણીનો પરિચય ઊડતી નજરે કરી લઈએ. શકય હોય ત્યાં તેની તુલના કરવાનું કે ભેદનાં કારણ શોધવાનું પણ રસપ્રદ બનશે.

વારંવાર દુષ્કાળનો ભોગ બનતું બિહાર સૌથી પહેલાં આવી ખડું થાય છે. મારવાડ અને ઉત્તર ગુજરાત કરતાં વધુ વરસાદ પડતો હોવા છતાં અને ગંગા જેવી નદી હોવા છતાં ત્યાં દુષ્કાળ પડે એ વિધિની વિચિત્રતા જ ગણાય ને? પૂર્વના ભાગમાં ૭૦ ઈંચ અને પશ્ચિમના ભાગમાં ૩૦ ઈંચ વરસાદ પડે છે, પણ વખતોવખત વરસાદ બરોબર પડતો નથી અને તેથી નાનામોટા દુષ્કાળની પરિસ્થિતિ પેદા થાય છે.

એટલે એક રીતે જોઈએ તો બિહારની જનતા પણ પશ્ચિમ ભારતની જેમ વરસાદ માટે ઉત્કંઠ હોય છે. તેમનાં કેટલાંક ભડલીવાકય તે રીતે આપણાં વાકય સાથે સામ્ય ધરાવતાં માલૂમ પડે છે. બિહાર તથા ઓરિસામાં નીચેનું ડાકવચન પ્રચલિત છે:—

"ઉઈ ન દિશે હસિ પશે
ઉત્તર મેઘ દક્ષિણે આસે;
સજ ગોબરેર અંશેઈ વસે
ડાક બોલે પુતા નિશ્ચે વરષે."[૨૫]

જ્યારે ઊગતો સૂરજ હસતો હસતો વાદળાંમાં પેસી જાય છે, ઉત્તરનાં વાદળાં દક્ષિણે જાય છે અને ભૂરી મોટી માખીઓ ગામના તાજા છાણ ઉપર બણબણે છે ત્યારે હે પુત્ર! નક્કી વરસાદ આવશે.

૨૫ શ્રી. મોહનભાઈ પટેલના સૌજન્યથી પ્રાપ્ત.

ઓરિસામાં ઉત્તરનાં-હિમાલયથી આવતાં વાદળો કદાચ વૃષ્ટિપ્રદ બનતાં હશે. તેથી 'ઉત્તર મેઘ દક્ષિણે આસે' એમ કહેવાયું હશે. ગુજરાત, મારવાડમાં પણ ઉત્તરનો પવન વરસાદ લાવે છે, પણ પૂર્વનાં વાદળ અને પવન વરસાદ માટે બહુ આશાસ્પદ ગણાય છે. યથા—

"પવન ગિરિ છૂટૈ પરવાઈ, ઊઠે ઘટા છટા ચઢ આઈ,
સારો નાજ કરે સરસાઈ, (તો) ધર ગિર છોલાં ઈન્દ્ર ધપાઈ."[૨૬]

[જો પૂર્વમાંથી વાયુ ચાલે, વીજળીની ચમક સાથે વાદળ ચઢે તથા અનાજ લીલું દેખાય તો ભૂમિ અને પર્વતને વર્ષા તૃપ્ત કરશે એમ જાણવું.]

એક ભડલીવાક્યમાં તો વળી આવો ઉલ્લેખ મળે છે :—

"ઉત્તર દિશિ બાદલ ચઢે, વર્ષણ લાગી ધાર ।
દક્ખિન પવના લે ગઈ, વર્ષા અપણે લાર ॥"

ઉત્તર દિશાનું વાદળ ચઢે અને વરસાદ થવા માંડે છે. ત્યાં દક્ષિણનો વાયુ શરૂ થઈ જાય છે તો વરસાદને પોતાની સાથે ખેંચી જાય છે.

ઉપરોક્ત ડાકવચનમાં છાણ ઉપર બણબણતી માખીનો જે ઉલ્લેખ છે તેવો જ મારવાડ, ઉત્તરપ્રદેશમાં પ્રચલિત વાક્યમાં શીઘ્ર વૃષ્ટિના લક્ષણ તરીકે જોવા મળે છે.

"**માખ્યાઁ ભણકારા કરે**, તીતર પંખી અબ્દ ।
ધારાધર લે આવહી, કેકી કેરા શબ્દ ॥"[૨૮]

માખીઓનો વધુ પડતો બણબણાટ, તેતરપંખીના રંગનાં વાદળ, અને મયૂરનો કેકારવ શીઘ્ર વર્ષાનું સૂચન કરે છે.

ઓરિસામાં બીજું આવું વચન પણ પ્રચલિત છે :—

"ચંદ્રમંડલ મધ્ય હે તારા, મેઘ વરસે મૂષલધારા"

ચંદ્રના મંડલમાં તારો દેખાય તો જાણવું કે મૂસલધાર વરસાદ પડશે.

આ ઉપરથી ઓરિસાના કૃષિકારની મેઘ માટેની ઉત્કંઠા કંઈક અંશે મારવાડના કૃષિકાર જેવી જ છે, એમ કહી શકાય. ડાક અહીં પુત્રને સંબોધીને બોલે છે, એ પણ ધ્યાનપાત્ર છે.

માત્ર ડંક જ નહિ પણ ડાકનું સ્પષ્ટ નામ 'ડાકો' એક હિંદી વાક્યમાં સચવાઈ રહ્યું છે તે આશ્ચર્યજનક લાગે છે. જુઓ :—

"જેઠ પહેલે પાખડે, જો ગાજે ગયણેહ !
છોડયા ગવાલ બાછડા, કહિયા **ડાકો** એહ ! !"[૨૯]

---

૨૬ 'રાજસ્થાની કૃષિ કહાવતેં' (પ્રકરણ ૧લું).

૨૭ વર્ષાકાલબોધ, પૃ. ૬૬.

૨૮ એજન, પૃ. ૬૫.

૨૯ એજન, પૃ. ૮.

જેઠ કૃષ્ણ પક્ષમાં ગર્જના થાય તો પશુઓનો નાશ થાય એમ '**ડાકા**'એ કહ્યું છે. આ કયો ડાકા હશે ! પૂર્વ ભારતનો ડાક જ હોઈ શકે ને ! આવાં વાક્યો ભારતના પૂર્વ અને પશ્ચિમ પ્રદેશનાં 'ભડલી'ઓ અને તેમના સાહિત્ય વચ્ચેનો કોઈક સંપર્કતંતુ દર્શાવી જાય છે.

પણ હવે ડાક અને ખનાનાં બીજાં કેટલાંક વચનો જોઈએ. ડાકનાં બંગાળી વચન (ડાકેર બચન)માં જ્યોતિષ તથા ખેતર વિષે જ્ઞાન છે, તે આપણે માટે પ્રસ્તુત છે.

"આનહિ બસત આનહિ ચાષ, બલે **ડાક** તાહાર બિનાશ!"

એક સ્થળે ઘર અને બીજે સ્થળે ખેતર હોય તો કૃષિકારનો નાશ થાય છે. ખેતરમાં જ કૃષિકારોનો નિવાસ શ્રેષ્ઠ છે, એમ ડાકનો અભિપ્રાય છે.

"યથા રાજા પાલે તથા બસતિ ભાલે!"

રાજા જે રીતે પાલન કરે તે રીતે પ્રજા તેને ચાહે છે.

ખનાનાં કૃષિવિષયક વચનો સ્પષ્ટ અને રોચક છે. જેમકેઃ—

"દિન રોદ, રાતે જલ, તાતે બાડે ધાનેર બલ ।
કાર્તિકેર ઊન જલે, **ખના** બલે દુન ફલે ॥ "

દિવસે તડકા પડે અને રાતે વરસાદ આવે તો ધાનનું બળ વધે. ખના કહે છે કે કારતક માસના થોડા પાણીથી બમણું ફળ મળે છે.

ખના કારતકના પાણીને વખાણે છે, પણ તે બંગભૂમિ માટે જ યોગ્ય છે. ગુજરાત મારવાડમાં તો એથી ઊલટી માન્યતા છે.

"કાર્તિકનો મેહ કટક બરાબર."

દિવાળી પછીનો વરસાદ આપણે ત્યાંની ખેતીને નષ્ટ કરનાર મનાયો છે. તડકાથી વાવેલા ધાનને ફાયદો થાય છે તે વિષે ખનાની બીજી એક ઉક્તિ પણ મળે છેઃ

"**ખના** ડેકે બલે યાન, રોદે ધાન છાયાય પાન!"

તાપમાં અનાજ અને છાયામાં પાન સારી રીતે વૃદ્ધિ પામે છે.

કૃપણ અને દાતાર ઉપર અર્થપૂર્ણ કટાક્ષ કરતું નીચેનું વચન ખેડૂતની ભાષાશૈલીમાં સરસ શોભે છેઃ—

"દાતાર નારિકેલ બખિલેર બાંશ!
કમે ના બાડે ના બાર માસ!!"[30]

દાતાનું નાળિયેર કમી થતું નથી. અર્થાત્ એક નાળિયેર પડતાં તેને સ્થાને બીજું તૈયાર થાય છે. બખિલ(કૃપણ)નો વાંસ વધતો નથી; કારણ વાંસ જેમ કપાય તેમ વૃદ્ધિ પામે છે.

શાલિ ધાન્ય માટે અગાઉથી કયારા બાંધવાની સલાહ ખના આપે છેઃ—

---

૩૦ 'બંગભાષા ઓ સાહિત્ય'

"આગે બેંધે દિવે આલિ, તાતે રૂઇએ દિવે શાલિ।
તાતે યદિ ના હય શાલિ, **ખના** બલે પાડ ગાલિ॥"[૩૧]

આવાં વાક્યો ખનાનાં હશે કે પછી તેના નામથી અનુભવી કૃષિકારોએ તે રચ્યાં હશે? ઘણાં ભડલી-વાક્યો વિષે પણ એવું જ અનુમાન થાય છે.

મૂળા ક્યારે વાવવા તે વિષે ખના આદેશ આપે છે:—

"ખના બલે શુન શુન, શરતેર શેષે મૂલા બૂન॥"

તે શરદના અંતમાં મૂળા વાવવાનું કહે છે. ભડલીએ પણ જુદાં જુદાં અનાજ વાવવા વિષે અનેક વાક્યો કહેલાં છે. યથા:—

"ચિત્રા ગેહૂઁ આદ્રા ધાન, ન ઉનકે ગેરુઈ ન ઇનકે ધામ।"[૩૨]

ચિત્રામાં ઘઉં અને આર્દ્રામાં બીજું અનાજ વાવવાથી ઘઉંમાં ગેરુ આવતો નથી અને અનાજ ઉપર તાપનો પ્રભાવ પડતો નથી.

"પૂર્વ આષાઢ દખિના બાય, સેઈ બત્સ બન્યા હય!"[૩૨]

આખો આષાઢ મહિનો દક્ષિણનો પવન વાય તો તે વરસમાં જળપ્રલય—રેલસંકટ થાય એમ બંગાળમાં માન્યતા છે. આ કદાચ બંગાળની પ્રાકૃતિક વિશેષતા હશે.

વર્ષાનો પ્રારંભ કયા વારે થાય છે તે વિચારી તે કેટલા દિવસ વરસશે એમ કહેવામાં આવે છે:—

"શનિર સાત, મંગલેર તિન, આર સબ દિન દિન."[૩૩]

શનિવારે શરૂ થતો વરસાદ સાત દિવસ, મંગળવારે શરૂ થતો ત્રણ દિવસ અને તે સિવાયના વારે શરૂ થતો વરસાદ એક જ દિવસ ચાલુ રહે છે.

શનિવારને ગુજરાતમાં પણ ચીકણો વાર ગણે છે. તે દિવસે વરસાદ પડવા માંડે તો સાત દિવસ માટે મંડાણ કર્યું એમ વૃદ્ધોને કહેતા સાંભળ્યા છે. અત્યારની સ્વલ્પ વૃષ્ટિના વરસોમાં પણ શનિવારે શરૂ થતો વરસાદ થોડા ઘણા પ્રમાણમાં બેત્રણ દિવસ ચાલુ રહેલો વખતોવખત જોયો છે.

ઊનાળાની ગરમી કે ઠંડી ઉપરથી અષાઢ શ્રાવણની વૃષ્ટિની જે આગાહી ખના કરે છે તે પ્રકારાન્તરે ભડલીવાક્યો જેવી જ લાગે છે:—

"પૌષ ગરમિ બોશેખ જાડા, પ્રથમ આષાઢે ભરે ગાડા।
ખના બલે શુન હે સ્વામિ, શ્રાવણ ભાદરે હવે ના પાનિ॥"[૩૪]

---

૩૧ એજન.

૩૨ 'ઘાઘ ઔર ભડ્ડરીકી કહાવતેં' પૃ. ૨૦.

૩૨ બંગાળી સાહિત્યનો ઇતિહાસ, પૃ. ૫૯.

૩૩ "બાંલાપ્રવાહ" (પરિ. ૨).

૩૪ એજન.

'બાંગ્લાપ્રવાદ'ની ટીકામાં તેના સંપાદકે આ 'બચન'માં આવતા પાષનો ઇષ્ટાર્થ ચૈત, આષાઢેનો જ્યેષ્ઠે અને શ્રાવણભાદરેનો આષાઢશ્રાવણે એમ આપેલો છે. તે કદાચ ત્યાંની ઋતુને અનુરૂપ અર્થનિષ્પત્તિ માટે આવશ્યક હશે.

આ જાતનાં ભડલીવાકયો આપણે ત્યાં પણ પ્રચલિત છે :—

"મૃગશિર વાયુ ન વાય રે, તપે ન રોહણી જેઠ;
વીણે ગૌરી કાંકરા, પડી ખેજડી હેઠ."

મૃગશર નક્ષત્રમાં બરોબર પવન ન વાય અને જેઠમાં રોહણ નક્ષત્ર તપે નહિ તો ખેડૂતની ગોરી ખીજડાના ઝાડ તળે કાંકરા વીણશે અર્થાત્ દુકાળ પડશે.

અગાઉ આપણે મહારાષ્ટ્રનું એક ભડલીવાકય જોઈ ગયા. તેમાં ચૈત્રની વૃષ્ટિ ખેતીને માટે અનિષ્ટ કહેલી છે. ગુજરાત, મારવાડ માટે પણ તે ઉક્તિ બરોબર બંધબેસતી છે, પણ બંગાળમાં તેનાથી તદ્દન વિરોધી અર્થવાળી ઉક્તિ મળે છે :—

"યહિ હય ચૈતે બૃષ્ટિ, તબે હય ધાનેર સૃષ્ટિ ।"

ચૈત્રની વૃષ્ટિને ધાન્યની સૃષ્ટિની જનક માની છે.

બંગાળમાં જ્યાં ઉપસાગરના મોસમી પવન વરસાદ લાવે છે ત્યાં વરસાદની ઋતુ લાંબી એટલે માર્ચથી ઑકટોબરના મધ્ય સુધી ચાલે છે.[35] એટલે ચૈત્રનો વરસાદ ત્યાં આપણે ત્યાંના અષાઢના વરસાદ જેવો મંગલ અને શુભદાયી ગણાતો હશે. એથી વૃષ્ટિનો ગર્ભ ગળી જવાનો દોષ ત્યાં અયુકત ગણાય.

બળદ ખરીદતાં તેની પરીક્ષા કરવા અંગેનો બાંગ્લા-પ્રવાદ ધ્યાનપાત્ર છે :—

"છ'ધર ન'ધર ભાગ્યે પાઈ, સાતુલ દેખે દૂરે પલાઈ ।"[36]

છ કે નવ દાંતનો બળદ ભાગ્યશાળીને જ મળે છે. સાત દાંતના બળદને તો દૂરથી જ નમસ્કાર કરવા જોઈએ.

દાંત ઉપરથી બળદનાં લક્ષણની પરીક્ષા ભડલીવાકયોમાં પણ જોવા મળે છે, પણ કોણ જાણે, તેની બંગાળી પ્રવાહ સાથે સંવાદિતા દેખાતી નથી.

ફસલ વાવવા માટેના ચાસ કેટલા અંતરે રાખવા જોઈએ તે માટે બંગાળના કૃષિકારોમાં નીચેનો પ્રવાહ પ્રચલિત છે :—

"સોલ ચાષે મૂલા, તાર અર્ધેક તૂલા ।
તાર અર્ધેક ધાન, બિના સાસે પાન ॥"

સોળ ચાસે મૂળા, તેથી અડધા અંતરે કપાસ અને તેનાથી અડધા અંતરે અનાજ વાવવું એમ કહેવાનો આશય છે. આ માપ પાનને લાગુ નથી.

---

૩૫ જુઓ : "આપણું ઘર-પૃથ્વી" (કિશોરીલાલ સડાના), પૃ. ૧૬૧.

૩૬ 'બાંગ્લાપ્રવાદ' (પરિ. ૨).

ઘાઘ-ભડલીએ પણ આવાં કથન વિસ્તારથી આપ્યાં છે :—

"હરિન ફલાંગન કાકરી, પૈગ પૈગ કપાસ।
જાય કહો કિસાન સે, બૌવૈ ઘની ઉખાર॥"

હરણાની છલંગના જેટલા અંતરે કાકડી અને એક એક કદમના અંતરે કપાસ વાવવો જોઈએ. શેરડી પાસે પાસે (ઘનિષ્ટપણે) વાવવી.

"કદમ કદમ પર બાજરા, મેંઢક–કુદૌની જવાર ।
એસે બોવૈ જો કોઈ, ઘર લૈ ભરે કોઠાર ॥"૩૮

એક એક કદમના અંતરે બાજરી અને દેડકાની છલંગ જેટલા અંતરે જુવાર વાવવાથી કોઠાર ભરાઈ જાય.

આજકાલ ખેતીની નવી પદ્ધતિ અનુસાર બાજરીને કદમ કદમના અંતરે રોપવામાં આવે છે તેથી પાક વધુ ઊતરે છે. આ પદ્ધતિ ભડલીવાકયોના જાણકારો માટે તો નવીન ન જ ગણાય.

કેવળ જ્યોતિષની દષ્ટિએ પણ લોકવાણીમાં વિવિધ રીતે સુકાળ કે દુષ્કાળની આગાહીએ કરવામાં આવી છે :—

"મધુ માસે પ્રથમ દિને હય યેઈ બાર ।
રખિ શોષે, મંગલ વર્ષે, દુર્ભિક્ષ બુધવાર ॥
સોમ શુક્ર ગુરુ આર, પૃથ્વી સય ના શસ્યેર ભાર ।
પાંચ શનિ પાય મીને, શકૂની માંસ ના ખાય ઘૃણે ॥"૩૯

ચૈત્ર માસના પ્રથમ દિવસે જો રવિવાર હોય તો અનાવૃષ્ટિ, મંગળવાર હોય તો વરસાદ, બુધવાર હોય તો દુર્ભિક્ષ, સોમ, શુક્ર કે ગુરુવાર હોય તો બહુ અનાજ પાકે અને શનિવાર હોય તો ઘણું ખરાબ ફળ સમજવું.

ભડલીએ પણ પ્રકારભેદથી આવી આગાહીઓ આપી છે :—

"ગણુ નવ ત્રણુસો સાઠ દિન, ના કર લગ્નવિચાર;
ગણુ નવમી આસાડની વદી હોશે કુણુ વાર ?

(ચોપાઈ)

ડગે ભોમ શનિ રવિ અકાળ, બુધે સમો ભાવજ સંભાળ;
સોમ શુક્ર સુરગુરુને જોય, ભૂમિ ફળ ફલંતી હોય.૪૦"

---

૩૭ એજન.

૩૮ ઘાઘ ઔર ભડ્ડરી કી કહાવતેં, પૃ. ૨૨.

૩૯ બાંગ્લાપ્રવાહ.

૪૦ ભડલીવાકયો, પૃ. ૬૩.

અસાડ વદી નોમે કયો વાર છે તે જાણવા માત્રથી વરસનું ફલાફલ કહેવાની ચાવી ભડલીએ અહીં બતાવી છે.

ભડલીવાકયોના પાઠ કંઠપરંપરાએ અશુદ્ધ થવાથી કોઈક હિંદી વાકયોમાં વળી અસાડ વદી નોમને બદલે સુદી નોમ પણ કહેલી છે. ઉત્તર ભારત તથા રાજસ્થાનમાં પુમાન્ત મહિના ગણાય છે તેથી પણ ગુજરાતના તથા રાજસ્થાનનાં વાકયોમાં તિથિ વિષે ઘણો ગૂંચવાડો વખતોવખત ખડો થાય છે.

શુકનશાસ્ત્ર અને સમાજનીતિ

ભડલીનું કવનક્ષેત્ર વર્ષા કે કૃષિવિજ્ઞાન પૂરતું જ મર્યાદિત નથી. શુકનશાસ્ત્ર અને સમાજનીતિને લગતી એની ઉક્તિઓ અવલોકયા વગર ભડલી-સાહિત્યનો પરિચય પૂર્ણ થયો ન ગણાય.

ભડલીના જેવું શુકનશાસ્ત્ર ખનાના નામે પણ ચઢેલું છે. માનવચરિત્ર ખાસ કરીને સ્ત્રીચરિત્રને લગતી ભડલીની કહેવતોને અનુરૂપ પ્રવાહો બંગાળના ડાકે પણ પ્રચલિત કર્યા છે. તેનું કંઈક વિહંગદર્શન કરવું આવશ્યક છે.

શુકનશાસ્ત્રની કહેવતો લોકવાણીના સરલ અંગ જેવી બની બધે પ્રસરી ગઈ છે. મધ્યકાલના લોકમાનસનો અને રૂચિનો પણ એ ઉપરથી ખ્યાલ બાંધી શકાય તેમ છે.

શુભ કાર્ય વખતે છીંક થવી એ ગુજરાતના ગ્રામ્યસમાજમાં અપશુકન મનાય છે. છીંકનું શુભ તથા અશુભ બેઉ રીતે ફળ કહેલું છે. ભડલીનું એ અંગેનું કથન રસપ્રદ છે:—

સન્મુખ છીંક લડાઈ ભાખે, પીઠિ પાછિલિ સુખ અભિલાખૈ ।
છીંક દાહિની ધનકો નાસૈ, બાંય છીંક સુખ સદા પ્રકાસૈ ॥
ઊંચી છીંક મહા શુભકારી, નીચી છીંક મહા ભયકારી ।
અપની છીંક મહા દુઃખદાયી, કહ ભડ્ડર જોશી સમુઝાઈ ॥
અપની છીંક રામ વન ગયઊ, સીતાહરન તુરંતૈ ભયઊ ॥

પ્રયાણકાલે શુકન જોવાનો ગ્રામસમાજમાં પરંપરાથી રિવાજ છે. તેને લગતી કહેવતોમાંથી એકબે જોઈ લઈએ.

ભૈંસ પાંચ ષટ સ્વાન, એક બૈલ ઈક બકરા જાન ।
તીન ધેનુ ગજ સાત પ્રમાણ, ચલત મિલૈ મતિ કરો પ્રયાણ ॥

પ્રવાસે જતી વખતે પાંચ ભેંસ, છ કૂતરા, એક બળદ, એક બકરો, ત્રણ ગાય કે સાત હાથી મળે તો માઠા શુકન માની પ્રયાણ ન કરવું.

લોમડિ ફિર ફિર દરશ દિખાવૈ, બાંયે સે દહિને મૃગ આવૈ ।
ભડ્ડર ઋષિ યહ સગુન બતાવૈ, સિગરે કાજ સિદ્ધ હો જાવૈ[૪૧] ॥

---

૪૧ ઘાઘ ઔર ભડ્ડરીકી કહાવતેં.

પ્રયાણ વખતે વારંવાર લોમડિ દેખાય, હરણ ડાબી તરફથી જમણી તરફ જાય તો બધાં જ કામ સિદ્ધ થઈ જશે.

ઘેરથી પ્રયાણ કરતી વખતે કયા વારે કયી વસ્તુ ખાઈને નીકળવી તે અંગેનું સૂચન નીચેની ઉક્તિમાં મળે છે :—

રવિ તામ્બૂલ, સોમ કો દરપન, ભૌમવાર ગુડ ધનિયા ચરબન;
બુધ મિઠાઈ વિહફે રાઈ, શુક્ર કહૈ મોહિ દહી સોહાઈ.
સની વાયભિરંગી ભાવૈ, ઈન્દ્રે જીતિ પુત્ર ઘર આવૈ ॥

રવિવારે પ્રયાણ કરવાનું હોય તો પાન ખાઈને, સોમવારે દર્પણ જોઈને, મંગળવારે ગોળધાણા ખાઈને, બુધવારે મીઠાઈ અને ગુરુવારે રાઈના દાણા મોંમાં મૂકીને, શુક્રવારે દહી ખાઈને અને શનિવારે વાવડીંગ ખાઈને નીકળવું.

સોમ સનીચર પુરવ ન ચાલ, મંગલ બુદ્ધ ઉત્તર દિસિ કાલ ।
જો બીફે કો દકિખન જાય, બિના ગુનાહે જૂતા ખાય ॥

બુદ્ધ કહે મૈં બડા સયાના, મોરે દિન જિન કિયો પ્રયાના ।
કોડી સે નહી ભેટ કરાઊં, ક્ષેમ કુશલ સે ઘર પહોંચાઊં ॥[૪૨]

કયા વારે કયી દિશાનો પ્રવાસ નિષિદ્ધ છે તે અહીં દર્શાવ્યું છે. ખનાએ પણ પ્રકારાન્તરે આવા ગમનનિષેધ દર્શાવ્યા છે :

"ઉત્તરે હસ્તા દક્ષિણે શ્રવણા, પૂર્વે અશ્વિની ના કર ગમના ।
પશ્ચિમે ચાઈતે રોહિની રોષે, હરિહર બ્રહ્મા બાહુડે ના આઈસે ॥"

હસ્ત નક્ષત્રમાં ઉત્તર દિશામાં, શ્રવણમાં દક્ષિણમાં, અશ્વિનીમાં પૂર્વમાં અને રોહિણી નક્ષત્રમાં પશ્ચિમ દિશામાં જવું નહિ. એ રીતે જનાર હરિ હર, કે બ્રહ્મા જેવો હશે તો, પણ પાછો આવશે નહિ.

ખનાએ જન્મલગ્નના ગ્રહોનું તથા ભાવોમાં રહેલા ગ્રહોનું ફળ પણ સરળ લોકભાષામાં કહેલું છે. યથા :—

"લગ્ને આકા લગ્ને બાઁકા, લગ્ને થાકે ભાનુ તનુજા ।
લગ્નેર સપ્તમે અષ્ટમે થાકે પાપ, મારે જનની પીડે બાપ ॥"[૪૩]

ભાષા કેટલી સરળ છે? લગ્નમાં સૂર્ય, લગ્નમાં રાહુ કે શનિ હોય અને લગ્નથી સાતમા આઠમા સ્થાનમાં પાપ ગ્રહ હોય તો માતાને મારે અને બાપને પીડા કરે.

મધ્યકાલીન સાહિત્ય તેમજ સવિશેષ તો લોકસાહિત્યમાં સ્ત્રીચરિત્રનું વિવરણ વધારે પડતું થયું છે. એ હકીકત સ્વીકારીને ભડલી તથા ડાકે કરેલું નારીસ્વભાવનું તથા તેની

૪૨ એજન.

૪૩ બંગભાષા ઓ સાહિત્ય.

મર્યાદાઓનું ચિત્રણ અવલોકીએ. એમ કરવામાં આપણે નારીનિંદાને પુષ્ટિ આપીએ છીએ એમ ભાગ્યે જ કહી શકાય.

ભડલીએ વર્ષાવિજ્ઞાનનું કથન ચોટદાર બનાવવા માટે સ્ત્રીસ્વભાવનો આલંકારિક ઢબે અત્રતત્ર ઉલ્લેખ કરેલો છે. તેમાં તે કાલનું રૂઢ માનસ જ કારણભૂત ગણાય. સ્ત્રીચરિત્ર પર નિર્દય ટીકા કરતી અનેક કહેવતો ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ વગેરે સ્થળોમાં પ્રચલિત છે. તેનો સંબંધ ભડલી સાથે જોડવામાં આવે છે તે નિરર્થક છે. કેટલાક સંગ્રહોમાં ભડલીના નામની છાપ ન હોવા છતાં તેવી કહેવતો–ઉક્તિઓ લોકપ્રિયતાને કારણે લેવાઈ છે તે ભડલીને મોટો અન્યાય કરવા બરોબર છે.

"તીતરપંખી વાદળી, વિધવા કાજળ રેખ;
એ વરસે આ ઘર કરે, તેમાં ન મીનમેખ."૪૪

તીતર પંખીના રંગની વાદળી હશે તો તે વરસ્યા વગર નહિ રહે અને વિધવાએ આંખમાં કાજળ આંજ્યું હશે તો તે પુર્નલગ્ન કર્યા વગર નહિ રહે, એમ ભડલી કહે છે. અહીં પોતાના કથનને પુષ્ટ બનાવવા માટે મધ્યકાલીન રૂઢ માનસને ચોટદાર લાગે તેવો વિધવાની કાજલરેખાનો ઉલ્લેખ કવિએ સહજભાવે કરેલો જણાય છે. સ્ત્રીચરિત્રની હીનતા દર્શાવવાનો હેતુ એમાં કલ્પવાનું કોઈ કારણ નથી.

બીજે સ્થળે પણ ભડલી તેવી જાતનો ઉલ્લેખ કરે છે :—

પુરવાઈ બહુતે બહૈ, વિધવા પાન ચવાય ।
ઊ લે આવે નીરકો, ઈ કાહૂ સંગ જાય ॥૪૫

અહીં પૂર્વનો પવન જરૂર નીર–વરસાદ લાવનારો છે તે કથન સબળ બનાવવા માટે પાન ખાતી વિધવા કોઈની સંગે ભાગી જશે એવું દૃષ્ટાન્ત નિર્દંશ ભાવે યોજેલું જણાય છે.

"પુરવા મેં પછિયાવાં વહૈ, હંસિકે નારી પુરુષસે કહૈ ।
ઊ બરસૈ ઈ કરૈ ભતાર, ઘાઘ કહૈ યહ સગુન વિચાર ॥"

પૂર્વ ને પશ્ચિમનો વાયુ એક સાથે વાય તો વરસ્યા વગર ન રહે. જેમ પરપુરુષ સાથે હસીને વાત કરનારી સ્ત્રી તે પુરુષ સાથે અનુચિત વ્યવહાર કર્યા વગર ન રહે.

અન્યત્ર ઊભી ઊભી સ્નાન કરતી સ્ત્રીનાચરિત્રને પણ આ રીતે દૃષ્ટાન્ત તરીકે યોજ્યું છે. પુરુષના ચરિત્રના પણ આવાં દૃષ્ટાન્ત યોજ્યાં હોત તો ઇષ્ટ ગણાત.

---

૪૪ (પાઠાંતર):— "મોરપંખ બાદર ઉઠે, રાડા કાજર રેખા
વહ વરસે વહ ઘર કરૈ, ભાયેં મીન ન મેખ."

૪૫ ગુજરાતી પાઠ:— પૂરવ વાયુ બહુ વહે, વિધવા પાન ચવાય;
એ લઈ આવે નીરને, આ કોઈ સંગે જાય. (ભડલીવાક્યો પૃ. ૫૨).

ભડલીએ તો માત્ર પ્રકરણવશાત્ સ્ત્રીચરિત્રના આવા બે ત્રણ ઉલ્લેખ કરેલા છે. પણ ડાકે તો સ્ત્રીચરિત્ર ઉપર છૂટથી વ્યાખ્યા કરી છે. ગૃહિણી-લક્ષણનું નિરૂપણ કરતાં નારીચરિત્રની આકરી ટીકા તેનાં વચનોમાં થયેલી દૃષ્ટિગોચર થાય છે.

"ઘરે આખા બાઈરે રાંધે, અલ્પ કેશ ફુલાઇયા બાંધે ।
ઘન ઘન ચાય ઉલટિ ઘાડ, ડાક બોલે એ નારી ઘર ઉજાર ॥"૪૬

[ઘરમાં ચૂલો હોવા છતાં બહાર રાંધે, થોડા વાળ હોવા છતાં વધારે દેખાય તેમ ફુલાવીને માથું હોળે, વારંવાર પાછું વળીને જુએ, એવી નારી ડાકના કહેવા પ્રમાણે ઘરને ઉજ્જડ કરનારી છે.]

"નિયડ પોખરિ દૂરે યાય, પથિક દેખી આઉડે ચાય;
પર સંભાયે બારે થિકે, ડાક બલે એ નારી ઘરે ના ટિકે ॥"૪૭

[નજીક તળાવ હોવા છતાં દૂર પાણી ભરવા જાય, પથિકને જોઈ ત્રાંસી નજરે તાકે, રસ્તામાં પારકાની સાથે વાતે વળગે એવી નારી ડાકના કહેવા મુજબ ઘરમાં ટકી શકે નહિ અર્થાત તે વંઠી જશે.]

સ્ત્રીની ચેષ્ટાઓનું ડાકનું નિરીક્ષણ સૂક્ષ્મ જણાય છે. તે કહે છે:—

"પાની ફેલિયા પાની કે ધાય, પરપુરુષ પાને આડ ચક્ષે ચાપ;
બાતિ બલે ગીત ગાય...... ॥"૪૮

[બહાર જવાનું મિષ શોધવા માટે ભરેલું પાણી ઢોળી દઈ ફરી પાણી જાય, પરપુરુષ તરફ ત્રાંસી નજરે તાકે અને વાતો કરે તથા ગીત ગાય........]

"પાની ફેલિયા પાની કે ધાય" એ કથન સ્ત્રીચરિત્રની એક સ્વાભાવિક ચેષ્ટાને ઝડપી લે છે. પણ ડાકે સ્ત્રીનાં કુલક્ષણ જ વર્ણવ્યાં છે એમ નથી. એણે મધ્યકાલીન ગૃહિણીનાં સુલક્ષણની વ્યાખ્યા પણ કરી છે. યથા :—

"મિઠ રાંધે સરુઆ કાટે, સે ગૃહિણી તે ઘર ના ટૂટે ॥"

[જે ગૃહિણી અલ્પ બળતણથી મિષ્ટ રસોઈ કરી જાણે તેનું ઘર ન તૂટે અર્થાત્ આબાદ રહે.]

"યે કિછૂ મધુર બલે,
સ્વામીર બોલ શીર ધરે ॥ સુશીલા શુદ્ધ બંશે ઉત્પત્તિ ।
મિઠ બોલ સ્વામી તે ભકિત ॥ આય બ્યય કરે શાશુડી કે પૂજે ॥"૪૯

મધુર બોલનારી, સ્વામીનિષ્ઠ, સુશીલ, આવક ખર્ચનો હિસાબ રાખનારી અને સાસુને માન આપનારી નારીની ડાક પ્રશંસા કરે છે.

"સર્વકાલ સ્વામીકે પૂજે, તાહાકે ધર્મ આપનિ યુઝે ॥"

૪૬-૪૭-૪૮ "બંગભાષા ઓ સાહિત્ય"
૪૯ બંગભાષા ઓ સાહિત્ય.

સ્વામીને સદા માન આપનારી ગૃહિણી પતિનો ધર્મ પોતાનો માને છે. આ છે મધ્યકાલીન સુશીલ સ્ત્રીનો આદર્શ.

પણ સંસારમાં આવાં આદર્શ ચિત્ર કેટલાં? તેથી ઉલટા પ્રકારનાં ચિત્ર હોય છે જ. તે પણ ડાક રજૂ કરે છે :—

"યે ગૃહિણી આય બ્યય ના બૂઝે, બોલ બલિતે ઉત્તર પૂજે।
ભાલ બલિતે રોષ કરે, તાહાર સ્વામી કેન થકે ઘરે?॥"૫૦

[જે ગૃહિણી આવક ખર્ચનો હિસાબ ન સમજે, બોલતાં જ સામો ચટ જવાબ પરખાવી દે, સારી વાત કહેવા જતાં પણ રોષે ભરાય તેનો સ્વામી ઘરમાં શી રીતે રહી શકે?]

પણ આવાં ઉદાહરણોનો વિસ્તાર અત્રે શકય નથી એટલે ઘાઘને નામે ઉત્તર પ્રદેશમાં કેટલીક નીતિવિષયક કહેવતો પ્રચલિત છે. તેમાંથી એક બે જોઈએ :—

"માઘ માસકી બાદરી, ઔર કુવારા ઘામ।
યે દોનો જો કોઈ સહૈ, કરૈ પરાયા કામ"॥૫૧

માઘ માસની ઠંડી અને આસો માસનો તાપ જે સહન કરી શકે તે જ પારકી નોકરી કરી શકે છે.

"બૈલ મરકહા ચમકલ જોય, વહ ઘર ઓરહન નિત ઉઠિ હોય॥"

જે ઘેર મારકણો બળદ અને ચટકમટકવાળી સ્ત્રી હોય ત્યાં રોજ આફત ઊભી થાય છે.

"ઘર મેં નારી આઁગન સોવૈ, રનમેં ચઢ કે છત્રી રોવૈ।
રાત કો સતુઆ કરે બિચારી, **ઘાઘ** મરૈ તેહિકર મહતારી॥"૫૨

ઘરમાં સ્ત્રી હોવા છતાં જે આંગણામાં સૂએ, ક્ષત્રિય હોવા છતાં જે લઢાઈમાં જતાં રડે, અને જે રાત્રે સતુવો ખાય એ ત્રણેની માને બહુ કષ્ટ થાય છે.

વ્યવહારિક જ્ઞાન અને મધ્યકાલીન સમાજનીતિનાં સૂચક આવાં ચમકદાર વાકયો માટે ઘાઘ જાણીતો છે. એક વધુ વાકય જોઈએ :—

"ચોર જુવારી, ગઁઠકટા, જાર ઔ નાર છિનાર।
સૌ સૌગંધે ખાય જો, ઘાઘ ન કરુ ઇતબાર॥"૫૩

ચોર, જુગારી, ગંઠિયા, જાર અને કુલટા સ્ત્રી સો વાર સોગંદ ખાય તો પણ તેમનો ઇતબાર ન કરવો એમ ઘાઘ કહે છે.

---

૫૦ એજન.

૫૧ 'ઘાઘ ઔર ભડ્ડરીકી કહાવતેં.'

૫૨ એજન.

૫૩ એજન.

ખનાની બાંગ્લા વાણીમાં પણ આવાં વચનો મળે છે :—

"ખાટે ખાટાય લાભેર ગોંતિ, તાર અર્ધેક કાંધ છાતિ ।
ઘર બસે પૂછે બાત, તાર ભાગ્યે ના ભાત ॥"

[જે જાતે મહેનત કરે અને કરાવે તેને પૂર્ણ લાભ મળે છે. જે બીજા પાસે મહેનત કરાવે પણ જાતે નથી કરતો—જોયા કરે છે તેને અર્ધો લાભ મળે છે. જે વ્યક્તિ પોતે મહેનત કરતો નથી અને ઘેર બેઠાં કામની પૂછગાછ કરે છે તેના ભાગ્યમાં અનાજ નથી હોતું.]

આમ છતાં સ્પષ્ટ કહેવું જોઈએ કે, લોકસમાજમાં પ્રચલિત ઘણી બધી કહેવતો—જેમાં ઘાઘ કે ભડલીના નામની છાપ નથી તે ઘાઘ કે ભડલીની છે એમ કહેવું યથાર્થ નથી. લોકકહેવતોનો ઈજારો કોઈ બે વ્યક્તિનો ભાગ્યે જ હોઈ શકે. એ પ્રવાહ તો દરેક યુગમાં જીવંત બનીને વહેતો હોય છે.

દુર્બોધતા અને વિરોધાભાસો

ભડલીવાકયોની અતિ લોકપ્રિયતાને કારણે, કંઠપરંપરાએ થતા પ્રચલનને લીધે તેના પાઠોમાં અનેક અશુદ્ધિઓ પ્રવિષ્ટ થઈ છે. સ્થળાંતર , કાલાંતર અને ભાષાંતરે પણ આમાં મોટો ભાગ ભજવ્યો છે. પાઠોની અરાજકતા એટલી બધી છે કે કયાંક કયાંક તો અરસપરસ વિરોધી પાઠો મળે છે. તેવે પ્રસંગે ભડલીવાકયોનું સાચું તથ્ય પ્રાપ્ત કરવું મુશ્કેલ બને છે.

કેટલાંક વાકયોની વધારે પડતી અશુદ્ધિથી તે દુર્બોધ બની ગયાં છે. એવાં વાકયોમાંથી અર્થ શોધવાનો અનેક રીતે પ્રયાસ કર્યા છતાં અર્થનિષ્પત્તિ લગભગ અશકય બને છે. આનું એક ઉદાહરણ લઈએ :—

શ્રાવણ સુદીની પંચમી, પવન ચાલતો વાય;
ભડલી કહે દેશે ભલું, **ગાને** પક્ષી વસાય.

શ્રાવણ સુદી પાંચમના પવન વિષેનું આવું ભડલીવાકય મળે છે, પણ તેની બીજી પંક્તિમાં ઉત્તરાર્ધમાં શું કહેવા માગે છે તે બિલકુલ સમજાતું નથી. બહુ મથામણ પછી મેં 'ગાને' શબ્દને સ્થાને 'રાને' શબ્દ મૂકીને શ્રાવણ સુદી પાંચમે પવન ફૂંકાય તો રાનના પક્ષી જેવું કષ્ટમય જીવન વીતે એવો અર્થ બેસાડયો.

વાકયનું તારતમ્ય સમજવામાં તો આ કલ્પિત અર્થ બાધક ન નીવડ્યો, પણ શબ્દ અને શબ્દાર્થ સાચા ન હતા. આ વિષે ચિંતન ચાલુ હતું. તેવામાં એક હિંદી વાકય મળી આવ્યું અને તેના આધારે આ વાકયના ખરા શબ્દો શોધી શકાયા. તે વાકય આ રીતે હતું :—

શ્રાવણ સુદી પંચમી, પવન ચાલતો વાય ।
ભડ્ડલી કહૂં દેશે ઘણૂં, ગો પક્ષી નસાવાય ॥

શ્રાવણ સુદી પાંચમે પવન વાય તો દેશનાં ગાય અને પક્ષી નાશ પામે અર્થાત્ ઘોર દુઃકાળ પડે એમ ભડલીને કહેવું છે. એટલે આ વાકયના ઉત્તરાર્ધનો શુદ્ધ પાઠ આ રીતે બેઠો :—

'ભડલી કહે દેશે ઘણું, ગા ને પક્ષી નસાવાય.'

કેટલાંક ભડલીવાક્યોનો અર્થ તેની પૂર્વના વાક્યોના અનુસંધાનમાં યોજાયો હોય છે. તેવાં વાક્યો ક્રમભંગ થઈ નિરર્થક જેવાં બને છે. માળામાંથી છૂટા પડેલા તેવા વાક્યની કિંમત પછી કાચના કિડિયા જેવી બની જાય છે. યથા :—

"પોર અઢી એ કલકલે વે ઉત્તર્સે દ્રોરાયે ।
તો જાણે તૂ ભડલી, જલધર સરસો નેહ ॥[૫૪]

આ વાક્ય અશુદ્ધ પાઠાંતરનો ભોગ બનવા ઉપરાંત ક્રમભંગનો પણ ભોગ બનેલું જણાય છે. આથી તેનો ભાવાર્થ સમજવો મુશ્કેલ બને છે.

એક જ વાક્યના દુષિત પાઠાંતરો અર્થનો કેવો વિપર્યાસ ખડો કરે છે તેનું એક દૃષ્ટાન્ત લઈએ :—

ધર અસાડી બીજડી, નુમ્યે નીરખી જોય;
સોમે શુકે સુરગુરુ, જળબંબારણ હોય.

અહીં અસાડી બીજડી ને નુમ્યે એટલે નોમને દિવસે જોવાની વાત અસંબંધ લાગતાં 'ધર અસાડી બીજડી નીમે નીરખી જોય' એવો પાઠ ઘટાવવામાં આવ્યો. તેનો અર્થ અમે એવો ઘટાવ્યો કે આષાઢની પહેલી બીજે સોમ, શુક્ર અને ગુરુવાર હોય તો ભારે વૃષ્ટિ થાય.[૫૫]

હવે હિંદી ભાષામાં આ વાક્યનો નિમ્નલિખિત પાઠ મળે છે :—

ધુર અસાઢી વિજ્જુકી, ચમક નિરંતર જોય।
સોમાઁ સુકરાઁ સુરગુરાઁ, તો ભારી જલ હોય॥

શ્રી. રામનરેશ ત્રિપાઠી આનો અર્થ આ પ્રમાણે કરે છે: 'અષાઢ વદિમાં સોમ, શુક્ર અને ગુરુવારે લગાતાર વીજળી ચમકતી રહે તો ભારે વૃષ્ટિ થાય.'

બીજની 'વીજ' થતાં કેવો અર્થભેદ ખડો થઈ ગયો? પણ એટલેથી બસ થતું નથી. 'ઘાઘ ઔર ભડ્ડરી કી કહાવતેં' નામના (અમીનાબાદ-લખનઉના) પુસ્તકમાં વળી અષાઢ વદિને બદલે 'અષાઢ શુક્લ પક્ષ' એમ અર્થ ગ્રહણ કર્યો છે.

વળી 'વર્ષાકાલબોધ' પુસ્તકમાં આનો જુદો જ પાઠ જોવા મળે છે :—

"અષાઢી ધડ બીજડી, નોમે નિરખી જોય।
સોમે સુકુરે સુરગુરુ, જલબંબારણ હોય॥"[૫૬]

અષાડ કૃષ્ણ પક્ષની નોમને દિવસે સોમ, ગુરુ અને શુક્રવારે વીજળી ચમકે તો ખૂબ વર્ષા થાય.

---

૫૪ રાંધેજાની હસ્તપ્રત (સં. ૧૮૭૯), વાક્ય ૮મું.
૫૫ ભડલીવાક્યો, પૃ. ૩૭.
૫૬ વર્ષાકાલબોધ પૃ. ૧૩.

કહો, આમાં કોનો પાઠ અને અર્થ સાચો માનવો ? દરેકે મારી મચડીને પાઠ તેમ જ અર્થ બેસાડવા પ્રયાસ કર્યાનું જણાઈ આવે છે. આના મૂળમાં પાઠની અશુદ્ધિનું જ કારણ રહેલું છે. કોઈ લેખકનો દોષ કાઢવાનો આશય નથી. ભડલીવાકયોના પાઠની તથા અર્થની કેવી દુર્દશા થઈ છે તે દર્શાવવા માટે આટલું જ બસ ગણાશે.

પણ હવે મારા મતે અહીં કયો પાઠ ઉચિત છે તે સ્પષ્ટ કરવું આવશ્યક છે. 'હું ધર અષાડી બીજડી નીમે નીરખી જોય' એ પાઠ સ્વીકારું છું અને અષાઢની પહેલી બીજે સોમ, શુક્ર અને ગુરુવાર હોય તો ભારે વરસાદ થાય એવો અર્થ ગ્રહણ કરવાનું ઉચિત માનું છું.

આવો પાઠ અને અર્થ ગ્રહણ કરવાનું સબળ કારણ છે. તે એ કે આ વાકય પછી તુરત જ ગુજરાતી વાકયોમાં જે વાકય આવે છે તેમાં આ વાકયના અનુસંધાનમાં રવિ, બુધ, મંગળ અને શનિવારનું ફળ પણ કહેલું છે. શ્રી. ત્રિપાઠીજીનો કે બીજા કોઈનો અર્થ ગ્રહણ કરવા જતાં આ અનુગામી વાકય નિરર્થક બની જાય. અનુગામી વાકય આ પ્રમાણે છે :—

રવિ તાતો બુધ શીતળો, મંગળ વૃષ્ટિ ન સોય;
કરમ સંજોગે શનિ પડે, વિરલા જીવે કોય.

મતલબ કે અષાઢની બીજે રવિ હોય તો તે તાતો ગણાય, બુધ શીતળ અને મંગળવાર હોય તો વૃષ્ટિ ન થાય. નસીબ સંજોગે શનિવાર હોય તો કોઈ વિરલા જ જીવતા રહે.

જો બીજા મિત્રોના પાઠ કે અર્થને ગ્રહણ કરીએ તો ભડલીનું આ વાકય મારી નાખ્યા બરોબર થાય. કિં બહુના ?

પાઠાંતરના આવા બીજા અનેક પ્રકારો અમે તારવ્યા છે, પણ વિસ્તારભયને લીધે તે આપી શકાય નહિ. કહેવાનું તાત્પર્ય કે અશુદ્ધ પાઠોના ગ્રહણથી ભડલીવાકયોનું તેજ કંઈક ઝાંખું પડે છે.

કેટલાંક ભડલીવાકયો તો એવાં અશુદ્ધ બન્યાં છે કે તે પોતાનું અસલ સ્વરૂપ ભૂલી સામસામે ટકરાતાં હોય છે. કયાંક વિરોધાભાસ પણ હોય છે. આ બધું ભડલીવાકયોના— ભડલી સાહિત્યના અભ્યાસીએ કાળજીથી સમજવાનું છે, દેખાતા સહેલા પણ વાસ્તવિક રીતે કઠિન માર્ગે તેણે ચાલવાનું છે.

દેશાન્તરભેદથી ભડલીવાકયોમાં કેટલીક વખત વિરોધ જોવા મળે છે. પણ તે ખરી રીતે વિરોધ નહિ પણ વિરોધાભાસ હોય છે. દષ્ટાન્ત તરીકે એક હિંદી કહેવત અને બાંગ્લા પ્રવાહની તુલના કરીએ.

"ધનિ વહ રાજા ધનિ વહ દેસ।
જહવાં બરસૈ **અગહન** સેસ॥"[57]

---

[57] ઘાઘ ઔર ભડ્ડરી, પૃ. ૧૧૭.

અહીં માગશરના અંતની વૃષ્ટિને સારી માની છે. મધ્યપ્રદેશ અને બીજે જ્યાં દિવાળી પછી ઘઉંના પાક માટે વરસાદનાં ઝાપટાં ઈષ્ટ માન્યાં છે તેને આ ઉક્તિ લાગુ પડતી હશે એમ માનું છું. ઉત્તર ગુજરાત કે મારવાડને માટે તો ' અગહન 'નો વરસાદ હાનિકર્તા ગણાય.

બંગાળમાં આ ભાષાશૈલીને પ્રયોજતી નીચેની કહેવત પ્રચલિત છે :—

"યદિ બર્ષે આગને, રાજા યાય માગને।
યદિ બર્ષે માઘેર શેષ, ધન્ય રાજા પુણ્ય પ્રદેશ ॥"૫૮

આગને એટલે અગહન અર્થાત અગ્રહાયન (માગશર) માસમાં વૃષ્ટિ થાય તો રાજા ભીખ માગે એમ કહી માઘના અંતની વૃષ્ટિને લાભદાયી ગણાવી છે. એટલે માગશરના વરસાદનું ફળ હિંદી કહેવત અને બાંગ્લા પ્રવાહમાં અરસપરસ વિરોધી બતાવેલું છે; પણ માર્ચથી વરસાદનો પ્રારંભ અનુભવતા બંગાળ માટે માગશરની વૃષ્ટિ કદાચ વૃષ્ટિનો ગર્ભ ગળી ગયા જેવી મનાતી હોય એ સંભવિત છે. દેશાન્તરભેદને કારણે આ વિરોધ નહિ પણ કેવળ વિરોધાભાસ ગણાય.

કેટલાક પાઠોમાં તિથિની ગરબડ થઈ ગઈ છે તે ભડલીવાક્યોને અવિશ્વસ્ત બનાવી દે છે.

"અસાઢ શ્રાવણ બે ગયા, કહુ કર રે નાવ!
ભાદ્રવે જુગ રેલશે, છઠ્ઠે અનુરાધાવ."૫૯

અહીં ભાદરવાની છઠ્ઠને અનુરાધાનો યોગ ભારે વરસાદનો સૂચક કહ્યો છે, પણ વળી એ જ હસ્તપ્રતમાં આવું વાક્ય મળે છે :—

"નક્ષત્ર સર્વે વહી ગયા, તું કાં ઝૂરે નાવ!
ગયું વરસ પાછું વલે, જો સાતમે અનુરાધાવ."૬૦

અહીં સાતમને અનુરાધાનો યોગ કહેલો છે તે શંકાસ્પદ છે. આ બે વાક્યો અરસપરસ વિરોધ ખડો કરે છે. જો કે છઠ અને અનુરાધાનો યોગ વધુ પ્રસિદ્ધ છે. પણ ભડલીવાક્યોના પાઠની ગરબડ એ દર્શાવી જાય છે.

શ્રી રામનરેશ ત્રિપાઠી એક અનુભૂત વાક્યની નોંધ કરે છે:—

"મંગલવારી હોય દિવારી।
હંસૈ કિસાન રોવૈં વૈપારી ॥"

મંગળવારી દિવાળી હોય તો અનાજ બહુ પાકે, ખેડૂત સુખી થાય અને વેપારી (અનાજ સંઘરનાર)ને નુકસાન થાય. સં. ૧૯૮૭ની દિવાળી મંગળવારે હતી અને આ પ્રમાણે ફળ મળ્યું હતું એમ પણ શ્રી ત્રિપાઠીજીએ નોંધ કરી છે; પણ નીચેનું વાક્ય તેની સાથે સુસંગત થતું નથી:—

---

૫૮ બાંગ્લાપ્રવાહ.

૫૯-૬૦ રાંધેજાની હસ્તપ્રત (સં. ૧૮૭૯).

"જુઓ જોષી કાર્તિક અમાસ, રવિ શનિ ભોમે જો વાસ
સ્વાતિ યોગ આયુષ્ય તે પાસ, કાળ કરાવે નાસાનાસ."[૬૧]

હિંદીમાં પણ આ વાક્ય મળે છે. અહીં કારતકની અમાસ એટલે દિવાળી (રાજસ્થાન તથા ઉત્તર પ્રદેશમાં આપણી આસો વદી પડવાથી કારતક વદ શરૂ થઈ જાય છે. તેમની ગણત્રી પ્રમાણે દિવાળી તે આસોની અમાસ નહિ પણ કારતકની અમાસ ગણાય છે.) શનિ, રવિ કે મંગળવારી હોય તો અનિષ્ટકર્તા માની છે. સ્વાતિ અને આયુષ્ય યોગ સાથે ઉલ્લેખિત છે, પણ તેથી કાંઈ મંગળવારનો બચાવ થઈ શકે નહિ.

વળી સંસ્કૃત મેઘમાલામાં પણ આને પુષ્ટિકર્તા ઉલ્લેખ મળે છે:—

दीपोत्सवदीनें वारौं भोमार्कौ न शुभावहौ ॥"[૬૨]

મંગળ અને રવિવારી દિવાળી શુભ માની નથી. છતાં શ્રી ત્રિપાઠીએ મંગળવારી દીપોત્સવી ખેડૂતને માટે શુભ મનાવી છે તે પણ કોઈ અશુદ્ધ પાઠની જ ગરબડ હશે.

ભડલીવાકયોમાં સુદી અને વદીનો પ્રશ્ન પણ ગૂંચવણભર્યો છે. ભડલીવાકયોની જન્મભૂમિ સમાન મારવાડ–રાજસ્થાનમાં પુમાન્ત મહિના ગણાય છે. આપણો કારતકનો કૃષ્ણપક્ષ ત્યાં માગસરનો કૃષ્ણપક્ષ ગણાય અને માસના આરંભમાં પહેલાં કૃષ્ણપક્ષ અને પછી શુકલપક્ષ આવે છે. આ ભેદને લીધે ભડલીવાકયોમાં કહેવાયેલા વદીના ઉલ્લેખો ગુજરાતના કયા મહિનાના કયા પક્ષને લાગુ પડતા માનવા એનો નિર્ણય કરવાનું મૂંઝવણભર્યું બને છે. એ કારણે પણ વાકયોના અર્થગ્રહણમાં ઘણી ગરબડ થવા સંભવ રહે છે.

ઘણાં વાકયોમાં તો વળી સુદી કે વદીનો ઉલ્લેખ ન કરતાં મોઘમ તિથિઓ બતાવી છે. જેમ કે,

ફાગણી પાંચમ, ચૈત્રી ત્રીજ, વૈશાખી પડવો ગણી બીજ,
એહ દિન જો ગાજે મેહ, લાભ સવાયો નહિ સંદેહ.

આમાં પાંચમ, ત્રીજ ને પડવો સુદી કે વદી તે ઉલ્લેખ મળતો નથી. પછી સ્પષ્ટ અર્થઘટન શી રીતે થાય ? આવું ઠેકઠેકાણે થયેલું છે.

કોઈ કોઈ સ્થળે 'જેઠ આગલી પડવા', 'શ્રાવણ પહેલી ચોથ', 'સાવન પહેલી પાંચમી', 'અસાડે ધુર અષ્ટમી' એમ મોઘમ ઉલ્લેખ છે. ત્યાં કયો પક્ષ ગ્રહણ કરવો તે ગૂંચવણ ઊભી કરે છે. રાજસ્થાન, ઉત્તરપ્રદેશમાં પહેલી, આગલી તિથિ કૃષ્ણપક્ષની ગણાય. ગુજરાતમાં આપણે 'શ્રાવણ પહેલી ચોથ' એટલે શ્રાવણ સુદી ચોથ અર્થાત્ શુકલપક્ષને ગ્રહણ કરવા ટેવાયા છીએ.

આવી તથા ભાષાના અંતરથી થતી બીજી નાનીમોટી ગેરસમજો, ગ્રામ્યભાષાના શબ્દો, જ્યોતિષને લગતા શબ્દો વગેરેને કાળજીથી સમજવાની અપેક્ષા ભડલીવાકયો આપણી પાસે રાખે છે એ ભૂલવા જેવું નથી.

૬૧ ભડલીવાકયો, પૃ. ૨૧.

૬૨ મેઘમાલા, પૃ. ૨.

ઉપસંહાર

ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં પ્રચલિત ભડલી-સાહિત્ય આમ જનતાનું મોઘું ધન છે. એને પ્રયાસપૂર્વક શોધી સંગ્રહી, શુદ્ધ કરી પ્રગટ કરવાનો સમય પાકી ગયો છે' લોકસાહિત્યના એ પ્રકારનો સમુદ્ધાર કરવા અભ્યાસીઓ વહેલી તકે પ્રેરાય એ ઈષ્ટ છે.

પણ હજી ભડલી-સાહિત્ય સંપૂર્ણપણે પ્રકાશમાં આવ્યું નથી. પ્રદેશ પ્રદેશનાં અપ્રગટ વાકયો, કહેવતો વગેરે સ્વાનુભવ સાથે પ્રગટ થવાં જોઈએ. એવા વિવિધ પ્રદેશોનાં વાકયો, વચનો કહેવતોના અવલોકનથી તથા તુલનાથી આપણી ઘણી ગૂંચવણો ઉકલી જશે અને ભડલી વાકયોના નિર્માણમાં વર્ષાવિજ્ઞાનના કયા પ્રાદેશિક સંજોગો, નિયમો કે અનુમાનો કામ કરે છે તેનો આપણને બોધ થશે,

રાજસ્થાનના શેખાવટી પ્રદેશના વર્ષાવિજ્ઞાનને લગતો એક લેખ "મરુભારતી"માં વાંચવામાં આવેલો. તેમાં સંક્ષેપમાં એ પ્રદેશપથકની વર્ષાવિજ્ઞાનને લગતી ઉક્તિઓ આપેલી હતી. પ્રસંગશાત્ કાંઈક નવી શૈલી અને નવું કવિતવ્ય પણ તેમાં જણાયું :—

"સૂર્ય કહે એ પરવા બાઈ।
તૂ ગડા મેં કહાઁ સે આઈ?"

પરવાનો ઉત્તર :—

"ઘડી દો ચાલણુ પાઉ।
ઘર બેઠી પણિહાર ભરાઉ॥
ખૂંટા બેટ્યા પાડા પ્યાઉઁ।
જદ સૂર્યે કી ભૈણુ પરવા કહાઊઁ॥"[૬૩]

નરમ હવાને 'પરવા' કહી છે. ભાદરવામાં તે જોરદાર-યૌવન સમૃદ્ધ હોય છે. તે વખતે એ હવા ચાલે તો પુષ્કળ વરસાદ પડે છે.

આવી પ્રાદેશિક વિશેષતાઓની સૂચક વાણી હજી હજારો ગામોમાં દટાયેલી પડી છે. તે વિસ્મૃત થતી જાય છે અને અવજ્ઞા પણ પામી રહી છે. તેને સંગ્રહી, પરિશુદ્ધ કરી માસિક, ત્રૈમાસિકો દ્વારા પ્રકાશમાં લાવવાની જરૂર છે.

કચ્છનાં ભડલાવાકયો પણ તેની ભાષાલઢણ તથા તે પથકની વિશેષ ખાસિયતને લીધે અવલોકનયોગ્ય બને છે. સૌરાષ્ટ્રમાંથી પણ અવનવા રૂઢ શબ્દપ્રયોગોવાળા પાઠો મળે તેમ છે. આદિવાસી ભીલો વગેરેનાં ભડલીવાકયો પણ એકઠાં કરીને પાઠશુદ્ધિ તથા શબ્દાર્થ સાથે પ્રગટ કરવાં જોઈએ.

દક્ષિણ ભારતની તામીલ, તેલુગુ, કાનડી વગેરે ભાષામાંની આ વિષયને લગતી કહેવતો પણ એકઠી કરી, તેનું એ પ્રદેશોની ઋતુ, વર્ષાકાલ, વગેરેના સંદર્ભમાં અધ્યયન થવું જોઈએ. તેમાંથી ઘણું નવું જાણવાનું મળી રહેશે. શ્રી. જગદીશસિંહ ગહલોત કહે છે: "દરેક પ્રાંતવાળા

---

૬૩ 'મરુભારતી', જુલાઈ ૧૯૬૦, પૃ. ૩૯-૪૩.

પોતાના પ્રાંતની કહેવતોનું તુલનાત્મક અધ્યયન કરી મનોરંજન કરી શકે."[૬૪] હું ઉમેરીશ કે, એક પ્રાંતની કહેવતોનું બીજા પ્રાંતની કહેવતો સાથેનું તુલનાત્મક અધ્યયન સાધારણ મનોરંજન ઉપરાંત વિદ્યાવ્યાસંગજનિત ઉચ્ચ પ્રકારનો આનંદ પણ આપ્યા વગર નહિ રહે.

અગાઉ ભડલી-સાહિત્યનાં વાક્યો, કહેવતો વગેરેના પાઠોની અશુદ્ધિ તથા બીજા ગૂંચવાડાઓનો ઉલ્લેખ અમે કરેલો છે તે એક હકીકત છે, પણ તેટલા ઉપરથી જ તેના અધ્યયનમાંથી પીછેહઠ કરવાની જરૂર નથી. કઠિન માર્ગના પ્રવાસમાં જ પુરુષાર્થની કસોટી થાય છે અને ઉચ્ચ આનંદ મળે છે.

ભડલીવાક્યોના અને તેને અંગભૂત સાહિત્યના સંશોધનકારે નવી જ કેડી પાડવાની છે. તેનું કાર્ય એક નહિ પણ અનેક મહાનિબંધોના કાર્ય જેટલો પરિશ્રમ, સમય અને સન્નિષ્ઠા માગી લે તેવું છે. જુદા જુદા પ્રદેશની તળપદી ભાષાઓનો પરિચય, ઋતુજ્ઞાન, કૃષિવિષયક જ્ઞાન, જ્યોતિષનું સામાન્ય જ્ઞાન, ભૌગોલિક જ્ઞાન, અને ગ્રામ્યજીવનનો પ્રત્યક્ષ અનુભવ વગેરે આ કાર્યમાં પરમ આવશ્યક ગણાય.

ભડલી-સાહિત્યના સંશોધનકારે ગુજરાત, રાજસ્થાનમાંની મળે તેટલી હસ્તપ્રતો અવલોકવી પડે અને કચ્છ તથા આદિવાસીપથક, વગેરેનાં વાક્યો મેળવી મહારાષ્ટ્રથી પંજાબ અને કચ્છથી કલકત્તા સુધીના ભડલી–સાહિત્યનો સરસ પરિચય કેળવવો જોઈએ. તેવા પરિચય ઉપરાંત દક્ષિણાત્ય ભાષાઓની કહેવતો પણ સારી રીતે સમજી સંગૃહિત કરવી જોઈએ.

આવી તૈયારી કરનારને પાઠોની અશુદ્ધિ કે વિરોધાભાસો નડશે નહિ. દુર્બોધતા પણ તેને સુબોધ આપનારી નીવડશે. ભાષા કે પ્રદેશનું અંતર તેને બાધક નહિ થાય.

આવું સંશોધન કરનારની ભડલી-સાહિત્ય ઘણાં વરસોથી રાહ જોઈ રહ્યું છે. ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો પ્રગટ થયા તે કાળથી આ કાર્ય માટે હાકલ પડેલી છે: "સંશોધનકારને અભાવે એમાંના ઘણાં દુહા અસ્પષ્ટ, સમજી ન શકાય એવા છે; અને વિવિધ પાઠોને લીધે કયો પાઠ મૂળ છે તે શોધી કાઢવું મુશ્કેલ છે. વાયુચક્રશાસ્ત્રના અભ્યાસી અને કાઠિયાવાડના ગ્રામશબ્દોના જાણકાર તરફથી ભડલીવાક્યોનું સંશોધન થઈને પ્રસિદ્ધ થવાની બહુ જ જરૂર છે."[૬૫]

આ હાકલ હજી ઝીલાઈ નથી. કોઈ ઉત્સાહભર્યો અભ્યાસી કે વિદ્યાપીઠ એ ઝીલે તો કેવું સારું?

---

૬૪ 'રાજસ્થાની કૃષિ કહાવતેં.'

૬૫ ગુ. સાહિત્યના માર્ગસૂચક સ્તંભો (સ્વ. કૃષ્ણલાલ મો. ઝવેરી), પૃ. ૨૮૪-૨૮૫.

'ગંગદાસપ્રતાપવિલાસ' નાટકમાં ચાંપાનેરના કિલ્લાનું વર્ણન

ભોગીલાલ જ. સાંડેસરા

'ગંગદાસપ્રતાપવિલાસ' એક સમકાલીન ઘટનાને વસ્તુ તરીકે લઈને રચાયેલું ઐતિહાસિક સંસ્કૃત નાટક છે. અમદાવાદના સુલ્તાન મુહમ્મદ બીજા અને ચાંપાનેરના રાજા ગંગદાસ વચ્ચેના સંઘર્ષનું નિરૂપણ એમાં છે. ચાંપાનેર ઉપર મુહમ્મદનો હુમલો અને ગંગદાસ સાથેનું એનું યુદ્ધ તથા છેવટે માળવાના સુલ્તાન મહમુદ ખિલજી પહેલાની ગંગદાસને મળેલી સહાયને કારણે મુહમ્મદને અમદાવાદ તરફ કરવી પડેલી પીછેહઠ—આ સર્વ એમાં વર્ણવાયું છે. નાયક ગંગદાસનો પ્રતાપ આ નાટકમાં વર્ણવાયો છે તે ઉપરાંત ગંગદાસની પટરાણી અને નાયિકા પ્રતાપદેવી છે એ રીતે પણ એનું 'ગંગદાસપ્રતાપવિલાસ' એ નામ સાર્થક છે. આ નાટક ગંગદાસના રાજકવિ ગંગાધરે રચેલું છે, અને ઉપર્યુક્ત ઘટના પરત્વે આનંદોત્સવ મનાવવા માટે ચાંપાનેરમાં મહાકાલીના મન્દિરના સભાગૃહમાં તે ભજવાયું હતું. સુલ્તાન મુહમ્મદ બીજાએ ચાંપાનેર ઉપર ઈ. સ. ૧૪૪૯માં હુમલો કર્યો હતો,[1] અને નાટકમાંના ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ છે કે સુલ્તાને અમદાવાદ તરફ પીછેહઠ કરી એ પછી તુરતમાં તે ભજવાયું હતું, આથી ઈ. સ. ૧૪૪૯ પછી ટૂંક સમયમાં જ એની રચના થઈ હશે એમ માનવું યોગ્ય છે. જૂનાગઢના છેલ્લા હિન્દુ રાજા મંડલીકનું જીવન નિરૂપતું સંસ્કૃત 'મંડલીક મહાકાવ્ય' (ઈ. સ. ૧૪૬૦ આસપાસ) રચનાર ગંગાધર અને પ્રસ્તુત નાટકનો કર્તા ગંગાધર એક જ હોય એ તદ્દન સંભવિત છે. કવિ ગંગાધર દક્ષિણના વિજયનગરથી ગુજરાત આવ્યો હતો અને નાટકમાંના કેટલાક ઉલ્લેખો દ્વારા નિશ્ચિતપણે જાણવા મળે છે કે તે ભજવનાર નટો પણ વિજયનગરથી આવ્યા હતા. આ નાટકનો વિગતે પરિચય 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટ', પુ. ૪, અંક ૨–૩ (ડિસેમ્બર ૧૯૫૪, માર્ચ ૧૯૫૫)માં પ્રગટ થયેલા એક નિબંધમાં મેં આપ્યો હતો. લંડનની ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીમાંની એક માત્ર ઉપલબ્ધ હસ્તપ્રતને આધારે એનું સંપાદન થઈ રહ્યું છે, અને ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝમાં એના પ્રકાશન માટે આયોજના થઈ છે.

આ નાટકના સાતમા અંકમાં ચાંપાનેરના કિલ્લાનું વિગતવાર વર્ણન છે. સુલ્તાને ચાંપાનેરના કિલ્લાને ઘેરો ઘાલ્યો છે. પોતાના એક હિન્દુ ખંડિયા રાજા વીરમ પાસેથી, કિલ્લામાંનાં અગત્યનાં સ્થળો વિષે સુલ્તાન માહિતી મેળવવા ઇચ્છે છે. વીરમ સુલ્તાનને કહે છે કે "મેં પોતે તો ચાંપાનેરનો કિલ્લો જોયો નથી, પણ ગંગદાસની માતા ભામામ્બા બ્રાહ્મણોને દાન આપતી હતી ત્યારે મારો પુરોહિત એક વાર ત્યાં દાન લેવા ગયો હતો. કિલ્લાનાં મુખ્ય સ્થળો વિષે મેં પુરોહિતને પૂછી લીધું હતું, અને પછી એ બધું પટ ઉપર ચીતરાવ્યું હતું.' **પટ ઉપર દોરાયેલો આ**

---

૧ કોમિસરિયેટ, 'એ હિસ્ટરી ઑફ ગુજરાત', ભાગ ૧, પૃ. ૧૨૯.

નકશો હાથમાં રાખીને વીરમ સુલ્તાન મુહમ્મદ સમક્ષ ચાંપાનેરના કિલ્લાનું વર્ણન કરે છે. આ વર્ણન ૩૦ શ્લોકો જેટલું વિસ્તૃત છે, અને ઇતિહાસ તેમજ પુરાવસ્તુવિદ્યા (આર્કિયોલોજી) બંને ય દૃષ્ટિએ તે ખૂબ રસપ્રદ થાય તેમ છે. તેનો સાર અહીં આપ્યો છે—

"કિલ્લામાંનો સૌથી ઊંચો ચૂનાથી ધોળેલો અને સુવર્ણકળશવાળો મહાલય એ રાજા ગંગદાસનો પ્રાસાદ છે.[૨] એના ઈશાન ખૂણે રામચંદ્રે બંધાવેલું રામગંગા સરોવર છે અને તેમણે જ બાંધેલું મહાદેવનું મન્દિર છે. એની દક્ષિણે આવેલું સરોવર સીતાએ બંધાવેલું છે; એનાં અગાધ જળનો અંત માત્ર કૂર્મ જાણી શકે. આ પશ્ચિમ બાજુએ, ભીમપ્રાસાદ ('ભીમનો મહેલ') સહિત ભીમગયા નામે સરોવર છે. એની યે પશ્ચિમે, ચૂના જેવા સફેદ પાણીથી ભરેલું,[૩] રાજા ગંગદાસે બાંધેલું સરોવર છે. આ સરોવરની આસપાસ ગણેશ, દુર્ગા, સૂર્ય, ક્ષેત્રપાલ અને જૈન તીર્થંકરોનાં અનેક મન્દિરો છે. કિલ્લા ઉપર જે વાદળાં જેવું દેખાય છે તે આકાશને સ્પર્શ કરતા હોમધૂમ છે. આસપાસ આ બધા રાજાના સંબંધીઓના પ્રાસાદો છે. જયપતાકાઓ વડે ત્યાં નિત્ય મહોત્સવનું સૂચન થાય છે. ધનધાન્ય વડે પૂરિત, રત્નસંપદા વડે મંડિત, ધાર્મિક લોકો વડે નંદિત, ભૈરવાદિ વડે રક્ષિત આ દુર્ગનું ગ્રહણ દેવતાઓ માટે પણ કઠિન છે. પેલું ધનુષ્ય જેવા આકારનું છે તે વિષવલ્લી કહેવાય છે;[૪] પાવાચલની મધ્યમાં શત્રુરાજાઓ માટે તે વિષ જ છે. મકરયંત્રો[૫] વડે યુક્ત આ દુર્ગ શત્રુઓ માટે દુર્ગમ છે.

"પહોળી વીથિઓ ઉપર પથ્થરની ફરસબંધીવાળો તથા અનેક અટ્ટાલિકાઓમાં બેઠેલા દૃઢ રક્ષકો વડે રક્ષાયેલો આ દુર્ગ રિપુઓ માટે દુસ્તર છે. તૃણ, કાષ્ઠ, અને ધાન્યના ઢગલા એમાં છે; તેલ અને ઘીની વાપિકાઓ અને વસ્ત્રાદિ વસ્તુઓ વડે તે યુક્ત છે; સુવર્ણ, રત્ન અને આભરણો વડે વિલસતા કુબેરનગર જેવો તથા અસ્ત્રશસ્ત્રાદિના પૂર વડે ભૈરવને પણ ભય પમાડે એવો આ દુર્ગ છે. શરણે આવેલા રાજાઓના આવાસોથી તે ભરેલો છે. મીઠા પાણીવાળું અને સમુદ્ર જેવું વિસ્તૃત વિશ્વામિત્ર સરોવર ત્યાં છે. કલ્પવલ્લી જેવી, ગંગદાસની પ્રિય માતા ભામામ્બા ત્યાં યાચકોને પુષ્કળ દાન આપે છે. તેણે ખોદાવેલો આ કૂવો છે; એનું અમૃત જેવું પાણી અસંખ્ય મનુષ્યો, ઘોડાઓ અને ગાયો પીએ છે. ગંગદાસનો પોતાનો મહેલ ('નિજમન્દિર') આ રહ્યો. એની દક્ષિણે આ વાજિશાલા–અશ્વશાલા તથા ગાયો રાખવાની જગા છે. મહેલના અગ્નિખૂણે રુચિર શિખર શોભે છે. ત્યાં દેવી મહાકાલી (અન્ય) દેવીઓ સાથે ખેલે છે (અર્થાત્ ત્યાં મહાકાલીનું મન્દિર છે). એની કૃપાથી રાજા ગંગદાસ નિર્ભય થઈને, રિપુમંડળનો વધ કરીને વિશાળ રાજ્ય ભોગવે છે. મહાકાલીના મન્દિરની ડાબી બાજુએ, નીચે ડુંગરના ઢોળાવ ઉપર

---

૨ 'રાજા ગંગદાસે બંધાવેલો ગંગેશ-મહાદેવનો પ્રાસાદ છે' એવો અર્થ પણ થઈ શકે.

૩ પાવાગઢ ઉપર, જે શિખર ઉપર અત્યારે મહાકાલીનું મન્દિર છે તેની નીચે આવેલું 'દૂધિયું તળાવ' આ હોય.

૪ આનો ચોક્કસ અર્થ સમજવો મુશ્કેલ છે. ઝેરી અસ્ત્રો ફેંકતું આ કોઈ યંત્ર હોય.

૫ પદ્મનાભના ઈ. સ. ૧૪૫૬માં રચાયેલા 'કાન્હડદેપ્રબન્ધ' (ખંડ ૨, કડી ૧૨૮)માં 'યંત્ર મગરવી'નો ઉલ્લેખ છે તે જ આ 'મકર યંત્ર' હોય. શત્રુ સૈન્ય ઉપર પથ્થર ફેંકનારું એ યંત્ર હતું અને સંભવ છે કે તેનો આકાર મકર જેવો હોય.

ઝરેશ્વર મહાદેવનું મન્દિર છે. આગળ, ઇન્દ્રપુરી જેવું ચંપકપુર (ચાંપાનેર) તમે જોઈ શકો છો. ફૂલથી ભરેલાં અને ફળથી ભાવિત વૃક્ષો વડે મંડિત એવાં ત્યાંનાં આ ઉપવનો છે. જગતની સર્વ વસ્તુ ત્યાં મળે છે."

આ વર્ણન ખાસ નોંધપાત્ર એટલા માટે છે કે જેને ઘેરો ઘાલવામાં આવ્યો છે એવા દુર્ગના નકશાના અવલોકનરૂપે એ રજૂ થયું છે. ચાંપાનેર એ મધ્યકાલીન ગુજરાતનાં સૌથી આબાદ નગરો પૈકી એક હતું, અને બીજાં મુખ્ય નગરો સમેત તેનાંયે પુરાતત્ત્વ અને ભૌતિક સંસ્કૃતિનું અન્વેષણ હજી હવે કરવાનું છે. ચાંપાનેરના કિલ્લામાંનાં કેટલાંક મહત્ત્વનાં સ્થાપત્યોનું સ્થળ નક્કી કરવામાં તેમ જ તેમને ઓળખવામાં આ વર્ણન બહુ ઉપયોગી નીવડવાનો સંભવ છે. હિન્દુ યુગના ચાંપાનેરના વિરલ અવશેષો જ સપાટી ઉપર રહ્યા હોઈ એક સાહિત્યકૃતિમાં અપાયેલી, તેના નકશાની આ વિસ્તૃત સમજૂતીની અગત્ય ભાગ્યે જ સમજાવવી પડે એમ છે.

મૂળ સંસ્કૃત નાટકનો આખોયે પ્રસ્તુત અંશ અહીં હું ટાંકુ છું. હસ્તપ્રતના પત્રાંકો મોટા કૌંસમાં નોંધ્યા છે:

મૂળ સંસ્કૃત નાટકનો પ્રસ્તુત અંશ

[Folio 93 A]

सुरत्राण :—(सस्मितम्) तत् किमिदमिति किं न कथ्यते ?
त्वया सर्वमिदं दुर्गं परिशीलितमस्ति यत् ।
तत् किं न कथ्यतेऽस्यान्तः किं किमस्तीति वीरमः (म !) ॥ १ ॥

वीरमः—मया साक्षान्न दृष्टम्, मम पुरोधसा कदाचिदत्रागतेन सर्वं कथितम्, तदेव मया पटे विलिख्य स्थापितम् ।

सुरत्राणः—तेन किमर्थमत्राग[Folio 93 B]तम् ?

वीरम :—श्रूयताम्—

गङ्गदासस्य जननी **भामाम्बा** धर्मरूपिणी ।
महादानान्यनेकानि तयादीयन्त सन्ततम् ॥ १ ॥
तदर्थं ब्राह्मणाः सर्वे समायान्तीह सर्वदा ।
अस्माकमपि दानार्थं समगात् स पुरोहितः ॥ २ ॥
तेन सर्वमिदं दृष्टं मया पृष्टं स चावदत् ।
तदेव चित्रकारेण लेखयित्वा मया पटे ॥ ३ ॥
स्थापितं विद्यते चारुरचनाभिर्मनोहरम् ।
यदाज्ञापयति स्वामी दर्शयामि तदद्भुतम् ॥ ४ ॥

[Folio 94 A]

सुरत्राण :—(सादरम्) दर्शय दर्शय ।

(वीरमः पटं प्रसार्य दर्शयति)

सुरत्राणः—(विलोक्य, साक्षाद्दुर्गमपि विलोकयति साश्चर्यम्) कथमिदं पटगतमपि पुरोवर्तिनः साक्षाद् दुर्गस्य तदेवेति प्रत्यभिज्ञां जनयति ?

वीरमः—सर्वं विवेकतोऽवधारणीयम् ।

सुरत्राणः—यवनेतरेषां 'किं किम् ?' इति वाच्य-वाचक-सम्बन्धेन निधार्यते, तद् विविच्य कथय ।

वीरमः—

य एतन्मूर्द्धस्थ [:] स्फुरति धवलः प्रोन्न[Folio 94 B]ततया ।
सुधाधौतः श्रेयान् दिनकरनिभः स्वर्णकलशः ॥

स **गङ्गेशावासो** व्यरचि किल **गङ्ग**क्षितिभुजा ।
महान् प्रासादः श्रीविजितरजतक्ष्माधररुचिः ॥ १ ॥

यदेतदस्य पूर्वस्या उत्तरस्या दिशोन्तरा ।
सरस्तद् **रामगङ्गे**ति **रामचन्द्रेण** निर्मितम् ॥ २ ॥

रामगङ्गासरः पूर्णं मौलिचन्द्रकलाद्रवैः ।
कुर्वतो गिरिशस्यासौ प्रासादो **राम**निर्मितः ॥ ३ ॥

दक्षिणस्यां यदेतस्य सरस्तत् **सीतया** कृतम् ।
तस्यागा[Folio 95 A]धजलस्यान्तं यदि कूर्मः स विन्दति ॥ ४ ॥

यदेतत् पश्चिमे **भीमगया**नाम सरोवरम् ।
भीमप्रासादसहितं तद् **भीमेन** विनिर्मितम् ॥ ५ ॥

ततोऽपि पश्चिमे भूरिसुधाधवलवारिणा ।
पूरितं तत् सरो भूप**गङ्गदास**विनिर्मितम् ॥ ६ ॥

गणेश-दुर्गा-दिनकृत्-क्षेत्रपाल-जिनालयाः ।
अस्य स्फुरन्ति परितः पूजनद्रव्यमण्डिताः ॥ ७ ॥

मेघाकारतया भान्ति य एते दुर्गमस्तके ।
निरन्तरं यद्दनान्ते होमधूमा [Folio 95 B] नभः स्पृशः ॥ ८ ॥ [? युग्मम्] ।

एतानि राजलोकानां मन्दिराणि समन्ततः ।
नित्यं जयपताकाभिः सूचयन्ति महोत्सवम् ॥ ९ ॥

पूरितं धनधान्येन, मण्डितं रत्नसम्पदा ।
नन्दितं धार्मिकैर्लोकैः, रक्षितं भैरवादिभिः ॥ १० ॥

उपरिष्टादिदं दुर्गमेवमादिगुणान्वितम् ।
आस्तां तद्ग्रहणे गोष्ठी, देवतानामपि ध्रुवम् ॥ ११ ॥

यदेतद् धनुराकारं **विषवल्ली**ति कथ्यते ।
पावाचलस्य मध्येऽस्मिन् विष तद् वैरिभूभुजाम् ॥ १२ ॥

दुर्गं दुर्ग[Folio 96 A]मसञ्चारं युक्तं मकरयन्त्रकैः ।
तर्जयद् वैरिसैन्यानि कराभस्तम्भदम्भतः ॥ १३ ॥

पञ्जिका-वीथि-विततप्रस्तरं रिपुदुस्तरम् ।
अनेकाट्टालमध्यस्थदृढरक्षकरक्षितम् ॥ १४ ॥

निचयैस्तृण-काष्ठानां धान्यानामपि राशिभिः ।
तैलाज्यानां वापिकाभिर्युक्तं वस्त्रादिवस्तुभिः ॥ १५ ॥

सुवर्ण-रत्ना-ऽऽभरणैर्विहसद् धनदालयम् ।
अस्त्रशस्त्रादिसम्पूरैर्भैरवस्यापि भीकरम् ॥ १६ ॥

नारायणादिस[Folio 96 B]कलदेवतालयमण्डितम् ।
चतुर्वर्णजनानन्दि भवनव्रातभूषितम् ॥ १७ ॥

शरणागतभूपालमन्दिरैरतिमेदुरम् ।
मधुराम्भः समुद्राभ-विश्वामित्रसरोयुतम् ॥ १८ ॥

गङ्गदासप्रिया साध्वी **भामाम्बे**ति स्तुता जनैः ।
कल्पवल्ली वितरणे गुणालङ्कारमण्डिता ॥ १९ ॥

तया विरचितः कूपः पीयूषजयिजीवनः ।
तत्र लक्षं मनुष्याणामयुतं वाजिनां तथा ॥ २० ॥

गवां त्रिंशत्सहस्राणि पिब[Folio 97 A]न्ति प्रत्यहं जलम् ।
अनेककूप-वापीभिः सम्भृतं प्रतिमन्दिरम् ॥ २१ ॥

सुवर्णकलशव्रातरोचिषा पूरिताम्बरम् ।
तदेतद् **गङ्गदास**स्य भूपतेर्निजमन्दिरम् ॥ २२ ॥

आन्तःपुराणां हर्म्याणां प्रमेयं दिनकृत्करान् ।
निराकरोति सहसा प्राप्तान् दौवारिकी यथा ॥ २३ ॥

इयं च दक्षिणे भागे वाजिशालापरम्परा ।
गवादीनां निवासार्थं गृहाण्येतानि भूरिशः ॥ २४ ॥

आग्नेय्यामस्य रुचिरं शिखरं यद् विराजते ।
[Folio 97 B] तत्र देवी महाकाली देवीभिः सह खेलति ॥ २५ ॥

निर्भयो यत्प्रसादेन **गङ्गदास**महीपतिः ।
करोति विपुलं राज्यं निहत्य रिपुमण्डलम् ॥ २६ ॥

अधोऽस्य वामतः कामप्रदः संसारिणामिह ।
झरेश्वरस्य देवस्य प्रासादः पुण्यदर्शनः ॥ २७ ॥

इदं च **चम्पकपुरं** पुरतश्चारुमन्दिरम् ।
महेन्द्रनगराकारं लसद्भूमिपुरन्दरम् ॥ २८ ॥

पुरारिणेवापहृतं पुरेशानां पुरत्रयम् ।
मूले मध्ये च शीर्षे च तदेवात्र प्रकाशितम् ॥ २९ ॥

एतान्युपवनान्यत्र[Folio 98 A]मण्डितानि महीरुहैः ।
सुगन्धसुमनःपूर्णैः सदा फलविभावितैः ॥ ३० ॥

एकैकस्मिन् हि भुवने यदै(? दे) कैकं तु लभ्यते ।
तदत्र वस्तु सर्वत्र सर्वं सर्वैरवाप्यते ॥ ३१ ॥

सुरत्राणः—(सोत्साहम्) यद्येवं समामग्रीकमिदं तं(तत्) नः समीहितम्, मम प्रचण्डभुजदण्डयोः क्रीडाडम्बरं कियत्कालं सहिष्यते ?

नानभूपः—(स्वगतम्) कियत्कालमिति किं यावत्कालम् । (प्रकाशम्)

पातसाहस्य पुरतः किमेतदपि दुर्गमम् ।
को वा व[Folio 98 B]ज्रधरस्याग्रे सपक्षः स्यान्महीधरः ॥ १ ॥

सुरत्राणः—तदधुना सर्वे सज्जीभवन्तु ।

કુમારપાળનો સિક્કો

ઉમાકાન્ત પ્રે. શાહ

પાટણના સમૃદ્ધ યશસ્વી સોલંકી રાજવંશની મુદ્રાઓ હતી કે નહીં તે પ્રશ્ને ઘણાને મૂંઝવ્યા છે. સોલંકી રાજાઓના સિક્કાઓ નહિ મળવાથી ઊંડે ઊંડે એવી માન્યતા ફેલાતી હતી કે કદાચ સોલંકી રાજવીઓના સમયમાં તેમના પોતાના સિક્કા ચાલુ ના થયા હોય અને જૂના દ્રમ્મ (Drachmas) જે ક્ષત્રપ અને ગુપ્તોના સમયના હતા તે અથવા ગધૈયાના નામથી ઓળખાતું નાણું જ વપરાતું હોય. આ માન્યતા ફેલાવાનું કારણ એ હતું કે ગુજરાત સૌરાષ્ટ્રમાંથી ગધૈયા, તેમ જ મૈત્રકોના, ગુપ્તોના અને ક્ષત્રપોના સિક્કાઓ વિપુલ પ્રમાણમાં મળ્યા હતા અને મળે છે પણ સોલંકી રાજાઓના સિક્કા મળતા નહોતા.[1]

અલબત્ત, પ્રાચીન પ્રબન્ધોમાં ભીમપ્રિય-દ્રમ્મ અને વીસલપ્રિય–દ્રમ્મના ઉલ્લેખો મળેલા, જેનો ઉલ્લેખ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પોતાના ઉપર્યુક્ત લેખમાં કર્યો હતો. ડૉ. સાંકળિયાએ લખેલું, "અણહિલ્લવાડના ચૌલુક્યોના સિક્કા મળતા નથી એ વાત કંઈક આશ્ચર્યકારક તો ખરી. આવડું વિશાળ અને સમૃદ્ધ સામ્રાજ્ય ધરાવતા રાજકર્તાઓને તેમનું પોતાનું ચલણ તો અવશ્ય રહ્યું જ હશે."[2] પાટણના સોલંકીઓનું પોતાનું ચલણ હતું તેની સાક્ષી તેમનું સમકાલીન સાહિત્ય પૂરે છે. શ્રી હેમચંદ્રાચાર્ય કૃત દ્વયાશ્રયમાં આ ચલણના સિક્કા હોવાની નોંધ વિષે શ્રી રામલાલ ચૂનીલાલ મોદીએ ધ્યાન દોર્યું હતું.[3]

ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લાની ગરનાથા તહેસીલમાં, પંડવાહા ગામમાંથી ઈ.સ. ૧૯૦૫માં ગુર્જર-પ્રતિહાર રાજવી ભોજદેવ(ઈ.સ. ૮૪૦–૮૯૦ આસપાસ)ના કેટલાક ચાંદીના સિક્કા મળ્યા હતા તે સાથે બે સોનાના જૂના સિક્કા મળેલા જેની ઉપર ઈ. સ.ની અગિયારમી-બારમી સદીના નાગરી અક્ષરોમાં શ્રી सिद्धराजः એવું લખાણ હોવાથી શ્રી આર. બર્ને એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે એ સિક્કા ગુજરાતના સોલંકી રાજવી સિદ્ધરાજના સિક્કા છે.[4] આ પછી ઈ. સ. ૧૯૩૬માં લખનૌ મ્યૂઝિયમના નિયામક સદ્‌ગત શ્રી પ્રયાગ દયાલજીએ એ જ મ્યૂઝિયમમાં

---

૧ ડૉ. ભો. જ. સાંડેસરા, વેઇટ્સ, મેઝર્સ ઍન્ડ કૉઈનેજ ઑફ મીડીવલ ગુજરાત, જર્નલ ઑફ ધ ન્યુમિસ્મૅટિક સોસાયટી ઑફ ઇન્ડિયા, વૉ. ૮, ભાગ ૨ (૧૯૪૬–૪૭), પૃ. ૧૩૮–૧૪૬. ખાસ કરીને પૃ. ૧૩૮.

૨ ડૉ. હસમુખ ધી. સાંકળિયા, આર્કિયૉલૉજી ઑફ ગુજરાત (મુંબઈ, ૧૯૪૧), પૃ. ૧૯૦.

૩ શ્રી. રામલાલ ચૂ. મોદી, 'સંસ્કૃત દ્વયાશ્રય કાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ', (અમદાવાદ, ૧૯૪૨), પૃ. ૩૧.

૪ શ્રી આર. બર્ન, એ ન્યુ મીડીવલ ગોલ્ડ કૉઈન, ન્યુમિસ્મૅટિક સપ્લીમેન્ટ ટુ જર્નલ, એશિયાટિક સોસાઈટી ઑફ બૅન્ગાલ, વૉ. ૭ (૧૯૦૭).

સુરક્ષિત આ બે સોનાના સિક્કા ફરી તપાસી તેમ જ શ્રી રાવબહાદુર કાશીનાથ એન. દીક્ષિતની સલાહ લઈ શ્રી બર્નના મતને ટેકો આપતાં જણાવેલું કે એ સિક્કાઓ તેના કદની દૃષ્ટિએ કાશીના સમકાલીન મહારાજા ગોવિન્દચન્દ્ર(૧૧૧૨–૧૧૬૦)ના સિક્કાઓ સાથે સામ્ય ધરાવે છે; પણ એમનો આકાર-પ્રકાર જુદો લાગવાથી અને સિક્કાની બીજી બાજુએ કોઈ દેવદેવીની આકૃતિના અભાવે અનુમાન કરેલું કે એ સિક્કા ચલણમાં ઉપયુક્ત ના રહ્યા હોય છતાં માલવાવિજય કે એવા કોઈ ખાસ પ્રસંગની યાદગિરિમાં પાડચા હોય.[૫]

મુંબઈના પ્રો. હોડીવાલાના સંગ્રહના નાના નાના કેટલાક સિક્કાઓ ઉપર 'શ્રીમજ્જયસિંહ' એવા અક્ષરો વાંચી શ્રી ગિરજાશંકર આચાર્યે વડોદરામાં ભરાયેલી સાતમી ઑલ ઈન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સમાં પોતાના નિબંધમાં(કૉન્ફ. રિપોર્ટ, પૃ. ૬૯૫)માં તેનો ઉલ્લેખ કર્યો હતો. ઝાંસી પાસે પંડવાહાના સિક્કાઓ પર 'સિદ્ધરાજઃ' એવા અક્ષર વંચાય છે.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવાઈ ગામમાંથી મળેલા કેટલાક ચાંદીના નાના સિક્કા ઉપર 'શ્રીમજ્જયસિંહ' એવા અક્ષરો શ્રી અમૃત વ. પંડયાએ વાંચી તેનું વિસ્તૃત વિવેચન ચિત્રો સાથે, આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થમાં કરી એવું સૂચવ્યું હતું કે આ સિક્કા સિદ્ધરાજ જયસિંહના જ હોવા જોઈએ.

પીલવાઈના સિક્કાઓ સિદ્ધરાજના જ છે એવું ચોક્કસ માનવાને તે વખતે હું તૈયાર નહોતો. તે અંગે મારા મન્તવ્યની ચર્ચા ભાઈશ્રી અમૃત વ. પંડયાએ પોતાના લેખમાં કરી છે. મારી શંકાનું એક મુખ્ય કારણ હતું જેનું સમાધાન તેઓ કરી શકયા નથી. તે શંકા એ છે કે સોલંકી રાજાઓના સિક્કા પાછળ લક્ષ્મીની આકૃતિ અંકિત થતી તેનો વિશ્વાસનીય, કુમારપાલના સમકાલીન હરિભદ્રસૂરિએ આપેલો, પુરાવો મને મળ્યો હતો જે મેં કૉઈનેજ ઑફ અર્લી ચાલુકયઝ ઑફ અણહિલવાડ પાટણ એ લેખમાં, (જર્નલ ઑફ ધ ન્યુમિસ્મેટિક સોસાયટી ઑફ ઇન્ડિયા, વૉ. ૧૬ ભાગ, ૨, પૃ. ૨૩૯–૨૪૨)માં રજૂ કર્યો હતો. વિ. સં. ૧૨૨૩માં રચેલા ચંદ્રપ્રભચરિત્રના અંતેની પ્રશસ્તિમાં હરિભદ્રસૂરિ (જેઓ વિમલશાહના વંશજ અને કુમારપાલના મંત્રી પૃથ્વીપાલના ગુરુ હતા તેઓ પોતે) લખે છે:

अह लच्छि-सरस्सईओ सद्धम्मगुणाणुरंजियाओ व्व ।
जस्सुज्झियईसाओ मुंचंति न संन्निहाणं पि ॥ २० ॥

तह सिरिवलो वद्धो (सिरिवलोवलद्धो) [चित्तपडो] जेण टंकसालाए ।
संठविओ लच्छीं कण निवेसिया सयल मुद्दासु ॥ २१ ॥

सो चालुक्क–सिरि–मूलराय–चामुंडराय–रज्जेसु ।
वल्लहरायणराहिव–दुल्लहरायणमवि काले ॥ २२ ॥

निच्चं पि एक्कमंत्ती जाओ पज्जंतचरियचारित्तो ।
सिरि–मूलराय–नरवइ–रज्जालयंकुरो **वीरो** ॥ २३ ॥

---

૫ શ્રી. પ્રયાગ દયાલ, ટુ ગોલ્ડ કૉઈન્સ ઑફ સિદ્ધરાજ જયસિંહ, ન્યુમિસ્મૅટિક સપ્લીમેન્ટ ટુ જર્નલ ઑફ ધ રૉયલ એશિઆટિક સોસાઈટી ઑફ બૅન્ગાલ, ૩, ૨ (૧૯૩૭), પૃ. ૧૯૧૭–૧૧૮.

આ શ્લોકોમાં વિમલશાહના પિતા મંત્રી વીર અંગેની હકીકત આપતાં હરિભદ્રસૂરિ જણાવે છે કે ચાલુકચ રાજા મૂલરાજ, ચામુંડરાજ, વલ્લભરાજ, દુર્લભરાજના મંત્રી અને ટંકશાળના ઉપરી વીર હતા. એમણે સર્વ મુદ્રાઓ શ્રી–અંકિત કરી હતી. તે પછીના સોલંકી રાજવીઓએ પોતાની મુદ્રાઓ શ્રી–અંકિત જ રાખી હશે એમ અનુમાની શકાય. પીલવાઈના સિક્કા 'પર જે હાથીનું ચિહ્ન છે તે લક્ષ્મીનું પ્રતીક છે એમ માનવું ઉપયુક્ત છે' એવું લખી ભાઈશ્રી અમૃત પંડ્યા આગળ લખે છે કે "જયસિંહના પ્રસ્તુત સિક્કા કદમાં છેક જ નાના છે અને તેમના પર લક્ષ્મીની આકૃતિ સમાઈ શકે તેમ નથી એટલે આવા સિક્કાઓ પર લક્ષ્મીની જગાએ તેનું વાહન હાથી કે જે તેની સહેલી આકૃતિને લઈ ગમે તેટલા નાના સિક્કામાં સમાઈ શકે તે મૂકી હોય એમ માની શકાય" લક્ષ્મીનું વાહન હાથી હોવાનું સામાન્યપણે જાણીતું નથી, એ તો કમલ ઉપર બિરાજે છે અને એને બે બાજુ હાથીઓ પોતાની સુંઢ વડે અભિષેક કરે છે. કમલને લક્ષ્મી અથવા સરસ્વતીના ચિહ્ન તરીકે ગણવું કે મૂકવું શકચ માની શકાય. છતાં, હરિભદ્રસૂરિએ દુર્લભરાજ પછીના સોલંકી રાજવીની મુદ્રાઓના શ્રી-અંક બાબત સ્પષ્ટીકરણ નથી કર્યું એ એક માત્ર અભાવાત્મક કારણે ભાઈ અમૃત વ. પંડ્યાની માન્યતાને તદ્દન ખોટી ગણવાના પક્ષનો હું નથી. પણ વધુ સંશોધન પછી જ અને બીજા કોઈ સિક્કા અથવા અન્ય આધારોની મદદથી આ બાબતનો ચોક્કસ નિર્ણય આવે ત્યાં સુધી આ પ્રશ્ન વણઉકલ્યો ગણવાનું મારું વલણ છે.

આટલી પૂર્વ ચર્ચા પછી હમણાં મળેલા કુમારપાળના સિક્કાનો વિચાર કરીએ. શ્રી. એડ્રીસ બૅનરજીએ જર્નલ ઑફ ધ ન્યુમિસ્મેટિક સોસાયટી ઑફ ઇન્ડિયા, વૉ. ૨૬ (ઈ. સ. ૧૯૬૪) ભાગ ૨માં કુમારપાલ નામાંકિત કેટલાક સિક્કાઓની ચર્ચા કરી છે. સૌ પહેલાં સર એલેક્ઝાંડર કનિંગહામે આવા સિક્કાઓની નોંધ લીધી હતી (કૉઈન્સ ઑફ મીડીવલ ઈન્ડિયા, પૃ. ૮૫, પ્લેટ ૯, નં. ૩). એની એક બાજુ લક્ષ્મીની આકૃતિ હતી અને બીજી બાજુ ત્રણ લીટીમાં લખાણ હતું. એ પછી વીન્સેન્ટ સ્મીથ અને ઈ. જે. રેપ્સને આવા સિક્કાની ચર્ચા કરી (કૅટલૉગ ઑફ કૉઈન્સ ઈન ધ ઇન્ડિયન મ્યૂઝિયમ, ૧, પૃ. ૨૫૬; અને, ઇન્ડિયન કૉઈન્સ, પૃ. ૩૧) પણ એ બધાએ આ કુમારપાલને તોમર વંશનો રાજવી માન્યો હતો. શ્રી રાખલદાસ બૅનરજીએ (પ્રાચીન મુદ્રા, પૃ. ૧૦૨–૦૩) જણાવ્યું છે કે મહીપાલ જેમના સોનાના સિક્કા ઉત્તર ભારત, સૌરાષ્ટ્ર તેમ જ માલવામાંથી મળેલા છે તે તથા કુમારપાલ બેઉ તોમર વંશના નથી પણ મહીપાલ કનોજના પ્રતિહાર વંશના અને કુમારપાલ ગુજરાતના ચૌલુક્ય વંશના છે. અને આ બેઉને તોમરવંશી કહેવા મુશ્કેલ છે કેમકે તોમર વંશની વિશ્વસનીય વંશાવલી મળી નથી, એ વંશમાં કોઈ કુમારપાલ હોવાની અન્ય માહિતી નથી.

કુમારપાલનો જે એક નવો સિક્કો મળ્યો છે તે સોનાનો છે. લુધિયાણાની ગવર્મેન્ટ સ્કૂલના શ્રી. રામચંદ પાસેથી તે મળ્યો છે અને ન્યુ દિલ્હીમાં, આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયાના સેન્ટ્રલ એન્ટિકવીટીઝ વિભાગમાં હાલ તે છે. આ સિક્કો પંજાબમાંથી મળ્યો હોય એમ માની લઈએ. આ પહેલાં કુમારપાળના જે સિક્કા મળ્યા છે તે મૂળ કયાંથી મળ્યા હતા તેનો ચોક્કસ નિર્ણય થઈ શકચો નથી. આ નવા મળેલા સિક્કાની એક બાજુ ચાર હાથ વાળી દેવી સન્મુખ દર્શને બેઠી છે અને પાછળ ભામંડળ છે. બીજી બાજુએ ત્રણ લીટીમાં શ્રીમ(દ્) કુમાર-

પાલ(દે)વ એમ છે. સાત ઈંચના આ સિક્કાનું વજન ૬૧·૨૯ ગ્રેઈન છે. શ્રી એડ્રીસ બૅનરજી આ દેવીને લક્ષ્મી તરીકે ચોક્કસ માનવા તૈયાર નથી પણ કહે છે કે એટલું તો ચોક્કસ છે કે ડાહલના ગાંગેયદેવના સિક્કાની (લક્ષ્મીની) આકૃતિ પરથી આ આકૃતિ ઊતરી આવી છે.

કુમારપાલનો રાજ્યવિસ્તાર કદી પંજાબ કે હરિયાણા પ્રદેશ સુધી હોવાની માહિતી નથી. છતાં ત્યાં સુધી દિગ્વિજય યાત્રા અથવા ફક્ત હુમલા–raids–કર્યા હોય તે શક્ય છે. જયસિંહસૂરિએ કુમારપાલના દિગ્વિજયોની નોંધમાં સપાદલક્ષ, કુરુમંડલ (હરિયાણા અને પૂર્વ પંજાબ), માલવા, ચિત્રકૂટ, અવન્તી, પંચનંદ(પંજાબ)ની નોંધ, લાટ, સુરાષ્ટ્ર, કચ્છ વગેરે પ્રદેશો સાથે કરી છે.

જો સિદ્ધરાજના સોનાના સિક્કા, ઝાંસી જિલ્લામાં પંડવાહ ગામેથી મળે તો કુમારપાલના સિક્કા પંજાબમાંથી મળે, અને તે પણ સોનાના, તો તે અશક્ય તો ના જ ગણાય. કુમારપાલે પ્રાચીન હરિયાણા પ્રદેશ પર હુમલો કર્યો હોય તે અસંભવિત નથી. અથવા ગુજરાતી વેપારીઓ જે દિલ્હી તરફ આવ્યા હશે તેમની મારફત પણ આ સિક્કો આ તરફ આવ્યો હોય. આમ શ્રી એડ્રીસ બૅનરજીના મતે આ સિક્કો ગુજરાતના સોલંકી રાજવી કુમારપાલનો હોવો જોઈએ.

શ્રી બૅનરજી પોતે એ આકૃતિને શ્રીની આકૃતિ તરીકે માનવા તૈયાર નથી પણ મારું માનવું છે કે મૂળરાજના વખતથી ચાલી આવતી જૂની ઢબની શ્રીની આકૃતિ કુમારપાલના સિક્કા પર ચાલુ રહી શકે. શ્રીના હાથમાં લક્ષ્મીના આયુધો હોવાં જ જોઈએ તે જરૂરી નથી. હરિભદ્રસૂરિના ઉલ્લેખ જોતાં આ શક્ય છે. અને શ્રીની આકૃતિ હોવાથી આ સિક્કો સોલંકી કુમારપાલનો જ હોવાની શક્યતા વધી જાય છે.

આ ઉપરાંત એક ખાસ નોંધપાત્ર હકીકત એ છે કે બારમા સૈકાના અન્તિમ ચરણમાં સુલતાન મોજ્જુદ્દીનના સમયમાં ગ્હઝનામાં નહરવાલ(અણહિલવાડ પાટણ)નો "વસા આભીર" નામથી ઓળખાતો વ્યાપારી ત્યાં હતો[૬] જેને લૂંટી લેવાનું સૂચન થયું હતું પણ તેમ થતાં સુલતાને રોકયું હતું. આ સમૃદ્ધ વ્યાપારીનું નામ ત્યાંના લોકો બરાબર ઉચ્ચારતા નહિ હોય. તેનું મૂળ નામ કલ્પવું જ રહ્યું. પણ એ ત્યાં એકલો નહિ હોય. બીજા ગુજરાત, રાજસ્થાન, પંજાબ, દિલ્હીના વ્યાપારીઓ ત્યાં હોઈ શકે.

એટલે આ વ્યાપાર અંગેની અવરજવરમાં સોલંકી રાજવીના સિક્કા પંજાબમાં લુધિયાણામાંથી મળે તો આશ્ચર્ય પામવા જેવું કે શંકા રાખવા જેવું ના ગણાય. છતાં તળ ગુજરાતમાંથી સોલંકીઓના સિક્કા શોધી કે ખોદી કાઢીએ ત્યારે જ આપણને સંતોષ વરતાય.

---

૬ મજુમદાર, એ. કે., ચૌલુક્યઝ ઑફ ગુજરાત, પૃ. ૨૬૭. આ વસા આભીર અંગે દિલ્હીમાં ૧૯૬૮માં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પુરાતત્ત્વ વિભાગમાં શ્રી મધુસૂદન ઢાંકીએ એક લેખ રજૂ કર્યો હતો જેની પણ અહીં નોંધ લેવી ઘટે.

ગુંજાનાં પુરાણાં મન્દિરો વિષે—સ્પષ્ટતા

મધુસૂદન ઢાંકી

"સ્વાધ્યાય" પુ. ૬, અંક ૨ (વિ. સં. ૨૦૨૫)માં ડૉ. કાન્તિલાલ સોમપુરાએ 'ગુંજાના તળાવકાંઠા પરનાં મંદિરો' નામક સચિત્ર અને વિવરણ સાથેનો ઘણો જ માહિતીપૂર્ણ લેખ પ્રગટ કર્યો છે. ગુંજા ગામની પૂર્વમાં, ગામને અડીને આવેલું મધ્યકાળમાં ખોદાયેલું એક તટાક છે. આ તળાવની પશ્ચિમની, ગામકોરની પાળની મધ્યમાંથી તળાવના ક્ષેત્રમાં પ્રવેશતો પથ્થરનો એક પુરાણો 'સંક્રમ' અને તેને છેડે એક 'જગતી' પર નાનકડો 'મણ્ડપ' ઊભો કરેલો છે. ડૉ. સોમપુરાએ તેનું તસ્વીરો સાથે વિગતે વર્ણન કર્યું છે. વર્ણનને અન્તે ગુંજાના એક મંદિર વિષે અતિ સંક્ષિપ્ત નોંધરૂપે મારું જે અવલોકન નવ વર્ષ અગાઉ પ્રસિદ્ધ થયેલું[1] તેનો હવાલો આપી નીચે મુજબનો શેરો પ્રગટ કર્યો છે, જે વાંચ્યા બાદ એનો પ્રત્યુત્તર સ્પષ્ટતા કરવા ખાતર આપવાનું આવશ્યક માનું છું. ગુજરાતમાં મિત્રો-મિત્રો વચ્ચે એકબીજાનાં લખાણોનાં તન્દુરસ્ત અવલોકનો—પ્રત્યાવલોકનો થતાં રહે તો નવી પેઢીમાં વિદ્વત્તાપૂર્ણ લેખનની એક જાગરૂક, પ્રાણવાન અને ફળદાયિની પરંપરા નિર્માવાની આશા રાખી શકાય.

ડૉ. સોમપુરાનું અવલોકન અહીં એમના શબ્દોમાં રજૂ કરું છું.

"શ્રી. મધુસૂદન ઢાંકીએ તળાવકાંઠે આવેલા આ મંદિરને વિષ્ણુ મંદિર તરીકે ઓળખાવવાનો પ્રયાસ કર્યો છે,[1] પરંતુ પ્રસ્તુત મંદિરના અવશેષોમાં તેમના અનુમાનને અનુમોદન આપે તેવું એક પણ શિલ્પ કે લેખ નથી. પ્રસ્તુત મંદિર વિષ્ણુનું હોવાનો તેમણે જે તર્ક કર્યો છે તે કદાચ તળાવની ઉત્તરે આવેલ એક ખેતરની વાડને અડેલીને પડેલી વિષ્ણુકેન્દ્રી ત્રિમૂર્તિના ઉપલબ્ધ શિલ્પના આધારે (આકૃતિ ૪) કર્યો હોય તેમ લાગે છે, પરંતુ તે શિલ્પશૈલી પરત્વે પ્રસ્તુત તળાવના દક્ષિણ કાંઠે પડેલા સ્થાપત્ય શિલ્પાવશેષોની શૈલી સાથે ઘણું સામ્ય ધરાવે છે અને તેથી સંભવતઃ તે મૂર્તિનો તેની સાથે વિશેષ સંબંધ હોય તોપણ તળાવના બકસ્થળે આવેલ આ મંદિર સાથે નથી તેમ ચોક્કસ લાગે છે. વળી તેઓ મંદિરને રચનાશૈલીની દૃષ્ટિએ દસમી સદીના સૂણકના નીલકંઠ મંદિરના સમયનું હોય તેમ માને છે પણ તેનું સ્થાપત્યકામ સ્વરૂપ અને શિલ્પવિધાન પાછલા સમયનાં હોય તેમ જણાય છે તેમ જ નાનાક પ્રશસ્ત્યોલ્લિખિત નાનાકના વડવા સોમેશ્વરના સમય સુધી તેને ખેંચી જઈએ તોપણ ઈસુની બારમી સદી પહેલાનું હોય તેમ લાગતું નથી. સ્થાપત્ય અને શિલ્પવિધાનની દૃષ્ટિએ આ મંદિરનો સમય ૧૨મી સદીનો ઉત્તરાર્ધ અને ૧૩મી સદીનો પૂર્વાર્ધ હોય તેમ લાગે છે.

ગુંજાના તળાવકાંઠાના દક્ષિણ તરફના ટેકરા ઉપર કોઈ એક અથવા એકથી વધુ પ્રાચીન

1 "The Chronology of the Solaṅki Temples of Gujarat", *Journal of the Madhya Pradesh Itihas Parishad*, No. 3, 1961, p. 77.

અને ભવ્ય મંદિરોના સ્થાપત્યાવશેષો અને શિલ્પસામગ્રીનો--દ્વારશાળાઓ, ઓતરંગો, ઘટ-પલ્લવાંકિત સ્તંભો, પાટ, શરાં, કુંભીઓ, કિચકોનાં શિલ્પો, નાનાંમોટાં સામરણો તથા શિખરો, ઉરુશૃંગો, શૃંગો વિતાનો, કલશો અને આમલસારો વગેરેના અનેકવિધ અવશેષોનો મોટો ગંજ પડ્યો છે (આકૃતિ ૫-૬). આમાંની એક આમલસારનો વ્યાસ લગભગ દોઢ મીટર છે. તે પરથી આ પ્રાચીન મંદિરો પૈકીના કોઈ એકની ભવ્યતાનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. ”

આનો ઉત્તર આપતાં પહેલાં એક વાત કહી દઉં કે ગુંજાના તળાવના ઉપલક્ષ્યમાં બે ભવનો બંધાયેલાં: એક તો તળાવની અંદર સેતૂના અંતે આવેલો જગતીવાળો મણ્ડપ; બીજું છે તળાવની દક્ષિણ પાળ પર આવેલું આજે તો તદ્દન ઢગલો થઈ પડેલું મંદિર. આ કાંઠા ઉપરના મંદિરની પીઠના અવશેષો તેમ જ તેની મુખચતુષ્કીની હેઠી પડી ગયેલી છતની તસ્વીરો ડૉ. સોમપુરાએ પ્રગટ કરી છે. મેં જે મંદિરની મારા લેખમાં વાત કરી છે તે આ મંદિરની; તળાવની અંદરના મણ્ડપની નહીં. આ સ્થળે હું મારા લેખનો એ અનુલક્ષના મૂળ ભાગનો ગુજરાતીમાં અનુવાદ રજૂ કરું છું.

“ ગુંજાના સૌન્દર્યપૂર્ણ માનવકૃત તટાકના કાંઠા પરનું પૂર્ણતયા ધ્વસ્ત થયેલું વિષ્ણુ મંદિર કદમાં સંડેરના મંદિર જેવડું હતું અને કંડારકામની દૃષ્ટિએ સૂણકના મંદિરની લગોલગનું હતું. ”[૨]

ડૉ. સોમપુરાએ **તળાવની અંદરના મણ્ડપની** વાત કરી એની એ જ ઇમારતને પાછું **તળાવકાંઠે** આવેલું **મંદિર** કહી, મેં જે તળાવકાંઠે આવેલા ધ્વસ્ન મંદિરની વાત કરી છે તેની સાથે, મોટે ભાગે તો શરતચૂકથી, ભેળવણી કરી મારાં અવલોકનો બરોબર નહીં હોવાનું પુરવાર કરવા પ્રયાસ કર્યો જણાય છે. આ બંને ઇમારતો નોખી છે; તળાવની અંદરના પૂલ સાથે જોડાયેલા મણ્ડપને વિષ્ણુ મંદિર હોવાનું અને સૂણકના [નીલકંઠેશ્વર મહાદેવના] મંદિરના કાળનો હોવાનું મારા લેખમાં મેં કહ્યું જ નથી. હકીકતમાં, તળાવની અંદરના એ મણ્ડપને મેં એ લેખ પૂરતું છોડી દીધેલો; એનો ઉલ્લેખ પણ કર્યો નથી.

ગુંજાનાં આ પુરાણાં ભવનો વિષે અને ડૉ. સોમપુરાએ ઉપસ્થિત કરેલ અન્ય કેટલાક મુદ્દાઓ બાબતમાં અહીં થોડુંક કહેવા વિચાર્યું છે. સન ૧૯૬૦માં ગુંજાની મુલાકાત વખતે તળાવના અનુલક્ષે રહેલ આ બન્ને ખણ્ડેરોની મેં નિરીક્ષા કરેલી. તળાવની પાળના ધ્વસ્ત મન્દિરને મેં કર્ણદેવના સમયનું, સૂણકના મન્દિરનું સમકાલીન માનેલું તેનાં કારણોમાં: (૧) એની પીઠના ‘જાડચકુમ્ભ’ પરનું કમલપત્રનું બારીક કામ જેનું સૂણકમાં સમાન્તર દૃષ્ટાન્ત મળે છે; (૨) મુખચતુષ્કીના વિતાનની રચના અને વિગતો સૂણકના દેવાલય મુખચતુષ્કીના વિતાનને હૂબહૂ મળતાં છે;[૩] અને (૩) એના મણ્ડોવરની મેં તે સમયે જોયેલી ત્યાં આજુબાજુ વેરાયેલી મૂર્તિઓ

---

૨ મૂળ અંગ્રેજી આ પ્રમાણે છે:

“The completely ruined Viṣṇu Temple on the bank of a beautiful artificial lake at Gunja was of the size of the Sander Temple and in matter of carving, as indicated by the ruined ceilings and collapsed *maṇḍovara* it approximated Suṇak Temple.”

૩ સૂણકના મન્દિરનો વિતાન સમચોરસ ક્ષેત્રનો છે; જ્યારે ગુંજાના મન્દિરનો વિતાન સૂણકના દૃષ્ટાન્તથી પહોળાઈમાં અર્ધભાગે હોઈ લમ્બચોરસ છે. બાકી બીજી રીતે ઘણું સામ્ય છે.

અને તે ઢગલામાંથી લઈ જવાયેલી ને ગામના એક આધુનિક મન્દિરની ભીંતમાં ચોડાયેલી મૂર્તિઓ તપાસ્યા બાદ તેની શૈલી પણ સૂણકના મન્દિરની મૂર્તિઓ જેવી હોઈ એ મન્દિરને મેં કર્ણદેવના સમયનું ધારેલું. આ વિષે ફરીને બધા મુદ્દાઓ તપાસી જોતાં તે નિર્ણય ફેરવવાને મને કોઈ કારણ જણાતું નથી. એ મન્દિર વિષ્ણુનું કહેવાના કારણમાં તેની ભદ્ર-મૂર્તિઓ શૈવ, શાકત, કે શૌર સમ્પ્રદાયની નહીં પણ વૈષ્ણવી હોવાનું તે સમયે જોયેલું; એની ઝીણી વિગતો આજે અલબત્ત વિસ્મૃત થઈ છે.

સૂણકના મન્દિર માટે ડૉ. સોમપુરા દશમા શતકનો સમય નોંધે છે. મેં તો ક્યાંયે તે મન્દિર દશમા શતકનું હોવાનું કહ્યું નથી. જ્યાં જ્યાં તે મન્દિરનો ઉલ્લેખ કરવાનો પ્રસંગ આવ્યો છે ત્યાં ત્યાં તેને કર્ણદેવ (ઈ. સ. ૧૦૬૫–૧૦૯૫)ના કાળનું જ મેં અચૂક ગણાવ્યું છે. ડૉ. સોમપુરાનો પોતાનો એ મન્દિરને દશમી સદીમાં ગણવાનો અભિપ્રાય હોય તો અહીં કહેવું જોઈએ કે તે દેવાલયમાં દશમી સદીના (મહાગુર્જર) શૈલીનાં વિશિષ્ટ લક્ષણો નથી.[૪] એનાં તમામ લક્ષણો (ચામુણ્ડરાય–ભીમદેવના સમયનાં) અગ્યારમા શતકના પ્રથમ ચરણમાં હસ્તિમાં આવેલ રાજસ્થાન–ગુજરાતની બૃહદ્ મારુ-ગુર્જર પ્રથાની પડતી દશાના પ્રારમ્ભકાળનાં છે, અને એથી કર્ણદેવના સમયનાં છે. આની સાધાર ચર્ચા મારા એ મૂળ લેખમાં વિગતે થયેલી છે.

તળાવની અંદરના મન્દિરની મેં ચર્ચા કરેલી ન હોવાથી એને અંગે જે જે મુદ્દાઓ ડૉ. સોમપુરાએ મારા મૂળ લખાણની વસ્તુ સામે ઉપસ્થિત કર્યા છે તેમાંનો કોઈનો ઉપયોગ કે હેતુ રહેતો નથી. તળાવવાળા મણ્ડપને મેં વિષ્ણુ મન્દિર કહ્યું નથી, અને તેથી તેને વિષ્ણુ મન્દિર ઠરાવવા ખેતરની વાડ પાસેની 'વિષ્ણુકેન્દ્રી ત્રિમૂર્તિ'નો પ્રમાણ તરીકે મેં ઉપયોગ કર્યો નથી. એ જ કારણસર એ મણ્ડપને સૂણકના મન્દિર સાથે સરખાવવાનો મારા મૂળ લેખમાં પ્રસંગ જ આવ્યો નથી.

આજે અહીં એ તળાવના મણ્ડપ વિષે, પહેલી જ વાર, કંઈક કહેવા વિચારું છું. મને લાગે છે કે એ ઇમારત કેવળ મણ્ડપરૂપે જ હતી, નહીં કે મન્દિર. ડૉ. સોમપુરાએ આ ભવનને મન્દિર માન્યું છે; પણ સાથે જ કહ્યું છે કે "મન્દિરનું ગર્ભગૃહ સંપૂર્ણપણે નાશ પામ્યું છે." ગર્ભગૃહ હતું ખરું ? એમણે રજૂ કરેલ ચિત્ર (નં. ૨) જોતાં તો એમ લાગે છે કે મણ્ડપની પૂર્વ બાજુએ પ્રાસાદ હોવાને બદલે બાકીની ત્રણ દિશાઓમાં છે તેવું અર્ધું, ચોથું ચોકીઆળું જ હશે. જગતીમાં પણ સોપાનમાલા ઉત્તર-દક્ષિણે હોવા ઉપરાંત પૂર્વમાં પણ કરી છે! જો પૂર્વમાં મણ્ડપ સાથે સંયોજેલો પ્રાસાદ હોત તો જગતીમાં પૂર્વ દિશાએ પણ એટલે કે પ્રાસાદની પછવાડે, વાંસેના ભાગમાં, પગથિયાની રચના અસમ્ભવિત નહીં તો યે અયુક્ત જરૂર લાગે. સોમપુરાએ

---

૪ સૂણકના મન્દિર સાથે થાન પાસેનાં તરણેતર અને મૌનિબાવાનાં મન્દિરો, કચ્છનાં કોટાઈ અને કેરાકોટનાં મન્દિરો, વડનગરનાં શીતળામાતા અને આમથેરમાતાનાં મન્દિરો અને મેવાડમાં જગતનું અમ્બિકા માતાનું મન્દિર (૯૬૧), ઘાણેરાવનું મહાવીર જિનાલય (૯૫૪), એકલિંગજીનું લકુલીશ મન્દિર (૯૭૩) ઇત્યાદિ મહાગુર્જર શૈલીનાં મન્દિરોની સાથે સરખાવીએ તો ઉભય પક્ષે રહેલ આડાગાડાનો ફેર સ્પષ્ટ થશે.

પ્રાસાદનો બે મીટર સમચોરસ વિસ્તાર કલ્પ્યો છે તે મણ્ડપના કદના હિસાબે નાનો પડે. ચિત્ર ઉપરથી તો મણ્ડપની પૂર્વમાં પ્રમાણસરનો પ્રાસાદ કરવા માટે પૂરતો અવકાશ હોય તેમ જણાતું નથી. મેં જ્યારે એ મણ્ડપ જોયેલો ત્યારે એ કોઈ ધાર્મિક હેતુસર નહીં, ક્રીડા કે વિશ્રાન્તિ અર્થે રચાયેલો હોય એવી છાપ પડેલી. અણહિલપાટકના સહસ્રલિઙ્ગ તટાકમાં પણ આવા એક સંક્રમ અને તેની સાથે સંલગ્ન મણ્ડપના અવશેષો મળ્યા છે.[૫]

આ મણ્ડપની જગતી, સ્તમ્ભો અને 'વિતાન'ની વિગતો ડૉ. સોમપુરાએ પ્રગટ કરેલાં ચિત્રો પરથી તપાસી ગયો છું.[૬] આમાં જગતી અને સ્તમ્ભો પ્રમાણમાં સાદાં હોઈ ચોક્કસાઈભર્યો કાળનિર્ણય કરવા માટે ખાસ ઉપયોગી નથી, પણ અલઙ્કારપૂર્ણ વિતાનની વિગતો તપાસતાં આ મણ્ડપનો સમય અંદાજી શકાય તેમ છે. એ વિતાન નીલકણ્ઠ મહાદેવના રઙ્ગમણ્ડપના વિતાન સાથે ખૂબ જ મળતો આવે છે. આ વિતાન વિષે અવલોકતાં ડૉ. સોમપુરાએ નોધ્યું છે કે "મણ્ડપનું કોલ કાચબા [કાચલા] ઘાટનું વિતાન અત્યંત આકર્ષક છે." "વિતાનની મધ્યની પદ્મશિલા તથા શાલભઞ્જિકાઓનાં શિલ્પો ગૂમ થયાં છે." **નાભિચ્છન્દ** વર્ગના આ વિતાનમાં મધ્ય ગર્ભના અન્ત સુધી **ગજતાલુ** કંડારેલું હોઈ તેમાં વચ્ચોવચ્ચ **પદ્મશિલા** હોવાનો અવકાશ નથી. વિતાનમાં 'રૂપકણ્ઠ'ના વિદ્યાધરોની સંખ્યા ૧૨ની છે. એથી તેના ટેકણ પર એક કાળે ઊભી રહેલી 'નાયિકા'ઓની સંખ્યા પણ સૂણકના એ વિતાનની જેમ ૧૨ની હતી. (નાયિકાઓની જ્યાં જ્યાં મૂર્તિઓ લગાવેલી હતી ત્યાં કાળનો ઘસારો લાગ્યા વગરનાં કોરાં, બાકીના વિતાનથી ઝાંખો-આછો પથ્થરનો અસલી રઙ્ગ બતાવતાં ધાબાંની સંખ્યા પણ ૧૨ની છે.) સ્તમ્ભોના 'ક્ષણાન્તર'નાં માન-પ્રમાણો પણ કર્ણદેવના સમયના દેવાલયના મણ્ડપોનું સ્મરણ કરાવે છે. સ્તમ્ભમણ્ડલનો 'યૂથાભાસ' પણ ૧૧મી શતાબ્દીનો ઉત્તરાર્ધ સૂચવે છે.

ડૉ. સોમપુરા અલબત્ત આ મણ્ડપ "...સ્થાપત્યકામ સ્વરૂપ અને શિલ્પવિધાન પાછલા સમયનું" અને "સ્થાપત્ય અને શિલ્પવિધાનની દૃષ્ટિએ આ મંદિરનો સમય ૧૨મી સદીનો ઉત્તરાર્ધ અને તેરમી સદીનો પૂર્વાર્ધ હોય તેમ લાગે છે" એમ કહે છે, પણ સ્થાપત્ય પાછલા સમયનું તેઓ શા માટે ગણે છે તે અંગે સ્થાપત્યાઙ્ગનાં સ-પૃથક્કરણ પ્રમાણો રજૂ કર્યાં હોત તો તેઓના એ મંતવ્ય પાછળ રહેલા મુદ્દાઓ સ્પષ્ટ બનત. ડૉ. સોમપુરા ગુજરાતમાં ઐતિહાસિક પુરાતત્ત્વના પ્રથમ કક્ષાના વિદ્વાન અને દેવાલય સ્થાપત્યના આજે તો સર્વશ્રેષ્ઠ તજ્જ્ઞ છે. એમનાં અવલોકનો–નિર્ણયો મેં હંમેશાં મૂલ્યવાન માન્યાં છે. તેઓ આ મણ્ડપનો કાળ "૧૨મી સદીનો ઉત્તરાર્ધ અને ૧૩મી સદીનો પૂર્વાર્ધ" સૂચવે છે, પણ એકી સાથે 'બે કાળ' એક જ સમયમાં બંધાયેલી ઇમારત માટે સંભવે નહીં. વળી ૧૨મા શતકના ઉત્તરાર્ધની અને ૧૩મા શતકના પૂર્વાર્ધની મારુગુર્જર શિલ્પસ્થાપત્ય શૈલી વચ્ચે ફેર ચોક્કસ દેખાય છે. સ્થાપત્યમાં પચ્ચીસ-ત્રીસ

---

૫ વડોદરા રાજ્યના ભૂતપૂર્વ પુરાતત્ત્વ ખાતાના એક વાર્ષિક અહેવાલમાં તેમ જ શ્રી ગદ્રેએ પ્રકાશિત કરેલ *Archaeology of Baroda* નામની પુસ્તિકામાં તેનાં ચિત્રો જોયાનું આછું સ્મરણ છે. આ પ્રકાશનો અહીં વારાણસીમાં આ લખું છું ત્યારે ઉપલબ્ધ ન હોઈ પ્રકાશનોની વિગતો અને ચિત્રક્રમાંક દુર્ભાગ્યે ટાંકી શકાયા નથી.

૬ જુઓ એમના લેખ સાથેનાં ચિત્રો ૧, ૨ અને ૩.

વર્ષના ગાળા પછી પડતો થોડો થોડો ફેર જરૂર પેખી (કળી) શકાય છે અને તેના આધારે ટૂંકી મર્યાદાનું સમયાઙ્કન કરવું શક્ય હોય છે.૭

એટલું ખરું કે ડૉ. સોમપુરા તળાવના આ મણ્ડપ (એમના મતાનુસારે મન્દિર)ના કાળ નિર્ણય માટે એક ઐતિહાસિક સંયોગને પ્રમાણરૂપે માનતા હોય તેવો ભાસ થાય છે. અહીં રજૂ છે તે શબ્દો ઉપરથી એવી કલ્પના થાય છે. "નાનાકના વડવાઓ ચૌલુક્ય રાજા (ઘણું કરીને સિદ્ધરાજ જયસિંહ)ના મંત્રીઓ હતા. તેમના મંત્રી પદના સેવાના બદલામાં ચૌલુક્યનરેશે તેમને ગુંજાગામ બક્ષિસ કર્યું હતું" (પૃ. ૨૩૨); અને વિ. સં. ૧૩૨૮ના "...નાનાક પ્રશસ્ત્યત્યોલ્લિખિત નાનાકના વડવા સોમેશ્વરના સમય સુધી તેને [તળાવની અંદરના ભવનને] ખેંચી જઈએ તોપણ ઈસુની બારમી સદી પહેલાનું હોય તેમ લાગતું નથી" (પૃ. ૨૩૩-૨૩૪). એમનાં અવલોકનો વિષે વિચારીએ તો પહેલી વાત એ છે કે ગુંજા ગામનું તોરણ નાનાકના વડવાઓએ બાંધ્યાનું પ્રમાણ નથી; એ ગામ જો એમને બક્ષિસરૂપે મળ્યું હોય તોપણ એનો તો એટલો જ અર્થ થાય કે એ ગામ બારમા શતકમાં અસ્તિત્વમાં હતું જ. વળી ગુંજાનું આ તળાવ અને તેની અંદરના મંડપ સાથે નાનાકના કોઈ વડવાને નિર્માતાપણાનો કે કોઈ જાતનો સંબંધ હોય તો એનો જરા સરખો પણ ઈશારો કરે એવો ઉત્કીર્ણલેખનો કે વાઙ્મયનો પુરાવો નથી. (ખુદ નાનાકની જ પ્રશસ્તિઓમાં આ વાત આડમ્બર સાથે કહેવાનું પ્રશસ્તિકારો ભાગ્યે જ ચૂક્યા હોત.) ડૉ. સોમપુરાએ એવું કોઈ પ્રમાણ રજૂ કરી પછી એ ભવનનું નિર્માણત્વ નાનાકના કોઈ વડવાને અસંદિગ્ધરીતે અર્પિત કરીને જો એ મુદ્દાનો કાળનિર્ણયમાં ઉપયોગ લીધો હોત તો તર્કસમ્મત મનાત, અને ગુજરાતની પુરાણી સમયાઙ્કિત ઇમારતોમાં એકનો વધારો થાત. આ પરિસ્થિતિમાં તળાવની અંદરના મંડપના કાળનિર્ણય માટે આ ક્ષણે તો એના સ્થાપત્યાઙ્ગ પર જ મહદંશે આલમ્બવું પડે તેમ છે. એ મંડપના મેં સૂચવેલ કાળને પરોક્ષ રીતે સમર્થન કરે તેવું એક પ્રમાણ અહીં વિચારણા અર્થે રજૂ કરું છું. આ તળાવની અંદરનો સેતુ અને ભવન પણ તળાવની સાથે જ નિર્માયાં હશે. તળાવમાં પાણી ભરાઈ ગયા બાદ એની માંડણી કરવી મુશ્કેલ બને: (સિવાય કે પછીથી પડેલા કોઈ દુષ્કાળ સમયે તળાવ ખાલી થઈ ગયું હોય અને જે રાહતકાર્યો ઉપાડ્યાં હોય તેમાં આ પુલ અને માંડવાની રચના રાજ્યને ખર્ચે કે ગામલોકોએ ફાળો કરી કરી હોય). હવે તળાવની દક્ષિણપાળે જે મન્દિર છે તે તળાવ બંધાઈ ચૂક્યા પછી—તરતના કાળે કે થોડા સમય બાદ—જ બની શકે: પાળ નંખાયા પહેલાં એનું ત્યાં અસ્તિત્વ સંભવે નહીં. એ મન્દિર શૈલીની દૃષ્ટિએ કર્ણદેવના સમયનું છે અને એમ જ હોય તો તળાવ પણ સહેજ એ પહેલાંનું કે સમકાલીન ઠરે અને તેની સાથે જ તળાવની અંદરનો જગતીવાળો મંડપ પણ પ્રથમ દૃષ્ટિએ એ જ કાળનો ઠરે. અગાઉ કહ્યું તેમ તેના વિતાનની શૈલી તો કર્ણદેવના સમયની લાગે છે જ. આ સૂચન અલબત્ત આખરી છે તેમ હાલની પળે હું કહેવા માગતો નથી.

---

૭ ચોળનાડુ અને કર્ણાટનાં મન્દિરો તેમ જ કલિઙ્ગનાં મન્દિરોની નિરીક્ષા-પરીક્ષા બાદ ત્યાં પણ આ જ નિષ્કર્ષ નીકળતો હોવાનું મેં જોયું છે. ગુજરાતમાં અભિલેખશાસ્ત્રીઓની માફક શિલ્પ-સ્થાપત્યમાં લાંબા લાંબા કાળ અંદાજવાનો રિવાજ પડેલો છે.

તળાવની દક્ષિણ બાજુની ઊંચી પાળે મન્દિરનો જે સ્થાને ભંગાર પડેલો છે ત્યાં "...એક અથવા એકથી વધુ પ્રાચીન અવશેષો..."નું ડૉ. સોમપુરા જણાવે છે: (પૃ. ૨૩૪). ત્યાં પડેલ અવશેષો અંગે આગળ અવલોકતાં તેઓ કહે છે: "આમાંની એક આમલસારનો વ્યાસ લગભગ દોઢ મીટર છે. તે પરથી આ પ્રાચીન મંદિરો પૈકીનાં કોઈ એકની ભવ્યતાનો સંપૂર્ણ ખ્યાલ આપે છે" (એજન). મને તો એ સ્થળના સર્વેક્ષણ દરમિયાન ત્યાં એક જ મંદિર હોવાનું લાગેલું અને તેનું કદ સંડેરના મંદિર જેટલું મેં સૂચવ્યું છે. ડૉ. સોમપુરાએ જે દોઢેક મીટરના વ્યાસવાળા આમલસારની વાત કરે છે તે મેં સૂચવેલા માનનું પૂર્ણતયા સમર્થન કરે છે. આથી એ મંદિર પાયે (ભદ્રવ્યાસે) ચૌદેક ફીટ—ચારેક મીટર—નું હશે. ચારેક મીટરના વ્યાસવાળાં (અને સાતેક મીટરની ઊંચાઈના) મંદિરની "ભવ્યતા" એવડા મંદિરમાં જેવડી હોઈ શકે તેવડી હશે.

પ્રભાસ પાટણ મ્યૂઝિયમે પ્રાપ્ત કરેલ કેટલાક નવા શિલ્પખણ્ડો

પુષ્પકાંત વિ. ધોળકિયા

પ્રભાસ પાટણ મ્યૂઝિયમે થોડા સમય પહેલાં પ્રાપ્ત કરેલ શિલ્પો પૈકી કેટલાંકનો પરિચય કરાવવાનો તથા તેના પર પ્રકાશ ફેંકવાનો આ લેખ પાછળનો ઉદ્દેશ છે.

મ્યૂઝિયમના મકાન પછવાડે જ્યાં વર્તમાન જૈન ડીસપેન્સરી આવેલ છે, તે મકાનના પાયાના ખોદકામ દરમ્યાન કેટલાંક જૈન શિલ્પો પ્રાપ્ત થયેલાં; જેવા કે પીળા પથ્થરોનો તોરણનો ટુકડો, શ્યામ પાષાણના પરિકરનો એક ખંડ અને નાની માતૃકા પ્રતિમાઓ તથા અન્ય પરચૂરણ કંડારેલ ટુકડાઓ.

માતૃકા પ્રતિમા લલિતાસનમાં સ્થિર થયેલી છે, તેના ડાબા ઉત્સંગમાં બાળક છે, ભૂખરા પથ્થરની આ પ્રતિમા બહુ ખવાઈ ગયેલ છે, પગ પાસે વાહન બતાવ્યું છે પણ તે અસ્પષ્ટ હોઈ ઓળખ થઈ શકી નથી. પ્રતિમાનું માપ. લંબાઈ ૧૪ સે. મી. અને પહોળાઈ ૮.૫ સે. મી. છે.

આ શિલ્પો સાથે એક શ્વેત આરસની જૈન પ્રતિમા પ્રાપ્ત થઈ છે, તેની બેસણીની ગાદીમાં સંસ્કૃત ભાષામાં વિ. સં. ૧૩૮૫નો લેખ કોતરાયેલ છે. લંબાઈ ૨૩ સે. મી., પહોળાઈ ૨૪ સે. મી. અને જાડાઈ ૧૧.૫ સે. મી. છે. આ પદ્માસનસ્થ પ્રતિમા જિન અજિતનાથની છે. મસ્તક ખંડિત છે. ડાબી બાજુ ભક્તરાજ સગર ચક્રવર્તી પરિચારક રૂપે ચામર ઢોળે છે, જ્યારે જમણી બાજુ ખંડિત થયેલી છે.

પદ્માસનની નીચેના ભાગમાં જમણી બાજુના આરંભમાં અર્ધપર્યંકાસનમાં મહાયક્ષ અને અંત ભાગમાં અજિતા યક્ષીનાં બિમ્બ કંડાર્યાં છે, જ્યારે વચમાં એક હરોળમાં બન્ને બાજુ એક એક સિંહ છે જ્યારે કેન્દ્રમાં બે દન્તુશળ યુક્ત ગજરાજ જોવા મળે છે.

નીચેના ભાગમાં ચાર હિસ્સામાં વહેંચાયેલ લેખ આ પ્રમાણે છે :

(१)	सं १३८५ फा. शुदि ९	खो साः श्री सजनभार्या सा. स—
(२)	हजमति सुश्रेय से	श्री अजी तस्या मी प्रतिमाकारी
(३)	ताः प्रतिष्ठिता श्री	श्री चन्द्र सु (रि) भिः ॥

ભાષાંતર :—

સં ૧૩૮૫ ફાગણ સુદિ ૯ ને રવિવારે સા. શ્રી સજનની પત્ની સા. સહજમતિના સુશ્રેય માટે શ્રી અજિત સ્વામીની પ્રતિમા કરાવી (અને) શ્રી ચન્દ્રસૂરિ વડે પ્રતિષ્ઠા કરવામાં આવી.

મધુસૂદન ઢાંકી તથા હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રીએ[1] ચંદ્રપ્રભુ પછી બંધાયેલ મંદિર

---

૧. પ્રભાસ પાટણનાં પ્રાચીન જૈન મંદિરો.
"સ્વાધ્યાય" પુ. ૩, અંક ૩, પૃષ્ઠ ૩૩૨ અને ૩૩૪.



ચિત્ર નં. ૧



ચિત્ર નં. ૨



ચિત્ર નં. ૩

ચિત્ર નં. ૪

કુમારપાળના કુમારવિહાર પ્રાસાદ અથવા વસ્તુપાલનિર્મિત અષ્ટાપદ પ્રાસાદના સ્થાન માટે વર્તમાન મ્યૂઝિયમ મકાનનું સ્થાન અનુમાન્યું છે. માત્ર થોડે જ દૂરથી આ અવશેષો પ્રાપ્ત થયા છે. તેથી તેમના તર્કને પુષ્ટિ મળે છે.

પ્રભાસ પાટણની ભરડા પોળ પાસેની કિલ્લાની દિવાલ પાસેથી બીજી એક ખંડિત જૈન તીર્થંકરની પ્રતિમા પણ તાજેતરમાં પ્રાપ્ત થઈ છે.

શેરીયાજ પથ્થરમાં કંડારાયેલ આ પરિકરયુક્ત જૈન તીર્થંકરની પ્રતિમાનું માત્ર શીર્ષ અને પરિકરનો ઉપરનો ભાગ બચ્યો છે. (ચિત્ર નં. ૧). જિનની ઉપર દક્ષિણ બાજુએ બે તથા વામ બાજુએ બે તેમ ઉપરનીચે દેવતાઓ છે. આ આકાશચારી દેવતાઓના-ધનપુત્રો—ના પગ અર્ધ વળેલ તથા એક બાજુ ઉર્ધ્વ છે. જ્યારે બીજા હસ્તમાં નિધિ છે. નીચેના બન્ને દેવો હાથમાં માલાને ધારણ કરનાર માલાધર છે. ઉપરના ભાગમાં બન્ને બાજુએ એક એક ધ્યાનસ્થ જિન બતાવ્યા છે. તેમની વચ્ચે શંખપાલની મૂર્તિ કંડારાઈ છે જ્યારે તેની નીચે અને જિન-શીર્ષની ઉપર ખંડિત છત્રત્રયી જોઈ શકાય છે.

આ પ્રતિમાની લંબાઈ ૬૦ સે. મી તથા પહોળાઈ ૪૮ સે. મી. અને જાડાઈ ૧૬.૫ સે. મી. શિલ્પના ભાષ્કર્ય તથા તેના અલંકરણ પરથી તે ૧૧મી શતાબ્દીનું હોવાનું અનુમાની શકાય છે.

આ પૂર્વે અહીંના રામપુષ્કર કુંડ પાસેથી ચણુ દિગમ્બર ચોવિસીપટ્ટના બે ખંડો પ્રાપ્ત થયા છે જેમાંનો એક જુનાગઢ મ્યૂઝિયમમાં અને એક પ્રભાસ પાટણ મ્યૂઝિયમમાં છે. આ ઉપરાંત બીજા પણ કેટલાક દિગમ્બર મંદિરોનાં શિલ્પો આ કુંડ પાસેથી પ્રાપ્ત થયેલાં છે. તેના આધારે ઢાંકી તથા શાસ્ત્રી[2] આ સ્થળે દિગમ્બર મંદિરનું અસ્તિત્વ હતું તેમ અનુમાન કરે છે. આ જૈન પ્રતિમા રામપુષ્કર કુંડ પાસેથી જરા દૂર કિલ્લાની દિવાલમાંથી નિકળેલ છે. તેથી આ પ્રતિમા પણ મૂળ તે જ દિગમ્બર મંદિરમાં પ્રતિષ્ઠિત હશે તેમ માની પરિકરસ્થ દેવતાઓ જે રીતે બતાવ્યા છે તે શ્વેતામ્બર પરમ્પરા અનુસારના નથી તે વાત સ્પષ્ટ જ છે.

ચિત્ર નં. ૨માં રેતિયા પથ્થરની એક ફલક પર ચાર અશ્વસવારો જોઈ શકાય છે. આ શિલ્પખણ્ડ પ્રભાસ પાટણ બ્રહ્મપુરીમાંથી મળ્યો છે. અસલમાં આ શિલ્પ કોઇ અન્ય સ્થળનું હશે. ફલકની લંબાઈ ૨૬.૫ સે. મી. પહોળાઈ ૩૮ સે. મી. અને જાડાઈ ૧૩ સે. મી. છે.

આ શિલ્પની ચારે તુરગારૂઢ વ્યક્તિઓ રાજપુરુષો હોય તેમ લાગે છે. દરેકને લાંબી અણીદાર દાઢી છે. તે દરેકના શીર્ષ પાછળ છત્રવાહક બતાવ્યો છે. અશ્વો ગતિશીલ બતાવ્યા છે. દરેક રાજપુરુષની પાસે જમણા ખભા ઉપર ભાલા જેવું હથિયાર છે. અશ્વોની ઉપર પેંગડાં નાખેલ છે. જમીન પર હાથમાં તલવાર કે ખડ્ગ જેવું હથિયાર ધારણ કરેલા સૈનિક પડેલા છે. તેથી આ રાજપુરુષો રણમાં જતા હોય કે યુદ્ધમાંથી વિજય મેળવી પુનરાગમન કરતા હશે તેવો ભાવ નિર્દિષ્ટ છે.

શિલ્પ ઉપરની પટ્ટી ઉપર અક્ષરો કોતરાયેલા છે જે કદાચ આ રાજપુરુષોનાં નામ હોઈ શકે, પરંતુ તે દુર્ભાગ્યે ઉકેલવા મુશ્કેલ છે. અશ્વસવારોનાં મુખ ઘસાઈ ગયાં છે. અશ્વોનાં મુખ પણ ખંડિત થયાં છે. શિલ્પની શૈલી પરથી તે પ્રાયઃ ૧૨મી કે ૧૩મી શતાબ્દીની કૃતિ લાગે છે.

---

૨. એજન પૃષ્ઠ ૩૩૦.

કોડીનાર તાલુકામાં આવેલ આદ્યોકાર ગામના આદિનાથ મહાદેવના મંદિરના મંડપના કોણુના વિમાનનું કિન્નર યુગ્મનું શિલ્પ હવે અહીં ચિત્ર નં. ૩માં રજૂ કરીશું.

આ શિલ્પાકૃતિ ત્રિકોણુકારે કંડારાયેલ છે જેમાં બતાવેલ વામનરૂપી આકૃતિઓ કિન્નર અને કિન્નરીની છે. કિન્નરી રણશીંગા જેવું કોઈ વાજિંત્ર મુખ વડે ફુંકી રહેલ બતાવી છે. એના જમણા હસ્તમાં કમળ છે અને તે સ્કંધ પર રાખેલ છે. કર્ણમાં કુંડળ છે જ્યારે બાજુમાં એક પુરુષ છે. તે ખંજરી જેવા વાદ્ય વડે તાલ પુરાવતો હોય તેવો ભાવ દર્શાવ્યો છે.

ત્રિકોણના ત્રણે કોણુમાં વેલ કોતરેલી છે. સુશોભન સુંદર અને આકર્ષક છે. સમગ્ર સમય પ્રાયઃ ૧૪મી શતાબ્દી છે. આ શિલ્પખણ્ડની લંબાઈ બંને બાજુ ૫૮ સે. મી. અને પહોળાઈ ૬૭ સે. મી. છે.

પ્રાચીથી આઠ કિલોમીટર પર આવેલ ભીમદેવળ ગામના સૂર્યમંદિર પાસેથી સૂર્યની મૂર્તિના પરિકરનો ખણ્ડ પ્રાપ્ત થયો છે (ચિત્ર નં. ૪). રેતિયા પથ્થરના આ શિલ્પખણ્ડમાં ડાબી બાજુએ સૂર્યનો પ્રતિહાર દણ્ડી અને રાજ્ઞીદેવી બતાવ્યાં છે. આવી રીતે અપસવ્ય ન્યાયે જમણી બાજુ પિંગળ અને નિષ્પ્રભાદેવી હશે પણ તે ભાગ મળ્યો નથી.

લાંબી અણીદાર દાઢીવાળા દ્વિભંગમાં ઊભેલા મસ્તકે શક સ્ત્રાણ ધારણ કરેલા પ્રતિહાર દણ્ડીના વામ હસ્તમાં દણ્ડ ધારણ કરેલો છે જ્યારે દક્ષિણ કટી હસ્ત છે. ભૂજામાં કટકવલય ધારણ કરેલ છે. ભાલ પર કેશના મીંડલા બતાવ્યા છે. કર્ણમાં કુંડળ છે. એની બાજુમાં ઊભેલી રાજ્ઞીદેવી દ્વિભંગમાં સ્થિર છે. ડાબા હસ્તમાં કમળ છે જ્યારે જમણો કટી હસ્ત છે. અલંકારોમાં વનમાલા અને કટીમેખલા ધારણ કરેલ છે. કંઠમાં જે માળા ધારણ કરેલ છે તેની મધ્યમાં માત્ર ત્રણ મણકા છે. તેથી તે એકાવલી નથી. કર્ણમાં કુંડળ છે, શરીર ઉપર જે વસ્ત્ર ધારણ કરેલ છે તેની કશ જેવી લાંબી દોરી લટકતી દર્શાવેલ છે. સ્ત્રીપ્રતિમાનું મુખ તથા અલંકારો ઘસાઈ ગયાં છે.

શિલ્પની લંબાઈ ૫૮ સે. મી. જ્યારે પહોળાઈ ૩૭.૫ સે. મી. અને જાડાઈ ૨૦ સે. મી. છે.

સૂર્યમંદિર એની શૈલી પરથી ૯મી શતાબ્દીમાં મૂકી શકાય અને શિલ્પ પણ અનુમાને એ જ સમય બતાવી રહે છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર ગુર્જરેશ્વર કુમારપાળના સમય (ઈ. સ. ૧૧૬૯)માં થયેલ હતો તેમ જૂનાગઢ મ્યૂઝિમયમાં સંગ્રહાયેલ એક લેખના ટુકડાના આધારે જાણી શકાય છે. *

તેથી વર્તમાન મંદિરના શિખરના અગ્રભાગમાં જે પરિવર્તન દેખાય છે તે સોલંકીકાલીન છે. મંદિરનું નામ લેખમાં ધર્માદિત્ય કહેલું છે. આ પરિકરનો ટુકડો મૂલનાયક અને સૂર્યપ્રતિમાના સંગનો જ હશે તેમ માની શકાય.

---

* આ શિલાલેખ મારા તરફથી અગાઉ છપાયો છે. જુઓ An Unpublished Inscription of king Kumarapala of Gujarat from the Junagadh Museum (Poona Orientalist, જુલાઈ–ઑક્ટોબર ૧૯૪૦) અને 'કેટલાક અપ્રસિદ્ધ શિલાલેખો' (શ્રી ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક, જુલાઈ–સપ્ટેમ્બર ૧૯૩૯). —સંપાદક

પરમાણુ—ન્યુક્લીઅસની ભીતરમાં

નરસિંહ મૂળજીભાઈ શાહ

ગઈ સદીના સંધ્યાકાળમાં ભૌતિક વિજ્ઞાન નવી દુનિયામાં પ્રવેશ્યું—પરમાણુ, પરમાણુ-ન્યુક્લીઅસ અને તેમની રચનામાં પ્રાથમિક રજકણોની અદશ્ય અતિ સૂક્ષ્મ દુનિયામાં. વીસમી સદીના પ્રથમ ચરણમાં નવા સિદ્ધાંતનો પ્રાદુર્ભાવ થયો. કવૉન્ટમ મિકેનિકસનો સિદ્ધાંત, જે છેલ્લાં ૬૦ વર્ષોથી ભૌતિક વિજ્ઞાનીઓની વફાદારીપૂર્વક સેવા બજાવી રહ્યો છે.

આ નવી દુનિયા આપણી સ્થૂળ દુનિયા જેવી નથી. એટલી બધી ભિન્ન છે કે તેનો ચિતાર રજૂ કરવા વિજ્ઞાનીઓ પાસે પૂરતા યોગ્ય શબ્દોની પરિભાષા નથી. પરમાણુ-ન્યુક્લીઅસના અતિ સૂક્ષ્મ–સૂક્ષ્માતિસૂક્ષ્મ જગત માટે કવૉન્ટમ મિકેનિકસના નવા ખ્યાલો સર્જના પડ્યા છે—ચિત્રમય કલ્પનાસૃષ્ટિના ક્ષેત્રથી પણ અતીત, આ નવી દુનિયામાં પરંપરાગત આવેલા ભૌતિક વિજ્ઞાનના નિયમો કામ આપતાં અટકી જાય છે. રજકણો પોતાનું પરિમાણ ગુમાવે છે અને તરંગોના ગુણધર્મો ધારણ કરે છે. વળી તરંગો રજકણોની માફક વર્તવા માંડે છે. ઇલેકટ્રોન અને દ્રવ્ય-બંધારણમાં અન્ય ઈંટોરૂપી સૂક્ષ્મ કણો અભેદ્ય અડચણોમાંથી પસાર થાય છે યા તેમની જગ્યાએ માત્ર ફોટોન મૂકીને તદ્દન અદશ્ય થઈ જાય છે. કવૉન્ટમ મિકેનિકસ આ બધી બાબતોને સ્પર્શે છે.

વીસમી સદીના પ્રથમ બે દાયકામાં પરમાણુ-કેન્દ્રનો અભ્યાસ આપણને કયાં લઈ જશે એની કોઈને કલ્પના પણ નહોતી : ભૌતિક વિજ્ઞાનીને પણ એની દિશાસૂઝ નહોતી. સમયના આ ગાળા દરમિયાન કવૉન્ટમ મિકેનિકસ પરમાણુ અંગે પોતાની સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યું હતું, પરંતુ પરમાણુની ભીતરમાં શું છે એ અંગે કોઈને માહિતી નહોતી.

એ વખતે જે કાંઈક પરમાણુ અંગે માહિતી પ્રાપ્ય હતી તેનાથી પ્રારંભ કરીએ. ઓગણીસમી સદીના અંતમાં ફ્રાન્સના વૈજ્ઞાનિક બેકવેરેલે એક આકસ્મિક શોધ કરી. તેમના જોવામાં આવ્યું કે કેટલાક પદાર્થો સુરક્ષિત ફોટોગ્રાફિક પ્લેઈટ પર પણ અસર કરે છે. આ શોધને વિકસાવી મેડમ કયુરી અને તેના પતિ પીરે કયુરીએ શોધી કાઢયું કે આ ગુણધર્મ આવર્ત કોષ્ટકના છેડે આવેલાં ત્રણ મૂળ તત્ત્વો રેડિયમ, પોલોનિયમ અને યુરેનિયમ ધરાવે છે. આ ઘટના રેડિયો-એકટીવિટી તરીકે ઓળખાય છે. એને શિષ્ટ ભૌતિક વિજ્ઞાન નહોતું સમજાવી શકતું; એથી એ વખતના ભૌતિકવિજ્ઞાનીઓ ભારે મૂંઝવણ અનુભવતા હતા. રેડિયો-એકટીવિટીમાં નીકળતાં ગૂઢ વિકરણો અંગે જેમ જેમ વધારે માહિતી એકઠી થતી ગઈ, એ ઉપરથી માલૂમ પડયું કે ત્રણ પ્રકારનાં વિકિરણો નીકળે છે : આલ્ફા, બીટા અને ગામા કિરણો.

વિશેષ સંશોધનના પરિણામે સ્પષ્ટ થયું કે આલ્ફા કિરણો ધન (+) વીજચાર્જવાળા રજકણો છે : ઈલેકટ્રોન કરતાં બેવડો ચાર્જ ધરાવે છે અને હાઇડ્રોજન પરમાણુ કરતાં તેનો

દ્રવ્યસમૂહ લગભગ ચાર ગણો છે. બીટા કિરણો ઇલેક્ટ્રોનને મળતાં આવે છે. ગામા કિરણો અતિ સખત વીજચુંબકીય વિકિરણો છે અને ક્ષ-કિરણો કરતાં પણ અનેક ગણી ભેદક શક્તિ ધરાવે છે.

થોડાં વર્ષો બાદ અંગ્રેજ વૈજ્ઞાનિક રૂથરફર્ડ અને તેમના શિષ્ય બોહરે પરમાણુનું સૂર્ય-મંડળ જેવું મોડેલ રજૂ કર્યું. જેમ ગ્રહો સૂર્ય આસપાસ ફરે છે તેવી રીતે પરમાણુ–ન્યુક્લીઅસ રૂપી મધ્યસ્થ 'સૂર્ય'ની આસપાસ ઇલેક્ટ્રોનો ફરે છે. ધીમે ધીમે એ સ્પષ્ટ થયું કે રેડિયો-એક્ટીવિટી પરમાણુ-ન્યુક્લીઅસમાંથી ઉદ્ભવે છે.

શરૂઆતથી જ આલ્ફા કણો અંગે એ સ્પષ્ટ હતું કે ન્યુક્લીઅસ સિવાય તેમને માટે બીજે સ્થાન નહોતું. પરમાણુનો સમગ્ર દ્રવ્યસમૂહ ન્યુક્લીઅસમાં આવેલો છે, બીજી બાજુ, ઇલેક્ટ્રોન પરમાણુના બાહ્ય કવચો(shells)માં અસ્તિત્વ ધરાવે છે. આ કવચોમાંથી છૂટતા ફોટોન (વીજ-ચુંબકીય શક્તિના ક્વૉન્ટા) આપણને વારંવાર મળે છે. એમ બને કે બીટા અને ગામા કિરણો પરમાણુના વીજ-ચુંબકીય બંધારણમાંથી ઉદ્ભવતાં હોય.

પણ આ દેખીતી રીતે અશક્ય છે. જ્યારે પરમાણુમાંથી બીટા કિરણો નીકળે ત્યારે તેનું આયનીકરણ થતું નથી—તે વીજચાર્જ મેળવતો નથી. આનો અર્થ એ કે તેનું ઇલેક્ટ્રોનિક બંધારણ વણબદલાયલું રહે છે. દૃશ્યમાન પ્રકાશના ફોટોન અને ઇલેક્ટ્રોન કવચોમાં કૂદતાં ક્ષ-કિરણો સાથે જોડાયેલ શક્તિની ગણતરી કરતાં એમ માલૂમ પડયું કે આ શક્તિ ગામા કિરણોની ફોટોન શક્તિનો માત્ર અંશ છે. વળી, આ બે પ્રકારના રેડિયો–એક્ટીવ વિકિરણો પરમાણુ ન્યુક્લીઅસમાં ઉદ્ભવે છે એ વિચારને ટેકો મળ્યો.

કેટલાંક વર્ષો વીતી ગયાં. રૂથરફર્ડે નવા વિચારો માટે વિજ્ઞાનીઓને સામગ્રી પૂરી પાડી. રેડિયમમાંથી છૂટતાં આલ્ફા કિરણોના માર્ગમાં તેણે નાઇટ્રોજન ન્યુક્લીઅસો મૂકયા. આ નાઇટ્રોજન ન્યુક્લીઅસો અને આલ્ફા કણોની અથડામણના ફોટાઓ પરથી માલૂમ પડયું કે નાઇટ્રોજનના ન્યુક્લીઓમાં ઑક્સીજનના ન્યુક્લીઅસોનું જૂજ અસ્તિત્વ હતું ! કિમિયાગરોનું સ્વપ્ન સાચું ઠર્યું; એક રાસાયણિક મૂળ તત્ત્વનું બીજા મૂળ તત્ત્વમાં પરિવર્તન થયું હતું—જો કે રાસાયણિક રીતે નહીં.

એ જ વર્ષે રૂથરફર્ડે પરમાણુ-ન્યુક્લીઅસનું પરિવર્તન સૌ પ્રથમ જોયું અને તેને માલૂમ પડયું કે એક જ રાસાયણિક મૂળ તત્ત્વના પરમાણુઓના ન્યુક્લીઅસોનો દ્રવ્યસમૂહ જુદો જુદો હોઈ શકે, ગણતરી વડે પુરવાર થયું કે હાઈડ્રોજન પરમાણુના દ્રવ્યસમૂહના ગુણકપ્રમાણમાં આ તફાવત હોય છે. આવા ન્યુક્લીઅસો આઈસોટોપ તરીકે જાણીતા થયા.

રેડિયોએક્ટીવિટી, ન્યુક્લીઅસનું પરિવર્તન અને પછી આઇસોટોપ. આ બધી માહિતી પર પરમાણુ-ન્યુક્લીઅસનો સિદ્ધાંત રચવાનું પ્રથમ પગલું લેવાનો સમય પાકી ગયો હતો. આ વિસ્મયજનક બાબતો અને ક્વૉન્ટમ મિકેનિક્સ—બંનેનો મેળ કરવાનો, પણ વૈજ્ઞાનિકોને ઉતાવળ નહોતી. તેઓ કોઈ ગાઢ જંગલના સીમાડે ઊભા હતા. અંદરના પવનના સુસવાટા સંભળાતા હતા; અંદરથી પ્રસરીને આવતી સુગંધની મજા માણતા હતા પણ પ્રવેશવામાં ભીતી લાગતી હતી. નવા જન્મેલ બાળક ક્વૉન્ટમ મિકેનિક્સને નવા વાતાવરણની સખતાઈમાં હોમવા તેઓ તૈયાર

નહોતા. તેઓએ એ જંગલમાં રસ્તો કરવા પ્રાયોગિક નિષ્ણાતોને કહ્યું. પ્રાયોગિક વિજ્ઞાનીઓએ આહ્વાન ઉપાડી લીધું. ઈ. સ. ૧૯૩૨માં ઇંગ્લંડના વૈજ્ઞાનિક પ્રૉફેસર આડવિંકે ન્યુટ્રોનની શોધ કરી. હવે પ્રસ્થાન થઈ શકે.

પરંતુ એક મૂળભૂત બાબત સ્પષ્ટ નહોતી : પરમાણુનું ન્યુકલીઅસ શેનું બનેલું છે ? ન્યુકલીઅસ સમગ્ર હતું એ વાત સ્પષ્ટ હતી, કારણ કે રેડિયો–ઍકટીવિટી મોજુદ હતી— ન્યુકલીઅસમાંથી રજકણો નીકળતા હતા અને છતાં ન્યુકલીઅસ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતું હતું. ન્યુકલીઅસનો એક રજકણ—પ્રોટોન ચોક્કસ સાબિત થઈ ચૂક્યો હતો.

રેડિયો–ઍક્ટીવ ઘટનામાં જે રજકણો નીકળે તે રજકણોનું એ બનેલું હશે એમ અનુમાન કરી શકાય—આલ્ફાકણો અને ઇલેકટ્રોન; પણ આ તો માત્ર અટકળ છે. આલ્ફાકણો હેલિયમ ન્યુકલીઅસના જેવા જ ગુણધર્મો ધરાવતા હતા. એથી પણ હલકા ન્યુકલીઅસો હાઈડ્રોજનના હતા. એટલે ન્યુકલીઅસની રચનામાં એકમ તરીકે હાઇડ્રોજન ન્યુકલીઅસ હોવું જોઈએ. આ સૌથી વિશેષ પ્રાથમિક રજકણ હોવાથી તેને ગ્રીક ભાષાનું નામ પ્રોટોન આપવામાં આવ્યું.

હવે આપણે ન્યુકલીઅસનું મૉડેલ રચવાનું શરૂ કરીએ. મૂળભૂત નિયમ ધ્યાનમાં રાખી લઈએ : ન્યુકલીઅસ પરનો વીજચાર્જ તેના બાહ્ય બંધારણમાં બધા ઇલેકટ્રોન(ઋણ)ના સમગ્ર ચાર્જની બરાબર હોવો જોઈએ પણ એનાથી ઉલટો (ધન) : નહીંતર પરમાણુ જે રીતે વીજતટસ્થ છે તે રીતે હોય નહીં. ન્યુકલીઅસનો દ્રવ્યસમૂહ પણ આપણે જાણીએ છીએ : પરમાણુના દ્રવ્યસમૂહની બરાબર ઈલેકટ્રોનના દ્રવ્ય સમૂહને બાદ કરતાં.

આમ શરૂઆતનો અધિતર્ક (hypothesis) આપણી પાસે છે : ન્યુકલીઅસ પ્રોટોન અને ઇલેકટ્રોનનું બનેલું છે, હાઇડ્રોજનના ન્યુકલીઅસમાં એક પ્રોટોન છે; ઇલેકટ્રોન મુદ્દલ નથી. હેલિયમ ન્યુકલીઅસમાં ૪ પ્રોટોન અને બે ઇલેકટ્રોન છે એટલે તેનો ચાર્જ + ૪ − ૨ = + ૨ છે. તેનો દ્રવ્યસમૂહ * હાઈડ્રોજનના ન્યુકલીઅસ કરતાં ચાર ઘણાથી સહેજ વધારે છે. પ્રોટોનની સરખામણીમાં ઇલેકટ્રોન 'વજનવિહીન' છે—તે લગભગ ૨૦૦૦ ઘણો હલકો છે.

લિથિયમ ન્યુકલીઅસનો દ્રવ્યસમૂહ ૭, ચાર્જ + ૩ (૭ પ્રોટોન અને ૪ ઇલેકટ્રોન);
બોરોન ન્યુકલીઅસનો દ્રવ્યસમૂહ ૧૧, ચાર્જ + ૫ (૧૧ પ્રોટોન અને ૬ ઇલેકટ્રોન);
નાઇટ્રોજન ન્યુકલીઅસનો દ્રવ્યસમૂહ ૧૪, ચાર્જ + ૭ (૧૪ પ્રોટોન અને ૭ ઇલેકટ્રોન);
ઑકિસજન ન્યુકલીઅસનો દ્રવ્યસમૂહ ૧૬, ચાર્જ + ૮ (૧૬ પ્રોટોન અને ૮ ઇલેકટ્રોન);

બધું બરાબર લાગે છે : પણ 'લાગે છે'—ઉપર નિર્દેશેલ હલકાં ન્યુકલીઅસની વાત કહીએ ત્યાં સુધી, પણ મધ્યમ અને મોટા ન્યુકલીઅસના પ્રદેશમાં પ્રવેશ કરીએ તો ઉપરનો નિયમ તૂટી પડે છે. લોટનો દૃષ્ટાંત લો. તેના ન્યુકલીઅસનો દ્રવ્યસમૂહ ૫૬ છે. તેના ૫૨ + ૨૬ ચાર્જ છે. એટલે ૫૬ પ્રોટોન અને ૩૦ ઇલેકટ્રોનની જરૂર પડે. બીજો દૃષ્ટાંત લઈએ. યુરેનિયમ ન્યુકલીઅસનો દ્રવ્ય

* આને ન્યુકલીઅસનો દ્રવ્ય નંબર કહેવાય છે. પ્રોટોનના દ્રવ્યસમૂહ કરતાં ન્યુકલીઅસનો દ્રવ્યસમૂહ કેટલા ઘણો મોટો છે એ બતાવે છે.

નંબર + ૨૩૮ અને ચાર્જ + ૯૨ એટલે ૨૩૮ પ્રોટોન અને ૧૪૬ ઇલેક્ટ્રોન હોવા જોઈએ. એટલે એમ થાય કે પ્રત્યેક નવા ન્યુકલીઅસમાં કુદરત કેટલાય પ્રોટોન ઉમેરે છે—અપેક્ષિત એક નહીં. જો આ દૃષ્ટિબિન્દુ છોડી દઈએ તો, ન્યુકલીઅસના દ્રવ્યસમૂહ અને ચાર્જ અંગે મુશ્કેલી ઊભી થાય છે. પરિણામે ન્યુકલીઅસની રચનાની નિયમિતતા તૂટી પડે છે. તો પછી આઇસોટોપ ક્યાંથી આવે છે એ સમજવામાં મુશ્કેલી ઊભી થાય છે.

ન્યુકલીઅસના સ્પંદનો (spins) અંગે પણ શરૂઆતથી મુશ્કેલી રહે છે. કુલ સ્પીન તેમાં આવેલાં રજકણોના સ્પીનના સરવાળાની બરાબર થવા જોઈએ. દા. ત. ડયુટેરિયમ (ભારે હાઇડ્રોજન)નું ન્યુકલીઅસ બે પ્રોટોન અને એક ઇલેક્ટ્રોનનું બનેલું છે. કુલ સ્પીન ત્રણ પ્રોટોન સ્પીન (પ્રોટોન અને ઇલેક્ટ્રોન સ્પીન બરાબર છે) જેટલું જોઈએ. ખરેખર તે બે પ્રોટોન સ્પીન બરાબર છે! આ એક જ વિરોધી બાબત નથી, પ્રયોગ વડે માપ કાપીને આવેલ ન્યુકલીઅર સ્પીન અને ઉપરની યોજના પ્રમાણે ગણતરી કરીને કાઢેલ સ્પીન મળતાં આવતાં નથી, તો ન્યુકલીઅસ બંધારણની આપણી રીતમાં કાંઈક ભૂલ છે.

ન્યુકલીઅસના ઇલેક્ટ્રોન તેનો ચાર્જ બાંધવાનું કામ કરે છે, જેથી પ્રાયોગિક રીતે કાઢેલ આંકડાની બરાબર તે આવે છે, પણ એ ઇલેક્ટ્રોનોનું એથી વિશેષ મહત્ત્વનું કાર્ય છે. એક જ ચાર્જ ધરાવતા હોવાથી પ્રોટોન એકબીજાને ધકેલે છે. આ પ્રોટોનોને સાથે રાખવા ઇલેક્ટ્રોનોની જરૂર છે.

સાદી ગણતરી બતાવે છે કે ન્યુકલીઅસને તેની રચનાની આપણી રીતમાં જોઈએ તે કરતાં વધારે ઇલેક્ટ્રોનની જરૂર પડે, ન્યુકલીઅસમાં ઇલેક્ટ્રોનની હાજરી સામે બીજા વધારે વાંધાઓ પણ છે.

આ તબક્કે, ન્યુકલીઅસ પ્રોટોન અને ઇલેક્ટ્રોનોનું બનેલું છે એ અંગે વૈજ્ઞાનિકોને ગંભીર શંકાઓ હતી. પછી આવ્યો ન્યુટ્રોન. ઈ. સ. ૧૯૩૨માં વર્નર ટાઈઝેન બર્ગ અને ડી. ઇવાનેન્કો અને આઈ. ટામ્મે ગણિતિક રીતે સમર્થન પામેલ એક અધિતર્ક રજૂ કર્યો; ન્યુકલીઅસ ફક્ત પ્રોટોનો અને ન્યુટ્રોનોનું બનેલું છે. આ થયું પ્રથમ પગલું પરમાણુ-ન્યુકલીઅસની રચનામાં, કુદરતે કરકસર દાખવી છે—ઇલેક્ટ્રોન કવચોની રચનાની જેમ. માત્ર ફરક એટલો છે કે ન્યુકલીઅસની રચનામાં બે પ્રકારની ઇંટો વાપરી છે—એક પ્રોટોન અને બીજી ન્યુટ્રોન.

દરેક વખતે એક નવો પ્રોટોન ઉમેરાય ત્યારે કુદરતે એ ધ્યાન રાખ્યું છે કે ન્યુકલીઅસ તૂટી પડતું નથી—પ્રોટોનના પ્રત્યાકર્ષણ બળોને લીધે કેલ્સીઅસ (નં. ૨૦) પર્યન્તના હલકાં તત્ત્વોમાં પ્રોટોન અને ન્યુટ્રોનની સંખ્યા લગભગ સરખી છે. પછી ન્યુટ્રોનની સંખ્યા પ્રોટોન કરતાં ઝડપથી વધે છે. આ ચાલુ રહે છે—જેટલો વધારે તફાવત તેટલી. છેક છેલ્લા મૂળતત્ત્વ સુધી. સમૂહ નંબર ૨૩૮ અને ૯૨ પ્રોટોનવાળા યુરેનિયમ ન્યુકલીઅસમાં ૧૪૬ ન્યુટ્રોન માલૂમ પડે છે. ન્યુકલીઅસની રચના ટકી રહે છે એ જોઈને કુદરતે પોતાનું સ્થાપત્ય ભિન્ન ભિન્ન કરવા માંડયું. થોડાક ન્યુટ્રન અહીંઆ ઉમેર્યા; બીજેથી લઈ લીધા. પરિણામ: આઇસોટોપ—એક જ મૂળતત્ત્વની વિભિન્નતા. કલઈના ન્યુકલીઅસના દશ સ્થાયી આઇસોટોપો અસ્તિત્વમાં છે. ન્યુકલીઅસના દ્રવ્યસમૂહ અને ચાર્જ પરત્વે હાઇસેનબર્ગ-ઇવાનેન્કો-ટામ્મનો અધિતર્ક સંપૂર્ણ મેળ

ખાય છે. આ અનુસાર હાઇડ્રોજન ન્યુકલીઅસ એક પ્રોટોનનું; હેલિયમ ન્યુકલીઅસ ૨ પ્રોટોન, ૨ ન્યૂટ્રોન(સમૂહ નંબર ૪)નું; લિથિયમ-૭નું ન્યુકલીઅસ ૩ પ્રોટોન અને ૪ ન્યુટ્રોનનું, બોરોન-૧૧ પાંચ પ્રોટોન અને પાંચ ન્યુટ્રોનનું; નાઇટ્રોજન-૧૪ ૭ પ્રોટોન અને ૭ ન્યુટ્રોનનું; ઑક્સિજન-૧૬ ૮ પ્રોટોન અને ૮ ન્યુટ્રોનનું બનેલું છે. આ રીતે આવર્તકોષ્ટકના અંત સુધી.

ન્યુટ્રોન અંગે આપણે શું જાણીએ છીએ ? આ રજકણનો દ્રવ્યસમૂહ પ્રોટોનની બરાબર છે અને તેના નામ અનુસાર તે વીજ-ન્યુટ્રલ છે—તેના પર વીજચાર્જ નથી. હવે પ્રશ્ન ઉદ્ભવે છે કે કયા હક્કની રૂએ તે ન્યુકલીઅસમાં ઇલેકટ્રોનની જગ્યા રોકે છે ? ઇલેકટ્રોન પ્રોટોનોને સાથે રાખી શકે પણ ચાર્જવિહીન ન્યુટ્રોન આ કામ કેવી રીતે કરી શકે ?

આ તબકકે માલૂમ પડે છે કે આકર્ષણનાં વીજ-બળો ન્યુકલીઅસની સ્થિરતાના નિમિત્તરૂપ થાય એટલાં પૂરતાં નથી. ન્યુકલીઅસો ખરેખર ન ભાંગે એવી સખત સોપારીઓ છે. ગંજાવર દબાણ કે ઉષ્ણતામાનની મદદથી કે અકલ્પ્ય ગંજાવર વીજક્ષેત્ર વાપરીને રાસાયણિક રીતે ન્યુકલીઅસ તોડવાનો એક પણ પ્રયત્ન સફળ થયો નથી : જો કે આ બધાં હથિયારો ન્યુકલીઅસ બહાર ઇલેકટ્રોનિક રચના સામે સફળતાપૂર્વક કામે લાગ્યા છે. એટલે વૈજ્ઞાનિકો એવા નિર્ણય પર આવે છે કે ન્યુકલીઅસમાં ન્યુટ્રોનોની હાજરી હોવાનું ચોક્કસ કારણ છે. એટલે ન્યુકલીઅસમાં પ્રોટોનને ટકાવી રાખવાની સિમેન્ટનું કામ કરે એ ન્યુટ્રોન. પ્રશ્ન પૂછી શકાય કે કયા બળ વડે ? એ બળ વીજળીક નથી, કારણ કે ન્યુટ્રોન વીજ-ન્યુટ્રલ છે.

આ બાબત પર વૈજ્ઞાનિકોએ કામ હાથ ધર્યું અને ન્યુટ્રોનની શોધ પછી બે વર્ષ બાદ આઈ ટામ્મ અને જાપાનના ભૌતિકવિજ્ઞાની યુકાવાએ એક ઝળકતો વિચાર રજૂ કર્યો કે અતિ પ્રબળ વિશિષ્ટ ન્યુકલીઅસનાં બળો અસ્તિત્વમાં છે—આકર્ષણનાં વિનિમયબળો, જે પ્રોટોન અને ન્યુટ્રોન વચ્ચે કામ કરતાં અતિ ટૂંકા ગાળાનાં છે. સ્થાયી અણુ તરીકે વિનિમયબળો ? આ શબ્દ પરિચિત છે. બે હાઇડ્રોજન પરમાણુઓને કે બે નાઇટ્રોજન પરમાણુઓને કે બે ઑક્સિજન પરમાણુઓને અને અનેક બીજા પરમાણુઓને સાથે રાખતા બળો. આ અણુઓમાં પરમાણુઓ સતત પોતાના ઇલેકટ્રોનનો વિનિમય કરે છે અને તેને સાથે રાખે છે.

પણ પરમાણુ ન્યુકલીઅસમાં કયા પ્રકારનો વિનિમય છે ? પ્રોટોન અને ન્યુટ્રોન બે જુદા જુદા કણો છે. ન્યુકલીઅસમાં કોઈ ઇલેકટ્રોન નથી. પ્રોટોન અને ન્યુટ્રોન શેનો વિનિમય કરે છે ? ટામ્મે ગણિતનો ઉપયોગ કરી ગણતરી કરી કે ઇલેકટ્રોન વિનિમય ન્યુકલીઅસના કણો માટે અતિ અલ્પધારક (cohesive) બળ પૂરું પાડે છે.

આપણા માટે હવે માર્ગ ખુલ્લો છે : પીછેહઠ. વિનિમયનો ખ્યાલ ભૂલભરેલો ગણી છોડી દેવો અને કહી દેવું કે પ્રોટોન અને ન્યુટ્રોન બાહ્ય રીતે જુદા હોવા છતાં આ બંનેમાં બહુ ફેર નથી અને તેમની વચ્ચે સમાનતા છેઃ તેઓનું એકબીજામાં પરિવર્તન થઈ શકે—પ્રોટોનનું ન્યુટ્રોનમાં અને ન્યુટ્રોનનું પ્રોટોનમાં.

આ વિચાર ખરેખર હિંમતભર્યો છે. ૧૯૬૪માં આ વિચાર રજૂ થયો ત્યારથી અત્યાર-સુધી આવું પરિવર્તન અવલોકવામાં આવ્યું નથી.

ઇલેક્ટ્રોન અને પોઝિટ્રોનનું ગામા-વિકીરણ ફોટોનમાં પરિવર્તન સ્થાપિત થયું છે પણ આ ઘટના તદ્દન જુદા પ્રકારની છે.

દલીલ લંબાવીએ તો, વિજ્ઞાનીઓએ કહ્યું કે જો બે રજકણો એકબીજામાં પરિવર્તન પામે તો, એ ક્રિયામાં તેઓએ કાંઈક વિનિમય કરવો પડે. પ્રોટોન 'કાંઈક' મેળવે અને ન્યુટ્રોન બને; ન્યુટ્રોન કાંઈક ગુમાવે તો પ્રોટોન બને. વળી, જેમાં ન્યુટ્રોન કાંઈક મેળવે અને પ્રોટોન કાંઈક ગુમાવે એ વિનિમય જુદા પ્રકારનો હોઈ શકે.

ન્યુક્લીઅસો અતિ સ્થાયી છે અને પ્રોટોન અને ન્યુટ્રોન વચ્ચે વિનિમયબળોને અતિ સૂક્ષ્મ અંતરે કામ કરવું પડશે; એટલે યુકાવાએ આ દ્રવ્ય રજકણનું—"કાંઈક"નું ચિત્ર નકારી કાઢયું. જો એ રજકણ હોય તો, તે ધન યા ઋણ ચાર્જવાળો હોઈ શકે—પ્રોટોન યા ઇલેક્ટ્રોન ચાર્જ જેટલો અને ઇલેક્ટ્રોનના દ્રવ્યસમૂહ કરતાં ૨૦૦-૩૦૦ ગણું તેનું દ્રવ્ય હોઈ શકે.

ઇલેક્ટ્રોન કરતાં પ્રોટોન અને ન્યુટ્રોન આશરે ૧૮૦૦ ગણા ભારે છે. એટલે આ ગૂઢ રજકણનો દ્રવ્યસમૂહ આ બેની વચ્ચે હોવો જોઈએ. આ ઉપરથી medium-મધ્યમ-ના ગ્રીક પર્યાય ઉપરથી તેને મેસોન નામ આપ્યું.

ન્યુક્લીઅર વિનિમયનું ચિત્ર નીચે પ્રમાણે આપણને મળે છે:

પ્રોટોન ધન મેસોન છોડે છે: તેનો ધન વીજ-ચાર્જ ગુમાવે છે અને ન્યુટ્રોનમાં ફેરવાય છે. ન્યુટ્રોન મેસોન પકડી પાડે છે અને તેને પ્રોટોનમાં ફેરવે છે.

પણ ન્યુટ્રોન ઋણ મેસોન પણ છોડે, અને જુદી રીતે પ્રોટોન બને; અને આ મેસોન પ્રોટોન પકડી લે તો, તેને વળી કોઈ જુદી રીતે ન્યુટ્રોનમાં ફેરવી નાખે.

પણ આ કાલ્પનિક મેસોન છે કયાં?

રેડિયો-એક્ટીવ ન્યુક્લિઅસ પર પ્રયોગોનું પુનરાવર્તન કરવામાં આવ્યું, પરિણામ: શૂન્ય. ન્યુક્લીઅસમાં મેસોન અસ્તિત્વમાં હોય તોપણ તેઓ તેમને કદી છોડવાના નહીં; જાણે કે પોતાનું નમ્ર પણ અગત્યનું કાર્ય ચાલુ રાખવાનું તેઓ પસંદ કરે અને કદીય દેખા દે નહીં.

પછી વિજ્ઞાનીઓ ન્યુક્લીઅસના રજકણો અંગે માહિતીનો મહાભંડાર કૉસ્મિક કિરણો તરફ વળ્યા. એકાદ વર્ષમાં મેસોન શોધાયો. યુકાવાની ગણતરી પ્રમાણે તેનો દ્રવ્યસમૂહ લગભગ ૨૦૦ ઇલેક્ટ્રોન દ્રવ્ય જેટલો હતો. વિજ્ઞાનીઓએ ઉજવણી કરી-પ્રોટોન અને ન્યુટ્રોન સંબંધિત રજકણો છે એ અદ્ભુત ખ્યાલ અને મેસોનની શોધની. ભૌતિક વિજ્ઞાનની એક મહાન સિદ્ધિ.

પરંતુ આનંદ ક્ષણજીવી નીવડ્યો, મેસોન પરમાણુ-ન્યુક્લીઅસ સાથે કોઈ પણ સંબંધમાં આવવાની ના પાડવા લાગ્યા. ન્યુટ્રોન પ્રત્યે તદ્દન નફરત દર્શાવી. વીજળીક પ્રક્રિયાના સામાન્ય માળખામાં પ્રોટોન સાથે જોડાયા. વિજ્ઞાનીઓની વિકેટ ખખડી ગઈ. પ્રોટોન અને ન્યુટ્રોન વચ્ચે જઈ આવી શકે અને તેમની સાથે શક્તિપૂર્વક પ્રક્રિયા કરી શકે એવો આ રજકણ હોઈ શકે? જવાબ: ના. વિશેષ સંશોધન ચાલુ રહેવું જોઈએ.

ખૂબ લાંબા સમય સુધી કુદરતે વિજ્ઞાનીઓ સાથે સંતાકૂકડીની રમત કરી. દરમિયાન ઍટમિક રીઍક્ટર અને પરમાણુ બૉંબ બનાવાયા : પણ આ છટકણો રજકણ હાથમાં ન આવ્યો. આખરે ૧૯૪૭માં કૉસ્મિક કિરણોનો સંશોધક પોવેલ તેને પકડી શક્યો.

આ રજકણ પણ મેસોન હતો, પરંતુ પહેલાં કરતાં જુદો. ઇલેક્ટ્રોન-સમૂહ ૨૦૦ નહીં પણ ૨૭૩. ઉપર નિર્દેશેલ નિષ્ક્રિય મેસોન(જેને મ્યુ મેસોન કહેવામાં આવ્યો હતો)થી તે જુદો છે એમ ઓળખાવવા તેને પી-મેસોન કહેવામાં આવ્યો. તે ન્યુક્લીઅસના રજકણો સાથે પ્રબળ રીતે ક્રિયા કરતો હતો. વિપુલ શક્તિ મળે તો ન્યુક્લીઅસને તોડી પણ શકતો.

સારાંશ : પ્રોટોન અને ન્યુટ્રોન વચ્ચે મેસોન વિનિમયને ન્યુક્લીઅસનાં બળો આભારી છે એ ક્વૅાન્ટમ મિકેનિક્સની ધારણા બરાબર પુરવાર થઈ. આ પ્રશ્ન અંગે વૈજ્ઞાનિકોને એટલી ખાતરી હતી કે મેસોનની હયાતિનો જરાય પુરાવો ન હોવા છતાં ન્યુક્લીઅસરૂપી ગાઢ જંગલમાં આંટી-ઘૂંટીવાળા રસ્તે આગળ વધવાનું તેઓએ ચાલુ રાખ્યું હતું.

નવા શોધાયેલ ન્યુક્લીઅસનાં બળોના અભ્યાસ પાછળ ભૌતિક વિજ્ઞાનીઓ મંડી પડ્યા. પ્રક્રિયાની range અતિ ટૂંકી છે એમ સૌ પ્રથમ તેઓએ જોયું. અણુઓમાં વિનિમયબળો પરમાણુ-ઓના પરિમાણના ઑર્ડરના આંતર-પરમાણુ અંતરે કામ કરે છે—એટલે એક સેન્ટિમિટરના સેંકડો દશ લાખના અંતરે. ન્યુક્લીઅસનાં વિનિમયબળો હજારોઘણાં નાનાં હોય છે. રજકણોના પરિમાણ નજીકના અંતરે એ બળો કામ કરતાં હોય છે. એટલે તદ્દન વ્યાજબી છે કે એ બળો ન્યુક્લીઅસની અંદર જ હોઈ શકે—બાહ્ય પ્રક્રિયા ન દાખવે.

અત્યાર સુધી શોધાયેલાં બળોમાં ન્યુક્લીઅસનાં બળો સૌથી વિશેષ પ્રબળ છે. તેઓ પ્રોટોનનું અંદરોઅંદરનું પ્રત્યાકર્ષણ સંપૂર્ણતઃ દબાવી દે છે, એટલું જ નહીં પણ તેમને સ્થાયી સ્વરૂપમાં રાખે છે.

ન્યુક્લીઅસ–શક્તિ યા સ્થિરતાને વિજ્ઞાનીઓ અન્ય શક્તિઓની જેમ 'બંધક શક્તિ' તરીકે વર્ણવે છે. બંધક શક્તિ એટલે તેના અંશોમાં તોડવા રજકણ-સમૂહને આપવાની શક્તિ. એટલે કુદરતી રીતે કોઈ પણ પદ્ધતિ (System)માં જેટલા વધારે રજકણો તેટલી વધારે આ શક્તિ હોવી જોઈએ. સ્થિરતાનું વર્ણન કરવા, રજકણ દીઠ બંધક શક્તિ આપણે સામન્યતઃ લઈએ છીએ. આ શક્તિ ઇલેક્ટ્રોન વોલ્ટ તરીકે ઓળખાતા ખાસ એકમમાં માપવામાં આવે છે. એક ઇલેક્ટ્રોન-વોલ્ટ એટલે વીજ-ક્ષેત્રમાં એક વોલ્ટના પોટેન્સીયેલ તફાવતમાંથી પસાર થાય ત્યારે ઇલેક્ટ્રોનને પ્રાપ્ત થયેલી શક્તિ. આપણા સ્થૂળ જગતના સામાન્ય વ્યવહારમાં આ એકમ અતિ નાનું છે પણ પરમાણુ જગતમાં તે તદ્દન appreciable છે.

ઘણાં દ્રવ્યોના અણુઓનાં બંધનો સામાન્ય ઉષ્ણતામાને પણ તૂટી જાય છે એટલે આ પદાર્થો સામાન્ય પરિસ્થિતિમાં વાયુઓ તરીકે અસ્તિત્વ ધરાવે છે. આવા અણુઓ વચ્ચેની બંધક શક્તિ અણુદીઠ ઇલેક્ટ્રોન—વોલ્ટના સોમા ભાગના ઑર્ડરની હોય છે.

આ અણુઓને વ્યક્તિગત પરમાણુઓમાં તોડવા ઘણી વધારે શક્તિની જરૂર પડે છે—દર પરમાણુએ દશ ઈલેક્ટ્રોન-વોલ્ટ. હજારો-લાખો ડિગ્રી ટેમ્પરેચરની બરાબર આ આવે છે.

પરમાણુઓને તેઓના ઈલેક્ટ્રોનોમાં અને ન્યુકલીઅસમાં તોડવા એ વળી વિશેષ મુશ્કેલી-ભર્યું છે. પરમાણુના ઇલેક્ટ્રોનોને તેમના ન્યુકલીઅસ સાથે જોડવા જુદી જુદી શકિત હોય છે એ જાણીતું છે. આ! આંકડો હજારો ઇલેક્ટ્રોન-વોલ્ટ પર્યંત આવે છે. લાખો ઇલેક્ટ્રોન-વોલ્ટ જેટલી બંધક શકિત ન્યુકલીઅસના રજકણો ધરાવે છે! હવે એ સ્પષ્ટ થાય છે, શા માટે અતિ પ્રબળ અન્ય બળો ન્યુકલીઅસને અસર કરી શકતાં નથી. હજારો ડિગ્રી ટેમ્પરેચરે પ્રવર્તતી ગરમીમાં બે ન્યુકલીઓ અથડાય તોપણ પથ્થરની દિવાલ સામે રબરનો દડો ભટકાય એના જેવી અસર થશે.

ગ્રન્થાવલોકન

મધ્યયુગીન ભારત, ખંડ ૧-૨: લેખક—ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક; પ્રકાશક—ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ; પૃષ્ઠ અનુક્રમે ૩૩૫ અને ૪૭૧; મૂલ્ય દરેક ગ્રન્થનું રૂપિયા ૬ = ૨૫.

ભારત સરકારે યુનિવર્સિટીઓના શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષાઓ રહે એ નીતિ સ્વીકારી તે અગાઉ પણ પ્રાદેશિક સરકારોએ તે નીતિનો અમલ કરવા માંડ્યો હતો. ગાંધીજીનું ગુજરાત તેમાં પહેલ કરે તેથી કોઈને આશ્ચર્ય તો થવું જોઈએ નહિ. ગુજરાત યુનિવર્સિટીએ એ ધોરણ સ્વીકારી લીધું એટલે એના કાર્યવાહકોએ નિષ્ણાતો દ્વારા યોગ્ય પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા માંડ્યાં; તેમાં ગૂજરાતનો પ્રાચીન ઇતિહાસ શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી પાસે એમણે તૈયાર કરાવ્યો છે અને ભારતના મધ્યયુગીન ઇતિહાસના બે ખંડો એમણે ફારસી-ઉર્દૂ જાણનાર શ્રી છોટુભાઈ નાયક પાસે તૈયાર કરાવ્યા છે. શ્રી છોટુભાઈના એ વિષયના બંને ગ્રન્થોનું અવલોકન અહીં આપવામાં આવ્યું છે.

વસ્તુતઃ મધ્યયુગ—medieval period—એ પારિભાષિક શબ્દ પરદેશી છે; યુરોપીય છે; ભારતની તવારીખને તે પ્રયોગ લાગુ પડી શકતો નથી, પણ બ્રિટિશ લેખકોના વ્યવસાયે આપણને તે પ્રયોગથી પરિચિત કર્યા છે, એટલે તેનો પરિત્યાગ કરતાં સમય લાગે તે સ્પષ્ટ છે.

લેખક કહે છે તેમ, આ આખો યુગ ખટપટોનો અને સંઘર્ષણોનો યુગ હતો, એ સંઘર્ષણો માત્ર હિન્દુ-મુસ્લિમ નહોતાં તે યાદ રહેવું જોઈએ; બીજું, નવીન મુસ્લિમ આક્રમણોનો આપણા ક્ષત્રિય અને ઇતર સમાજોએ સ-શસ્ત્ર અને સાંસ્કૃતિક સામનો કરેલો હતો તે પણ યાદ રાખવું જોઈએ.

પરસ્પર સંઘર્ષણો તો ભારતના રાજકારણનું મુખ્ય દૂષણ છે. એ માટે આપણા પ્રજાસમૂહો, ભાટચારણો, અભિલેખોના કર્તાઓ, સાહિત્યકારો જવાબદાર હતા. આ લોકો કોઈ પણ નમાલા સ્થાનિક વિજયને ભારતીય, વિશાળ સ્વરૂપ આપતા હતા, અને તેને આલંકારિક શબ્દદેહ આપી લોકોને સંઘર્ષણો માટે સદાય વ્યાપૃત રાખતા હતા! આ સમયનો દરેક ક્ષત્રિય રાજવંશ પોતાના મર્યાદિત સ્થાનને વટાવી જઈ ચક્રવર્તી સ્થાનને પ્રાપ્ત કરવા મથતો હતો; અને વિજેતાઓ ચક્રવર્તિત્વને શોભે તેવાં અસાધારણ બિરુદો ધારતા હતા!

લેખકે આ ખંડોમાં બધા ભારતીય વંશોના રાજકારણનો સમાવેશ કર્યો છે, એમના વૃત્તાંતમાં પારસીઓનું ઊતરાણ પણ આવી ગયું છે; ઉપરાંત સાહિત્ય, કલા, સ્થાપત્ય, ઇમારત-વિદ્યા, શિક્ષણ, રાજ્યવ્યવસ્થા વગેરેની ચર્ચા કરવામાં આવી છે, સંદર્ભ-સાહિત્યનો ઉપયોગ વિવેકપૂર્વક થયો છે; એમાં લેખકનું ફારસી-ઉર્દૂ ભાષાઓનું જ્ઞાન ખાસ ઉપકારક થઈ શક્યું છે.

આ યુગમાં સમસ્ત ભારતનો સમાજ નવીન ઘાટ—નવીન રચના અનુભવતો હતો. મગધ-બંગાળમાંથી જૈન અસ્મિતા વિદાય લેતી હતી, જ્યારે તે જ અસ્મિતા ગૂજરાત, રાજસ્થાન,

માળવામાં અને દક્ષિણુ ભારતમાં નવીન સંસ્કરણુ પામતી હતી. જૈનો લડાયક મટી દિલ્હી, પાટણુ, ધારાનગરી વગેરે રાજધાનીઓના સંસ્કારો ઝીલતા હતા, અને તેમના તરફ દૃષ્ટિ કેળવી જૈનત્વનું સંરક્ષણુ શોધતા હતા. ભારતની બૌદ્ધ સંસ્કૃતિ તાંત્રિક ઘાટ સજતી હતી; આપણો દક્ષિણુ-પૂર્વ એશિયા અને ચીન સાથેનો સંબંધ તૂટતો જતો હતો. એ નવી રચનામાં શંકર, રામાનુજ, મધ્વ, નિંબાર્ક, બસવ, વલ્લભાચાર્ય, ગૌરાંગ, ચૈતન્ય, કબીર, નામદેવ, નાનક, નરસિંહ, મીરાં વગેરે ફિલસૂફો તથા સંતો, જૈન સાધુ-સાધ્વીઓ પ્રશસ્ત સ્થાન ધરાવે છે. એ બધાંને છોટુભાઈએ યોગ્ય સ્થાન આપ્યું છે.

ફિલસૂફો આર્ય સંસ્કૃતિના ઘાટને નવું સ્વરૂપ આપતા હતા, તો સંતો સમાજના ચારિત્રને ટકાવી રાખતા હતા. તેથી, મુસ્લિમો સામેના સંઘર્ષણુને સફળતા મળતી હતી, તો કેટલેક અંશે નિષ્ફળતા પણુ મળતી હતી! મુગલયુગની ભારતીય સંસ્કૃતિનો પાયો આ નવા સંસ્કરણુમાં મળે છે. ભારતના મુસ્લિમ શાસકોએ તેને યથેચ્છ ઝનૂની ઘાટ આપવાના અનેક પ્રયત્નો કર્યા હતા; એમની પાસે હિન્દુ બહુમતિ-પ્રજાઓ માટે ઝનૂન સિવાય બીજા ખાસ ઈલમો નહોતા. તેમાં અપવાદો હતા; ગણ્યા-ગાંઠ્યા ઝઇન-ઉલ-આબેદીન (કશ્મીર), મોહમ્મદ હુસેનશાહ (બંગાળ), મુઝફ્ફરશાહ (ગૂજરાત) થોડેક અંશે!

છોટુભાઈ નાયક નવાં આક્રમણોનો સામનો કરતાં રાજપૂત રાજ્યોના સંઘોનો નિર્દેશ કરે છે; પણુ આ સંઘો પરિપક્વ નહોતા, તેમનું બળ ઉત્તર ભારતમાં નર્મદા સુધી મર્યાદિત હતું. દક્ષિણુ ભારતનાં રાજ્યો તેથી અલગ રહેતાં હતાં. ખુદ ઉત્તર હિન્દનાં રાજ્યો જેવાં કે વલભી, બંગાળના સેન-પાલ રાજ્યો, તેથી અલગ રહેતાં હતાં. દક્ષિણુ ભારતનાં રાષ્ટ્રો તો લંકા, મલાયા, સુમાત્રા, જાવા, બર્મા તરફ વિજયકૂચ કરી પોતાની સૈનિક સત્તાને નબળી કરતાં હતાં. ભારતના રાજકારણુને ભારતીય પરિવર્તન પામતાં વર્ષો લાગવાનાં હતાં. અત્યારે પણુ આ રોગ નાબૂદ થઈ શકતો નથી.

છોટુભાઈ નાયક કેટલાક અપરિચિત સંશોધનાત્મક ઉલ્લેખો કરે છે, જેમ કે—કનોજના જયચંદ્રનો એક લશ્કરી વિભાગ દલ-પંગુ—મંદગતિ, મંદ કૂચ કરતો સેનાવિભાગ કહેવાતો હતો એ હકીકત એમણે **રંભામંજરી** નાટકની પ્રસ્તાવનામાંથી લીધી છે. એક સ્થળે તેઓ કહે છે કે મુંજ માલવપતિએ નર્મદા તીરના હૂણોને પરાસ્ત કર્યા હતા. વસ્તુતઃ તે લોકો હૂણો નહિ, પણુ ભિલ્લ હતા! બસ્તરનું રાજકુલ નાગવંશનું તો ખરું, પણુ નાગ એટલે પર્વતીય હતું. અભિલેખોના નાગો એટલે પર્વતીય લોકો સમજવાના છે, આસામના નાગો સાથે તેમનો કોઈ સંબંધ નહોતો. આવો જ સંદર્ભ વલભીનાં તામ્રપત્રોમાં મળે છે. છોટુભાઈએ પારસીઓના ઊતરાણુ સંબંધી એક સૂચક ઉલ્લેખ કર્યો છે. પારસી લેખક કહી ગયો છે કે આરબોને હાથે મરવું તે કરતાં મહાસાગરના મગરમચ્છના દેહમાં જઈ મરી જવું બહેતર છે. આ અવતરણુ એમણે મૂળ ફારસીનું ગૂજરાતી ભાષાન્તર ટાંકી આપ્યું છે. એવી જ બીજી માહિતી લેખકે એક સ્થળે આપી છે. અરબો અંક-ગણિતને હિન્દ-સહ-હિન્દસા કહેતા હતા. મોહમ્મદ તુઘલખે પોતાના પડી ગએલા દાંત ઉપર, બૌદ્ધ પરંપરા પ્રમાણે, એક ઇમારત કરી હતી, જેનું નામ એણે **સ્વર્ગદ્વાર** રાખ્યું હતું, તે હકીકત ઇબ્નબતૂતાના પ્રવાસમાં આવે છે! દક્ષિણુ ભારતના રાજા મારસિંહ અને ઇન્દ્ર ત્રીજો, એમણે

જૈન દીક્ષા લીધી હતી એ વાંચતાં ચંદ્રગુપ્ત મૌર્ય પછી કોઈ રાજવીએ જૈન દીક્ષા લીધી નહોતી તે અભિપ્રાયને આપણે ફેરવી નાખવો પડશે. પલ્લવ રાજવંશે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો તે નવીન વાત આપણે અહીં વાંચી શકીએ છીએ.

લેખકનાં કોઈ કોઈ વિધાનોને વાંચનાર ચિન્ત્ય ગણી શકે, જેમ કે કુમારિલ ભટ્ટ ભારતની અનેક (?) ભાષાઓ જાણતા હતા. કુમારપાળે સિદ્ધરાજની ગાદી પચાવી પાડી હતી. કુમારપાળ સિદ્ધરાજની પુત્રી વેરે પરણ્યો હતો! લેખકે કુમારપાળના જૈનત્વ વિષે અશોક મુઝુમદારની અને દુર્ગાશંકર શાસ્ત્રીની જેમ ઢગલાબંધ પુરાવાઓ સામે શંકા ઉઠાવી છે! હેમચંદ્ર આચાર્યની સંસ્કૃત–પ્રાકૃત **અર્હન્નીતિ** માત્ર એક કૃતિ, એ રાજવીના જૈનત્વ વિષે તમામ શંકાઓને ઉડાવી દેશે. આ સમયે કરણ વાઘેલાનાં આશ્રયસ્થાન નંદરબાર અને સાલેરનો કોટ બંને ગૂજરાતમાં હતાં, મહારાષ્ટ્રનાં નહિ! ગૂજરાતના પ્રથમ સુલતાની અધિકારી અલ્પખાં (અલફખાં નહિ) જૈન સમરસિંહનો પરમ મિત્ર હતો, અને એણે પાલીતાણાના આદિનાથના તીર્થનો ઉદ્ધાર કરવામાં મદદ કરી હતી! એ જ સમરસિંહને ખલજી સુલતાન મુબારક કુત્બ-ઉદ્દીને અને તુઘલખ ઘીઆસ-ઉદ્દીન સુલતાને તેલંગણનો અધિકારી બનાવ્યો હતો. ટૂંકામાં, ગૂજરાત, રાજસ્થાન, માળવા એ પ્રદેશોના ઇતિહાસની ગૂંથણી માટે જૈન સાહિત્ય ખાસ આવશ્યક છે.

ચિતોડના મહારાણા રત્નસિંહ(ભીમસિંહ નહિ)ની રાણી પદ્મિનીની વાતનો ઈશ્વરીપ્રસાદે અંગ્રેજીમાં, અને ગૌરીશંકર ઓઝાએ હિન્દીમાં, ગોરા-બાદલની શૌર્યકથારૂપે ઉલ્લેખ કર્યો છે. તેનો મોહનલાલ દલીચંદ દેસાઈના "**જૈન ગૂર્જર કવિઓ,**" ભાગ ૨, પૃ. ૧૩૪–૩૬ એમાં ઉલ્લેખ છે. તે શૌર્યકથા લબ્ધોદયગણિ જૈન મુનિએ સંવત ૧૭૦૭, ચૈત્ર શુદ ૧૫, શનિવારે 'પદ્મિની-ચરિત્ર' લખી પદ્યારૂઢ કરી છે. કરણરાયની પુત્રી દેવળદેવી અને અલાઉદ્દીનના શાહજાદા ખીઝરખાં એમની પ્રેમકથાની વાતની છોટુભાઈ નાયકે, ખુશરો કવિની કૃતિને ખ્યાલમાં રાખી, ઠીક ચર્ચા કરી છે, અને ખુશરોનાં પ્રમાણોને કાઢી નાખ્યાં નથી.

ઉપર કહ્યું છે તેમ બીજો ખંડ વિચારશીલ અને વ્યાપક છે. કર્તાએ એમાં મુસ્લિમ શાસકોનાં મૌલિક મૂલ્યાંકનો કર્યાં છે. એમના પ્રથમ રાજવંશને એટલે ગુલામ વંશને એમણે મામલૂક રાજવંશ કહી થોમસની ભૂલને સુધારી છે. થોમસે એમને પઠાણો—અફઘાનો તરીકે વર્ણવ્યા હતા. મામલૂક અભિધાન હમણાંનું છે—મેં તે અભિધાનનો પ્રથમ પરિચય મુનશી-સંપાદિત History and Culture of the People of India ગ્રન્થમાં કરેલો. મહમૂદ ગઝનવી પછીના શાસકોના સિક્કાઓમાં સંસ્કૃત અને અરબી-ફારસી પ્રયોગો કરેલા છે. તેમના બે ચાર નમૂના લેખકે આપ્યા હોત તો તે સમયની સંસ્કારિતાને પાઠક વધુ સમજી શકત. તેવા જ નમૂના બીજા શાસકોના રાજ્યઅમલને અનુષંગીને આપવા જોઈતા હતા. શ્રી. છોટુભાઈએ આ સમયની ઇમારતવિદ્યાનું વર્ણન આપ્યું છે. એમાં એમણે શ્રી કાંતિલાલ સોમપુરાના પુસ્તકની મદદ લીધી છે. એ ઇમારતોનાં ચિત્રો બંને ખંડોમાં આપ્યાં હોત તો તે વર્ણનો પાઠકને સમજવાં સુગમ થઈ પડત. વિજયનગરના રાજ્યની સ્થાપના કરનારાઓ પાંચ ભાઈઓ હતા—હરિહર, બુક્કરાય, કંપન વગેરે—બે નહિ. એમાં ત્રીજા ભાઈ કંપનનું નામ

પુસ્તકમાં મળતું નથી. ઉપરાંત વિજયનગર રાજ્યના કારભારમાં અને એ પ્રદેશના સાહિત્યિક વિકાસમાં ગંગાદેવી જેવી રાજ્યમહિલાઓનો સારો ભાગ હતો. એ મહારાજ્યે બહુભાષામય તેલુગુ, દ્રવિડ, કાનડી, અને મલય સંસ્કારોને પોષ્યા હતા.

એક સ્થળે લેખકે તારીખ-એ-બહાદુરશાહીનો ઉપયોગ કર્યાનું સૂચન માલૂમ પડે છે. આ સાહિત્ય મળી શક્યું નથી. જો એ તવારીખ મળે તો તેનું ભાષાંતર, યોગ્ય સંપાદન સાથે, ચોક્કસ થવું જોઈએ.

બંને ખંડોમાં નકશાઓ, વંશાવળીઓ, સંદર્ભગ્રન્થો, પારિભાષિકો, વિષયોની યાદી વ્યાપક પ્રમાણમાં આપવામાં આવ્યાં છે, જે વિદ્યાર્થીવર્ગને અને અધ્યાપકોને માર્ગદર્શક થઈ શકશે.

ટૂંકામાં, ગૂજરાતી ભાષામાં ઇતિહાસનો આવો વ્યાપક પ્રયાસ કરી છોટુભાઈ નાયકે ઇતિહાસજ્ઞ જનતાની સારી સેવા બજાવી છે.

આશા સેવીએ કે એમનો આ પ્રયાસ લક્ષમાં રાખી ગૂજરાતની યુનિવર્સિટીઓ ભારતના ઇતિહાસનું નવું સાહિત્ય સર્જવવામાં પ્રયત્નશીલ થાય.

અહીં નોંધવું પ્રસ્તુત થશે કે બાળ અકબર પાદશાહના વાલી બૈરામખાંના વારસ, ગૂજરાત પ્રદેશના પ્રથમ સૂબેદાર, મોગલ પાદશાહ બાબરના તુર્કી ભાષામાં લખાયેલા **બાબરનામા**નો શહેનશાહ અકબરના આદેશ અનુસાર ફારસી અનુવાદ કરનાર, હિન્દી-સંસ્કૃત-ફારસી-અરબી-સંસ્કૃતના જાણકાર, **'રહીમ'**ના તખલ્લુસથી હિન્દી કાવ્યોની રચના કરનાર, અકબરના અને જહાંગીરના સિપાહસાલાર ખાનખાનાં અબ્દુર્રહીમખાં ઉપર લેખકે કેટલાક સમય પહેલાં અંગ્રેજીમાં મહાનિબંધ લખ્યો છે.

કેશવલાલ હિંમતરામ કામદાર

* * *

गुजरात के कवियों की हिन्दी काव्य–साहित्य को देन : લેખક : વ્યાસ (ડૉ.), નટવરલાલ અંબાલાલ; પ્રકાશક : વિનોદ પુસ્તક મન્દિર, આગરા ૩, ૧૯૬૭; પૃ. ૩૩૩; મૂલ્ય રૂ. ૧૨=૦૦

કનૈયાલાલ મુનશી હિન્દી એવં ભાષાવિજ્ઞાન વિદ્યાપીઠ, આગરાના પ્રાધ્યાપક, ડૉ. નટવરલાલ અંબાલાલ વ્યાસનો પીએચ.ડી. ડીગ્રી માટેનો મહાનિબંધ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે તેને આવકારતાં આનંદ થાય છે. 'ગુજરાતના કવિઓનું હિન્દી કાવ્યસાહિત્યમાં પ્રદાન' એ વિષય, સંશોધન માટે ગુજરાતની કેટલીક યુનિવર્સિટીઓ, વિદ્વાનો અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને હાલ ઠીક ઠીક આકર્ષી રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના ભાષા–ભવનમાં, હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. અંબાશંકર નાગર અને મ. સ. યુનિવર્સિટીના હિન્દીના ભૂતપૂર્વ અધ્યાપક ડૉ. એમ. એ. ચતુર્વેદીના મહાનિબંધોના વિષય, ડૉ. વ્યાસના મહાનિબંધના વિષયને લગભગ મળતા છે. અને: મ. સ. યુનિવર્સિટીના, વડોદરાના હિન્દી વિભાગે, 'અક્ષયરસ' અને 'કાવ્યપ્રભાકર' (ભુજ (કચ્છ)ની વ્રજભાષા પાઠશાલા–વિષયક પ્રવેશક સહિત), નામના પ્રસિદ્ધ કરેલા ગ્રન્થો આ જ આશય સૂચવે છે.

ભાગવતની પ્રેમલક્ષણા ભકિત, વ્રજના અષ્ટ છાપ કવિઓ, વૈષ્ણુ સંપ્રદાયનું પ્રભુત્વ, ભારતીય સન્તપરંપરા અને ધર્મ જેવાં પરિબળોએ ગુજરાતી કવિઓને હિન્દી ભાષામાં કાવ્યરચના કરવા પ્રેર્યા હોવા જોઈએ. ગુજરાતી કવિઓ, યાત્રા નિમિત્તે, ઉત્તર ભારતનાં તીર્થસ્થાનો અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેતા. પગપાળા યાત્રા કરતા કવિઓ, લોકોની રહેણીકરણી, પહેરવેશ, ભાષા, ધર્મ આદિના સંસ્કારો ગ્રહણ કરતા અને વ્રજ તેમ જ ખડી બોલી (હિન્દી)ની મધુર, લલિત, કોમલ પદાવલિ અને ભાગવતની પ્રેમલક્ષણા ભકિતના જાદુથી પ્રભાવિત થઈ, સમૃદ્ધ વ્યક્તિત્વ સહિત, ગુજરાતમાં પાછા ફરતા. નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો, તેમ જ મુકતાનન્દ, બ્રહ્માનન્દ, પ્રેમાનન્દ, નિષ્કુલાનન્દ, દેવાનન્દ જેવા સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓએ અને દાદૂ, ભાણદાસ, રવિદાસ, ખેમ સાહેબ, ધીરો, પ્રીતમ, નિરાન્ત, ભોજો ભગત આદિ સંત કવિઓ ઉપર્યુક્ત પરિસ્થિતિમાં હિન્દી કાવ્યરચનામાં પ્રવૃત્ત થયા હશે.

ડૉ. નટવરલાલ વ્યાસે, પોતાની કૃતિનાં પ્રથમ બે પ્રકરણમાં ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ અને સાહિત્ય પર ધાર્મિક સંપ્રદાયોની અસરની ચર્ચા કરી છે. પ્રકરણ ત્રણથી આઠમાં, કર્તાએ પંદરમીથી વીસમી સદી સુધીના કવિઓનો કાલક્રમાનુસાર રૂપરેખાત્મક પરિચય આપી, જે તે કવિઓની પસંદ કરેલી હિન્દી કાવ્યરચનાઓનું વિવરણ કર્યું છે. મુખ્ય અને ગૌણ એકસો એકવીસ જેટલા ગુજરાતી કવિઓએ હિન્દી કાવ્યસાહિત્યને સમૃદ્ધ કરવામાં જે ફાળો આપ્યો છે તેના વિષે લેખકે સવિસ્તર વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ આપ્યો છે. આ અભ્યાસ દ્વારા, ડૉ. વ્યાસે ભાષા-વિજ્ઞાનના ક્ષેત્રમાં એક નવી જ સંશોધનક્ષમ સમસ્યા ઊભી કરી છે કે, ગુજરાતી–ભાષી કવિઓએ રચેલી હિન્દી કાવ્યકૃતિઓનાં ભાષા, શબ્દકોશ, વાકયરચના, અભિવ્યકિતમાં આરોહ–અવરોહ આદિ પર ગુજરાતી ભાષા અને ગુજરાતની સંસ્કૃતિની અસર થઈ છે કે કેમ તેના પર વિદ્વાનોએ પ્રકાશ પાડવો જોઈએ.

અંતમાં, આવા ઊંડા અભ્યાસપૂર્ણ મહાનિબંધના પ્રકાશન માટે લેખક અને પ્રકાશક અભિનંદનને પાત્ર છે. આશા છે કે અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને તે ઉપયોગી થઈ પડશે.

સોમાભાઈ ધ. પારેખ

* * *

हिन्दी का समस्यापूर्ति-काव्य : લેખક : ડૉ. દયાશંકર શુકલ; પ્રકાશક : શ્રી દુલારેલાલ ભાર્ગવ, અધ્યક્ષ : ગંગા-પુસ્તકમાલા-કાર્યાલય, લખનૌ, પૃ. ૪૦૭+૧૯, મૂલ્ય રૂા. ૨૫=૦૦.

વિદ્યાનું વિતરણ કે વિસ્તરણ એ વિદ્યાપીઠનું મહત્ત્વનું કાર્ય મનાય છે, પણ તેથી ય વિશેષ મહત્ત્વનું અને મૂલ્યવાન કાર્ય સંશોધનનું છે. પ્રગતિશીલ સુસંપન્ન વિદ્યાપીઠોને થોડાક એવા તેજસ્વી અનુસ્નાતક વિદ્યાર્થીઓ મળી રહે છે કે જેઓ પીએચ.ડી.ની ઉપાધિની ઉપલબ્ધિના આશયે પણ કોઈ ને કોઈ વિદ્યાવિષયના ઊંડા અભ્યાસમાં લાગી જાય છે. આનંદ સાથે અફસોસની વાત તો એ છે કે વર્ષો પર્યન્ત ખંતપૂર્વક કરેલાં પરિશ્રમ અને પરિશીલનના પરિણામ રૂપ તૈયાર થયેલા અભ્યાસપૂર્ણ મહાનિબંધના લાભ—પ્રકાશનના અભાવે—વિશાળ વિદ્યાર્થીવર્ગ

અને વિદ્વદ્ગણને સુલભ થતો નથી. શ્રી દયાશંકર શુક્લ સદ્ભાગી છે, કારણ કે લખનૌ વિશ્વ-વિદ્યાલયની ઉપાધિ મેળવવા માટે તેમણે તૈયાર કરેલો 'હિન્દી કા સમસ્યાપૂર્તિ-કાવ્ય' વિષયક શોધપ્રબંધ પ્રસિદ્ધિ પામ્યો છે.

શીર્ષક વાંચતાં સહજ પ્રશ્ન ઊઠે કે સમસ્યા અથવા પાદપૂર્તિનો કાવ્યકલા સાથેનો સંબંધ કેવો હોઈ શકે ? પરંતુ પ્રસ્તુત પ્રબંધનું બારીકાઈથી અધ્યયન કરતાં તથા તેમાં લેખકનો આગવો તરી આવતો અભિગમ જોતાં ઉપર્યુક્ત ભ્રમનું સહેજે નિરસન થઈ જાય છે...અને લેખક આ વિષયના આલોચનાત્મક અભ્યાસ માટે અભિનન્દનના અધિકારી બને છે.

લેખકે સમસ્યાપૂર્તિનો સર્વાંગી અને સાંગોપાંગ સ્વાધ્યાય રજૂ કરવામાં ઐતિહાસિક દૃષ્ટિએ જ સામગ્રીને સંકલિત કરવાનો દૃષ્ટિકોણ રાખ્યો નથી, તે ઇષ્ટ છે. ઐતિહાસિક આલોચનાનો ભૂમિકા રૂપે વિનિયોગ કરી લેખકે સાહિત્યિક વિશ્લેષણને પૂરતો અવકાશ આપીને પાદપૂર્તિના માધ્યમ દ્વારા પ્રકટ થયેલી અને થતી કવિતા-કલાને ચકાસવાનો પણ સન્નિષ્ઠ પ્રયત્ન કર્યો છે. તે માટે તેમણે આપેલાં સંખ્યાબંધ ઉદાહરણોની હારમાલા વાચકનાં મન-મતિનું તો તત્કાલ રંજન કરે છે, તદુપરાંત તેમાં લેખકના વિશાળ પરિશ્રમપૂર્વકના અધ્યયનની અને પસંદગી તથા તારવણી માટેની સૂઝની પણ પ્રતીતિ થાય છે.

ઉક્તિવૈચિત્ર્ય સમસ્યાપૂર્તિકાવ્યનો આત્મા છે. કવિના વાગ્વિદગ્ધતા, ભાષાછંદાદિ સાધનો પરનું પ્રભુત્વ અને પ્રત્યુત્પન્ના મતિને સહસા યોજવાની શક્તિ, તેનાં સહાયક સાધનો છે. એના લીધે કવિ સામાન્ય અને તુચ્છતમ લાગતી વિષયપૂર્તિને પણ ચમત્કૃતિપૂર્ણ બનાવે છે. અલબત્ત તેનું ચમત્કારિત્વ અને રસ(!)નિર્વહન તત્કાલીન બની રહે છે અને તેમાં રહેલો કાવ્યત્વકલાંશ ચિરંજીવી હોતો નથી. જોકે એમાં વિરલ અપવાદરૂપ કૃતિઓ હોઈ શકે. આ પ્રકારની આયાસસિદ્ધ રચનાઓ–કવિતાઓ કહી શકાય તો કવિતાઓ–સમાજસાપેક્ષ બની રહે છે અને મનોરંજનની ભાવનાનું ઉદ્દીપન કરી શકે છે. ઉદીયમાન કિશોર કવિઓની પ્રતિભાના સ્ફુરણમાં સહાયક-પ્રોત્સાહક બનવાની સમસ્યાપૂર્તિની ઉપાદેયતા વિષે મતમતાંતર હોઈ શકે, પરંતુ લેખકે આપેલાં ઉદાહરણમાંથી તો એ પણ પ્રતીત થાય છે કે કેટલીક કૃતિઓમાં અસાધારણ પ્રતિભાએ સર્જેલી કલ્પનાની અને અભિવ્યક્તિની ચમત્કૃતિનાં દર્શન થાય છે. અદ્યતન કવિતાના આધુનિક સમયમાં પણ વારંવાર યોજાતાં કવિસંમેલનો અને ગોષ્ઠી-સમારંભોમાં પણ આ પ્રકારની કવિતાનું મર્યાદિત અને સામયિક મૂલ્ય સમાજે સ્વીકારેલું છે એ જોતાં એ રીતની એની ઉપયોગિતાનો ઇન્કાર થઈ શકે તેમ નથી. અન્ત્યાનુપ્રાસ માટેનો આયાસ, કૃત્રિમતા કે અસ્વાભાવિકતા, ચતુરાઈ અને ચમત્કૃતિ માટે હૃદયગત ભાવપ્રવણતાને બદલે પ્રવૃત્ત થતો બુદ્ધિવ્યાપાર, નિયત કરેલ શબ્દાવલિ-પંક્તિ કાફિયા-રદીફ ઇત્યાદિને અનુસરવામાં સંયોજાતી દાસ્યવૃત્તિ વગેરે મર્યાદાઓને લીધે સમસ્યાપૂર્તિ કાવ્ય તત્ત્વતઃ કાવ્યપદાર્થ અને કવિધર્મની શાશ્વતી અનુભૂતિની અપેક્ષાને સંતૃપ્ત કરી ન શકે એ સ્વાભાવિક છે.

અને વિદ્વાન શોધ પ્રબંધકાર ઉપર્યુક્ત વાતનો નિઃસંકોચ સ્વીકાર કરીને જ આ વિષયનું વિશદ વિશ્લેષણ કરવા પ્રવૃત્ત થયા છે. સંશોધનનો વિષય ગમે તે હોય. લેખકે તેને તટસ્થ રીતે ન્યાય આપ્યો છે કે નહીં તે મહત્ત્વનું છે. ડૉ. શુક્લે ખૂબ સાવધાનીપૂર્વક પ્રસ્તુત વિષયને હાથમાં

લીધો છે. આરંભમાં તેમણે કાવ્યનાં વિવિધ રૂપોની ચર્ચા કરીને સમસ્યાપૂર્તિનો સંબંધ ચમત્કાર-મુક્તક કાવ્ય સાથે જોડી આપ્યો છે. અગ્નિપુરાણ સુધી તેમણે તેનું પગેરું ખોળી કાઢયું છે. તેમાં ચિત્રકાવ્યના સપ્તભેદ દર્શાવ્યા છેઃ

> प्रश्नः प्रहेलिका गुप्तं च्युतं दत्तं तथोभयम् ।
> समस्या सप्त तद्भेदा नानार्थस्यानुयोगतः ॥ (अग्निपुराण, ३४३.२३)

સમસ્યાનાં લક્ષણો દર્શાવતો એક શ્લોક આ પ્રમાણે છે :

> सुश्लिष्टपद्यमेकं यन्नानाश्लोकांशनिर्मितम् ।
> सा समस्या परस्याऽऽत्मपरयोः कृति संकरात् ॥ (अग्निपुराण, ३४३.३१)

તદુપરાંત સંસ્કૃત ગ્રંથોમાંથી ઉદ્ધરણો આપીને ડૉ. શુકલે સમસ્યાપૂર્તિનાં લક્ષણ, ઉદ્દેશ્ય અને વિશેષતાઓનું સૌથી પ્રથમ વાર નિરૂપણ કર્યું છે. પાદપૂર્તિસંસ્થાની પરંપરા દર્શાવવામાં લેખકે સંસ્કૃત, અપભ્રંશ તથા વિવિધ પ્રાકૃત ગ્રંથોમાંથી ઉદાહરણો અને અવતરણો આપવામાં જરાય સંકોચ સેવ્યો નથી. સંસ્કૃત સમસ્યાપૂર્તિનો મરાઠી સમસ્યાપૂર્તિ પર પડેલો પ્રભાવ તથા ઉર્દૂ-હિંદી-ફારસી ત્રણેય ભાષાની પૃથક્ પૃથક્ અને સંમિશ્ર પૂર્તિપ્રવૃત્તિઓનો સોદાહરણ પરિચય કરાવવામાં લેખકનું મૌલિક દૃષ્ટિબિંદુ તરી આવે છે.

હિન્દી ભાષાના વિદ્વાન વિવેચક ભગીરથ મિશ્રના મંતવ્ય પ્રમાણે હિન્દી સાહિત્યના ઇતિહાસકારોથી ઉપેક્ષિત થયેલી હિંદી કાવ્યની સમસ્યાપૂર્તિધારા ભૂતકાળમાં સમર્થ હતી અને આધુનિક સમય સુધી પણ વિવિધ કવિમંડળોનું સંગઠન કરવામાં તેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. કવિતાધારા વિશેનું સમ્યક્ અનુશીલન ડૉ. શુકલે પ્રથમ વાર કર્યું છે; એની નોંધ હિંદી સાહિત્યના ઇતિહાસકારે લેવી જ ઘટે, કારણ કે તેમણે આપેલી હિંદી સમસ્યાપૂર્તિના ઇતિહાસની સંક્ષિપ્ત પણ સટીક રૂપરેખામાં પ્રમુખ પૂર્તિકાર કવિઓની રોચક ચમત્કૃતિપૂર્ણ પૂર્તિઓનો જે પરિચય આપ્યો છે તે અભ્યસનીય બની રહે છે.

આઠમા પ્રકરણમાં લેખકે આપેલાં ઉદાહરણોમાં સમસામયિક, રાજનૈતિક, સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક પરિસ્થિતિનું પ્રતિબિંબ પડવા ઉપરાંત જે તે સમયનાં દેશભક્તિ અને સામાજિક ઉત્થાનનાં વિવિધ આંદોલનોનું પણ સુરેખ ચિત્ર ઊપસી આવે છે.

પ્રબંધ લેખકે પાદપૂર્તિકવિતામાં પ્રયોજાતાં ભાષા, છંદ, અલંકાર, ધ્વનિ આદિ અભિવ્યક્તિનાં અંગોની ભાવ–રસના અભિકોણથી પણ વિસ્તૃત ચર્ચા કરી છે તેમાં મુખ્યત્વે પરંપરાગત અભિપ્રાયોનું અનુશીલન અને સ્વીકૃત વલણ જોવા મળે છે. અલબત્ત તેમાં તથા સમગ્ર ગ્રંથનાં પથરાયેલાં હિન્દી અને વ્રજ ઉપરાંત સંસ્કૃત, મરાઠી, ઉર્દૂ વગેરે ભાષામાંથી ઉદ્ધૃત કરેલાં પાદપૂર્તિ—અવતરણો—સૂક્તિઓ પણ—તેનાં ચમત્કારચારુત્વને લીધે અત્યંત કલ્પનોત્તેજક, રોચક, જ્ઞાનવર્ધક અને આસ્વાદ્ય વાનગી પૂરી પાડે છે. આપેલાં ઉદ્ધરણોમાં લેખકે દર્શાવેલી ચમત્કૃતિ, તદ્દવિષયક સારું એવું વૈવિધ્ય પૂરું પાડે છે, એટલું જ નહીં પણ કાવ્યશાસ્ત્ર–વિષયક લેખકનું તલગ્રાહી અધ્યયન અભ્યાસીઓ માટે સારો નમૂનો પૂરો પાડે છે.

સ્થળસંકોચને લીધે આસ્વાદ્યકોટિના ઉદાહરણરાશિમાંથી એક પણ આપવાનો લોભ હું જતો કરું છું. આ પ્રકારના વિષયની વિસ્તૃત માહિતી એકત્રિત કરી તેની શાસ્ત્રીય સમાલોચના કરી ડૉ. શુક્લે ગૌરવાન્વિત શૈલીમાં પ્રસ્તુત ગ્રંથ પ્રસ્તુત કર્યો છે તે બદલ હાર્દિક અભિનંદન તથા તેઓશ્રી હિંદી સાહિત્યમાં ઉત્તરોત્તર વિશિષ્ટ ગ્રંથોનું પ્રદાન કરે તેવી શુભેચ્છા.

લવકુમાર મ. દેસાઈ

* * *

સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ : માંગરોળ–સોરઠ : લેખક: પ્રો. કે. કા. શાસ્ત્રી; પ્રકાશક: જવાહરલાલ નહેરુ ઍજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ, પોરબંદર (સૌરાષ્ટ્ર); પૃ. ૧–૧૩૬ + ૧૨ (૧૨ રંગીન ચિત્રો સહિત); કિંમત રૂ. ૨=૫૦ પૈ.

‘ Higher education leads towards research ! ’ એવા ડૉ. રાધાકૃષ્ણન્‌ના અભિપ્રાય અનુસાર શિક્ષણની સાર્થકતા સંશોધનની પ્રેરણામાં છે એમ ફલિત કરી શકાય. પોતાના ભાષાસાહિત્યના અધ્યયન–સંશોધનનો વ્યાપ વિસ્તૃત કરી પ્રો. શાસ્ત્રીજીએ ઇતિહાસની કેડીએ આદરેલા મંગલાચરણસમું આ પુસ્તક પ્રશંસનીય છે. પોતાની ઐતિહાસિક દૃષ્ટિ વડે પોતાની આસપાસના સ્થાનિક પ્રદેશને ઓળખવાનો તેમનો સંકલ્પ છે. આવા કાર્યમાં પોતાના વતન ‘ માંગરોળ ’ પરત્વે ‘ ભક્તિભાવ ’ તો કારણભૂત છે જ; પણ સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓનો પરિચય કરાવવામાં માંગરોળને પ્રથમ સ્થાન આપવા પાછળ લેખકનું દૃષ્ટિબિંદુ આ છે: સૌરાષ્ટ્રમાં બહારથી આવી વસનાર મોટા પ્રમાણની આરબ પ્રજા—જેમાં ખાસ કરીને સૈયદો, તુર્કો, ચિશ્તીઓ, કાઝી, બેલિમ, તાઈ વગેરે સમાવિષ્ટ છે—નો સંબંધ, સૌરાષ્ટ્રની અન્ય નગરી કરતાં માંગરોળ સાથે સવિશેષ રહ્યો છે. માંગરોળનો ઇતિહાસ ઘડવામાં આ મુસ્લિમ કુળોનો ફાળો અનેક રીતે નોંધપાત્ર છે, એટલે માંગરોળ–સોરઠનો પરિચય સૌ પ્રથમ કરવો, એ અન્ય નગરીઓના પરિચયના પ્રસ્તાવનારૂપ આવશ્યક છે.

પોતાના સંશોધનને સુવ્યવસ્થિત સ્વરૂપમાં રજૂ કરવા લેખકે પુસ્તકના ચાર વિભાગો પાડ્યા છે : પ્રાસ્તાવિક, પ્રાચીનયુગ, મધ્યયુગ, નવયુગ; અંતે ઉપસંહાર સામેલ કર્યો છે. પ્રાચીન સ્થાનોના ઇતિહાસ–જિજ્ઞાસુએ પ્રથમ તો તે સ્થાનના મુખ્ય પ્રદેશના ઇતિહાસને જાણવો અતિ આવશ્યક છે, એમ નિર્દેશી લેખકે ગ્રંથના પ્રાસ્તાવિક વિભાગોમાં સૌરાષ્ટ્ર પ્રદેશનો સમગ્રદર્શી છતાં સંક્ષિપ્ત પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ રજૂ કર્યો છે જેથી વાચકને માંગરોળ અંગેની પૂર્તિ પશ્ચાદ્‌ભૂ રૂપરેખા તરીકે મળી શકે. તેમાં રજૂ કરેલ ‘ સૌરાષ્ટ્ર ’ અને ‘ ગુજરાત ’ની શબ્દવ્યુત્પત્તિ લેખકની વિદ્વત્તાનો પરિપાક દર્શાવે છે. આ જ પદ્ધતિએ આગળ વધી લેખકે ‘ માંગરોળ ’ શબ્દની પ્રમાણભૂત વ્યુત્પત્તિ આપી છે એ પણ નોંધપાત્ર છે. મૂળ સંસ્કૃત શબ્દ ‘ मङ्गलपुर ’નું ‘ मङ्गलउर ’ < માંગલોર < માંગરોળ થયું એ તેમણે આપેલી વ્યુત્પત્તિ ઉચિત છે.

સૌરાષ્ટ્ર ઉપર મહમદ ગઝની, તુર્કો અને અન્ય શાસકોના થયેલ હુમલાઓ વડે ધ્વસ્ત થતાં માંગરોળે વેઠેલી તડકી-છાંયડીનો ઇતિહાસ ખૂબ રસિક અને પ્રમાણભૂત હકીકતો દ્વારા લેખકે રજૂ કર્યો છે.

પુસ્તકના આરંભમાં મૂકેલ સંદર્ભ-ગ્રંથોની સૂચિ, પ્રત્યેક પાને મુકાતી પાદટીપો તથા અંતમાં મુકાયેલ 'વિશિષ્ટ નામોની સૂચિ' વડે આ પુસ્તક સંશોધનના અભ્યાસીઓને ઉપયોગી બન્યું છે. આ પુસ્તકની યોગ્ય ખંડયોજના, ઉપરાંત તેમાં મુકાયેલી ડઝન આર્ટ પ્લેટની રંગીન છબીઓ પુસ્તકના આયોજનને સુદૃઢ બનાવે છે.

પાદટીપમાં આપવા જેવી માહિતી પણ અમુક પૃષ્ઠો ઉપર સળંગ જ આપેલી છે (પૃ. ૧૯, ૬૭, ૬૮, ૯૪) જે વાચકને તેના વાચનપ્રવાહમાં વિક્ષેપકારક બને છે. આને બદલે પૃષ્ઠના મથાળે ચર્ચાના પ્રવાહમાં આવતી હકીકતો આપીને, નીચે પાદટીપમાં તે હકીકતોની સ્પષ્ટતા નોંધાય તે જ વધુ ઉચિત લાગે અથવા આવી વિસ્તૃત પાદટીપો સ્વતંત્ર પરિશિષ્ટમાં સંદર્ભસહિત મુકાય તે વધુ ઇષ્ટ છે.

એકંદરે, 'સોરઠની ગરવી ધરાના એક સંતાન તરીકે' શાસ્ત્રીજીએ તેમની 'જન્મભૂમિ અને વિકાસભૂમિ માંગરોળ-સોરઠના ઇતિહાસના વિષયમાં સંશોધન કરી પ્રામાણિક માહિતી રજૂ કરવી'—એવી એમની વર્ષોની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાનો સફળ અને પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. ગુજરાતની અન્ય ઐતિહાસિક નગરીઓ વિષે પણ પ્રો. શાસ્ત્રીના આવા અભ્યાસપૂત સંશોધન-ગ્રંથો પ્રાપ્ત થતા રહે તેવી આશા અસ્થાને નથી.

નવીન એન. શાહ

* * *

સાભાર સ્વીકાર

હરિયાળી સંચય : લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, પ્રકાશક : શાન્તિલાલ ચીમનલાલ સંઘવી, સંચાલક : શ્રી નેમિ વિજ્ઞાન કસ્તૂરસૂરિ જ્ઞાન મંદિર, મોટો રસ્તો, ગોપીપરું સુરત–૨; પૃ. ૧-૧૧૧; કિંમત રૂા. ૪–૦૦ પૈ.

શૈક્ષણિક ક્ષેત્રનું સ્વાતંત્ર્ય : લે. શ્રી ગોવર્ધન પરીખ, અનુ. શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર, પ્રકાશક : સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧; પૃ. ૧-૩૫; કિંમત રૂા. ૧–૨૫ પૈ.

ઇવાન પેટ્રોવિચ પાવલોવ : લે. હર્ષિદા પંડિત, પ્રકાશક : સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧; પૃ. ૧-૪૭; કિંમત રૂા. ૧–૨૫ પૈ.

મખવાણનો અર્થાત્ માંડલ–વીરમગામ–પાટડી–ધ્રાંગધ્રાનો ઇતિહાસ : લે. શાહ રતિલાલ મફાભાઈ, પ્રકાશક : દોશી ધીરજલાલ છોટાલાલ, મુ. માંડલ; પૃ. ૧-૧૧૯; કિંમત રૂા. ૧–૨૫ પૈ.

પ્રજાકીય સત્તાનો ઉદય : લે. કાકાસાહેબ કાલેલકર, પ્રકાશક : હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, અમદાવાદ; પૃ. ૧-૨૪; કિંમત રૂા. ૧–૫૦ પૈ.

રાજ્યશાસ્ત્ર પ્રવેશિકા : લે. હૅરલ્ડ લૅસ્કિ, અનુવાદક : શ્રી નિરુભાઈ દેસાઈ, પ્રકાશક : હૅરલ્ડ લૅસ્કિ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, અમદાવાદ, પૃ. ૧-૬૮; કિંમત રૂા. ૧–૭૫ પૈ.

જ્ઞાન ગંગોત્રી ગ્રંથ-શ્રેણી : ૫ : ૧. માનવ વિદ્યા શાખા, "સ્વરાજ્ય દર્શન" (રાજકારણ) લે. પ્રો. નગીનદાસ સંઘવી, પ્રો. કીર્તિદેવ દેસાઈ, શ્રી ભોગીલાલ ગાંધી, પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર; પૃ. ૨૦+૨૬૮+૮૦, કિંમત રૂા. ૨૦–૦૦ પૈ.

ભાષાન્તર નિધિનાં પ્રકાશનો

ગણિતશાસ્ત્રની ક્ષમાપના : લે. ગોડફ્રે હેરલ્ડ હાર્ડી, અનુવાદક : શ્રી શંભુપ્રસાદ સોમનાથ દવે, પૃ. ૧-૬૭; કિંમત ૨–૦૦ પૈ.

મુસ્લિમ તહેવારો ને રિવાજો : લે. શ્રીપાદ જોશી, અનુવાદક : શ્રી મોહનભાઈ ઝવેરભાઈ પટેલ, પૃ. ૧-૮૮; કિંમત રૂા. ૧-૫૦ પૈ.

સભ્યતાની કથા : લે. શ્રી સી. ઈ. એમ. જોડ, અનુવાદક : શ્રી મૂળશંકર ભટ્ટ, પૃ. ૧-૮૮; કિંમત ૧–૫૦ પૈ.

માનવીની આર્થિક સંપત્તિ : અનુવાદક : બદરીપ્રસાદ માણેકલાલ ભટ્ટ, પૃ. ૧-૩૧૮; કિંમત અમૂલ્ય.

લોકશાહી ને તેના હરીફો : અનુવાદક : શ્રી જયંત મ. શાહ, પૃ. ૧-૧૯૪; કિંમત રૂા. ૨–૦૦ પૈ.

સંચય : અનુવાદક : સુરેશ હ. જોષી, પૃ. ૧-૧૬૨; કિંમત રૂા. ૧–૭૦ પૈ.

જ્યાં ચીની સૈન્યો ત્રાટકયાં હતાં : લે. કુસુમ નારગોળકર, અનુવાદક : હરિશ્ચન્દ્ર, પૃ. ૧-૨૪૭; કિંમત રૂા. ૪–૦૦ પૈ.

મદીરા : રૂપાન્તરકાર : ચન્દ્રવદન મહેતા, પૃ. ૧-૮૩; કિંમત રૂા. ૧–૫૦ પૈ.

કેળવણી વિચાર : લે. બર્ટ્રાન્ડ રસેલ, અનુવાદક : મૂળશંકર મો. ભટ્ટ, પૃ. ૧-૩૨૦; કિંમત રૂા. ૫–૦૦ પૈ.

પરમાણુ રહસ્ય : લે. સેલિગ હેક્ટ, અનુવાદક : વાસુદેવ વ્યાસ અને હીરાલાલ ભાવસાર, પૃ. ૧-૨૩૯; કિંમત રૂા. ૪–૦૦ પૈ.

સ્વાધ્યાય

પુસ્તક ૬ : અંક ૪ — સપ્ટેમ્બર ૧૯૬૯

જન્માષ્ટમી — વિ. સં. ૨૦૨૫

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	શાન્તિદૂત શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા	... ૪૦૧–૪૨૫
૨.	'નિશીથ'કારનાં ચિંતન અને દર્શનનાં બીજ—મનસુખલાલ ઝવેરી	... ૪૨૬–૪૪૨
૩.	ભાસની વાસવદત્તા—રાજેન્દ્ર નાણાવટી	... ૪૪૩–૪૫૦
૪.	ભડલી–સાહિત્ય—જેઠાલાલ નારાયણ ત્રિવેદી	... ૪૫૧–૪૯૧
૫.	'ગંગદાસપ્રતાપવિલાસ' નાટકમાં ચાંપાનેરના કિલ્લાનું વર્ણન—ભોગીલાલ જ. સાંડેસરા	... ૪૯૨–૪૯૭
૬.	કુમારપાળનો સિક્કો—ઉમાકાન્ત પ્રે. શાહ	... ૪૯૮–૫૦૧
૭.	ગુંજાનાં પુરાણાં મન્દિરો વિષે–સ્પષ્ટતા—મધુસૂદન ઢાંકી ...	... ૫૦૨–૫૦૭
૮.	પ્રભાસ પાટણ મ્યૂઝિયમે પ્રાપ્ત કરેલ કેટલાક નવા શિલ્પખણ્ડો—પુષ્પકાંત વિ. ધોળકિયા	... ૫૦૮–૫૧૦
૯.	પરમાણુ–ન્યુકલીઅસની ભીતરમાં—નરસિંહ મૂળજીભાઈ શાહ	... ૫૧૧–૫૧૮
૧૦.	ગ્રન્થાવલોકન :	
	૧. મધ્યયુગીન ભારત, ખંડ ૧–૨	... ૫૧૯–૫૨૨
	૨. ગુજરાત કે કવિયોં કી હિન્દી કાવ્ય–સાહિત્યકો દેન ...	... ૫૨૨–૫૨૩
	૩. હિન્દીકા સમસ્યાપૂર્તિ–કાવ્ય...	... ૫૨૩–૫૨૬
	૪. સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ : માંગરોળ–સોરઠ ...	... ૫૨૬–૫૨૭
	૫. સાભાર સ્વીકાર	... ૫૨૭–૫૨૮

જ્યોતિ

પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ **જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ** ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.

Quality is our Creed

જ્યોતિ લિમિટેડ,
વડોદરા-૩

JY-884-GJ EVEREST

શરદી? દુખાવો? દર્દ?

રુબેક્સ

નવીન શીઘ્ર આરામદાયક ઈલાજ

રુબેક્સ એટલે જ રાહત

રુબેક્સ એવી અસરકારક દવા છે કે જે શરદી, દુખાવો અને દર્દ જલદીથી મટાડે છે.

રુબેક્સ લાંબા અનુભવયુક્ત સંશોધનનું પરિણામ છે. એમાં ૭ આવશ્યક દવાઓ યોગ્ય પ્રમાણમાં રહેલી છે, તેથી જ તે વધુ કાર્યશક્તિ ધરાવે છે અને સત્વર આરામ આપે છે.

રુબેક્સ સુગંધિત છે અને બાળકોની કોમળ ત્વચા માટે પણ સૌમ્ય છે.

રુબેક્સ લગાડવાથી બળતરા થતી નથી, ડાઘ પડતા નથી કે ચામડી ચીકણી થતી નથી; એ ચામડીમાં જ શોષાઈ જાય છે અને ફક્ત સુવાસ રહે છે.

બે સાઈઝમાં મળે છે —
૧૦ ગ્રામની બાટલી અને ૬ ગ્રામના ટીન.

રુબેક્સ એટલે જ રાહત.

ઉત્પાદક: **હોમ્પ્રો**, એલેમ્બિક કેમિકલ વર્ક્સ કંપની લિમિટેડનો વિભાગ, વડોદરા

everest/379a/ACW gj

એ અમારા
એક માત્ર ગ્રાહક છે



એમ વિજયને લાગે છે.
અને એને એવું જ લાગે એમ અમે ઈચ્છીએ છીએ. એના રોજને રોજના બીલ અમે ચૂકવીએ છીએ—એમના ચાલુ ખાતા દ્વારા એમને માટે બચત સરળ બનાવીએ છીએ—બચત ખાતા દ્વારા. રિકરિંગ અને બાંધી મુદતની થાપણ વધ્યા કરે તે રીતે માર્ગદર્શન આપીએ છીએ. એમની અમૂલ્ય વસ્તુઓ માટે શું ? એ બધું—એમની કિંમતી ચીજો સેફ ડિપોઝિટ લોકરમાં સલામત છે. અને જ્યારે તે પ્રવાસે જવાના હોય ત્યારે અમે એને ટ્રાવેલર્સ ચેક પણ આપીએ છીએ. હાજી આપ કહી શકો કે અમે તેને આમ ફટવીએ છીએ !

એટલે સ્વાભાવિક રીતે જ વિજયને એવું લાગે છે એ પોતે એક જ જાણે અમારા ગ્રાહક છે. અમારા બધા ગ્રાહકોને—લાખો ગ્રાહકોને પણ એમ જ લાગે છે. આવી લાગણી થાય એમાં કઈ જ ખોટુ નથી. (જુઓ, એવી લાગણી તમે પણ મ્હાણી શકો-પ્રયત્ન કરો.)

ચિર સમૃધ્ધિનું પ્રતીક
ધી બૅન્ક ઑફ બરોડા લિ.
(સ્થાપના : ૧૯૦૮) રજી. ઑફિસ : માંડવી, વડોદરા.
ભારત અને વિદેશોમાં મળી ૩૦૦થી વધુ શાખાઓ.

હીરક જયંતિ—૧૯૦૮–૧૯૬૮.

Shilpi BOB10/68 GUJ



એક દીવાથી બીજો દીવો પેટાય છે... એક નાનકડી જ્યોત ઘર આખામાં અજવાળું કરી મૂકે છે...

આપ રોજ એક એક પૈસો કે એક એક રૂપિયો બચાવતા જાઓ તો એ નાનકડી બચતમાંથી મોટી રકમ બનીને રાષ્ટ્રનાં ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થાય છે.



નાની બચત

નાનેરા પ્રયાસોનું મોટેરું પરિણામ

ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

RPC 1015

ડેના બેંકના ગ્રાહકો માટે બે વધુ વિનામૂલ્ય સેવાઓ

ટ્રેવલર્સ ચેક

પ્રવાસમાં રોકડ નાણું સાથે રાખવાની ચિંતામાંથી મુક્ત રાખે છે.



ગિફ્ટ ચેક

આપના ભેટના પ્રશ્નનો ઉકેલ આપે છે.



ડેના બેંક લિમિટેડ

રજિસ્ટર્ડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હોર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧

પ્રવીણચંદ્ર વ. ગાંધી, ચૅરમૅન

RATAN BATRA DB/G/123

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. ન.પૈ.
૧	**કહેવત કથાનકો**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૫૦
૨	**પ્રો. ત્રિ. ક. ગજજરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા	૪=૭૫
૩	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૪	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૬=૮૦
૫	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૩=૦૦
૬	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૩=૦૦
૭	**મીરાંબાઈ—એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર	૬=૭૫
૮	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૦=૦૦
૯	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૪=૨૫
૧૦	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૪=૦૦
૧૧	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૮=૫૦
૧૨	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૮=૦૦
૧૩	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૨=૪૦
૧૪	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૬=૦૦
૧૫	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાળા**	૭=૦૦
૧૬	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૭=૦૦
૧૭	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૫=૬૦
૧૮	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૨=૦૦
૧૯	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૪=૫૦

શ્રી સયાજી ગ્રામવિકાસમાળા

૧	**ઘઉં**—શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા	૩=૦૦
૨	**આબાદીને માર્ગે**—શ્રી. કેશવલાલ વ્યાસ	૧=૭૫
૩	**લોકનાટ્ય અને ગામડું**—શ્રી. જશવંત ઠાકર	૧=૨૦
૪	**ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—શ્રી. કાન્તિલાલ સી. પટવા	૨=૩૦
૫	**સમાજશિક્ષણ**—શ્રી. શાન્તિલાલ શાહ	૨=૮૦

પ્રાપ્તિસ્થાન:

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,

વડોદરા



તારંગાના જૈન મન્દિરના પૂર્વ તરફના દરવાજાની ડાબી બાજુની ભીંત ઉપરનું શિલ્પ

(ફોટો—શ્રી રતિલાલ આર. ટાંકના સૌજન્યથી)